




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૬-૫-૨૦૨૫ - શુક્રવાર | રાજકોટ (સીટી)








વર્ષ : ૩૯ અંક : ૨૨૫ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT



વ્યાજખોરોની મિલ્કત જપ્ત : દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાતમાં કડક કાર્યવાહી ૬

ભારત સામે હથિયારો તકલાદી પુરવાર થતા ચીનની ડિફેન્સ કંપનીઓના શેરમાં કડાકા ૯

મવડીની ડેરીમાંથી ૨૦૫ કિલો વાસી મીઠાઇ, માવો, ચોકલેટ દાણા મળ્યા : ફુડ શાખા ત્રાટકી ૧૬


### શિક્ષણથી બેન્કિંગ, ખાદ્ય ચીજો વાસ્તવમાં મોંઘી બની છે

# ફુગાવો ઘટયો; આમ આદમી પર કરવેરા-ઉંચા ભાવનો બોજો વધ્યો

### છેલ્લા દોઢ દશકાની વાસ્તવિકતાઃ શિક્ષણ અને સંબંધીત ખર્ચ દર વર્ષે સરેરાશ ૨૦% વધે છેઃ વાલીઓ માટે બજેટ ખોરવાય છે

નવી દિલ્હી: દેશમાં ફુગાવાના દરમાં સતત ઘટાડાથી મોંઘવારી ઘટી રહી હોવાનો એક માહોલ ઉભો કરવામાં આવે છે અને સરકાર પર ભાવ સપાટી પર કાબુ હોવાનો જશ લે છે પણ જનતા-સામાન્યથી મધ્યમવર્ગ પર જે એક છુપો બોજ પડે છે તેની ભાગ્યે જ કોઈ ચિંતા સરકાર કરે છે. અને તેનાથી લોકો મોંઘવારીનો છુપો માર સહન કરે છે. સરકાર ખાદ્યચીજોના જથ્થાબંધ ભાવાંકને વધુ મહત્વ આપે છે. રીટેલ ફુગાવાની ગણતરીનો બોઝ પણ જૂનો છે પણ બજારમાં તેના વચ્ચેનું અંતર સતત વધુ હોય છે તે લોકો બજારમાં ખરીદી સમયે

### બેન્કીંગ સેવા સરળ બની પણ ડગલે ને પગલે બેન્કો ઉઘરાણા કરે છેઃ ૧ વર્ષમાં જ બેન્કીંગ ચાર્જમાં રૂા.૩.૫ હજાર કરોડ વસુલાયા



### વાહનો ચલાવવાનું મોંઘુઃ ઈંધણના ભાવમાં પારદર્શકતા નહી- વાહનવેરા- રોડ ટેક્સ પછી ટોલ ટેક્સઃ ડબલ ટેક્ષેસન

થતા અનુભવો સૌ પ્રથમ નવુ શૈક્ષણિક વર્ષ શરૂ થઈ રહ્યુ છે અને તેથી વાલીઓને એ ખ્યાલ હશે કે સ્કુલની ફીથી યુનિફોર્મ પાઠયપુસ્તક- બાળકોના ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને સ્ટેશનરી ઉપરાંત તેના લંચ બોકસનો ખર્ચ ૧૫થી૨૦% વધી ગયો છે. દર વર્ષે શૈક્ષણિક ખર્ચમાં ૨૦%નો સરેરાશ વધારો થતો રહે છે અને છેલ્લા એક દોઢ દશકાની આ વાત છે. ૨૦૧૪-૧૫માં જે શાળા ફી રૂા.૪-૫ હજાર હતી તે હવે વધીને રૂા.૧૫૦૦૦ની થઈ છે. અને તે ઉપરાંતના શૈક્ષણિક ખર્ચ વધારો જેની કદી ફુગાવામાં ગણતરી થતી નથી.

### દૂધ સતત મોંઘુ- ખાદ્ય ચીજો જીએસટી દરોથી મોંઘાઃ જથ્થાબંધ-છુટક ફુગાવા વચ્ચે બજારનો તાલમેલ નથી

(અનુસંધાન છઠ્ઠા પાને)

### ઓપરેશન સિંદૂરમાં મોટી ફતેહ બાદ સંરક્ષણ મંત્રી ભુજ એરબેઝ પર આવી પહોંચ્યા

# આ તો ટ્રેલર હતું, જરૂર પડશે તો પાકિસ્તાનને પુરી ફિલ્મ દેખાડશુંઃ રાજનાથસિંહ

### જેટલીવારમાં નાશ્તો થાય, એટલી વારમાં તો ભારતે દુશ્મનોનો ખાત્મો બોલાવી દીધોઃ ભુજ ૧૯૬૫, ૧૯૭૧ અને ફરી આજે પાકિસ્તાન સામેની લડાઈમાં આપણી જીતનું સાક્ષી રહ્યું છેઃ ભુજની માટીમાં દેશભક્તિની ખુશ્બુ છેઃ પાકિસ્તાનના ડ્રોનનો આકાશમાં જ ખાત્મો બોલાવનાર ભુજ એરબેઝના સૈનિકો સાથે રાજનાથસિંહે સંવાદ કર્યો

ભુજ તા.૧૬

પાકિસ્તાન સામે ઓપરેશન સિંદુર દરમિયાન પાકિસ્તાની ડ્રોનને તોડી પાડનાર ભુજના સૈનિકોને ભુજ એરબેઝ પર



મળવા આવી પહોંચ્યા હતા.આ તકે રાજનાથસિંહે જણાવ્યું હતું કે 'બ્રહ્મોસ' મિસાઈલની તાકાતને પાકિસ્તાને ખુદે સ્વીકારી છે. આપણા દેશમાં એક કહેવત છે- ધોળે દિવસે તારા દેખાડયા, ભારતમાં બનેલી બ્રહ્મોસ મિસાઈલો તો દુશ્મનને રાતના અંધારામાં દિવસનું અજવાળું દેખાડી દીધું હતું. સંરક્ષણ મંત્રીએ જેટલીવારમાં નાશ્તો થાય છે, એટલી વારમાં તો દુશ્મનો સાફ થઈ ગયા હતા, ૨૩ મીનીટમાં જ આતંકીઓનો ખાત્મો બોલાવી દીધો હતો.

રાજનાથસિંહે જણાવ્યું હતું કે ભારતની એર ડિફેન્સ સીસ્ટમની ચારે બાજુ પ્રશંસા થઈ રહી છે. તેમાં ડીઆરડીઓ તરફથી બનાવવામાં આવેલ 'આકાશ' અને અન્ય રડાર સિસ્ટમની જબરદસ્ત ભૂમિકા રહી છે.

જેટલીવારમાં નાસ્તો એટલી વારમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

## કંગનાએ ટ્રમ્પ-મોદીની સરખામણી કરીઃ છેવટે પોસ્ટ ડીલીટ કરવી પડી



### ભાજપ પ્રમુખના આદેશ બાદ વિવાદીત પોસ્ટ ડીલીટ

મીડીયા પોસ્ટમાં કંગનાએ લખ્યું હતું કે ટ્રમ્પે એપલના સીઈઓ ટીમ કુકને ભારતમાં આઈફોન ઉત્પાદન ન કરવા કહ્યુ હતુ. કંગનાએ ચોખવટ કરી કે આ મારો વ્યક્તિગત અભિપ્રાય હતો જે પોસ્ટ કરવાનુ યોગ્ય ન હતુ. મને ખેદ છે. ભાજપ પ્રમુખની સૂચના મુજબ ઈન્સ્ટાગ્રામ પરથી હટાવી દીધી છે.

નવી દિલ્હી તા.૧૬

સોશ્યલ મીડીયામાં વિવાદીત પોસ્ટનો મારો અટકતો ન હોય તેમ અભિનેત્રી-સાંસદ કંગના રનૌતે ટવિટ ડીલીટ કરવુ પડયુ હતું. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તથા ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરખામણી કરતા ટવિટને ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડાના આદેશ બાદ રદ કર્યુ હતું.

કંગના રનૌતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અલ્ફામેલ (વર્ચસ્વ સુધરાવતી તમામ વ્યક્તિ)ના બાપ ગણાવ્યા હતા.

કંગના રનૌતે જ પોતાની પોસ્ટને હટાવી લેવા ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડાએ સૂચના આપ્યાનુ સ્વીકાર્યુ હતું. સોશ્યલ

#### પોસ્ટમાં શું લખ્યુ હતુ?

ડીલીટ કરેલી પોસ્ટમાં કંગનાએ લખ્યુ હતું કે આ પ્યાર ખત્મ હોવાનું શું કારણ હોઈ શકે છે. (૧) તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ છે પરંતુ દુનિયાના સૌથી લોકપ્રિય નેતા મોદી છે. (૨) ટ્રમ્પની બીજી ટર્મ છે પણ ભારતના વડાપ્રધાનની ત્રીજી ટર્મ છે. (૩) ટ્રમ્પ અલ્ફામેલ હોવામાં શંકા નથી પરંતુ અમારા વડાપ્રધાન અલ્ફામેલના બાપ છે. આ વ્યક્તિગત જલન છે કે રાજદ્વારી અસુરક્ષા?

## ટ્રેનમાં હવે સ્લીપર કલાસથી સેકન્ડ એસીમાં અપગ્રેડ થઈ શકશે ટિકીટ



### ટિકીટના અપગ્રેડેશન માટે બુકિંગ સમયે ઓટો અપગ્રેડનો વિકલ્પ પસંદ કરવો પડશે

ગોરખપુર તા.૧૬

રેલ યાત્રીઓની સ્લીપર કલાસની ટિકીટ હવે સેકન્ડ એ.સી. સુધી અપગ્રેડ થઈ શકશે. આ રીતે ચેરકારમાં પણ આ વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે, જે અંતર્ગત દ્વિતીય શ્રેણી સેકન્ડ સિટીંગની ટિકીટ હવે એસી કારમાં અપગ્રેડ થઈ શકશે.

રેલવે બોર્ડના નિર્દેશક પેસેન્જર માર્કેટીંગ સંજય મેનાચાએ ૧૩ મે ના બધા ક્ષેત્રીય રેલવેને પત્ર જાહેર કરીને ટિકીટ અપગ્રેડેશનની વ્યવસ્થામાં ફેરફારની જાણકારી આપી હતી. સાથે સાથે સોફટવેરમાં પણ તેને લઈને ફેરફારના નિર્દેશ અપાયા છે. નવી વ્યવસ્થા અંતર્ગત એસી સરકારની ટિકીટ એકઝીકયુટીવ કલાસમાં અપગ્રેડ થઈ શકશે. અત્યાર સુધી સ્લીપર શ્રેણીની ટિકીટ માત્ર થર્ડ એસીમાં જ અપગ્રેડ થઈ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# દુનિયામાં પાકિસ્તાનનો ફજેતો કરાશેઃ મોદી સરકારનો ખાસ પ્લાન



### પહેલગામ આતંકી હુમલો, ઓપરેશન સિંદૂર, સીમાપાર આતંકવાદ સહિત મુદ્દે દુનિયાભરમાં પાકને ખુલ્લુ પાડવા વિભિન્ન દેશોની રાજધાનીમાં જુદા જુદા દળોના સાંસદોનું પ્રતિનિધિ મંડળ મોકલવામાં આવશે

નવીદિલ્હી તા.૧૬

ઓપરેશન સિંદુરમાં ભારત સાભે ભૂંડે હાલ થનાર પાકિસ્તાનની વધુ પોલ દુનિયાભરમાં ખોલવાની તૈયારી મોદી સરકારે કરી છે. પાકિસ્તાનનો દુનિયામાં ફજેતો કરવા ઉપરાંત પહેલગામ આતંકી હુમલો, ઓપરેશન સિંદૂરના મામલાની હકીકતથી દુનિયાને પાકિસ્તાનને ખુલ્લી પાડવા દુનિયાના વિભિન્ન દેશોની વિભિન્ન રાજધાનીઓમાં વિભિન્ન દળોના સાંસદોના પ્રતિનિધિ મંડળને મોલકવાની તૈયારી ચાલી રહી છે. જેનો ઉદ્દેશ સીમા પાર આતંકવાદનો શિકાર હોવાની અને આતંકી શિબિરો સામે હાલની કાર્યવાહીઓના બારામાં ભારતના મામલાને મજબૂત કરવાનો છે.

એવું માનવામાં આવે છે કે વિભિન્ન દળોના સાંસદો વાળુ પ્રતિનિધિ મંડળને નજીકના ભવિષ્યમાં વિભિન્ન ખંડોની રાજધાનીઓમાં મોકલવામાં આવી શકે છે, જેથી કાશ્મીર મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાના પાકિસ્તાનના પ્રયાસો વચ્ચે યજમાન દેશોને ભારતીય દૃષ્ટિકોણથી

(અનુસંધાન છઠ્ઠા પાને)

### સીમાએ સીઝફાયર વચ્ચે કુદરતી મુસીબત આવી

## પાકિસ્તાનથી આવેલી ધૂળ ભરેલી આંધીથી દિલ્હીની હવામાં ઝેર ભળ્યુંઃ એલર્ટ જાહેર

### ધૂળની આંધીથી સૂર્યપ્રકાશ ઢંકાયોઃ લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી

નવી દિલ્હી તા.૧૬

'ઓપરેશન સિંદુર'માં ભારત તરફથી જોરદાર માર ખાધા બાદ સીઝફાયર પછી સીમા પર હાલ શાંતિ છે ત્યારે ગઈકાલે પાકિસ્તાન તરફથી દિલ્હીમાં એક મુસીબત આવી પડી હતી. જો કે તે માનવ સર્જીત નહીં, કુદરતી હતી. પાકિસ્તાન તરફથી આવેલી ધૂળ ભરી આંધીએ હવામાં ઝેર ભેળવી દેતા વાતાવરણ પ્રદુષિત બન્યું હતું.


અહેવાલો અનુસાર દિલ્હી-એનસીઆરના લોકો માટે ૧૫ મેની સવારે એક નવી મુસીબત આવી હતી. આકાશમાં ફેલાયેલી ધુળની ચાદરે માત્ર સૂરજની રોશનીને જ નહોતી ઢાંકી, બલકે શ્વાસ લેવો પણ મુશ્કેલ કરી દીધો હતો.

પાકિસ્તાનના ઉતરી વિસ્તારમાંથી ઉઠેલી આ ધૂળ ભરેલી આંધીએ ભારતની રાજધાની અને આસપાસના વિસ્તારોની હવાને પણ ઝેરી બનાવી દીધી હતી. પાકિસ્તાનથી શરૂ થયેલી ધૂળ ભરી આંધી પશ્ચિમી હવાઓથી ભારત પહોંચી હતી.

### અમેરિકા વસતા ભારતીયો માટે ૧.૬ બિલિયન ડોલરનો ચાંદલો

## હવે અમેરિકામાં કમાઈને ભારતમાં નાણા મોકલવાનુ મોંઘુઃ ટ્રમ્પે ૫% રેમિટન્સ ટેક્સ લાદયો

નવી દિલ્હી: અમેરિકામાં અભ્યાસ માટે જતા અને નોકરી-વ્યવસાય સહિતના હેતુથી વસતા ભારતીયો માટે વધુ એક ખરાબ સમાચાર છે. ટ્રમ્પ સતત ભારતીયો સહિત વિદેશીઓને ટાર્ગેટ કરતા રહે છે. જેમાં હવે લેટેસ્ટ નિયમમાં લાખો ભારતીયોને અસર થશે પછી તે એચ-વન-બી વિસા ધારક હોય કે ગ્રીન કાર્ડ ધારક પણ તેમાં હવે તેમની અમેરિકાની કમાણીના નાણા પોતાના દેશ (ભારતીયો સહિત)માં તે કમાણીના નાણા મોકલે તો



### અમેરિકી નાગરિક ન હોય તે તમામ વિદેશીઓને લાગુઃ ગ્રીનકાર્ડ ધારકોને પણ રાહત નહી મળે

તેના પર ૫% ટેક્ષ લાગશે. વિશ્વભરમાં વસતા ભારતીયો આ પ્રમાણે સ્વદેશમાં નાણા મોકલવામાં નંબર-વન છે.

પણ હવે ફકત અમેરિકાના આ નવા નિર્ણયથી ભારતીયોને વર્ષે રૂા.૧.૬ બિલિયન ડોલરની નુકશાની સાથે આ પ્રકારનો વેરો ફકત જે અમેરિકી નાગરિકતા ધરાવતા નથી તે તમામ વિદેશીઓને લાગુ થશે અને તે ૫% રેમીટન્સ ટેક્ષ વસુલાશે.

(અનુસંધાન છઠ્ઠા પાને)




# આઈપીએલનો ફરી કાલથી પ્રારંભઃ ગુજરાત બેંગલોરને પ્લે ઓફ માટે એક જીતની જરૂર

## પ્લે ઓફની રેસમાં પંજાબ, મુંબઈ, દિલ્હી તથા લખનૌ પણ સામેલઃ સ્થગિત થયેલ ટુર્નામેન્ટના ૧૭ મેચ બાકી છે

નવી દિલ્હી, તા.૧૬

શનિવારથી નવ દિવસ બાદ ફરી IPLનો ઉત્સાહ ભેર શરૂઆત થશે. હવે બાકીની ૧૭ મેચ દેશના છ શહેરોમાં રમાશે. અંતિમ ચારમાં સ્થાન મેળવવાની રેસમાં સાત ટીમો છે. આમાંથી ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમો ફક્ત એક જીત સાથે પ્લેઓફની ટિકિટ કન્ફર્મ કરશે.



પંજાબ કિંગ્સે તેમની બાકીની ત્રણ મેચોમાંથી બે જીતવી પડશે .જ્યારે પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે તેમની બાકીની બંને મેચ જીતવી પડશે. દિલ્હી, કોલકાતા અને લખનૌએ બધી મેચ જીતવી પડશે. આ પછી જ આપણે અન્ય ટીમોના પરિણામો પર પણ આધાર રાખવો પડશે.


શુભમન ગિલની ગુજરાત ટીમ રવિવારે તેના હોમ ગ્રાઉન્ડ પર દિલ્હી સામે ફરી શરૂઆત કરશે. જો ટીમ દિલ્હી સામે જીત મેળવશે તો તે અંતિમ ચારમાં પહોંચી જશે. અને હાર દિલ્હીની મુશ્કેલીઓમાં વધારો કરશે. ગુજરાતે પોતાની છેલ્લી બે મેચ ઘરઆંગણે રમવાની છે જ્યાં આ સિઝનમાં તેમનો જીત-હારનો રેકોર્ડ ૪-૧ છે. જો ગુજરાત ત્રણેય મેચ હારી જશે તો તે બહાર થઈ જશે. શનિવારે કોલકાતા અને બેંગલુરુ વચ્ચેની મેચ સાથે બેંગલુરુમાં લીગ ફરી શરૂ થશે.

આ જીત સાથે, બેંગલુરુ આ સિઝનમાં પ્લેઓફમાં પહોંચનારી પ્રથમ ટીમ બનશે. બેંગલુરુ બાકીની ત્રણેય મેચ હારી જાય તો પણ આગળ વધી શકે છે, જો અન્ય પરિણામો તેની તરફેણમાં આવે તો. બેંગલુરુને બે મેચ ઘરઆંગણે અને એક વિરોધી ટીમના મેદાન પર રમવાની છે. પંજાબ તેની આગામી મેચ રવિવારે રાજસ્થાન સામે રમશે. ટીમને આગળ વધવા માટે બે મેચ જીતવી પડશે. તે ફક્ત એક મેચથી અંતિમ ચારમાં પહોંચી શકે છે પરંતુ આ માટે તેને અન્ય ટીમોના પરિણામો પર આધાર રાખવો પડશે.

બાકીની બંને મેચ જીત્યા પછી મુંબઈ સીધું આગળ વધશે. જોકે એક હાર અને એક જીત તેને હજુ પણ તક આપશે, પરંતુ આ માટે અન્ય પરિણામો તેના પક્ષમાં હોવા જોઈએ. મુંબઈ (૧,૧૫૬) નેટ રન રેટ શ્રેષ્ઠ છે. દિલ્હીએ ગુજરાત, મુંબઈ અને પંજાબ સામે રમવાનું છે.બે જીતથી તેના ૧૭ પોઈન્ટ થશે. હાલમાં, પાંચ ટીમોના ૧૭ પોઈન્ટ હોવાની અપેક્ષા છે. આવી સ્થિતિમાં, ત્રણેય જીત દિલ્હીનું પ્લેઓફમાં સ્થાન નક્કી કરશે.

કોલકાતા અને લખનૌ ની મેચો મુશ્કેલ છે. કોલકાતાએ બેંગલુરુ અને હૈદરાબાદ સામે રમવાનું છે. જો બંને જીતે તો પણ તેના ૧૫ પોઈન્ટ થશે.પંજાબ પહેલાથી જ ૧૫ પોઈન્ટ પર છે. આવી સ્થિતિમાં, કોલકાતાને આગળ વધવા માટે ચમત્કારની જરૂર છે.લખનૌ, જે સતત ત્રણ મેચ હારી ચૂક્યું છે, તેને ઘરે હૈદરાબાદ અને બેંગલુરુ સામે અને તેના હોમ ગ્રાઉન્ડ પર ગુજરાત સામે રમવાનું છે. જો ત્રણેય ટીમો જીતે છે, તો તેમના ૧૬ પોઈન્ટ થશે જે હાલમાં ફક્ત બે ટીમો પાસે છે. એક પણ હાર તેમને ૧૪મા સ્થાને રાખશે. ચેન્નાઈ, ગુજરાત અને રાજસ્થાન પહેલાથી જ રેસમાંથી બહાર થઈ ગયા છે.

### લિવિંગસ્ટોન, બેથેલ અને શેફર્ડ બેંગ્લુરુ ટીમમાં પાછા ફર્યા



ઇંગ્લેન્ડના લિયામ લિવિંગસ્ટોન અને જેકબ બેથેલ, ઓસ્ટ્રેલિયાના ટિમ ડેવિડ અને ફિલ સોલ્ટ, વેસ્ટ ઇન્ડીઝના રોમારિયો શેફર્ડ અને દક્ષિણ આફ્રિકાના લુંગી ન્ગીડી આરસીબીમાં જોડાયા. બેથેલ બે મેચ રમ્યા પછી પાછો ફરશે. દરમિયાન, સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી પણ ગુરુવારે ટીમ કેમ્પમાં જોડાયો. તેમણે ૧૨ મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી.

### ઓવેન પંજાબમાં જોડાશે, યાનસેન પણ આવશે

દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર માકો યાનસેન પણ પંજાબ કિંગ્સ ટીમમાં જોડાશે. પરંતુ તે WTC ફાઇનલની તૈયારી માટે રાષ્ટ્રીય ટીમમાં જોડાતા પહેલા બાકીની લીગ મેચો રમશે. મેક્સવેલની પંજાબ ટીમમાં સામેલ મિશેલ ઓવેન પણ ટીમ સાથે જોડાઈ ગયા.

## કેપ્ટન્સી શુભમન ગિલ પર બોજ ગણાશેઃ શ્રીકાંતની લાલબતી



રોહિત શર્માનું ટેસ્ટ-રિટાયરમેન્ટ અને જસપ્રીત બુમરાહની ઈન્જરીની શક્યતાઓને કારણે ભારતીય ટેસ્ટ-ટીમના કેપ્ટન તરીકે શુભમન ગિલ અને વાઇસ-કેપ્ટનના પદ માટે રિષભ પંતનું નામ ચર્ચામાં સૌથી આગળ છે. ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમ અને ભૂતપૂર્વ સિલેક્શન કમિટીના સભ્ય કૃષ્ણમાચારી શ્રીકાંતે આ મુદ્દે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.



એક ઇન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે 'મને નથી લાગતું કે તેનું (શુભમન ગિલ) હજી સુધી પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન ચોક્કસ છે. તમે જસપ્રીત બુમરાહને કેપ્ટન્સી સોંપી શકો છો અને જો ટેસ્ટ-મેચ તે નથી રમી શક્તો એમાં તમે કે. એલ. રાહુલને જવાબદારી આપી શકો છો. પછી હું કે. એલ. રાહુલ અથવા રિષભ પંતને વાઈસ-કેપ્ટન તરીકે નિયુક્ત કરીશ, કારણ કે તેઓ પ્લેઇંગ ઇલેવનમાં હશે એ નિશ્ચિત છે. આ મારો મત છે. શુભમન ગિલ પર કેપ્ટન્સી લાદવી એ સમજદારીભર્યું નહીં હોય અને તેના બદલે તેણે ટેસ્ટ-ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.'

તેમણે સાઈ સુદર્શનને ત્રણેય ફોર્મેટનો સારો ક્રિકેટર ગણાવીને તેને સ્કવોડમાં સમાવવાની હિમાયત પણ કરી હતી.

### વિરાટ કોહલીને ભારતનો શ્રેષ્ઠ ટેસ્ટ-કેપ્ટન ગણાવ્યો

તામિલનાડુના આ ભૂતપૂર્વ ક્રિકેટરે કહ્યું કે 'જો હું સિલેક્શન કમિટીનો અધ્યક્ષ હોત તો મેં વિરાટને વ્યક્તિગત રીતે વિનંતી કરી હોત બોસ, હું ઈચ્છું છું કે તમે થોડા સમય માટે ભારતનું નેતૃત્વ કરો. હવે જ્યારે રોહિત પણ નથી, ત્યારે કેપ્ટન્સીની વાત આવે ત્યારે અચાનક એક

શૂન્યાવકાશ સર્જાય છે. તેની જાહેરાત પહેલાં હું તેની સાથે વાત કરી લેત કે હું ઇચ્છું છું કે તું આગામી છ મહિના કે એક વર્ષ માટે કેપ્ટન રહે. જ્યાં સુધી તમે ઈચ્છો ત્યાં સુધી કામ કરો અને પછી નિવૃત્તિ લો.'

તેમણે વધુમાં કહ્યું કે કોહલી ભારતનો શ્રેષ્ઠ ટેસ્ટ-કેપ્ટન છે.

## સુવિચાર

**સમજદાર માણસ પોતાની સમજદારી ના કારણે ચૂપ રહેતો હોય છે અને મૂર્ખ માણસને એવું લાગે છે કે મારા ડરના કારણે ડરી ગયો**

## સત્યતા અને સભ્યતા

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

બાબા કહે છે બાળકો, આપ સર્વએ ખુબ જ સભ્યતા સાથે સત્યતાને સિધ્ધ કરવાની છે એટલા માટે આપના બોલ સ્નેહભર્યા, મધુર અને મહાન હોવા જોઈએ. સત્યતા તો હોય જ પરંતુ સ્વરૂપની નમ્રતા પણ હોય. નિર્ભય બનીને ઓથોરિટીથી બોલો પરંતુ મર્યાદાવાળી વાણી હોય તેવા ઓથોરિટી અને નમ્રતાના બેલેંસની કમાલ કરી બતાવો. બાબાની પ્રત્યક્ષતાનું આ જ સાધન છે કારણ કે આપ બાળકો, બહુ જ રોયલ છો. આપનું બોલવું, જોવું, ચાલવું, ખાવુ-પીવું, ઉઠવુ-બેસવું, એક દરેક કર્મમાં સત્યતા અને સભ્યતા જોવા મળવી જોઈએ. આપણી શુભભાવના, શુભકામનાનું બીજ છે નીમિત-ભાવ અને નિર્માણભાવ. હદનું (અલ્પકાળનું) માન નહી પરંતુ નિર્માન.

સત્યતાની પરખ છે સંકલ્પ, બોલ, કર્મ અને સંબંધ-સંપર્ક બધામાં દિવ્યતાની અનુભૂતિ થવી. ઘણા એવું કહેતા હોય છે કે હું સાચું જ બોલુ છું પરંતુ પોતાના બોલ કે કર્મમાં જો દિવ્યતા નહી હોય તો બીજાને તે સત્ય, સત્ય નથી લાગતુ એટલે જ સત્યતાની શક્તિથી દિવ્યતાને ધારણ કરો. જીવનમાં લાવો. તે માટે કાંઈ પણ સહન કરવુ પડે તો ગભરાશો નહી. સત્ય સમય પર સિદ્ધ થઈ જ જાય છે પરમાત્મા પિતાને પણ તેમની આપણે સૌ સંતાનોની સાચુ દિલ જ પસંદ પડે છે કારણ કે જેમાં સચ્ચાઈ હશે તેમાં સફાઈ પણ હોય છે તેઓ Clean અને Clear રહે છે પરંતુ કેટલાક લોકોએ અજ્ઞાનની શક્તિ ક્રોધને જ પોતાનો સંસ્કાર બનાવે લીધો છે ક્રોધનો ઉપયોગ પણ કરે છે અને વચ્ચે વચ્ચે માફી પણ માંગતા રહે છે અર્થાત જાણે છે કે તેમનો આ સંસ્કાર ખોટો છે. આથી જ પરમાત્માની આશ છે કે તેમના દરેક બાળકો ગુણવાન બને, દરેક જ્ઞાનની વાતોને સંસ્કાર બનાવી લે તો સભ્ય સમાજ, સતયુગ તો એમ જ આવી જાય. જેવી રીતે કહે છે તેમ સર્વ આત્માઓના દરેક સંકલ્પ, દરેક બોલ સત્ય હોય ત્યારે કહીશું -સત વચન મહારાજ! તેવી સત્યતાને ધારણ કરી જીવન સદા મધુવન જેવું મીઠું અને એક ગિફ્ટ(ઉપહાર) બનાવીએ. આમ વિતેલી વાતોને ભૂલીને, પરમાત્માની યાદ, મેડિટેશન દ્વારા સ્વયંમાં શક્તિઓ ભરીએ અને સ્વયંના જીવનને શુધ્ધ બનાવીએ. આમ શ્રેષ્ઠ સંસ્કારભરી એકબીજાને શ્રેષ્ઠ સંગનો રંગ લગાવીએ.

જીવન ઉપહાર બની જાશે તે માટે ફર્સ્ટ નંબરનું કલ્ચર 'સત્યતા અને સભ્યતા' ને અપનાવીએ છીએ. જે આપના ચહેરા અને ચલનમાં પણ દેખાઈ આવવા જોઈએ. દરેક સર્વને હર્ષિત ચહેરા સાથે બધાના સંપર્કમાં આવશે, પછી કોઈનો સંસ્કાર કેવો પણ હોય પરંતુ આપ સદા હર્ષિત, ખુશ નજરે આવવા જોઈએ. પોતાનો આ સ્વભાવ, કલ્ચર છોડો નહી તો જ સૌ માનશે કે આ પરમાત્માના બાળકો છે

### IPL-૨૦૨૫ : હવેની ૧૩ ગેમ નક્કી કરશે કોણ આગળ વધશે

# પ્લેઓફની જંગ : બે ટીમો સુરક્ષિત, પાંચ પાસે જગ્યા બનાવવાની તક

નવી દિલ્હી :

આઈપીએલ ૨૦૨૫, ૧૭ મેથી ફરી એકવાર શરૂ થવા જઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં ૧૩ લીગ મેચો રમાવાની છે અને તેઓ નક્કી કરશે કે કઈ ચાર ટીમો પ્લેઓફમાં સ્થાન મેળવશે. અત્યાર સુધીના સમીકરણ પ્રમાણે દસમાંથી ત્રણ ટીમ રાજસ્થાન રોયલ્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. બે ટીમો ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર (આરસીબી) સૌથી મજબૂત સ્થિતિમાં છે. સાથે જ આગામી બે સ્થાન માટે પાંચ ટીમો વચ્ચે આકરી સ્પર્ધા થશે.

**જો કોઈ મોટો ઉલટફેર ન થાય, તો પછી ટિકિટ કન્ફર્મ છે**

### ગુજરાત વિ. આરસીબી

**ગુજરાત ૧૬ પોઇન્ટ સાથે ટોચનાં અને આરસીબી બીજા સ્થાને છે**

- ભૂતપૂર્વ ચેમ્પિયન ગુજરાત ટાઇટન્સ ૧૬ પોઇન્ટ સાથે ટોચનાં સ્થાને છે. ટીમે કુલ ૧૧ મેચ રમી છે અને તેમાં આઠમાં જીત અને ત્રણમાં હારનો સામનો કરવો પડ્યો છે. શુભમન ગિલની કેપ્ટન્સી હેઠળની ગુજરાતે સતત છેલ્લી બે મેચમાં વિજય મેળવ્યો છે.
- આરસીબીએ પણ ૧૧માંથી આઠ મેચ જીતી છે અને ત્રણમાં હારનો સામનો કરવો પડ્યો છે. જોકે તેમનાં ગુજરાત જેવાં જ ૧૬ પોઇન્ટ છે, પરંતુ નેટ રનરેટ ઓછો હોવાને કારણે તેઓ બીજા સ્થાને છે. આરસીબીએ સતત છેલ્લી ચાર મેચમાં જીત મેળવી છે.

### તો મુશ્કેલી પડશે

ગુજરાત અને આરસીબીને ત્રણ-ત્રણ મેચ રમવાની છે. જો આ બંને ટીમો પોતાની ત્રણેય મેચ હારી જશે તો તેમનાં માટે પણ પ્લેઓફનો રસ્તો મુશ્કેલ બની જશે. આવી સ્થિતિમાં બંને ટીમોએ પ્લેઓફ માટે એક મેચ જીતવી જરૂરી છે.

### આ પાંચ ટીમો માટે પણ સરળ રસ્તો નથી



#### પંજાબ કિંગ્સ

**૧૫** પોઇન્ટ સાથે બીજા સ્થાને

**૦૩** મેચ રમવાની છે, ૨ મેચ જીતવી જ પડશે

**પંજાબે** ૧૧ મેચમાં સાત જીતી છે, ત્રણ હારી છે અને એક ડ્રો રહી હતી. શ્રેયસ અય્યરની આગેવાનીમાં પંજાબ કિંગ્સને પ્લેઓફ માટે વધુ એક જીતની જરૂર છે. **૧૭ પોઇન્ટ સાથે તે પ્લેઓફમાં જગ્યા બનાવી લેશે.**



#### મુંબઈ ઈન્ડિયન્સ

**૧૪** પોઇન્ટ સાથે ત્રીજા સ્થાને

**૦૨** મેચ રમવાની બાકી છે, છેલ્લી મેચમાં હાર્યું .

**હાર્દિક પંડ્યા**ની કેપ્ટન્સી હેઠળની મુંબઈની ટીમ ૧૨માંથી સાત મેચ જીતી ચૂકી છે અને પાંચમાં તેનો પરાજય થયો છે. પ્લેઓફમાં પહોંચવા માટે મુંબઈએ બંને મેચ જીતવી પડશે. **જો ટીમ એક પણ મેચ હારે તો મુશ્કેલ થશે.**



#### દિલ્હી કેપિટલ્સ

**૧૩** પોઇન્ટ સાથે ચોથા નંબર પર

**૦૩** મેચ રમવાની છેલ્લો મેચ રદ થયો

**કેપ્ટન અક્ષર પટેલ**ની આગેવાનીમાં દિલ્હીને છેલ્લી ચારમાંથી ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. પ્લેઓફમાં પહોંચવા માટે તેને ત્રણમાંથી બે મેચ જીતવી પડશે. આવી સ્થિતિમાં, **દિલ્હી પાસે સ્થાન બનાવવાની સારી તક છે.**



#### કોલકાતા નાઈટ રાઈડર્સ

**૧૧** પોઇન્ટ સાથે છઠ્ઠા ક્રમે

**૦૨** મેચ રમવાની બાકી છે, છેલ્લી - મેચ હારી ગઈ.

**ડિફેન્ડિંગ** ચેમ્પિયન કોલકાતાએ આશા જીવંત રાખવા માટે આગામી બંને મેચમાં સારા નેટ રનરેટથી વિજય મેળવવો પડશે. આમ છતાં કેપ્ટન રહાણેની **ટીમનું ભાવિ અન્ય ટીમોનાં દેખાવ પર આધારિત રહેશે.**



#### લખનઉ સુપરજાયન્ટ્સ

**૧૦** પોઇન્ટ સાથે સાતમા ક્રમે

**૦૩** મેચ રમવાની બાકી, છેલ્લી ત્રણ મેચ હારી.

**રિષભ પંત**ની કેપ્ટન્સી હેઠળની લખનઉની ટીમને તેનાં જ પગ પર કુહાડી વાગી છે. ટીમે તેની છેલ્લી પાંચમાંથી ચાર મેચ ગુમાવી છે. જો લખનઉ તેની ત્રણેય મેચમાં વિજય મેળવશે **તો તે પ્લેઓફમાં પહોંચી શકે છે.**

## વિરાટ-અનુષ્કા જે પાણી પીવે છે તેની એક લીટરની કિંમત છે રૂા.૪૦૦૦



મુંબઇ : અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી તાજેતરમાં વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજને મળવા ગયાં હતાં. આ મુલાકાતના વિડિયો અને ફોટો વાઇરલ થઈ રહ્યા છે. એ દરમ્યાન અનુષ્કા અને વિરાટની ગાડીમાં રાખેલી પાણીની બોટલે બધાનું ધ્યાન ખેંચ્યું હતું અને સોશ્યલ મીડિયા પર આની ખૂબ ચર્ચા થઈ રહી છે.

રિપોર્ટ્સ અનુસાર વિરાટ અને અનુષ્કા જે પાણી પીએ છે એની કિંમત લીટરદીઠ ૪૦૦૦ રૂપિયા છે. વિરુષ્કા આલ્કલાઇન વોટર પીએ છે, જેનું ઇં-લેવલ સામાન્ય પાણીની સરખામણીએ ઘણું ઊંચું હોય છે. આ વિશેષ પાણી એસિડને ન્યુટ્રલાઇઝ કરે છે, મેટાબોલિઝમને બૂસ્ટ કરે છે અને પાચનમાં ફાયદાકારક હોય છે. વિરાટનું આ મિનરલથી ભરપૂર પાણી ફ્રાન્સથી આવે છે. એ સિવાય વિરાટ કોહલી ક્યારેક સ્પેશ્યલ બ્લેક વોટર પણ પીએ છે.



## આજનું ચિંતન

### આપણે કુદરતની પૂજા શા માટે કરીએ છીએ ?



**આપણાં શરીરથી લઈને શ્વાસ સુધી, દરેક વસ્તુ પ્રકૃતિ સાથે જોડાયેલી છે. પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ આ પાંચ તત્ત્વોથી આપણું અસ્તિત્વ છે. પ્રકૃતિ આપણાં જીવનનો આધાર છે. તેથી ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિને માતા તરીકે ગણવામાં આવી છે, જેનું રક્ષણ અને સેવા એ જ આપણો ધર્મ છે. આપણાં ઋષિમુનિઓ સમજી ગયાં કે માણસ સ્વભાવે સ્વાર્થી છે અને એક દિવસ તે પોતાની સુવિધા માટે પ્રકૃતિનું શોષણ કરશે. આ કારણે તેમણે પ્રકૃતિને પૂજનીય બનાવીને તેની રક્ષા કરવાની સંસ્કૃતિ વિકસાવી હતી. વેદો અને પુરાણોમાં વૃક્ષો, છોડ, નદીઓ, પર્વતો, સમુદ્ર, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, જળ, વાયુ અને પશુ-પક્ષીઓની પૂજા કરવાનો નિયમ છે.**

**મનુષ્ય સિવાય પૃથ્વી પર એવું કોઈ પ્રાણી નથી કે જે પ્રકૃતિનાં સંતુલનને ખલેલ પહોંચાડે. પ્રાણીઓ અને પક્ષીઓ પણ પ્રકૃતિનાં નિયમોનું પાલન કરે છે. પરંતુ માણસે વૃક્ષો કાપી નાખ્યા, નદીઓને પ્રદૂષિત કરી, હવામાં ઝેર ઓક્યું, વિકાસનાં નામે ધ્વનિ અને રેડિયેશનથી વાતાવરણને નુકસાન પહોંચાડ્યું. માટી, પાણી અને આકાશ બધું જ પ્રદૂષિત કર્યુ છે. કોરોના મહામારી દરમિયાન, જ્યારે માણસો ઘરોમાં બંધ હતાં, ત્યારે આપણે જોયું કે પ્રકૃતિએ કેવી રીતે પોતાને સંભાળી હતી. નદીઓ સાફ થઈ ગઈ, હવા શુદ્ધ થઈ ગઈ, પક્ષીઓનો કલરવ ગુંજી ઊઠ્યો, આકાશ વાદળી દેખાતું હતું અને હરિયાળી પાછી ફરી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે જો આપણે પ્રકૃતિને નુકસાન પહોંચાડવાનું બંધ કરીએ તો તે પોતાને સંતુલિત કરી શકે છે. જો તમે નદીને પ્રદૂષિત કરવાનું બંધ કરો છો, તો તે જાતે જ સ્વચ્છ થઈ જાય છે. તેથી, પ્રકૃતિની ઉપાસના એ માત્ર ધાર્મિક ફરજ નથી, પરંતુ જીવન પ્રત્યેની આપણી જવાબદારી છે. આપણે ફરીથી માતા તરીકે પ્રકૃતિનું રક્ષણ કરવું પડશે, તો જ આપણું ભવિષ્ય સુરક્ષિત રહેશે.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૫, તા.૧૭/૫/૨૫, શનિવાર

સૂર્યોદય : ૬-૦૮, સૂર્યાસ્ત : ૭-૧૮, જૈન નવકારશી : ૬.૫૬
રાશિ : ધન(ભ, ધ, ફ. ઢ) ૨૪.૦૩થી મકર (ખ.જ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-ધન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ


## રાશીફળ

**મેષ :** લાગણીઓને કાબુમાં રાખજો, વ્યવસાયમાં ઉધારીથી દુર રહેજો, આવક વધારવાના પ્રયત્નો ફળવાના.
**વૃષભ :** સારા સમાચારની અપેક્ષા ફળવાની, રાજકીય લાભ રહે, મિલ્કતના પ્રશ્નોમાં કોઈની મદદ પણ મેળવશો.
**મિથુન :** મહત્વની વ્યકિત સાથે મીટીંગ્સનું આયોજન સફળ થાય, નોકરી વ્યવસાયમાં દિવસ સફળ રહેવાનો.
**કર્ક :** જીવનમાં મનગમતી વ્યકિતનો પ્રવેશ થાય, વિદેશ જવાની તક મળ, સ્વાસ્થ્ય બાબત સુધારો જોવા મળ.
**સિંહ :** લગ્ન જીવનમાં સુમેળ રાખવો, મહેનતનું ફળ મળવાનું, કર્જ કરીને કોઈ સાહસ ન કરવું, પ્રવાસ થાય.
**કન્યા :** શેરસટામાં લાભ રહે, જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે, કાનુની પ્રશ્નોથી દુર રહેજો, વિદેશથી લાભ.
**તુલા :** જરૂરીયાતોમાં વધારો થવાનો છે, નવી નોકરીમાં લાભ રહેવાનો, પાર્ટ ટાઈમ જોબથી લાભ.
**વૃશ્ચિક :** વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની, એજન્સી લાઈનથી લાભ માતુશ્રીનો સાથ સહકાર રહેવાનો.
**ધન :** લાગણીઓને કાબુમાં રાખજો, મહત્વના કાર્યને અગ્રતાક્રમ આપજો, ઉપરી વર્ગથી લાભ રહેવાનો.
**મકર :** ભાતૃભાવની ઈચ્છા પ્રબળ બનાવવાથી લાભ મળવાનો, વિદેશનો પ્રવાસ થાય, રોમાન્સમાં સફળતા.
**કુંભ :** કોર્પોરેટ ક્ષેત્રે કોઈ સારી ઓફર આવે, પ્રવાસની ઈચ્છા ફળવાની, આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**મીન :** કોઈ ચમત્કારની અપેક્ષા ન રાખવી, તમારો પુરૂષાર્થ ફળવાનો છે, ભાઈ-બહેનોથી લાભ રહેશે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



■ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. સોનિયા ગાંધીનો દેશ (૩)
૩. ખુશનસીબનું વિરોધી (૫)
૭. એક ધાતુ(૩)
૯. સુવર્ણ જેવો કાઠિયાવાડી શબ્દ (૪)
૧૦. સુર્યનારાયણનો 'તાપ' (૩)
૧૧. તાકાત, બળ, શકિત (૨)
૧૨. રામને એઠા બોર ખવડાવનાર (૩)
૧૩. ઠેલો, ગલ્લો, થડો (૩)
૧૬. એક ધાતુ (૩)
૧૭. બોરડી પર ઉગે (૨)
૧૮. ચરણ ..., અચ... (૨)
૨૦. આપણે તો ... મનુષ્ય છીએ ? (૩)
૨૨. તિવ્ર ઇચ્છા (૩)
૨૪. સેલ્સ ટેકસ (૫)
૨૭. ઇન્સાન (૩)
૨૮. શર્મ-જોડણી છુટ્ટી પાડો (૩)
૨૯. ભુગર્ભનું પાણી ખેંચતું યંત્ર (૪)
૩૨.આકાર (૨)
૩૩. સમુહ ગાયનવૃંદ (૩)
૩૪. ગગજી ગગનવાલાનું સંક્ષિપ્ત (૨)

### ઉભી ચાવી

૧. આઉટનું વિરોધી (૨)
૨. લીલોછમ વિસ્તાર (૪)
૩. ખાલી ખિસ્સાવાળો (૩)
૪. અભિનેતા (૨)
૫. ચોરી પર ... (૪)
૬. માખણ (૩)
૮. વર્ગ (૨)
૧૨. સુગર (૩)
૧૩. એક પ્લાસ્ટિક જેવો પદાર્થ (૫)
૧૪. ...કાયા પ્રવેશ (૨)
૧૫. પિકોક (૨)
૧૬. ...વાદ, ...વાદી (૨)
૧૯. કાળજી (૩)
૨૦. પુણ્યનું વિરોધી (૨)
૨૧. પ્રવાહ (૨)
૨૩. ઇશ્ક, પ્રેમ (૨)
૨૫. સ્કીન (૩)
૨૬. રોતા રહેનારો (૩)
૨૭. કબ્જેદાર (૩)
૨૮. સીટી (૩)
૩૦. ચરણ (૨)
૩૧. ગતિ, સ્પીડ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | ન્ક | ઓ | ફ | બ | રો | ડા | | ખી | લી |
| લ | | વ | | | | મા | ક | | ટી |
| | | ર | જા | ઈ | | ડો | લ | ર | |
| એ | રો | ડ્રા | મ | | મા | ળ | | મૂ | ક |
| બ | | ફ | ન | ફે | ર | | અ | જ | બ |
| | ર | ટ | ગ | | વા | | ડ | | ર |
| ધ | ણ | | ર | ગ | ડ | ધ | ગ | ડ | |
| | સ | જા | | મા | | ન | | લ | ક્ષ |
| ખ | ગ્રા | સ | | ર | વિ | વા | ર | | ત્રિ |
| | મ | લ | મ | | ગ | ન | | ક્ષ | ય |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )


જેસીબી ઉતારવું પડયું


રેસ્કયુની હાલત


ઘર સુધી પાણી ઘુસ્યા


ગવલીવાડ જળબંબાકાર


ઘરવખરી પલળી ગઇ


લોધાવાડ ચોક


માલવિયા ચોક


રૈયા ટેલીફોન એકસચેંજ

(તમામ તસ્વીરો : દેવેન અમરેલીયા, ભાવિન રાજગોર, પંકજ શીશાંગીયા)


ગોંડલ રોડ


સત્યવિજય આઇસ્કીમ પાસે


રેસકોર્સ પણ પાણી.. પાણી..

# ૪૫ મીનીટ-૨ ઇંચ : મનપાનો પ્રિ-મોન્સુન પ્લાન સાફ : પૂર જેવા દ્રશ્યો

## રાજકોટમાં ગુરૂવારે સાંજે એકાએક ખાબકેલા વરસાદે મનપા તંત્રને ઉંઘતુ પકડયું : રાજમાર્ગો જળબંબાકાર

રાજકોટ, તા. ૧૬

રાજકોટમાં ગઇકાલે સાંજે ચોમાસા જેવો તોફાની વરસાદ ખાબકતા પોણો કલાકમાં રાજકોટના સંખ્યાબંધ વિસ્તારો પાણીથી જળબંબાકાર થઇ ગયા હતા. કાળઝાળ તાપ વચ્ચે ટોપી અને ગોગલ્સ પહેરીને નીકળેલા લોકો છત્રી અને રેઇનકોટ શોધતા થઇ જાય તેવી હાલત સર્જાવા સાથે રાજકોટ મહાપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ પણ ખુલી ગઇ હતી.

## સદરના ગવલીવાડ વિસ્તારમાં ૫૦ ઘરોમાં પાણી ઘુસી જતા ઘરવખરીને નુકસાન : લોકો ગભરાઇ ગયા

દર વર્ષે પ્રિ-મોન્સુન પ્લાન કોપી-પેસ્ટ જેવો અને માત્ર કાગળ પર રહેતો હોય તેવું ફરી લાગ્યું છે. કારણ કે જે વિસ્તારમાં પાણી ભરાઇ છે ત્યાં ફરી ભરાયા હતા. તેમાં પણ વોર્ડ નં.૭ના સદરના ગવલીવાડ વિસ્તારમાં તો નાના પુલના કામ અને પડેલા ઝાડના કારણે પાણીનો પ્રવાહ અટકી જતા લોકોના ઘરમાં પાણી ઘુસી ગયાની હાલત સર્જાઇ હતી.

મહાનગરમાં ગઇકાલે સાંજે વેસ્ટ ઝોનમાં સૌથી વધુ બે ઇંચ (૫૧ મીમી), સેન્ટ્રલ ઝોનમાં ૧ ઇંચ (૨૭ મીમી) અને ઇસ્ટ ઝોનમાં પણ ૧ ઇંચ (૨૭ મીમી) વરસાદ નોંધાયો હતો. માત્ર ૪૫ મીનીટ છતા અનરાધાર વરસાદ ખાબકતા લોકો જયાં હતા ત્યાં જ અટકી ગયા હતા. શહેરના પ્રહલાદ પ્લોટ, ગવલીવાડ સહિતના વિસ્તારમાં ત્રણ વૃક્ષ પડયાની ફરિયાદો આવી હતી. સામાકાંઠે ભાવનગર રોડ ઝોન ઓફિસ પાસેના અમુક નીચાણવાળા ભાગમાં પણ અમુક મકાનમાં પાણી ઘુસ્યાની સ્થિતિ સર્જાયાનું જાણવા મળ્યું હતું.

ગઇકાલે ચારેક વાગ્યે રાજકોટમાં ૪૧ ડિગ્રીથી વધુ ઉષ્ણતામાન હતું. લોકો ભારે તાપનો અનુભવ કરતા હતા. આ દરમ્યાન ૫.૩૦ વાગ્યા આસપાસ વાદળો ઘેરાવા સાથે પવન ફુંકાવા લાગ્યો હતો. છ વાગ્યે એકાએક પવન સાથે વરસાદ શરૂ થયો હતો. પહેલા તો ઝાપટા બાદ વરસાદ રોકાઇ જશે તેવું માવઠાના માહોલમાં લોકો માનતા હતા. પરંતુ થોડી મીનીટમાં વરસાદનું જોર વધી ગયું હતું. માધાપર ચોકડી, ૧૫૦ ફુટ રોડ, લીમડા ચોક, સદર, ઢેબર રોડ, ગોંડલ રોડ, ઇસ્ટ ઝોનમાં ભાવનગર રોડ, કુવાડવા રોડ પર ઘણી જગ્યાએ પાણી ભરાઇ જતા વાહનો અટકાઇ ગયા હતા. ટુ વ્હીલર ચાલકોએ છાપરા શોધવાની નોબત આવી હતી. પવનની ઝડપ એવી હતી કે થોડી મીનીટો માટે તો ચાલુ વરસાદે ટુ વ્હીલર લઇને પસાર થવું મુશ્કેલ બન્યું હતું.

સૌથી ખરાબ હાલત સદર વિસ્તારના ગવલીવાડ વિસ્તારની થઇ હતી. અહીં જલારામ મંદિરના આગળના ભાગે આવેલો નાનો પુલ તોડીને નવું બાંધકામ ચાલી રહ્યું છે. તેનો કાટમાળ પણ પડયો હતો. વધુમાં એક વૃક્ષ પણ આગળ પડેલું હતું. દરમ્યાન ભારે વરસાદના કારણે સર્વેશ્વર

## ગોંડલ રોડથી માંડી રૈયા એકસચેંજ સુધીના માર્ગો પર વાહનો ફસાયા : તડકા બાદ એકાએક છત્રી શોધવી પડી

ચોક તરફથી પણ વોંકળાના વહેણનું પાણી યાજ્ઞિક રોડ, જાગનાથ થઇને સદર સુધી પહોંચી ગયું હતું. હવે ગવલીવાડથી પાણી આગળ જવાનું અટકી જતા લોકોના ઘરમાં પાણી ઘુસ્યા હતા. નીચાણવાળા ભાગમાં આવેલા અનેક મકાનોમાં ઘરવખરી પલળી જતા નુકસાન પણ થયું હતું. પરંતુ પાણી નીકળતું ન હતું.

અંતે મોડેથી કોર્પોરેટરોએ કમિશ્નર સુધી જાણ કરતા તોતીંગ ઝાડ હટાવવા માટે જેસીબી મોકલવામાં આવ્યું હતું. સાથે જ કાટમાળ પણ ખસેડવામાં આવ્યો હતો. જે બાદ પાણી આગળ વહેતુ થયું હતું. પરંતુ ત્યાં સુધીમાં આ વિસ્તારમાં જળબંબાકાર જેવી હાલત સર્જાતા લોકોને ચોમાસામાં શું થશે તેવો વિચાર આવી ગયો હતો. ગોંડલ રોડ, ટાગોર રોડ, ભકિતનગર, સોરઠીયાવાડી, કુવાડવા રોડ, પેડક રોડ, પારેવડી ચોક, ભાવનગર રોડ સહિતના અનેક ભાગોમાં જળબંબાકાર દેખાયું હતું.

સેન્ટ્રલ ઝોન ઉપરાંત ન્યુ રાજકોટના ઘણા ભાગોમાં પણ પાણી ભરાઇ ગયા હતા. રૈયા ચોક, રૈયા એકસચેંજ ચોક, બીગ બજાર પાસે, માધાપર ચોકડી, મવડી ચોકડી, ગોંડલ રોડ ચોકડી અને તેની આગળ પાછળના ઘણા ચોકમાં પુરની જેમ પાણી વહ્યા હતા. આવા અનેક મુખ્ય માર્ગો પર પાણીનો સરળ નિકાલ દેખાતો ન હતો. છેલ્લા વર્ષોથી કરોડોના ખર્ચે સ્ટોર્મ વોટર પાઇપલાઇન નાંખવામાં આવી છે. પરંતુ આવી લાઇનમાં પણ કચરા ફસાઇ જવા સહિતની હાલત ફરી દેખાઇ હતી.

ગઇકાલે ૬ વાગ્યેથી લગભગ ૪૫

## કોર્પોરેશનના 'કોપી-પેસ્ટ' જેવા પ્રિ-મોન્સુન પ્લાન સામે સવાલો : ચોમાસામાં શું હાલત થશે તેનું ટ્રેલર દેખાઇ ગયું!

મીનીટ માટે વરસાદ વરસ્યો હતો. તેમાં સેન્ટ્રલ અને ઇસ્ટ ઝોનમાં તો એક-એક ઇંચ પાણી પડયું હતું. વેસ્ટ ઝોનમાં બે ઇંચ વરસાદ પડયો હતો. પરંતુ જે રીતે પાણી ભરાયા તે જોતા આ વર્ષે વહેલા લાગતા ચોમાસામાં શું હાલત થશે અને કોર્પો.ની પ્રિ-મોન્સુન કામગીરી કેટલી કામ આવશે તે સવાલ ઉઠયો છે. અનેક કોર્પોરેટરોએ પણ ચાલુ વરસાદે વરસાદી પાણીના નિકાલ માટે અધિકારીઓને ફોન કર્યા હતા. સદભાગ્યે પોણો કલાક બાદ વરસાદ અટકતા આઠ વાગ્યા સુધીમાં પાણી ઓસર્યા હતા. છતાં જયાં વધુ ભરાવો હતો ત્યાં તો આજે સવારે પણ કેવો વરસાદ પડયો હશે તે દેખાતુ હતું. હવે વહીવટી તંત્ર ખરા ચોમાસામાં આવી હાલત અટકાવવા શું પગલા લે છે તે જોવાનું રહ્યું.

## પ્રિ-મોન્સુન પ્લાન તાબડતોબ એકશનમાં મૂકો : કમિશ્નર સાથે મેયર ચર્ચા કરશે

### વરસાદી પાણીવાળા વિસ્તારોમાં તુરંત વ્યવસ્થા લાગુ કરો

રાજકોટ, તા. ૧૬

ગઇકાલે રાજકોટમાં પડેલા વરસાદમાં કોર્પો.ની પ્રિ-મોન્સુન કામગીરી તો ઉઘાડી પડી ગઇ છે. આ સમગ્ર હાલતથી આજે મેયર નયનાબેન પેઢડીયા વાકેફ થયા હતા અને આ કામ માટે તુરંતમાં કમિશ્નર સાથે ચર્ચા કરી વહેલાસર સમગ્ર ચોમાસાની સિસ્ટમ ગોઠવવા સૂચના આપશે તેમ જણાવ્યું છે.

ગવલીવાડથી માંડી સામાકાંઠા સુધી પાણી ભરાવાની સ્થિતિના રીપોર્ટ મેયરે મંગાવ્યા હતા અનેક વિસ્તારમાં હજુ વોંકળા સફાઇ ચાલતી હતી ત્યારે જ કમોસમી વરસાદ ખાબકતા આ કામ ધોવાયુ છે અને બાકીનું અટકયું છે. પરંતુ હવે ચોમાસુ વહેલુ બેસવાના વરતારો આવ્યા છે. આથી પ્રિ-મોન્સુન કામગીરી માટે તાબડતોબ સબંધીત વિભાગના અધિકારીઓને જવાબદારી સોંપવા ચર્ચા કરાશે તેમ નયનાબેન પેઢડીયાએ કહ્યું હતું. જયાં વરસાદી પાણી ભરાતા હોય ત્યાં આગોતરૂ આયોજન કરવા જણાવાશે. વધુમાં ફાયર, ડ્રેનેજ, બાંધકામ, ગાર્ડન સહિતની લાગુ શાખાને રોજિંદી કામગીરીના રીપોર્ટ આપવા પણ સૂચના આપી છે.

## બોલો લ્યો; ઝાડના કારણે પૂર આવ્યું!

### ગવલીવાડમાં નવા પુલનું કામ ચાલે છે : કમિશ્નરને જાણ કર્યા બાદ જેસીબી પહોંચ્યુ

રાજકોટ, તા. ૧૬

રાજકોટ શહેરમાં ગઇકાલે એકાએક પડેલા વરસાદથી ગવલીવાડ વિસ્તારમાં ઘર સુધી પાણી ઘુસ્યા હતા. આવી સ્થિતિ સર્જાવા સામે અનેક સવાલો ઉઠયા હતા. પરંતુ મોડેથી આ વિસ્તારમાં ચાલતુ વોંકળાના પુલનું કામ અને એક વૃક્ષ ઉપાડવામાં ઢીલના કારણે આવું બન્યાનું જાણવા મળ્યું છે.

ગવલીવાડમાં જલારામ મંદિર આગળના રસ્તે જુનો પુલ તોડીને નવું બાંધકામ કરાઇ રહ્યું છે. આ માટે આ રસ્તો પણ બંધ કરવામાં આવ્યો હતો. જુના બાંધકામનો કાટમાળ પડયો હતો અને આગળ એક વૃક્ષ પણ પડેલુ હતું. દરમ્યાન ગઇકાલે સાંજે એકાએક વરસાદ આવતા આ જગ્યાએ પાણીનો નિકાલ અટકી ગયો હતો. ભારે વરસાદ અને પવનથી પાણીનો પ્રવાહ એવો વધ્યો કે આ પાણી અટકીને લોકોના ઘરમાં ઘુસી ગયા હતા. અનેક પરિવારોની ઘરવખરી પલળી જતા નુકસાન પણ થયું હતું. અંતે વોર્ડ નં.૭ના કોર્પોરેટરો દેવાંગ માંકડ અને નેહલ શુકલએ તંત્રને દોડાવી આ વૃક્ષ અને કાટમાળ દુર કરાવતા પાણી વહેતું થયું હતું.

નેહલ શુકલએ જણાવ્યું હતું કે આ વૃક્ષ ત્રણ-ચાર દિવસથી પડયું હતું. જેથી કમિશ્નરને સાંજે જ વાત કરી હતી અને તે બાદ જેસીબીથી આ મોટુ વૃક્ષ ખસેડવામાં આવ્યું હતું.

### વિચારો.. સામાન્ય લોકોની રોજિંદી ફરિયાદો કયાંની કયાં રમતી હશે..

## આ તે કેવો સ્માર્ટ વહીવટ? આરાધના ભવનની બહાર દિવસોથી ઉભરાતી ગટરનો પ્રશ્ન ઉકેલવા મહાસતીજીએ ઉપવાસ કરવા પડયા

### વીતરાગ-નેમીનાથ સોસાયટીના ધાર્મિક સ્થળે તંત્ર માટે શરમજનક સ્થિતિ સર્જાઇ : કોર્પોરેટરો-આગેવાનોએ પારણા કરાવી ફોટોસેશન કર્યા!





રાજકોટ, તા. ૧૬

ન્યુ રાજકોટના વોર્ડ નં.૯માં આવેલી વીતરાગ-નેમીનાથ સોસાયટીમાં આવેલા આરાધના ભવનના આંગણે ઘર દિવસોથી ગટર ઉભરાતી હોવાની ફરિયાદોનો કોઇ ઉકેલ ન આવતા મહાસતીજીએ અન્ન-જળનો ત્યાગ કરવાની નોબત આવી હતી. ધાર્મિક સ્થળ બહારની આવી હાલતનો પણ ઉકેલ દિવસો સુધી આવતો ન હોય તો રોજિંદી સામાન્ય લોકોની ફરિયાદો ઉકેલવામાં તંત્ર કેવું ગતિશીલ હશે તેવો સવાલ ફરી એક વખત સ્માર્ટ સીટીના લોકોમાં ઉઠયો છે.

તંત્રની ઢીલી નીતિનો વધુ એક પુરાવો આપતા આ ઘટનાની વિગત એવી છે કે વોર્ડ નં. ૯માં વીતરાગ-નેમિનાથ સોસાયટી આવેલ છે. તેમા જૈન સમુદાય માટે અરિહંત આરાધના ભવન છે અને તેમા સ્થાનકવાસી જૈન સમુદાયના કિરણબાઈ મહાસતીજી બિરાજમાન છે. આ આરાધના ભવનના આંગણે જ થોડા સમયથી ગટર ઉભરાતી હતી. બિલ્ડિંગના લોકોએ અલગ-અલગ ચાર ફરિયાદ કરી હતી પરંતુ તેનો ઉકેલ ન આવતો હતી. અંતે કંટાળી મહાસતીજીએ છેલ્લા ચાર દિવસથી અન્ન-જળ ત્યાગ્યા હતા. પરંતુ સિસ્ટમને પોતાની જવાબદારીના ભાગરૂપે આ



ફરિયાદ ઉકેલવાનો સમય મળતો નહીં હોવાનું વિસ્તારના લોકોએ કહ્યું હતું.

દરમ્યાન વાયા વાયા આ વાત ભાજપ સુધી પહોંચતા ભાજપ પ્રમુખ માધવ દવેએ વોર્ડના કોર્પોરેટર જીતુભાઈ કાટોળીયા, મનીષભાઈ રાડીયા, ડો. દર્શિતાબેન શાહને જાણ કરી હતી. જીતુભાઈ કાટોળીયા રૂબરૂ આવ્યા અને તાત્કાલિક કોર્પોરેશનના અધિકારી અને તેમની ટીમને કામે લગાડી પ્રશ્નનો ઉકેલ લાવ્યા હતા. પરંતુ દિવસો સુધી આ ફરિયાદ પડતર હતી ત્યારે કોઇ લોકો ધાર્મિક સ્થળ પાસેની સમસ્યા ઉકેલવા પહોંચ્યા ન હતા. બાદમાં કોર્પોરેટરો સાથે આગેવાનોએ ફોટોસેશન કરાવ્યું હતું! બાદમાં જીતુભાઈ કાટોળીયાના હસ્તે કિરણબાઈ મહાસતીજીએ પારણા કરી મહા માંગલિક ફરમાવ્યું હતું.

આ પ્રશ્નનો ઉકેલ આવ્યો તે સારી વાત છે પરંતુ ગટરના ત્રાસ જેવી હાલત દુર કરવા મહાસતીજીએ ઉપવાસ કરવા પડે ત્યારે તંત્ર દોડે એને કેવી સ્થિતિ ગણવી તે સવાલ છે. અધિકારીઓને લોકો કે પ્રજાના પ્રતિનિધિઓ દોડાવે ત્યારે જ દોડે અને તે સિવાય ફરિયાદ કયાં રમે છે કે કોઇને ખબર ન હોય તે હાલતને કેવી ગણવી એ પ્રશ્ન ભકતોને થયો છે.

## ઝોમેટો અને સ્વિગી હવે વરસાદ પડે ત્યારે વધારાનો ચાર્જ વસૂલશે - પ્રીમિયમ વપરાશકર્તાઓને પણ લાગૂ પડશે

### બંન્ને પ્લેટફોર્મ તબક્કાવાર બોજ વધારવા લાગી: ટુંકાગાળામાં રૂા.૨ થી ૧૦ વધારી દીધા



મુંબઈ ,તા.૧૬

ફૂડ ડિલિવરી જાયન્ટ્સ ઝોમેટો (હવે ઇટરનલ તરીકે રિબ્રાન્ડેડ) અને સ્વિગીએ તેમના લોયલ્ટી પ્રોગ્રામ્સમાં ફેરફાર કર્યા છે જેનાથી પ્રીમિયમ વપરાશકર્તાઓને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડશે. ઝોમેટો ગોલ્ડ અને સ્વિગી વનના સબ્સ્ક્રાઇબ કરનારા વપરાશકર્તાઓ પાસેથી હવે ખરાબ હવામાન દરમિયાન 'રેઇન સરચાર્જ' વસૂલવામાં આવશે - આ ફી અગાઉ આ ચૂકવણી કરનારા સભ્યો માટે માફ કરવામાં આવી હતી.

મનીકન્ટ્રોલના અહેવાલ મુજબ, આ અપડેટ સૌપ્રથમ કંપનીઓની મોબાઇલ એપ્લિકેશન્સમાં જોવા મળ્યું હતું અને ત્યારથી વફાદાર વપરાશકર્તાઓમાં નિરાશા ફેલાઈ ગઈ છે. તાજેતરમાં સુધી, હવામાન સંબંધિત સરચાર્જ ફક્ત બિન-સભ્યો પર જ લાગુ કરવામાં આવતા હતા. હવે, વિશિષ્ટ લાભો માટે વધારાનો ખર્ચ કરનારાઓને પણ વરસાદ કરમાંથી મુક્તિ મળશે નહીં.

આ ફેરફાર બંને કંપનીઓના નફાકારકતામાં સુધારો કરવાના વ્યાપક પ્રયાસ સાથે સુસંગત છે, ખાસ કરીને જ્યારે તેઓ રોકાણકારોના વધતા દબાણનો સામનો કરી રહ્યા છે. જ્યારે વરસાદનો સરચાર્જ નજીવો લાગે છે, તે પ્લેટફોર્મ ફીમાં નોંધપાત્ર વધારાને કારણે આવે છે અને કંપનીઓ તેમના સૌથી વિશ્વસનીય ગ્રાહક આધારનું મુદ્રીકરણ કેવી રીતે કરે છે તેમાં વ્યૂહાત્મક પરિવર્તન સૂચવે છે.

ઝોમેટોનું સંચાલન કરતી એટરનલ કંપનીએ નાણાકીય વર્ષ ૨૫ના ચોથા કવાર્ટરમાં તેના કર પછીના નફા (ડઅઝ)માં વાર્ષિક ધોરણે ૭૮ ટકાનો તીવ્ર ઘટાડો નોંધાવ્યો હતો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૧૭૫ કરોડથી ઘટીને રૂ. ૩૯ કરોડ થયો હતો. અગાઉના ક્વાર્ટરમાં (Q3 FY25) રૂ. ૫૯ કરોડનો PAT જોવા મળ્યો હતો.

દરમિયાન, સ્વિગીએ નાણાકીય વર્ષ ૨૫ ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૧,૦૮૧.૧૮ કરોડનું ચોખ્ખું નુકસાન નોંધાવ્યું - જે નાણાકીય વર્ષ ૨૪ ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૫૫૪.૭૭ કરોડના નુકસાનથી ૯૪ ટકાનો વધારો છે. બંને પ્લેટફોર્મ ઝડપી વાણિજ્યમાં ભારે રોકાણ કરી રહ્યા છે, એક એવો સેગમેન્ટ જે હાલમાં તેમના નફાના માર્જિનને ખાઈ રહ્યો છે.

વરસાદનો સરચાર્જ એકમાત્ર વધારાનો ખર્ચ નથી જે વપરાશકર્તાઓ જોઈ રહ્યા છે. બંને પ્લેટફોર્મ્સે તાજેતરના મહિનાઓમાં ધીમે ધીમે તેમની પ્લેટફોર્મ ફી વધારી છે, ઘણા શહેરોમાં પ્રતિ ઓર્ડર માત્ર ૨ રૂપિયાથી ૧૦ રૂપિયા સુધી.

જ્યારે ઝોમેટો અને સ્વિગીએ આ ફેરફારો અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી, આ પગલું તેમના લોયલ્ટી પ્રોગ્રામ્સ સાથે સંકળાયેલા લાભોથી સ્પષ્ટ રીતે અલગ થઈ ગયું છે. જે ગ્રાહકોએ વિશિષ્ટ લાભોની અપેક્ષા રાખીને સાઇન અપ કર્યું હતું તેઓ હવે બિન-સભ્યો સાથે સમાન સ્તરે પોતાને શોધે છે, ઓછામાં ઓછું જ્યારે આકાશ ખુલશે ત્યારે.

# ડુપ્લિકેટ ફેવિકોલ-ફેવિકવીક વેંચવાનું કૌભાંડઃ રાજકોટના ત્રણ વેપારી સામે ગુના નોંધાયા

## ગાંધીગ્રામ મેઈન રોડ પર આવેલ મુરલીધર પ્રોવિઝન, ચામુંડા જનરલ સ્ટોર અને સત્યમ ડીપાર્ટમેન્ટ નામની દુકાનમાં દરોડા, લોગો કોપી કરી નકલી માલ વેંચાણ કરતાં'તા

## ૧૯૦૦ નંગ નકલી જથ્થો જપ્ત કરાયો, રીક્ષામાં વેંચવા આવેલ ફેરિયાઓની ગાંધીગ્રામ પોલીસે શોધખોળ આદરી






રાજકોટ. તા.૧૬

ફેવીકોલ-ફેવિકવીક ડુપ્લીકેટ વેંચવાનું કૌભાંડ સામે આવ્યું હતું. જેમાં રાજકોટના ત્રણ વેપારી સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુના નોંધાયા હતાં. ગાંધીગ્રામ મેઈન રોડ પર આવેલ મુરલીધર પ્રોવિઝન, ચામુંડા જનરલ સ્ટોર અને સત્યમ ડીપાર્ટમેન્ટ નામની દુકાનમાં દરોડા પાડી ૧૯૦૦ નંગ નકલી જથ્થો જપ્ત કર્યો હતો. બનાવ અંગે પોલીસે કોપીરાઈટ અંગેનો ગુનો દાખલ કર્યો હતો.

બનાવ અંગે ઉત્તરપ્રદેશના અંકુરશર્મા રાજકુમારશર્મા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મુકેશ રમેશ ડાંગર (રહે. ગાંધીગ્રામ સોસાયટી, એસ.કે.ચોક, રાજકોટ), આશિષ દિનેશ વાઢીયા (રહે. ગાંધીગ્રામ મેઈન રોડ) અને રવિ હરસુખ રાયચુરા (રહે. દિપક સોસાયટી મેઈન રોડ, ગાંધીગ્રામ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ નોઈડા ખાતે આવેલ SEMITA LEGAL Advocates Solicitors નામની કંપનીમાં એકઝીકયુટર તરીકે દોઢ વર્ષથી નોકરી કરે છે. કંપનીને અંધેરી ઈસ્ટ મુંબઈમાં આવેલ ફેવીકોલ તથા ફેવીકવીકની M/s Pidilite Industries Limited નામની કંપની સાથે તેમની કંપનીના લોગા કે લખાણ કે ચીત્રોનું કોપી કરી ફેવીકોલ કે ફેવીક્વીકનુ વેચાણ કરે તો તેના વિરુદ્ધ કાર્યવાહી કરવાની તેઓને સત્તા આપવામાં આવેલ છે.

તેઓ દેશના અલગ અલગ શહેરોમા દુકાનો ઉપર જઈ Pidilite Industries Limited કંપનીની ફેવીકોલ અને ફેવીક્વીકની ખરીદી કરીએ છીએ અને કંપનીની લખાણ કે ચિત્રો કે લોગાનુ કોપી કરેલાનું જણાઈ આવે તો અમો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરીએ છીએ. ગઈકાલે સાંજના સમયે તેઓને કંપની દ્વારા જાણ થયેલ કે, ગાંધીગ્રામ સોસાયટી એસકે ચોક વિસ્તારમાં આવેલ અલગ અલગ દુકાનોમાં પીડીલાઈટ કંપનીની ફેવિકવિકના લોગા, ચિત્ર તથા લખાણનુ કોપી કરી ફેવીકવીકનુ વેચાણ કરે છે જે બાતમીના આધારે દુકાનમાં તપાસ કરવા તેઓ અન્ય સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને ત્યાંથી હેડ કોન્સ્ટેબલ રવીભાઈ ગઢવી, રોહીતદાન ગઢવી, શબ્બીરખાન મલેક સાથે ગાંધીગ્રામ સોસાયટી એસકે ચોક વિસ્તારમાં આવેલ મુરલીધર પ્રોવિઝન સ્ટોર નામની દુકાન ખાતે જઈ તપાસ કરતા ત્યા દુકાન ધારકનું નામ પુછતા પોતાનુ નામ મુકેશ રમેશ ડાંગર હોવાનુ જણાવેલ હતું.

તે દુકાનમાં તપાસ કરતા પીડીલાઈટ કંપનીની ફેવીકવીકના ૨૯ નંગ મળી આવેલ જે ફેવીક્વીકના પ્લાસ્ટીકના નંગ ઉપર જોતા કંપનીના લોગા તથા લખાણ તથા ચિત્રોનુ કોપી કરેલ હતું. તેમજ અન્ય ચામુંડા જનરલ સ્ટોરમાં તપાસ કરતાં ત્યાંથી ૩૩ નંગ ફેવિકવિકમાં કંપનીના લોગા તથા લખાણ તથા ચિત્રોનુ કોપી કરેલ હતું. તેમજ તે જ વિસ્તારમાં આવેલ સત્યમ ડીપાર્ટમેન્ટ સ્ટોરમાં તપાસ કરતાં તેમાંથી ૧૮૫૬ નંગ ફેવિકવિકમાં કંપનીના લોગા તથા લખાણ તથા ચિત્રોનુ કોપી કરેલ હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. વધુમાં પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પકડાયેલ ત્રણેય વેપારી છેલ્લા ઘણાં સમયથી કોપીરાઈટ કરેલ નકલી ફેવિકવીક વેંચે છે અને તેઓ રીક્ષામાં આવતાં ફેરિયાઓ પાસેથી ૩૮ નંગ રૂ.૧૯૫ માં ખરીદીને રૂ.૪૨૦ માં વેંચતા હોવાની કબુલાત આપતાં પોલીસે તે ફેરિયાઓની પણ શોધખોળ હાથ ધરી છે.

### નકલીથી બચવા આ ધ્યાન રાખવુંઃ કાગળની ક્વોલીટી નબળી, બેચ નંબર ન હોય

રાજકોટ. તા.૧૬

પોલીસ અને કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે, લોકો ફેવીકોલ અને ફેવિકવિકના નકલી માલથી કઈ રીતે બચી શકાય છે. નકલી ફેવીકોલ અને ફેવિકવિકના પેકિંગમાં એક તો કાગળની ક્વોલીટી નબળી હોય છે, તેનો પીળો અને બ્લુ કલર ડલ હોય છે. તેમજ નકલીમાં કંપનીનો સિમ્બોલ ઉપર હોય છે. તેમજ ખાસ નકલી પેકિંગમાં બેચ નંબર હોતા નથી. જેથી જ્યારે દુકાને વસ્તુ ખરીદવા જાવ ત્યારે આ મુદ્દા ધ્યાન રાખવા જરૂરી છે.



અસલી



ડુપ્લીકેટ

# રાજકોટના માર્કેટિંગ યાર્ડમાં આર્થિકભીંસથી કંટાળી વેપારી શશિકાંત ચંદારાણાનો આપઘાત

## શશિકાંતભાઈ ચંદારાણા અગાઉ નિકાવા અને હળવદમાં પેઢી ધરાવતા હતા, અહીં રાજકોટમાં ૧૭ મહિના પહેલા જ તલનો વેપાર શરૂ કરેલો

## મોરબી રોડ પર નવા માર્કેટિંગ યાર્ડમાં ભાડાની ઓફિસ રાખી હોય, ગઈકાલે બપોરે ઝેરી દવા પી લીધી હતી, ખાનગી હોસ્પિટલમાં મોડીરાત્રે દમ તોડ્યો





રાજકોટ, તા.૧૬

રાજકોટના માર્કેટિંગ યાર્ડમાં આર્થિક ભીંસથી કંટાળી વેપારી શશીકાંતભાઈ શિવલાલભાઈ ચંદારાણા(ઉં. વ. ૫૫, રહે.ઓમ પાર્ક, શેરી નંબર, ૨, મોરબી રોડ, રાજકોટ)એ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે.

આ અંગે મળતી વિગત અનુસાર, શશીકાંતભાઈ ગઈકાલે બપોરે ૧૧.૪૫ વાગ્યે રાજકોટના નવા બેડી માર્કેટિંગ યાર્ડમાં પોતાની ઓફિસ નંબર બી ૭૯ માં હતા ત્યારે કોઈ ઝેરી દવા પી લીધી હતી. તેને તત્કાલ રાજકોટની કુવાડવા રોડ પર આવેલ ગોકુલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયા હતા. જ્યાં આઈસીસી વોર્ડમાં બેભાન હાલતમાં તેઓની સારવાર ચાલુ હતી. દરમિયાન ગઈકાલે મોડી રાત્રે ૧૨.૫૭ વાગ્યે ડો.નીરવ દેવડીયાએ જોઈ તપાસીને શશીકાંતભાઈને મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ કુવાડવા રોડ પોલીસને થતા પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરિવારની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, શશીકાંતભાઈ ત્રણ ભાઈ, ત્રણ બહેનમાં ત્રીજા નંબરના હતા. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. હાલ તેઓ મોરબી રોડ પર આવેલા ઓમ પાર્કમાં ભાડાના મકાનમાં રહેતા હતા.

પરંતુ તેમનું મૂળ ગામ કુવાડવા નજીક આવેલું રફાળા ગામ છે. અગાઉ તેઓ નિકાવા અને હળવદ ખાતે કરિયાણાની પેઢી ધરાવતા હતા. ત્યાં આઠ વર્ષ તેઓએ ધંધો કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ધંધો બરોબર ન ચાલતા તેઓ ૧૭ મહિના પહેલા રાજકોટ આવી ગયા હતા અને અહીં યાર્ડમાં ભાડે ઓફિસ રાખી ૧૭ મહિનાથી તલનો વેપાર શરૂ કર્યો હતો. જોકે આ ધંધો પણ બરોબર ન ચાલતા અને આર્થિક ભીંસ આવી જતા, દેણું થઈ જતા, શશીકાંતભાઈએ અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. વેપારીના મૃત્યુથી પરિવારમાં ભારે શોક છવાયો છે.

### મેટોડામાં નિવૃત્ત આર્મીમેન પર ખુની હુમલો કરવાના ગુનામાં આરોપીઓ જામીનમુકત

રાજકોટઃ નિવૃત આર્મીમેન ઉપર ખુની હુમલો કરવાના ગુનાના મેટોડાના પાંચેય આરોપીઓનો જામીન ઉપર છુટકારો થયો છે. આ કેસની હકીકત એવી છે કે મેટોડા મુકામે એક જ સોસાયટીમાં ફરીયાદી તથા આરોપીઓ રહેતા હોય એક આરોપીના પુત્રનો જન્મ દિવસ હોવાથી ડીજે પાર્ટીનું આયોજન કરવામાં આવેલુ અને બર્થ ડે કેક રાત્રીના ૧૨ વાગ્યે કાપવાની હોય તે પહેલા સાડા અગીયાર વાગ્યાના અરસામાં ડીજે વગાડી આરોપીઓ ડાન્સ કરી ઉજવણી કરતા હતા તે વેળાએ સોસાયટીમાં રહેતા આર્મીમેન ડીસ્ટર્બ થતા હોવાને લઈને તે તથા તેના પુત્ર આરોપી પાસે જઈ ડીજે બંધ કરવા સુચના આપવા છતા ડીજે બંધ કરવામાં આવેલ નહીં ઉલ્ટાનું આરોપીઓએ એકસંપ થઈ તલવાર તથા પાઈપ વડે હુમલો કર્યો હતો. વાહનોમાં તોડફોડ કરેલ. ફરીયાદીના ઘર ઉપર પથ્થરમારો કરેલ તેવા આક્ષેપ વાળી ફરીયાદ મેટોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ. એટ્રોસીટી એકટની પણ કલમ લગાવવામાં આવેલ હતી. આરોપીઓની ધરપકડ કરી ગોંડલ સ્પે. એટ્રો કોર્ટ સમક્ષ રજુ કરતા આરોપીઓએ તેના વકીલ નિરંજય એસ. ભંડેરી મારફત જામીન અરજી કરી હતી. વકીલની દલીલો ધ્યાને લઈ ગોંડલના એડી. સેશન્સ જજ એચ.એ. ત્રિવેદીએ આરોપીઓ (૧) અવિનાશ જોન દાસ, (૨) ધવલ જેન્તીભાઈ રાઠોડ, (૩) કેવલ મુન્નાભાઈ રાઠોડ (૪) ભરતભાઈ ખેંગારભાઈ રાઠોડ (૫) યાજ્ઞીક શૈલેષભાઈ જરવરીયા એમ દરેકને રૂા.૫૦,૦૦૦ના રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કામે આરોપીઓ તરફે ભંડેરી એડવોકેટસ ગોંડલના વકીલ નિરંજય એસ. ભંડેરી, શિવલાલ પી. ભંડેરી, પ્રજ્ઞા એન. ભંડેરી, રવિરાજ પી. ઠકરાર રોકાયેલા હતા.

# રાજકોટના સરકારી વકીલોએ કોર્ટમાં લડત આપી સરકારના રૂા.૨.૧૧ કરોડ બચાવ્યા

## સૌરાષ્ટ્ર રાજય હતુ તે સમયનો ખેડૂતે કરેલો દાવો અપીલમાં જતા હુકમ નામાની રકમ ૩ કરોડમાંથી ઘટાડી ૮૯ લાખ થઈ





સરકારી વકીલ એસ.કે.વોરા, કમલેશ ડોડીયા

રાજકોટ,તા.૧૬

રાજકોટના જોઈન્ટ ડીસ્ટ્રીકટ જજથી ડી.એસ. સિંઘે વર્ષ-૧૯૬૨ના વાદીના દાવામાં થયેલ આખરી હુકમને ઘટાડી સરકારની તરફેણમાં આખરી ચુકાદો આપી ઠરાવેલ છે કે, વાદીની જમીનો અનઅધિકૃત રીતે જાળવી રાખવા બદલ વળતરની વ્યાજ સહીતની રકમ ૩-કરોડ નહીં પરંતુ ફક્ત ૮૦ લાખ થાય છે. આમ અપીલના કામે ડીસ્ટ્રીકટ કોર્ટના આખરી ચુકાદામાં સરકારી વકીલ દ્વારા સરકારને સવા બે કરોડનો લાભ કરાવી આપ્યો છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, રાજકોટના રહીશ ગોકળદાસ અમરશીભાઈએ વર્ષ-૧૯૨૦ માં જામનગર જિલ્લાના ૫-ગામોની પાતાની જમીનો રૂા.૫,૦૦૦ ની લોન પેટે જામીનગીરી કરી આપેલ હતી. ૮-વર્ષ બાદ તેઓએ આ લોનની ભરપાઈ કરી આપતા લોન આપનાર પાસેથી પોતાની જમીનો પરત માંગેલ. આ સમયે આ જમીનો જે તે વખતના સૌરાષ્ટ્ર રાજયએ હસ્તગત કરેલ હલો હતી. વાદી ગોકળદાસે પોતાની આ જમીનો સૌરાષ્ટ્ર રાજય પાસેથી પરત માંગેલ પરંતુ વહીવટી પ્રક્રિયાઓમાં લાબા સમયના કારણે ૧૯૫૫ સુધી આ જમીનો વાદી ગોકળદાસને પરત મળેલ ન હતી.

વર્ષ-૧૯૫૫ માં સૌરાષ્ટ્ર લેન્ડ રીફોર્મ એકટ આવતા વાદી ગોકળદાસનો આ જમીનો ઉપરનો માલીકી હકક જતો રહેલો હતો. વાદી ગોકળદાસે ૧૯૬૨ માં દાવો કરી સરકાર સામે દાદ માંગેલ કે તેઓનો માલીકી હકક કાયદાકીય જોગવાઈઓથી જતો રહેલ ત્યાં સુધી તેઓ જમીનોજ્ઞ ખેતી માટે ઉપયોગ કરી શકેલ નથી અને આ રીતે તેઓને નુકશાની થયેલ છે. ઓલે પાકની નુકશાની વેઠવી પડેલ છે, તેથી તેઓને વળતર મળવું જોઈએ. સિવીલ કોર્ટ અને ડીસ્ટ્રોકટ કોર્ટે વાદીનો આ દાવો સમય મર્યાદા બહાર રજુ થયેલ હોવાના કારણે રદ કરેલ હતો. લાદી. ગુજરાત હાઈકોર્ટે સેકન્ડ અપીલમાં આ દાવો મંજુર કરી કોર્ટ કમિશ્નર મારફત નુકશાનીની રકમ આકારવા ચુકાદો આપેલ હતો. કોર્ટ કમિશ્નરના અહેવાલ મુજબ રાજય સરકારે વાદીને ૭૩-લાખ રૂપિયા ૧૯૬૨ થી ૫૦થા વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કરેલ જે હુકમ મુજબ રાજય સરકારે વાદીને રૂા.૩-કરોડ જેવી માતબર રકમ ચુકવવાની થતી હતી. આ અહેવાલમાં કોર્ટ કમિશ્નરે જામનગર જિલ્લાના કુલ ૫-ગામોની જમીન ૧૪૮૬૪ વીઘા હોવાની ગણતરી કરેલ હતી. આ ચુકાદા સામે રાજય સરકારે વર્ષ-૨૦૦૯ મૌ ડીસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ કરેલ હતી.

આ અપીલની આખરી સૂનાવણી વખતે સરકાર તરફે દલીલો કરવાં આવેલ હતી કે, વાદીએ પોતાના દાવામાં જે જમીનો અગે વળતર મૌગેલ છે તે જમીનો ૧૪૮૬૪ વીઘા નહી પરંતુ ૨૯૦૦ વિઘા થાય છે. આ ઉપરાંત આ જમીનો ઉપર વાદી જો ખેતી કરી શકેલ હોત તો તેઓને આવકની સમગ્ર રકમ મળવાપાત્ર ન હતી પરંતુ ફક્ત ૧/૩ રકમ જ મળવાપાત્ર રહેતી હતી. આ ઉપરાંત સરકાર દ્વારા પ્રત્યેક વર્ષની વર્ષા ઋતુમાં થયેલ વરસાદના આંકડાઓ અને જે તે વિસ્તારમાં તે વર્ષના પાકની ઉપજના ચોકકસ આંકડાઓ રાખવામાં આવતા હોય છે. આ વિગતો મુજબ, વર્ષ-૧૯૨૮ થી ૧૯૪૨ સુધી વાદીની જમીનોની આજુબાજુના તમામ વિસ્તારોની ખેતીની જમીનોનો પાક પ્રતિ વીઘા ૧૨ - મણનો જ હતો અને તે વખતે ૧-મણ પાકની કિંમત ૧ રૂપિયાથી લઈને ૩ રૂપિયા સુધીની મળેલ હતી. આ મુજબ ૧૪ વર્ષનો સરેરાશ કાઢતા પ્રતિ વીઘાના એક મણની આવકની કિંમત ૩ રૂપિયાથી ઓછી થતી હતી. પરંતુ કોર્ટે દ્વારા નિમાયેલ કમિશ્નરે પ્રતિ મણની આવકની કિંમત ૩ રૂપિયાથી વધુ ગણેલ હતી. આથી, સરકાર તરફેના ગેઝેટમાં આ મુજબના આંકડાઓ બને પક્ષકારોએ રજુ કરેલા હતા ત્યારે આ આંકડાઓથી વિરૂધ્ધની અને વધારે ઉપજ મુજબ ગણતરી થઈ શકે નહીં. આ મુજબની તમામ રજુઆતોના અતે જોઈન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટે વાદીની કુલ જમીન ફકત ૨૯૦૦ વીઘા ગણી પ્રતિ વીઘાની ઉપજ ૧૨ મણ અને તેની કિમત રૂા.૩ થી ઓછી ગણી ૩-કરોડના કોર્ટ કમિશ્નરના અહેવાલને ઘટાડીને ડીસ્ટ્રકીટ કોર્ટે આખરી એવોર્ડ રૂા. ૮૯-લાખનો કરી આપેલ છે.

આ કેસમાં સરકાર વતી એ.જી.પી. કમલેશભાઈ ડોડીયા અને જિલ્લા સરકારી વકીલ વકીલ સંજયભાઈ કે. વોરા એ સહયોગ માં કામ કરેલ હતું.

# એરપોર્ટ પર પેસેન્જર ભરવા બાબતે બે મહિલા સહીત ત્રણ શખ્સોનો આતંકઃ ટેક્સી ડ્રાયવરોને અવારનવાર ધમકી

## બઝ-વે કંપનીના ડ્રાઈવર વિક્રમસિંહ ઉપરાંત બામણબોરના સકુંતલાબેન અને પરમીલાબેન રાયજાદાએ એરપોર્ટ પર અડ્ડો જમાવ્યોઃ વારંવાર ઝગડા કરી, ધોકા-પાઈપ લઈને મારવા દોડતા હોવાના આક્ષેપ સાથે પોલીસ કમિશ્નરને લેખિત રજુઆત




રાજકોટ.તા.૧૬

હીરાસર એરપોર્ટ ખાતે પેસેન્જર ભરવા બાબતે ડખ્ખાનો દોર સતત ચાલુ હોય તેવું સામે આવી રહ્યું છે. અગાઉ પેસેન્જર ભરવા બાબતે મારામારી સહિતના બનાવો પ્રકાશમાં આવ્યા બાદ એરપોર્ટમાં ટેક્સીનો કોન્ટ્રાકટ ધરાવતી કંપનીનો ડ્રાયવર બે માથાભારે મહિલાઓ સાથે મળી અવાર નવાર ગાળો આપી, ખોટા કેસમાં ફિટ કરી દેવાની ધમકી આપતો હોય તેમજ મારવા દોડતો હોય તેવા આક્ષેપ સાથેની અરજી પોલીસ કમિશ્નરને કરવામાં આવી છે.

પોલીસ કમિશ્નરને આપવામાં આવેલ અરજીમાં મવડી પ્લોટ વિસ્તારમાં મારુતિનંદનનગર શેરી નંબર-૧ માં રહેતા અને ટેક્સી ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા જયદીપભાઇ હરેશભાઈ અસવાર નામના ૨૯ વર્ષીય યુવાને આરોપી તરીકે હીરાસર એરપોર્ટમાં ટેક્સનો કોન્ટ્રાકટ ધરાવતી બઝ વે કંપનીના ડ્રાઈવર વિક્રમસિંહ ઉપરાંત બામણબોરના સકુંતલાબેન અને પરમીલાબેન રાયજાદાનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ એરપોર્ટમાં ટેક્સી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ટેક્સી ડ્રાયવર એસોસિએશનમાં ૪૫ સભ્યો છે. હીરાસર એરપોર્ટ ખાતેથી પેસેન્જર ભરવા બાબતે વિક્રમસિંહ અવાર નવાર અમારા ખાનગી ટેક્સી ડ્રાયવર એસો.ના સભ્યો સાથે ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપે છે તેમજ અવાવરું સ્થળે લાકડી, ધોકા, પાઇપ લઈને મારવા દોડે છે.

અરજદારે જણાવ્યું હતું કે, એકાદ વર્ષ પૂર્વે સકુંતલાબેન અને પરમીલાબેન રાજાયદા નામની મહિલાએ અમને લાલચ આપી હતી કે, તમને હીરાસર એરપોર્ટ ખાતે સ્વતંત્ર ટેબલ અપાવી દઈશું જેથી તમે ટેક્સી ડ્રાયવર એસો.ના સભ્યો સરળતાથી ધંધો કરી શકશો. જેના બદલામાં પૈસા દેવા પડશે તેવું જણાવતા અમે ટેક્સી ડ્રાયવર એસો. છેલ્લા આઠેક માસથી દર મહિને રૂ. ૨૦ હજાર બંનેને ચૂકવતા હતા પણ છ માસમાં ટેબલ અપાવી દેવાનો વાયદો પૂર્ણ નહિ થતાં અમે પૈસા આપવાનું બંધ કરી દીધું હતું. જેથી બંને મહિલાઓ વિક્રમસિંહ સાથે મળી અમને ધાક ધમકીઓ આપતાં હતા. ઉલ્લેખનીય છે કે, બંને મહિલાઓને એરપોર્ટ સાથે કોઈ લેવા દેવા ન હોય ફક્ત આ પ્રકારે જ વચેટિયાની ભૂમિકામાં આવી પૈસા પડાવે છે તેવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

દરમિયાન ગત તા. ૧૪-૪-૨૦૨૫ ના રોજ હિરાસર એરપોર્ટની અંદર બઝ વે કંપનીનો ડ્રાઇવર વિક્રમસિંહ ટેક્સી ભરવા બાબતે અમને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ હતો ગાડી તળે કચડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જે બાબતે અમે અગાઉ પોલીસ કમિશનર કચેરી ખાતે અરજી પણ કરેલી હતી. જે અરજી પરત ખેંચી લેવા વિક્રમસિંહ દ્વારા અમને ધાક ધમકી આપી દબાણ કરવામાં આવે છે, અરજી પાછી નહીં ખેંચીએ તો અમને છેડતીમાં ફીટ કરવાની ધમકી તેમજ કાર તળે કચડી નાખી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવે છે. ઉપરાંત અવારનવાર વિક્રમસિંહ તેમજ શકુંતલાબેન અને પરમીલાબેન રાયજાદા અમારી સાથે ઝઘડા કરી ધોકા,પાઇપ લઈને ધસી આવે છે અને જે વિસ્તારમાં સીસીટીવી ન હોય તે વિસ્તારમાં હુમલો કરવાનો પ્રયાસ કરે છે.

તેમજ ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી પણ આપે છે જેના સીસીટીવી ફૂટેજ પણ અમારી પાસે ઉપલબ્ધ છે. ઉપરાંત એરપોર્ટ પોલીસની કાર્યવાહીને પણ શંકાના દાયરામાં જણાવી યુવકે બંને મહિલાઓ સહીત ત્રણેય શખ્સોં વિરુદ્ધ કાર્યવાહી કરવા પોલીસ કમિશ્નરને રજુઆત કરી છે.

# સોની વેપારી મિતેન લોઢીયાને ચેક રિટર્નના ત્રણ કેસમાં ૩ વર્ષની સજાનો હુકમ કાયમ રાખતી સેશન્સ અદાલત

## રૂા.૩,૪૮,૯૦૦ વળતર પેટે ફરીયાદીને અલગથી ચુકવવાનો હુકમ



વિરેન્દ્ર રાણીંગા એડવોકેટ

રાજકોટ, તા.૧૬

ચેક રિટર્ન ત્રણ કેસમાં રાજકોટના સોની વેપારી મિતેન ચુનીલાલ લોઢીયાને સેશન્સ અદાલતે એક - એક વર્ષની એટલે કે કુલ ૩ વર્ષની જેલની સજાનો હુકમ કાયમ રાખ્યો છે.

આ ચેક રિટર્ન કેસોની વિગત જોઈએ તો, રાજકોટના રહીશ ફરિયાદી એ.સી.ઈ. ગોલ્ડના પ્રોપરાઈટર દિનેશભાઈ પોલરા તથા એ.સી.ઈ. સીલ્વરના પ્રોપરાઈટર વનીતાબેન દિનેશભાઈ પોલરા દ્વારા આરોપી મિતેનભાઈ લોઢીયાને તેઓની માંગણી મુજબ સોના તથા ચાંદીના દાગીના પાકા બીલથી આપેલ હતા. તે બીલ પેટે આરોપીએ કુલ રૂ.૩,૪૮,૯૦૦ની રકમના કુલ ત્રણ અલગ અલગ ચેક આપેલ હતા. જે ત્રણેય અલગ અલગ ચેકો રીટર્ન થતા ફરીયાદીએ રાજકોટના જયુડી. મેજી.ની કોર્ટમાં સને ૨૦૨૧ની સાલમાં કુલ અલગ અલગ ત્રણ ફરીયાદો તેમના વકીલ મારફત કરેલ હતી. જે કેસ ચાલી જતા સ્પે. નેગોશીએબલ કોર્ટે આરોપીને સજા ફટકારેલ હતી. જે હુકમથી નારાજ થઈ આરોપીએ રાજકોટની સેશન્સ કોર્ટમાં અપીલ કરેલ હતી. જે અપીલમાં આરોપીની વર્તણુક તેમજ ફરીયાદી દ્વારા રજુ થયેલ અલગ અલગ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ આગળની કાર્યવાહી ચાલુ રાખતા ફરીયાદ પક્ષ દ્વારા અલગ અલગ હાઈકોર્ટ ના જજમેન્ટો રજુ કરેલ હતા અને કાયદેસરનું લેણુ છે. તે અંગેના પુરાવાઓ રજુ કરેલ અને નીચલી કોર્ટ દ્વારા કરેલ સજાનો હુકમ કાયદેસરની કાયદાની જોગવાઈ મુજબ છે. તેવી દલીલ કરી હતી. જે ધ્યાને લઈ કોર્ટે આરોપી મિતેન લોઢીયાને ત્રણેય અલગ અલગ કેસોમાં એક-એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ.૩,૪૮,૯૦૦ વળતર પેટે ફરીયાદીને અલગથી ચુકવવાનો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી તરફે રાજકોટના ધારાશાસ્ત્રી વિરેન્દ્ર વિ. રાણીંગા રોકાયેલ હતા.




પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલી

સ્વ. જયંતભારથી

અમરભારથી ગોસાઇ

સ્વ તા. ૧૬/૦૫/૨૦૨૪, ગામ : સામપર

રડી પડે છે આંખો અમારી જોઇ તસ્વીર તમારી અણધારી વિદાય અમો સ્વેદના કાળજા કંપાવી ગઇ મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના. તમે અમારા થી દૂર ગયા પણ તમે હંમેશા અમારા હૃદયમા રહેશો, તમારો પ્રેમ મહાન હતો. શબ્દો વર્ણન કરી શકતા નથી કે હું તમારી ખોટ પર કેટલો દિલગીર છીએ. ઇશ્વરને અમારી પ્રાર્થના છે કે તમારી દિવ્ય આત્માને શાંતિ આપે.

ગોસાઇ લીલાવંતીબેન જયંતભારથી - પત્ની

| | |
|---|---|
| ગોસાઇ ઉપેન્દ્રભારથી જયંતભારથી - પુત્ર | ગોસાઇ છાયલભારથી વિમલભારથી - પૌત્ર |
| ગોસાઇ વિમલભારથી જયંતભારથી - પુત્ર | ગોસાઇ જયભારથી ઉપેન્દ્રભારથી - પૌત્ર |
| ગોસાઇ હીનાબેન મહેશગીરી - પુત્રી | ગોસાઇ શિવાનીબેન કિરણગીરી - પૌત્રી |
| ગોસાઇ સોનલબેન મનોજગીરી - પુત્રી | ગોસાઇ પુજાબેન ઉપેન્દ્રભારથી - પૌત્રી |
| ગોસાઇ નીતાબેન કૈલાશગીરી - પુત્રી | ગોસાઇ મહેકબેન વિમલભારથી - પૌત્રી |


## અવસાન નોંધ

**રાજકોટઃ** રાજકોટ નિવાસી ઠા. બાબુલાલ ડાયાલાલ ખંધેડીયા (ઉ.૯૫) તે રમેશભાઈ, રક્ષાબેન અને મીનાબેનના પિતાશ્રી, જતીનભાઈ અને યશભાઈના દાદા તેમજ જામનગર નિવાસી સ્વ. વિઠલદાસ ભવાનભાઈ રાજાણીના જમાઈ તા.૧૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમનું ઉઠમણું અને સાદડી તા.૧૬ના રોજ સાંજે ૫થી ૬ રાજનગર કોમ્યુનિટી હોલ, રાજનગર-૧ નાના મવા રોડ, સૂર્યમુખી હનુમાન પાસે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** અશોકભાઈ છગનભાઈ ચૌહાણ (ઉ.૪૭) તે મંથન અશોકભાઈ ચૌહાણના પિતાશ્રીનું તા.૧૨ના અવસાન થયેલ છે. બેસણું તા.૧૬ના સાંજે ૪થી ૬ ગુ.ક્ષ. કડિયા જ્ઞાતી વાડી પારેખવાડી કોર્નર પાસે સાવરકુંડલા રાખેલ છે.

**સાવરકુંડલાઃ** શાંતાબેન રામજીભાઈ ટાંક (ઉ.૯૧) તે મહેન્દ્રભાઈ રામજીભાઈ ટાંકના માતુશ્રીનું તા.૧૪ને બુધવારે અવસાન થયું છે. બેસણું તા.૧૬ના સાંજે ૪થી ૬ શ્યામવાડી શિવાજીનગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ગોંડલઃ** સોરઠીયા રજપૂત સ્વ. હંસાબેન ભીમજીભાઈ ઝાલા (ઉ.૬૭) તે હિતેશભાઈ, રોહીતભાઈ, ધર્મેશભાઈના માતુશ્રી તા.૧૪ના અવસાન થયેલ છે. બેસણું તા.૧૬ના સાંજે ૪થી ૬ સોની સમાજની વાડી ૭ સ્ટેશન પ્લોટ ગોંડલ મુકામે રાખેલ છે.

**રાજકોટઃ** કિર્તિબેન રાજેશભાઈ ઘોડા તે રાજેશભાઈ પ્રેમશંકરભાઈ ઘોડાના ધર્મપત્ની તથા હિરેનભાઈ રાજેશભાઈ ઘોડાના માતૃશ્રીનું તા.૧૫ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું ઉઠમણું તા.૧૭ શનિવારે સાંજે ૪.૩૦ કલાકે ધારેશ્વર મહાદેવ મંદિર ભકિતનગર સર્કલ પાસે રાજકોટ રાખેલ છે.

# હથિયાર પકડાવ્યાની શંકાએ ટ્રાન્સપોર્ટના ધંધાર્થીને તલવાર સાથે ધસી આવેલ શખ્સોએ ધમકી આપી

## લક્ષ્મીવાડી શેરીનો બનાવઃ સંજયરાજસિંહ ઝાલાના પિતરાઈ જયદીપસિંહ ઝાલા સહિત બે શખ્સોએ લુખ્ખાગીરી કરી, ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ. તા.૧૬

લક્ષ્મીવાડીમાં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થીના ઘરે રાત્રિના તેનો કૌટુંબિક ભાઈ સહિત બે શખસો તલવાર સાથે ધસી આવ્યા હતા અને યુવાનને ગાળો આપી તેની સાથે ઝઘડો કર્યો હતો. જે અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. કૌટુંબિક ભાઈ પંદર દિવસ પૂર્વે હથિયારના કેસમાં પકડાયો હોય જે યુવાનના લીધે પકડાયો હોય તેવી શંકા રાખી ઝઘડો કર્યો હતો.

બનાવ અંગે લક્ષ્મીવાડી શેરી નંબર ૭/૧૬ ના ખૂણે રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી સંજયરાજસિંહ ઉર્ફે ચિન્ટુ મહેન્દ્રસિંહ ઝાલા (ઉ.વ ૩૨) દ્વારા ભકિતનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોતાના સગા કાકાના દીકરા જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા તથા તેની સાથેના એક અજાણ્યા શખસનું નામ આપી જણાવ્યું હતુંકે, તે ટ્રાવેલ્સ બુકિંગનું કામકાજ કરે છે. ગઈકાલ રાત્રિના તે ઘરે હતો ત્યારે અઢી વાગ્યા આસપાસ ઘરનો દરવાજો ખખડાવતા અને પાલતુ શ્વાન ભસવા લાગતા તેની ઊંઘ ઊડી ગઈ હતી. બહાર નીકળી જોતા જયદીપસિંહ ઝાલા તથા તેની સાથે અજાણ્યો શખ્સ ઘસી આવ્યા હતા.

જેમાં જયદીપસિંહની હાથમાં તલવાર હતી અને તે ગાળો આપી કહેતો હતો કે, મારા હથિયાર કેમ પકડાવ્યા? જેથી યુવાને જયદીપસિંહને કહ્યું હતું કે તું મારા પિતાને પૂછી આવ તેમ કહેતા જયદીપ તથા અજાણ્યા શખ્સ તેની સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. શ્વાન ભસવા લાગતા આ બંને શખ્સો નાસી છૂટ્યા હતાં. બાદમાં યુવાને આ અંગે પોલીસને જાણ કરી હતી.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, જયદીપ સામે ૧૫ દિવસ પહેલા ડીસીબી પોલીસ સ્ટેશનમાં હથિયારનો ગુનો નોંધાયો હતો. જે હથિયારો યુવાને પકડાવ્યા હોવાની શંકા રાખી તેના ઘરે તલવાર સાથે ધસી આવી ગળાગાળી કરી ઝઘડો કર્યો હતો. જે અંગે યુવાનની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જિલ્લાનાં ધોરાજી તાલુકાનાં મોજે ઉમરકોટ ગામે આવેલ સીમ જમીન ખાતા નાં.૧૭૬થી સર્વે નાં. ૨૮/૨ પૈકી ૪, હે.આરે.ચો.મી. ૧-૭૫-૦૩ વાળી સીમ જમીન ૧. ફિરોઝભાઈ મામદભાઈ ખપી (ખપીયાણી), ૨. સહેનાઝ મામદભાઈ ખપી (ખપીયાણી), ૩. ફાતમાબેન મામદભાઈ ખપી (ખપીયાણી), ૪. સાયરા મામદભાઈ ખપી (ખપીયાણી)નાં સંયુક્ત-કબજા-ભોગવટા અને માલીકી હકકની આવેલ છે. સદરહું સર્વે નંબરવાળી સીમ જમીન મારા અસીલએ ખરીદ કરવા સોદો નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની સ્થાવર મિલકત પરત્વે કે તેના ટાઈટલ, રાઈટસ કે માલીકી કબજા સંબંધે તથા હાલચાલનાં રસ્તા બાબતે કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર હોઈ કે લાગ-ભાગ, હકક-હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક, કબજો વિગેરે હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-(૧૦) માં સંપુર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલ સરનામે અમોને લેખીત જાણ કરશો જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, કબજો, બોજો, અગ્રહકક કે કોઈપણ પ્રકારે વાંધો તકરાર નથી અને હોઈ તો તે જતો (WAIVE) કરેલ હોવાનું માની મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેંચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધીનાં ખરીદનાર તરીકે કોઈ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી. આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ: ધોરાજી તારીખ: ૧૫/૦૫/૨૦૨૫
અમારા મારફત:-

**જીજ્ઞેશ કે.ટીલાળા**
**એડવોકેટ**
તે ખરીદનાર અસીલની સુચનાથી

**કિશોર જી.પટેલ એશોશીએટસ**
**જીજ્ઞેશ કે.ટીલાળા, એડવોકેટ**
**હર્ષ કિશોરકુમાર અંટાળા, એડવોકેટ**
દરબારગઢ સામે, ધોરાજી
મો. ૯૪૨૮૨ ૬૧૭૬૮,

---

નર્મદા, જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં.એસ.બી.ડી.-૦૧, સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાના તથા કોન્ટ્રાકટરોની ઇ-૨ અને ઉપરની યાદીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી નીચેના કામ માટે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટ થી સીલબંધ ટેન્ડરો નીચેની વિગતે ટેન્ડર મંગાવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | (૧) અંદાજીત રકમ<br>(૨) ટેન્ડર ફી<br>(૩) ઈ.એમ.ડી રૂ. |
|---|---|---|
| ૧ | પ્રોવાઇડીંગ ઈન્ફર્મેટરી એન્ડ સેલીયન્ટ ફીચર્સ બોર્ડસ એટ સબુરી, નીભણી & મોરસલ ઈરીગેશન સ્કીમ (બીજો પ્રયત્ન) | (૧)૧,૫૯,૯૭૭=૦૮<br>(૨) ૬૦૦=૦૦<br>(૩) ૨,૦૦૦=૦૦ |
| ૨ | કન્સલ્ટન્સી વર્ક ફોર સ્ટ્રેન્થનીંગ ઓફ અર્ધન બન્ડ એન્ડ સર્વે ઓફ મેઇન કેનાલ એટ સબુરી, ઇરીગેશન સ્કિમ(બીજો પ્રયત્ન) | (૧)૬૧,૬૫૭=૦૭<br>(૨) ૩૦૦=૦૦<br>(૩) ૧,૦૦૦=૦૦ |
| ૩ | પ્રોવાઈડીંગ સ્કિલ્ડ & અનસ્કિલ્ડ સર્વિસીસ એટ ત્રીવેણી ઠાંગા ઈરીગેશન સ્કિમ ફોર ધ યર ૨૦૨૫ | (૧)૪,૯૯,૫૬૫=૯૪<br>(૨) ૬૦૦=૦૦<br>(૩) ૫,૦૦૦=૦૦ |
| ૪ | પ્રોવાઈડીંગ ઓઇલ, ગ્રીસ એન્ડ સેન્ડ બેગ્સ એટ ત્રીવેણી ઠાંગા ઈરીગેશન સ્કિમ ફોર ધ યર ૨૦૨૫ | (૧)૭૮,૩૮૬=૬૦<br>(૨) ૩૦૦=૦૦<br>(૩) ૧,૦૦૦=૦૦ |

કોરા ટેન્ડર ઇસ્યુ કરવાની છેલ્લી તા.૩૧/૦૫/૨૦૨૫. (૧૮ કલાક સુધી)
ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા.૧૦/૦૬/૨૦૨૫ (૧૬ કલાક સુધી)
પરત મળેલ ટેન્ડર ખોલવાની તા.૧૦/૦૬/૨૦૨૫ (૧૭ કલાકે)
વધુ માહિતી અત્રેની કચેરીનો રજાના દિવસો સિવાય સંપર્ક કરવો.
કચેરીનું સરનામું:- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, સિંચાઇ પેટા વિભાગ, ચોટીલા, રેફરલ હોસ્પીટલ પાછળ,ચોટીલા-૩૬૩૫૨૦, ફોન નં.૦૨૭૫૧-૨૯૯૧૬૦

માહિતી/સુરેન્દ્રનગર/૦૭૮/૨૦૨૫-૨૬

---

મલ્ટી સ્ટેટ કો.ઓપ સોસાયટીઝ એક્ટ ૨૦૦૨ની કલમ ૮૪(૪) મુજબ સેન્ટ્રલ રજીસ્ટ્રાર દ્વારા તા.૮/૨/૨૦૧૨થી નિમાયેલ સ્ટેચ્યુટરી આર્બીટ્રેટર શ્રી એ.એસ.ખંધાર (નિવૃત અધિક રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર).
૩૦૩-નક્ષત્ર-૨, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કે.કે.વી. હોલ સામે, રાજકોટ.

### જાહેર સમન્સ

**હાજર રહેવાનું સ્થળઃ- ૩૦૩/નક્ષત્ર-II, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કે.કે.વી. હોલ સામે, રાજકોટ**

આથી નીચે જણાવેલ શખ્સોને ખબર આપવામાં આવે છે કે, **શ્રી રાજકોટ નાગરિક સહકારી બેંક લિ, રાજકોટ** તરફથી તેઓ સામે નીચે મુજબ આરબીટ્રેશન કેસ કરવામાં આવેલ છે. સદરહુ દાવાના સમન્સ બજવણી પોસ્ટ ખાતા મારફત કરતા સમન્સ કવર પરત આવેલ છે. તેથી આ જાહેર સમન્સથી તમોને જણાવવામાં આવે છે કે **તા. ૩૦-૦૫-૨૦૨૫ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે** ઉપર દર્શાવેલ સ્થળે આ ટ્રીબ્યુનલ સમક્ષ રૂબરૂ હાજર રહેવું. આ તારીખે આખરી સુનાવણી હોઈ તમામ આધાર પુરાવા સહિત હાજર રહેવું. આ તારીખે તેમ કરવામાં કસુર થશે તો તેમની સામે ગેરહાજરીમાં કેસ ચલાવી લેવામાં આવશે.
આજરોજ ટ્રીબ્યુનલનું સીલ મારી સહી કરી.

**વાદી :- શ્રી રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ.**

| લવાદ કેસ નં. | પ્રતિવાદીનું નામ | પ્રતિવાદીનું સરનામું | લોની/ જામીન | દાવાની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૨૬/૨૫ | ૧. કુરેશી સલમાબેન મહમદતનીફભાઈ | રામનાથપરા, હુશેની ચોક, જુની જેલ પાસે, રાજકોટ મો. નં. ૯૦૩૩૧ ૫૮૩૨૩, ૯૨૭૫૦ ૫૩૨૪૩ | લોની | ૭,૯૪,૩૩૬ |
| | ૨. કુરેશી મહમદહનીફભાઈ અલારખાભાઈ | રામનાથપરા, હુશેની ચોક, જુની જેલ પાસે, રાજકોટ. | જામીન | |
| ૨૭/૨૫ | ૧. કુરેશી મહમદહનીફભાઈ અલારખાભાઈ | રામનાથપરા, હુશેની ચોક, જૂની જેલ પાસે, રાજકોટ | લોની | ૮,૫૦,૮૧૧ |
| ૨૮/૨૫ | ૧. કુરેશી સલમાબેન મહમદહનીફભાઈ | રામનાથપરા, હુશેનીચોક, જુની જેલ પાસે, રાજકોટ મો. નં. ૯૦૩૩૧ ૫૮૩૨૩, ૯૨૭૫૦ ૫૩૨૪૩ | લોની | ૮,૩૭,૯૪૮ |
| | ૨. કુરેશી મહમદહનીફભાઈ અલારખાભાઈ | રામનાથપરા, હુશેની ચોક, જુની જેલ પાસે, રાજકોટ. | જામીન | |
| ૨૯/૨૫ | ૧. રાખશીયા કનૈયાલાલ નાથાલાલ તથા<br>૨. રાખશીયા વનીતાબેન કનૈયાલાલ | આશ્રય ઉદયનગર-૧, શેરી નં.૨૩, સમજોદ સ્કુલ પાસે, મવડી ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ મો. નં. ૯૫૭૪૯ ૭૭૬૫૦ | લોની<br>લોની | ૩,૧૫,૭૯૮ |
| ૩૦/૨૫ | ૧. જોશી સંદીપભાઈ રાજેશભાઈ | કેર ઓફ કિષ્ના પેપર, ઈશ્વર કૃપા, નવાપરા ચોરા રોડ, એસ.બી.આઈ.બેંક સામેની ગલી, ઉપલેટા મો. નં. ૯૯૭૯૫ ૫૩૩૩૫ | લોની | ૩,૩૧,૯૪૩ |
| | ૨. જોશી રાજેશભાઈ પ્રાણલાલ | ઈશ્વર કૃપા, નવાપરા ચોરા રોડ શેરી નં.૫, ઉપલેટા મો. નં. ૯૩૭૫૧ ૩૬૯૯૯ | જામીન | |
| ૩૧/૨૫ | ૧. ધુલેશીયા દિનેશભાઈ ડાયાભાઈ | ભગવતી પેલેસ બ્લોક નં.૬૦૬, પોલીસ સ્ટેશન પાછળ, કોલકી રોડ, ઉપલેટા મો. ૬૩૫૩૭૭૦૦૩૪ | લોની | ૪,૪૬,૨૯૬ |
| | ૩. જાવીયા નૌતમલાલ નાથાભાઈ | બંસીધર નીલધારા સોસાયટી, બ્લોક નં. ૮, પોલીસ સ્ટેશન પાછળ, કોલકી રોડ, ઉપલેટા | જામીન | |
| | ૪. ધુલેશીયા જાગૃતીબેન દીનેશભાઈ મો. નં. ૬૩૫૩૭ ૭૦૦૩૪ | ભગવતી પેલેસ બ્લોક નં. ૬૦૬, પોલીસ સ્ટેશન પાછળ, કોલકી રોડ, ઉપલેટા | જામીન | |
| ૩૩/૨૫ | ૧. મે.કિષ્ના પેપર્સ પ્રો.જોશી સંદીપભાઈ રાજેશભાઈ | ઈશ્વર કૃપા, લાતી પ્લોટ, નવાપરા શેરી નં. ૫, ઉપલેટા. મો. નં. ૯૯૭૯૫ ૫૩૩૩૫ | લોની | ૧,૯૩,૪૪૬ |
| | ૨. જોશી રાજેશભાઈ પ્રાણલાલ | ઈશ્વર કૃપા, નવાપરા શેરી નં. ૫, ઉપલેટા મો. નં. ૯૩૭૫૧ ૩૬૯૯૯ | જામીન | |
| | ૩. કાછલીયા આનંદભાઈ વિનોદભાઈ | દેવકૃપા, ૩-સુભાષનગર, રૈયા રોડ, રાજકોટ. | જામીન | |
| | ૪. કાછલીયા ભારતીબેન વિનોદભાઈ | -સદર- | જામીન | |
| ૩૫/૨૫ | ૧. અકબરભાઈ અબ્દુલભાઈ મૈણ | ફલેટ નં. એલ-૨૮૬, રીદ્ધી સીદ્ધી સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડ એલઆઈજી/૪૫૬, દુધસાગર રોડ ડેરી લેન્ડ, રાજકોટ. | લોની | ૧૩,૫૦,૬૦૯ |
| | ૨. મહેમુદ અબ્દુલશકુર ડોસાણી | એલ-૧૪૪૦ શેરી નં.૧૫, રિદ્ધિ સિદ્ધિ સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, દુધસાગર રોડ, રાજકોટ | જામીન | |
| ૩૬/૨૫ | ૧. કિરણબેન પિન્ટુભાઈ વાલાણી | રિધિસિધ્ધી સોસાયટી શેરી નં.૨, બાલાજી કોમ્પલેક્ષ પાસે, માંડા ડુંગર પાછળ,આજી ડેમ ચોકડી, ભાવનગર હાઈવે, રાજકોટ. | લોની | ૭૧,૨૨૬ |
| | ૨. પિન્ટુભાઈ વજુભાઈ વાલાણી | શાસ્ત્રીનગર ૧૦/૨૦ કોર્નર, ગાંધીગ્રામ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ. | જામીન | |
| | ૩. ભરત જીતેન્દ્રભાઈ મોકરીયા | પારસ વિલા બંગલો, પુષ્પક ગેસ એજન્સીની બાજુમાં, ઘંટેશ્વર, જામનગર રોડ, રાજકોટ ૩૬૦૦૦૬ | જામીન | |
| ૪૨/૨૫ | ૧. ગોહેલ દીપાબેન ભગવાનજીભાઈ | અવધ પાર્ક, મધર્સ પ્રાઈડ સ્કુલ પાસે, ગ્રીન વિલેજ પાછળ, ઉપલેટા. મો. નં. ૯૭૨૭૭ ૬૪૫૮૧ | લોની | ૧,૭૫,૪૭૦ |
| | ૨. હિંગરાજીયા અલ્પેશભાઈ જમનભાઈ | એ-૩, ઉમીયાજી એપાર્ટમેન્ટ, ઢાંક માર્ગ,બસ સ્ટેન્ડ પાછળ, ઉપલેટા મો. નં. ૯૪૨૬૯ ૯૯૦૬૪ | જામીન | |
| | ૩. હુંબલ જયભાઈ હમીરભાઈ | શાંતિ ભવન, પોરબંદર રોડ, કમરીબાઈ સ્કૂલની સામે, ઉપલેટા. | જામીન | |
| | ૪. રાઠોડ ગીરીશભાઈ નારણભાઈ | કોલકી રોડ, મધર પ્રાઈડ સ્કૂલ પાસે, ગ્રીન વિલેજ હોટલના પાછળના ભાગે, ઉપલેટા | જામીન | |
| | ૫. રાઠોડ સીદાભાઈ ઉર્ફે સીદીભાઈ મેઘજીભાઈ | ઢાંક માર્ગ, નીતિન હેર સલૂન, બસ સ્ટેન્ડ પાછળ, ઉપલેટા. | જામીન | |

રાજકોટ
તા. ૧૪-૦૫-૨૦૨૫

COURT SEAL

(એ. એસ. ખંધાર)
આર્બીટ્રેટર
રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., રાજકોટ

---

જિલ્લા પંચાયત અમરેલી

ઓનલાઇન જાહેર નિવિદા નં. ૦૬/ ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતિ કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત સિંચાઇ વિભાગ, અમરેલી ફોન નંબર ૦૨૭૯૨-૨૨૨૧૬૪ ની કચેરી દ્વારા યોગ્ય કક્ષામાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામોનાં ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહિતી વેબસાઇટ http//:www.tender.nprocure.comતથા www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. ઇજારદારશ્રીઓએ તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરી ઓનલાઇન મુકવાનાં રહેશે.

(૧) અપલોડ કરવાની છેલ્લી તારીખ : ૨૬/૦૫/૨૦૨૫ ૧૮=૦૦ કલાક સુધી
(૨) ટેન્ડર ફી, અર્નેસ્ટ મની ડીપોઝીટ તેમજ સાધનીક કાગળો રજુ કરવાની છેલ્લી તારીખ : ૩૧/૦૫/૨૦૨૫ ૧૮=૦૦ કલાક સુધી
(૩) ટેન્ડર ખોલવાની તારીખ: ૨૭/૦૫/૨૦૨૫, ૧૨=૦૦ કલાકે કા.ઇ.શ્રી પં.સિં. વિભાગ અમરેલી ખાતે

જિમાક/અમર/૭૭/૨૦૨૫

---

## સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધોરાજીની કોર્ટ સમક્ષ

**મહેસુલ સેવા સદન, બીજો માળ, ગેલેકસી ચોક, ધોરાજી-૩૬૦૪૧૦**
**ઈ-મેઈલ -dycoll-dhor-raj@gujarat.gov.in**
**ફોન નં. ૦૨૮૨૪-૨૨૬૬૮૧**

નં.જન્મ-મરણ/રજી. કેસ નં. ૪૨/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫

### જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી **લાભુબેન ખીમજીભાઇ ચૌહાણ વા/ઓ મંગાભાઇ વારગીયાએ** તેઓનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ **તેઓનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૬૯**નાં રોજ **રાજકોટ** જિલ્લાનાં **ધોરાજી** તાલુકાનાં **છાડવાવદર** મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારફત **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી** સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના **દિવસ-૩૦**માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા-તકરાર રજુ કરવામાં નહીં આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

કોર્ટનો સીકકો

**(એન.એમ.તરખાલા)**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**ધોરાજી**

---

### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર શ્રી ગગનસિંહ સરપેહસિંહ લોહાર, ધર્મે: હિન્દુ, ઉ.વ.૪૯, ધંધો: નોકરી, રહે. મામાવાડી, નવાગામ આણંદપર, રાજકોટ આ જાહેર નોટિસ આપીને જણાવવાનું કે, મારી પુત્રીઓ (૧) પવિત્રા ગગનસિંહ લોહાર, જ.તા. ૨૮/૧૦/૧૯૯૮, (૨) ગાજલી ગગનસિંહ લોહાર, જ.તા. ૧૦/૦૯/૨૦૦૧, (૩) કલ્પના ગગનસિંહ લોહાર, જ.તા. ૧૫/૦૮/૨૦૦૨ના રોજ રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના આણંદપર નવાગામ મુકામે જન્મ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરત ચુકના કારણે પુત્રીઓનો જન્મ અંગેની કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી આથી અમોએ તા.૨૨/૦૪/૨૦૨૫ના રોજ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/એડવોકેટ-રેખા એમ. તુવાર મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે, આ જન્મ નોંધ સંબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખિત આધાર-પુરાવા સાથે સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા-વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ
તારીખ: ૧૫/૦૫/૨૦૨૫

---

### સિવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પ્રિન્સી. સીની. સીવીલ જજ શ્રી સી.વી.રાણા સાહેબની કોર્ટમાં દી.પ.અ.નં. ૧૧૪૭/૨૦૨૫થી અરજદાર **શ્રી ચંદ્રેશ ચંદુલાલ ગોહેલ**એ ગુજ. ચંદુલાલ માધવજીભાઇ ગોહેલના વારસદાર તરીકે વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાખલ કરેલ છે. જે સ્થાવર મિલ્કતો (૧) રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૨૪૯ પૈકીની જમીન ચો.મી.આ. ૧૪૩૨૭-૯૦ ઉપર આવેલ હુડકો સ્કીમ હેઠળ બાંધવામાં આવેલ કવાટર્સ પૈકી કવાર્ટર નં. સી/૯ની જમીન ચો.મી.આ. ૨૯-૭૫ સહિતનું ઉપર નીચે બાંધકામવાળુ મકાન જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૧/૨ તથા સીટી સર્વે નં. ૨૫૦૬/૩/૯ છે. (સદરહુ મિલ્કત માંહેથી ગુ. ચંદુલાલ માધવજીભાઇ ગોહેલએ તેમની હૈયાતીમાં કોઠારીયા રોડ ઉપરની ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાન જેનો કારપેટ એરીયા ચો.મી.આ. ૬-૫૦ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૦૨૩૩ તા. ૧૨/૪/૨૦૧૦થી વેચાણ કરી આપેલ છે.) (૨) ગુજરાત રાજયના રાજકોટ જીલ્લા રાજકોટ શહેરમાં હાથી ખાના મેઇન રોડ તથા આર્ય સમાજના મંદિરની બાજુમાં આવેલ **'શૈલેષ હેર ડ્રેસર'**ના નામથી ભાડુતી હકકવાળી દુકાન આવેલ છે. તે મિલ્કતોનું ઉપરોકત નંબરવાળી અરજીથી અરજદારના **એડવોકેટ શ્રી જે.વી.ગાંગાણી, તેજશ જે. ગાંગાણી તથા એચ.ડી.ગોહેલ** મારફતે દાખલ કરી વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ હોય આ અરજી સામે કોઇનો વાંધો તકરાર હોય તો આ અદાલતમાં **મુદત તા. ૨૬/૦૬/૨૦૨૫**ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે રજુ કરવા. મુદત દરમિયાન કોઇનો વાંધો તકરાર નહીં આવે તો અરજદારની તરફેણમાં યોગ્ય કાયદેસર હુકમ કરવામાં આવશે.

આજની તા. ૧૪/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા છે.

તૈયાર કરનાર (જે.એમ.અંસારી) જુ.કલાર્ક — કોર્ટનો સીકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

---

### સિવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. શ્રી ચીફ જયુડી. મેજી. એન્ડ એડી. સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી એન.એચ.નંદાણીયા સાહેબની કોર્ટમાં દિવાની પરચુરણ અરજી નં. ૧૧૪૬/૨૦૨૫થી અરજદારો **(૧) અનિલભાઇ કાંતિલાલ સોનછત્રા (૨) દિલીપભાઇ કાંતિલાલ સોનછત્રા તથા (૩) વિજયભાઇ કાંતિલાલ સોનછત્રા** દ્વારા ગુજ. તારામતીબેન કાંતિલાલ સોનછત્રાની સ્થાવર મિલ્કતો કે જે :૧: રાજકોટ શહેરમાં રઘુવીરપરા ખેંગાર લક્ષ્મણની શેરીમાં આવેલ ઉભા ઇમલાવાળુ મકાન જેની સગવડતામાં એક ઓસરી, બે રૂમ, એક રસોડુ, બે બાથરૂમ અને લેટ્રીનની સગવડતાવાળુ મકાન જેના ચો.વા. ૧૫૦-૫-૩૯વાળી આવેલ છે તે તથા :૨: રાજકોટ શહેરમાં રઘુવીરપરા શેરી નં.૭ ખાતે આવેલ ઢેબરભાઇ રોડ કોર્નર ઉપર આવેલ **'માધવ ચેમ્બર્સ'** સીટી સર્વે વોર્ડ નં.૧ના સર્વે નં. ૫૨૪વાળી જમીન કે જેના ચો.વા. ૩૧૦-૬-૦ વાળી મિલ્કત કે જેમાં ગુજ. તારામતીબેનનો ૧/૬ હિસ્સો રહેલો છે. તે બંને મિલ્કતો સંબંધે લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીધાઉટ કોપી ઓફ વીલ મળવા અંગેની અરજી પોતાના **એડવોકેટ શ્રી જતીન વી. ઠકકર** દ્વારા કરેલ છે જો તે સબંધે કોઇને કોઇપણ જાતનો વાંધો-તકરાર હોય તો તેમણે તા. ૩૦/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૧૫/૫/૨૫ માહે મે-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

તૈયાર કરનાર (પી.બી.ગોહેલ) આસી. — કોર્ટનો સીકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રારશ્રી

---

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ (ગ્રામ્ય)**
તા.વેરાવળ, જિ.ગીર સોમનાથ
ફોન નં.:- ૦૨૮૭૬-૨૪૪૨૯૯
E-mail:- mam-veraval@gujarat.gov.in
નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૭૨/૨૦૨૫
શ્રી ભટ્ટ ભીખુભાઈ ચુનીલાલ
રહે.દેદા, તા.વેરાવળ. જિ. ગીર સોમનાથ. ...અરજદાર

વિરૂદ્ધ

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, દેદા, તા.વેરાવળ. ...સામાવાળા
બાબત: જન્મ-મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ કરવા અંગે.

ફેર મુદત

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામમાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીના પુત્ર દેવર્ષિનો જન્મ મું.દેદા, તા.વેરાવળ મુકામે તા.૨૩/૦૫/૨૦૧૩ના રોજ થયેલ છે. જેની જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, દેદા, તા.વેરાવળમાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી ભટ્ટ ભીખુભાઈ ચુનીલાલ રહે.દેદા, તા.વેરાવળ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૫ના રોજ સવારના ૧૦.૪૫ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવુ અને જો આપે અરજી સાથે (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરેલ ન હોય તો આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વેરાવળ(ગ્રામ્ય)

---

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
**સાંજ સમાચાર**
ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારનાઅંકમાં પ્રસિધ્ધ
★ ઓછામાં ઓછી ૪ લાઇન
★ ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક

---

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. આઠમાં એડીશનલ સીવીલ જજ શ્રી એમ.ડી.જાદવ સાહેબની કોર્ટમાં, પાંચમો માળ, દિ.પ.અ.નં. ૧૧૬૬/૨૦૨૫નાં કામમાં અરજદારો **(૧) ખેંગારભાઇ દામજીભાઇ રાઠોડ (૨) કમલેશભાઇ દામજીભાઇ રાઠોડ (૩) પ્રજ્ઞેશ દામજીભાઇ રાઠોડ એ ગુજરનાર સ્વ. સવિતાબેન દામજીભાઇ રાઠોડ તથા સ્વ. દામજીભાઇ હરીભાઇ રાઠોડ**ની સંયુકત માલીકીની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ જીલ્લાનાં રાજકોટ તાલુકાનાં ગામ-માધાપરનાં ગામતળમાં આવેલ **'સિંધોઇનગર'** તરીકે ઓળખાતા વિસ્તારના **પ્લોટ નં.૫૫ની જમીન ચો.મી.આ. ૭૮-૩૨** તાલુકા વિકાસ અધિકારી સાહેબ રાજકોટએ સનંદ નમુનો 'એચ' (કાનુન-૪૩)થી તા. ૧૪/૧૨/૧૯૮૩થી ફાળવવામાં આવેલ. ત્યારબાદ સદરહું પ્લોટની જમીન ઉપર રહેણાંક મકાનનું બાંધકામ કરેલ છે. તે રૂએ સદરહું મકાન **ગુજરનાર સ્વ. સવિતાબેન દામજીભાઇ રાઠોડ તથા સ્વ. દામજીભાઇ હરીભાઇ રાઠોડ**ની સંયુકત માલીકી અને કબજા ભોગવટનું આવેલ છે. સદરહું મકાનનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલ શ્રી કેતન એન. સિંધવા** મારફત અત્રેની કોર્ટ સમક્ષ દિ.પ.અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ : ૧૭/૦૬/૨૦૨૪ સુધીમાં વાંધા જવાબ સાથે રૂબરૂ હાજર રહેવું. ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૧૫ માહે મે સને ૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (પી.એ.રાઠોડ) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી (એન.આર.વ્યાસ)

---

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૧૪ માં અધિક સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી એમ.એ.પીપરાણી સાહેબની કોર્ટમાં **દિ.પ.અ.નં.૧૧૮૧/૨૦૨૫** ના કામમાં અરજદાર હિતેષભાઈ ધીરજલાલ જોધપુરા રાજકોટવાળાએ ગુજરનાર ધીરજલાલ નરભેરામ જોધપુરાની સ્થાવર મિલ્કત કે જે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ રૈયાના રે.સ.નં.૧૩૩/૧-૨, ૧૩૮ તથા ૧૩૯ ના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૫-એ-૨ પૈકીની જમીન ચો.વા.આ.૬૦-૦૦ જેના ચો.મી.આ. ૫૦-૧૬ ઉપર આવેલ ઉભા ઈમલા ઈમારત સહિતનું મકાન ગુજરનાર ધીરજલાલ નરભેરામ જોધપુરાના નામે આવેલ છે. જે મિલ્કત અંગેનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા ઉપરોકત અરજદાર એ તેમના **વકીલ શ્રી ઉમંગ જી. દવે** મારફતે અરજી દાખલ કરેલ છે. સદરહુ અરજી સબંધે જે કોઈને વાંધો-તકરાર હોય તેમણે **મુદત તા.૨૪/૦૬/૨૦૨૫** ના સવારના ૧૧:૦૦ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીઆપ્યો.

તૈયાર કરનાર (પી.આર.રાઠોડ) આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, રાજકોટ.

---

## જાહેર નોટીસ

હું નીચે સહી કરનાર વકીલ કિશોર એલ. સુરેલા (એડવોકેટ), તે મારા અસીલ ચાનીયા રેશમાબેન મહંમદફારૂકભાઈ ની મળેલ સુચના અનુસાર આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરૂ છું કે,

મોરબી જીલ્લાના મોરબી તાલુકાના ગામ-લુટાવદર ના સર્વે નાં. ૨૯૭ ની એ. ૧૦-૧૫ ગુંઠા જમીન મુળ કાનજી તથા પરસોતમ જુઠાના નામની આવેલ. જે અંગેની નોંધ નં. ૩૩૩ થી નોંધાયેલ. ત્યારબાદ સદરહું મીલકત ની ઘરમેળે વહેંચણી કરતાં સર્વે નં. ૨૯૭ પૈકી ની એ. ૪-૩૦ ગુંઠા કાનજી જુઠા ના ભાગે તથા એ. ૫-૨૫ ગુંઠા પરસોતમ જુઠા ના ભાગે આવેલ જે પરસોતમ જુઠા ના ભાગે આવેલ જમીન એ.૫-૨૫ ગુંઠા ની જમીન તેને કાનજી જુઠા ને વેચાણ કરી આપેલ. જે અંગેની નોંધ નં. ૩૮૪ થી નોંધાયેલ. ત્યારબાદ સદરહું મીલકત ના માલીક કાનજી જુઠા ના એ તેમના દિકરાઓને ઘરમેળે વહેચણી કરતા સર્વે નં. ૨૯૭ પૈકી ની એ. ૪-૩૦ ગુંઠા કેશવજી કાનજી ના ભાગે તથા એ. ૫-૨૫ ગુંઠા અમરશી કાનજી ના ભાગે આવેલ. જે અંગેની નોંધ નં. ૬૪૧ થી નોંધાયેલ. ત્યારબાદ સર્વે નં. ૨૯૭ પૈકી ની એ. ૪-૩૦ ગુંઠા પૈકી ની એ. ૨-૧૬ ગુંઠા જેના હે.આરે.ચો.મી. ૦-૯૭-૧૩ ની જમીન અમરશીભાઇ કાનજીભાઇ ના એ કુંવરજીભાઇ કાનજીભાઇ ના એ રજી.દ.અનુ. નં. ૨૦૮૬ થી અધાટ વેચાણ આપેલ. જે અંગેની નોંધ નં. ૨૪૦૩ થી નોંધાયેલ. ત્યારબાદ અમરશીભાઇ કાનજીભાઇ ઝાલરીયા પાસે સર્વે નં. ૨૯૭/૧ પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧ ની જમીન બાકી રહેલ. ત્યારબાદ સર્વે નં. ૨૯૭/૧ પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧ ની જમીનના માલીક અમરશીભાઇ કાનજીભાઇ ઝાલરીયા ના એ તેમની હૈયાતીમાં તેમના વારસદાર હેમીબેન અમરશીભાઇ ઝાલરીયા, ધર્મેન્દ્રભાઇ અમરશીભાઇ ઝાલરીયા, શૈલેષભાઇ અમરશીભાઇ ઝાલરીયા, દુર્ગાબેન અમરશીભાઇ ઝાલરીયા, મીનાબેન અમરશીભાઇ ઝાલરીયા, ગીતાબેન અમરશીભાઇ ઝાલરીયા ના નામ દાખલ કરેલ. જે અંગેની નોંધ નં. ૩૬૨૦ થી નોંધાયેલ. ત્યારબાદ સદરહું સર્વે નં. ૨૯૭/૧ પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧ ની જમીન ના માલીક પૈકી હેમીબેન અમરશીભાઇ ઝાલરીયા, દુર્ગાબેન અમરશીભાઇ ઝાલરીયા, મીનાબેન અમરશીભાઇ ઝાલરીયા તથા ગીતાબેન અમરશીભાઇ ઝાલરીયા એ તેમનો તમભામ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત તથા કબજા ભોગવટાનો અધીકાર અમરશીભાઇ કાનજીભાઇ ઝાલરીયા, ધર્મેન્દ્રભાઇ અમરશીભાઇ ઝાલરીયા, તથા શૈલેષભાઇ અમરશીભાઇ ઝાલરીયા ની તરફેણમાં જતો કરેલ. જે અંગેની નોંધ નં. ૩૬૪૫ થી નોંધાયેલ. આમ, સદરહું સર્વે નં. ૨૯૭/૧ પૈકી ૧ હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧ ની જમીન અમરશીભાઇ કાનજીભાઇ ઝાલરીયા, ધર્મેન્દ્રભાઇ અમરશીભાઇ ઝાલરીયા, તથા શૈલેષભાઇ અમરશીભાઇ ઝાલરીયા ના માલીક થયેલ.

આમ મોરબી જીલ્લાના મોરબી તાલુકાના ગામ-લુટાવદર ના સર્વે નંબર-૨૯૭ પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧ ના ક્ષેત્રફળની ખાતા નંબર-૨૩૩ વાળી નામે 'ધણશેરીયુ' જુની શરત ની ખેતીની જમીન અમરશીભાઇ કાનજીભાઇ ઝાલરીયા, ધર્મેન્દ્રભાઇ અમરશીભાઇ ઝાલરીયા, તથા શૈલેષભાઇ અમરશીભાઇ ઝાલરીયા પાસેથી મારા અસીલ ચાનીયા રેશમાબેન મહંમદફારૂકભાઇ ના ઓ અધાટ વેચાણ રાખવા માંગતા હોઈ. આથી, સદરહું મીલકત ઉપર કોઇપણ નો લાગભાગ, હકક, હીત, હીસ્સો, માલીકી કે કબજા ભોગવટા ના કે ટાઇટલ અંગે કે વેચાણના અધિકારો અંગે અગર તો વારસાઇ હકક અંગે કોઇને પણ કોઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે કોઇનું પણ પ્રકારનું લેણું લેખું, કરજ, બોજો કે જામીનગીરી કોઇ તો તેવી તમામ વ્યકિતએ તે અંગેના વાંધા તકરાર કે દરદાવાઓ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ ની અંદર અમારી નીચે જણાવેલ ઓફિસના સરનામે લેખીત આધાર પુરાવા સાથે વાંધા રજુ કરવા. જો મુદત પછી કોઇપણ વ્યકિત તરફથી કોઇપણ પ્રકારનો વાંધો તકરાર કે દરદાવો લાવવામાં આવશે નહી તો સદરહું મિલકત અંગે કોઇપણ વ્યકિત ને કોઇપણ પ્રકારનો કોઇ જ વાંધો તકરાર, લાગભાગ, હકક, હીત, હીસ્સો, માલીકી કે કબજા ભોગવટા ના કે ટાઇટલ અંગે કે વેચાણના અધિકારો રહેતા નથી અગર તો વારસાઇ કે વેચાણ અંગેના અધિકાર રહેશે નહી અગર હોઇ તો જતા કરેલ છે તેવું માનવામાં આવશે. જો મુદત વિત્યાબાદ કોઇપણ વ્યકિત તરફથી કોઇપણ પ્રકારનો વાંધા તકરાર કે દરદાવો લાવવામાં આવશે તો તે મારા અસીલને અસરકરતા કે બંધનકરતા રહેશે નહી.

મોરબી.
તા.૧૫-૦૫-૨૦૨૫
અસીલની સુચનાથી

**કિશોર એલ. સુરેલા-એડવોકેટ**
'કોટક લો ચેમ્બર', શ્રી ચકીયા હનુમાન મંદિર પાસે, રવાપર રોડ, વસંત પ્લોટ મેઈન રોડ, મોરબી

જીજ્ઞેશ ભટ્ટ(પરશુરામ પબ્લીસીટી, દેવ અક્ષર કોમ્પલેક્ષ, નહેરૂગેટ પાસે, મોરબી) Mo. 94277 21546

---

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જાણ કરવાની કે, રાજકોટ જીલ્લા, રાજકોટ તાલુકાના ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૫૦ પૈકીમાં આવેલ શ્રી પરિમલ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. (રજી. ઘ-૩૭૪૫ તા.૧૭-૦૨-૭૧) ના પ્લોટ નં. ૩૫ની જમીન ચો.મી.૧૩૨ (ચો.વા.આ.૧૫૭.૮૭) તથા તેના ઉપરના ઉભા ઈમલા વાળી ઈમારત આવેલ છે. જે અમો ચંદુભાઈ છગનભાઈ ઘોડાસરાની સ્વંતત્ર માલીકી તથા કબજા ભોગવટાની મિલ્કત આવેલ છે. સદરહું મિલ્કતનાં ઉતરોતર દસ્તાવેજો પૈકી નીચે મુજબના ટાઈટલના કાગળો, અસલ ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતા નથી.

(૧) શ્રી ઠાકરશીભાઈ કરશનભાઈ પટેલએ તા.૧૬-૦૯-૨૦૦૩ના રોજ થી શ્રી દિલીપ ધનજી થડોદાની તરફેણમાં કરી આપેલ કુલમુખત્યારનામુ અસલ.

ઉપરોકત દર્શાવેલ કાગળોની ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતા નથી. આમ સદરહું કાગળો જે કોઈ વ્યકિતને મળેલ હોય તેણે નીચેના સરનામે જાણ કરવી. તેમજ સદરહું ખોવાયેલ અસલ કાગળોનો કોઈપણ વ્યકિતએ ગેરઉપયોગ કરવો નહિ. જો કોઈ વ્યકિત તેનો ગેરઉપયોગ કરશે તો તેની સામે મારા અસીલે કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે. તેમજ સદરહું અસલ કાગળો બાબતે કે સદરહું મિલ્કત બાબતે કોઈપણ વ્યકિતને કે અન્ય કોઈને વાંધો તકરાર હોય તો તાત્કાલીક **દિવસ-૦૭** માં નીચેના સરનામે જાણ કરવી. ત્યારબાદ સદરહું ખોવાયેલ કાગળો અંગેની આગળની કાનુની કાર્યવાહી કરવામાં આવશે અને કોઈના વાંધા-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૬-૦૫-૨૦૨૫

ચંદુભાઈ છગનભાઈ ઘોડાસરાની સુચના તથા સમંતિ મુજબ

**ચિંતન વી. સોજીત્રા એડવોકેટ**

**રાજેશ એમ. ફળદુ, એડવોકેટ,**
**ચિંતન વી. સોજીત્રા, એડવોકેટ,**
'લો સ્પેશ' જગદીશન માર્ગ શેરી નં.૫, જલારામ-૨, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૭ (ગુજરાત)

---

## ઈન્ડિયન ઓવરસીઝ બેંક

રાજકોટ બ્રાંચ
BSNL CTO બિલ્ડીંગ, જયુબિલી ગાર્ડન સામે, જવાહર રોડ,રાજકોટ-૩૬૦૦૦૧.
ફોન: ૦૨૮૧ ૨૨૨ ૬૪૨૧/૨૨ Email id: iob0144@iob.in

### સ્થાવર મિલ્કતોના ઈ-ઓકશન દ્વારા વેચાણ માટે વેચાણ નોટીસ

**SARFAESI એકટ - ૨૦૦૨ ના કાયદા મુજબ ગીરો થયેલ સ્થાવર મિલ્કત/તો ના વેચાણ માટે નોટીસ (૨૦૦૨ ના નં. ૫૪)**

આથી ઈન્ડિયન ઓવરસીઝ બેંક ના અધિકૃત અધિકારી દ્વારા નીચે આપેલ લોન ખાતામાં SARFAESI ના નિયમો ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ જારી કરેલ નોટીસને પગલે નીચેની સંપતિ/ઓ નો કબજો મેળવ્યો છે. બેંકના બાકી લેણાં અને વ્યાજ અને ખર્ચની વસુલાત માટે તે મિલકત '' જેમ છે તેમ'' '' જયાં છે ત્યાં'' અને '' જે કાંઈ પણ છે તે'' તે જ પ્રમાણે વેચવાના અધિકાર સાથે અને બાકી રકમ ચુકવવામાં નિષ્ફળતા ના પરિણામ રૂપે, સતાના ઉપયોગ ના અધિકાર સાથે ઉપરોકત અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળ આપવામાં આવેલ, તે મિલકત/તો વેચીને બેંકના બાકી લેણાંની પ્રાપ્તિની દરખાસ્ત કરે છે. વેચાણ વેબ પોર્ટલ (https://baanknet.com)પર પુરા પાડવામાં આવેલ ઈ-ઓકશન પ્લેટફોર્મ દ્વારા અન્ડરસ્ટેન્ડ દ્વારા કરવામાં આવશે.

**નાણા લેનારો ના નામ અને સરનામાં:** M/S કાઇઝેન ઈન્ડસ્ટ્રીઝ (પાર્ટનરશીપ ફર્મ)
સરનામું: સર્વે નં. ૨૦૩ પૈકી ૧૯, પ્લોટ નં. ૩૨, શ્રી બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, નેશનલ હાઈવે નં.૮-બી, ગામ: ભુણાવા, તાલુકો: ગોંડલ, જીલ્લો: રાજકોટ - ૩૬૦ ૩૧૧
**ગીરો/બાંયધરી આપનાર ના નામ અને સરનામાં:** M/S કાઇઝેન ઈન્ડસ્ટ્રીઝ (પાર્ટનરશીપ ફર્મ)
સરનામું: સર્વે નં. ૨૦૩ પૈકી ૧૯, પ્લોટ નં. ૩૨, શ્રી બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, નેશનલ હાઈવે નં.૮-બી, ગામ: ભુણાવા, તાલુકો: ગોંડલ, જીલ્લો: રાજકોટ - ૩૬૦ ૩૧૧
**શ્રી પારેસકુમાર બાબુલાલ અકબરી**
સરનામું: આશ્રય, ન્યુ માયાણી સોસાયટી, શેરી નં. ૨, માલવીયા પોલીસ સ્ટેશન પાસે, સરદાર નગર મેઈન રોડ, રાજકોટ.
**શ્રી ઉત્તમકુમાર લક્ષ્મણભાઈ રાછડીયા**
સરનામું: બ્લોક નં. ૫૩-૬૩૦, SRP કેમ્પ, ગ્રાઉન્ડ નં. ૧૩, ઘંટેશ્વર, જામનગર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૬
NPA ની તારીખ: ૨૧.૦૨.૨૦૨૧ ડિમાન્ડ નોટીસ તારીખ: ૦૨.૦૪.૨૦૨૧
ડિમાન્ડ નોટીસમાં બાકી રકમ: **રૂા.૬૭,૮૩,૭૫૧.૩૭** તા. ૩૧.૦૩.૨૦૨૧ સુધી સાથે વધુ વ્યાજ અને ખર્ચા
કબજા નોટીસ તારીખ: ૦૨.૦૭.૨૦૨૧
કબજા નોટીસમાં બાકી રકમ: રૂા. **૭૦,૪૩,૨૪૫.૪૬**/- તા.૦૧.૦૭.૨૦૨૧ સુધી સાથે વધુ વ્યાજ અને ખર્ચા
સેલ્ફ ગર્વમેન્ટ ના ન ચુકવેલ બાકી રકમ : નીલ (પ્રોપર્ટી ટેક્ષ, પાણી વેરો, ઇલેકટ્રીસીટી બીલ વગેરે)

**મિલકત/તો ની અનુસૂચિ**

| અનુ | મિલકત ની વિગતો | રિઝર્વ પ્રાઈઝ | ઈએમડી |
|---|---|---|---|
| 1. | તમામ અને ભાગરૂપે આવેલ ફેકટરી જમીન અને ફેકટરી શેડ બાંધકામ, જગ્યા માપણી કરેલ ૩૫૬-૪૪ સ્કે.મીટર, આર.એસ. નં. ૨૦૩, પૈકી ૧૯, પ્લોટ નં. ૩૨, શ્રી બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, નેશનલ હાઈવે નં. ૮બી, ગામ: ભુણાવા, તાલુકો: ગોંડલ, જીલ્લો: રાજકોટ ૩૬૦ ૩૧૧ કે જે પાર્ટનરશીપ ફર્મ: M/S કાઇઝેન ઈન્ડસ્ટ્રીઝ ના નામે આવેલ છે. બાઉન્ડ: **ઉત્તર:** પ્લોટ નં. ૩૩ **દક્ષિણ:** પ્લોટ નં. ૩૧ **પૂર્વ:** હડમતાળા ગામ ની જગ્યા **પશ્ચિમ:** ૯ મીટરસ રસ્તા | રૂા. ૩૨,૦૦,૦૦૦.૦૦ | રૂા. ૩,૨૦,૦૦૦.૦૦ |

**ઓકશન ની તારીખ અને સમય:** ૩૧-૦૫-૨૦૨૫ સવારે ૧૧ થી બપોરે ૧ દરમ્યાન સાથે ઓટો એકસ્ટેંશન
**બિડ વધારવાની રકમ:** રૂા. ૧૦,૦૦૦/- **ઓટો એકસ્ટેંશન સમય:** ૧૦ મીનીટ
બોજો, જો કોઇ હોય તો: નીલ બેંક ની જાણકારી મુજબ
**તપાસ માટે તારીખ અને સમય:** ૨૧.૦૫.૨૦૨૫ ના બપોરે ૨ થી સાંજે ૪ વાગ્યા સુધી.
*બેંકના લેણાંને કાનૂની બાકી ચૂકવણી કરતાં અજ્ઞાત હોય છે.

વેચાણ ની શરતો અને નિયમો માટે વેબસાઈટ જોવાની રહેશે:
https://www.iob.in/e-Auctions.aspx
https://baanknet.com (web portal of e-auction of service provider)

**સ્થળ: રાજકોટ** **અધિકૃત અધિકારી**
**તારીખ: ૧૫/૦૫/૨૦૨૫** **ઈન્ડિયન ઓવરસીઝ બેંક**

ઉપરોકત પર ઈ-હરાજી ઉલ્લેખિત તારીખે રાખવા અંગે લોન લેનાર/રો અને બાંયધરી આપનાર/રો ને સલામતી હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૮(૬)/નિયમ ૯(૧) હેઠળ પણ આને નોટિસ માની શકાય છે

---

**શ્રી યુ.એલ.ડી. કન્યા વિદ્યાલય**
**શ્રી યુ.એલ.ડી. મહિલા કોલેજ**




ધો. 10 & ધો. 12 B.Com Sem - 3
શાળા/કોલેજનું ગૌરવવંતુ... 100% પરિણામ
શ્રી લેઉવા પટેલ સમાજ અને ગોંડલનું ગૌરવ




સ્પોર્ટસ એજયુકેશન આર્ટ નો ત્રિવેણી સંગમ આપતી ગોંડલની સુપ્રસિધ્ધ શૈક્ષણિક સંસ્થા એટલે **શ્રીમતી યુ.એલ.ડી. શૈક્ષણિક સંકુલ**

શ્રી લેઉવા પટેલ કન્યા કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જે. એમ. કાછડીયા લેઉવા પટેલ કન્યા છાત્રાલય તેમજ શ્રીમતી યુ.એલ.ડી. કન્યા વિદ્યાલય અને શ્રીમતી યુ.એલ.ડી મહિલા કોલેજ શિક્ષણના પ્રવાહની સાથે સાથે 21 મી સદીને અનુરૂપ સર્જનશક્તિ સુષુપ્તશક્તિ, વ્યક્તિત્વ વિકાસ અને પ્રગતિશીલ અભિગમ સાથે કન્યાઓને વૈશ્વિક ફલક પર પ્રસ્થાપિત કરવા સંપુર્ણ સલામતી સાથે નવી પેઢીનું નિર્માણ કરવા કટીબધ્ધ છે.આંતરરાષ્ટ્રીય કક્ષાનું પુસ્તકાલય અને રમતગમતનું મેદાનએ સંકુલનું આગવું સોપાન છે.આગામી સમયમાં શાળા-કોલેજ માટે અત્યાધુનિક "વિદ્યા શક્તિ ભવન"નું નિર્માણ થઈ રહ્યું છે. ગ્રામ્ય કક્ષાની દિકરીઓને સામાન્ય સમજથી સર્વાંગી વિકાસ સુધીની યાત્રા એ સંસ્થાના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ ધડુક સંપૂર્ણ રીતે કટીબધ્ધ છે.કન્યાઓને તમામ ક્ષેત્રમાં જવલંત સફળતાને સંસ્થાના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ ધડુક ઉપપ્રમુખ શ્રી કચરાભાઈ વૈષ્ણવ, ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ વેકરીયા, કિશોરભાઈ ભાલાળા સંસ્થાના આચાર્યશ્રી એન.ડી.દેસાઈ, વિપુલસર વ્યવસ્થાપક શ્રી મુકેશભાઈ માવાણી તેમજ શાળા કોલેજના તમામ શિક્ષકો અને કર્મચારીઓ અભિનંદન પાઠવે છે.

ગુંદાળા ચોકડી પાસે, નેશનલ હાઈવે, ફોન : ૦૨૮૨૫ - ૨૯૪૪૪૦, મો. ૯૯૭૯૪ ૪૩૧૦૯

# હિરાસર એરપોર્ટ પર સુવિધાના અભાવના મામલે અધિકારીઓને ઠપકો આપતા કલેકટર

## આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મોબાઈલની કનેકટીવીટી પણ મળતી ન હોવાની ફરિયાદના પગલે જીઓના અધિકારીઓને પણ ખખડાવ્યા: ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓને ડીટેઈન કરવા, લોકમેળાનું સ્થળ બદલવા સર્વે કામગીરી ઝડપી કરવા સહિતના રજૂ થયેલા પ્રશ્નો અંગે ઝડપી કામગીરી કરવા સબંધિત વિભાગોને તાકીદ

રાજકોટ,તા.૧૬

રાજકોટના આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પર જરૂરી સુવિધાના અભાવના મામલે આજે કલેકટર કચેરી ખાતે પ્રજાના ચૂંટાયેલી પ્રતિનિધિ ઓની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં હિરાસર એરપોર્ટના અધિકારીઓને જિલ્લા કલેકટર પ્રભવજોશી દ્વારા ઠપકો આપવામાં આવેલ હતો.તેની સાથોસાથ આ એરપોર્ટ પર મોબાઈલ કનેકટીવીટી પણ મળતી ન હોય આ અંગે પણ જીઓના અધિકારીઓને ખખડાવવામાં આવેલ હતા.આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત થયાને પોણાબે વર્ષનો સમય પસાર થયેલ છે. પરંતુ એરપોર્ટ પર મુસાફરો માટે જરૂરી પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાયેલ ન હોવાની મુસાફરોમાંથી ફરિયાદો પામી છે. આ મામલો આજે કલેકટર કચેરી ખાતે મળેલી આ ફરિયાદ અને ચકવત સમિતીની બેઠકમાં પણ ચર્ચાઓ હતો જેની પગલે કલેકટર પ્રભવ જોશી દ્વારા આ પ્રશ્ને હિરાસર એરપોર્ટ અને જીવોના અધિકારીઓને ઠપકો આપેલ હતો.આ ઉપરાંત આ બેઠકમાં



જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણીએ શાપર વેરાવળ ખાતેના મોકડા વોકળા પરના દબાણ, જર્જરિત બિલ્ડીંગો ડીસમેન્ટલ કરવા, ધોરીમાર્ગો પર જોવા મળતા ટ્રાફિક સહિતનાં પ્રશ્નો રજૂ કર્યા હતા. ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહે લોકમેળાનું સ્થળ બદલવાના સર્વેની કામગીરી ઝડપી કરવા, શહેરમાં ગેરકાયદેસર વસતા બાંગ્લાદેશીઓને ડિટેઇન કરવા, રાજકોટ શહેરમાં આઈ.ટી. પાર્ક બનાવવા અંગે, ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે મૂળભૂત સુવિધાઓ વધારવા, વોટસન મ્યુઝિયમના રીનોવેશન વગેરે બાબતો અંગેની રજૂઆત કરી હતી. પદ્મકુંવરબા હોસ્પિટલના કેમ્પસની સફાઈ અને એમ.એસ.એમ.ઈ. વિભાગ અંગે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાએ રજૂઆત કરી હતી. આ તમામ પ્રશ્નો અંગે સત્વરે યોગ્ય નિરાકરણ લાવવા કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકનું સંચાલન અધિક કલેક્ટર શ્રી એન. કે. મુછારે કર્યું હતું.

આ બેઠકમાં મેયર નયનાબેન પેઢડીયા, સંસદસભ્ય રામભાઈ મોકરીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ડી.સી.પી. જગદીશ બંગારવા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. કે. વસ્તાણી, નાયબ વન સંરક્ષક તુષાર પટેલ, પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, આયોજન અધિકારી નીતિન ટોપરાણી, પ્રાંત અધિકારી સર્વે નાગાજણ તરખાલા, વિમલ ચક્રવર્તી, રાહુલ ગમારા અને ચાંદની પરમાર, સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર ઈશિતા મેર, તથા સમિતિના અન્ય સભ્યશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતીની બેઠક મળી

# રેશનીંગનો પુરવઠો ગ્રાહકો સુધી સમયસર અને પુરતા પ્રમાણમાં પહોંચાડવા કલેકટરની તાકીદ

## દુકાનોની નિયમીત તપાસ કરવા પણ અનુરોધ: પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓની સમિક્ષા

રાજકોટ,તા.૧૬

રાજકોટ કલેકટર કચેરી ખાતે રાજકોટ તા. ૧૬ મે - કલેક્ટર પ્રભવ જોશીનાં અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર-જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. બેઠકમાં કલેક્ટરએ પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી તેમજ સાંસદ સહિતનાં પદાધિકારીશ્રીઓ દ્વારા અન્ન વિતરણ, ગ્રાહક સુરક્ષા બાબતે રજૂ કરાયેલા પ્રશ્નોનું નિરાકરણ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ અનાજ અને પુરવઠો ગ્રાહકો સુધી સમયસર અને પૂરતા પ્રમાણમાં પહોંચતો રહે, વ્યાજબી ભાવની દુકાનો દ્વારા અનાજ વિતરણ નિયમિત રીતે થાય, નિયમિત દુકાનોની તપાસ કરવી, વિવિધ વિસ્તારોમાં વન નેશન-વન રેશનના કેમ્પ યોજવા સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે સાંસદ રામભાઈ મોકરીયાએ અધિકારીઓ તેમજ સમિતિના સભ્યોને રાશનની દુકાનોમાં નિયમિત રીતે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવા સુચન કર્યું હતું. મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ તેમજ શ્રી રમેશભાઈ ટીલાળાએ ઈ.કે.વાય.સી., શરૂ તેમજ બંધ દુકાનો વિશે વિસ્તૃત વિગત મેળવી જરૂરી કાર્યવાહી કરવા સુચના આપી હતી.

જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણી દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં 'વન નેશન વન રેશન કાર્ડ' થકી થતા અનાજ વિતરણની વિગતો, ઘઉં, ચોખા, ખાંડ સહિતના પુરવઠાનું વિતરણ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે થયેલી કામગીરી અંગેની માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિત સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યાજખોરોની મિલ્કત જપ્ત : દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાતમાં કડક કાર્યવાહી

## કચ્છના અંજારમાં પોલીસે બે મહિલા સહિત ત્રણ વ્યાજખોરના ચાર મકાન, બે પ્લોટ તથા કાર જપ્ત કરી લીધા : ગૃહમંત્રી હર્ષ સંઘવીના પોલીસને અભિનંદન

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં નિર્દોષ નાગરિકોને રંજાડતા વ્યાજખોરો સામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની સુચનાથી ગુજરાત પોલીસે ખુબ કડકાઇ સાથે આકરા પગલા ભર્યા છે ત્યારે દેશના ઇતિહાસમાં પ્રથમવાર ગુજરાત પોલીસ દ્વારા આવા વ્યાજખોરોની મિલ્કત પણ જપ્ત કરી લઇ વ્યાજખોરોને આ પ્રકારનો ગુનો આચરવાનો વિચાર પણ ન આવે તે પ્રકારનો દાખલો બેસે તેવી કડક કાર્યવાહી થઇ છે. આ નોંધપાત્ર કાર્યવાહી બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કચ્છ પૂર્વના એસ.પી. સાગર બાગમાર અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. આ કાર્યવાહીએ ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને ગુનાહિત પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિને રેખાંકિત કરી છે.

ગુજરાતમાં કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી.) કાયદા અન્વયે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. આ કાર્યવાહીમાં આરોપીઓ દ્વારા વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ ૬૩.૪૬ લાખ રૂપિયાની મિલ્કત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલ્કત જપ્ત કરવામાં આવી છે, જે દેશના ઇતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી તરીકે નોંધાઈ છે.

મંત્રી હર્ષ સંઘવીના દિશાનિર્દેશથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા રાજ્યભરના પોલીસ સ્ટેશનોને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા અને તેમની ગેરકાયદેસર મિલ્કતો જપ્ત કરવા સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત, સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસે સંગઠિત ગુનાહિત ટોળકીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. તેમની ટીમે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ-રિયાબેન ઇશ્વરગર ગૌસ્વામી, આરતીબેન ઇશ્વરગર ગૌસ્વામી અને તેજસ ઇશ્વરગર ગૌસ્વામી, રહે. મંકલેશ્વર, અંજાર-સામે કાર્યવાહી કરી.

જપ્ત કરાયેલી મિલ્કતોમાં રિયાબેનના નામે મેઘપર બોરીચીમાં એક પ્લોટ (૨.૫૨ લાખ), મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી (૧૪.૭૯ લાખ), અને અંજારમાં દેવનગરમાં પ્લોટ (૧૨.૪૨ લાખ); આરતીબેનના નામે અંજારના દેવનગરમાં પ્લોટ (૬.૪૫ લાખ); તેમજ આરોપીઓની માતાનાં નામે મેઘપર બોરીચીમાં બે પ્લોટ (૦.૬૦ લાખ અને ૧૨.૯૪ લાખ) અને અંજારમાં ગંગોત્રી-૦૨માં પ્લોટ (૧૩.૭૧ લાખ)નો સમાવેશ થાય છે. આ કુલ મિલ્કતોની કિંમત ૬૩.૪૬ લાખ રૂપિયા છે.

# મે બાદ જૂનમાં પણ ગરીબોને અનાજનો દાણો નહી મળે

## સરકારે આવતા મહીનાનો માલ પણ કટ કર્યો: રેશનકાર્ડ ઈ-કેવાયસી માટે મદદ કરવા દુકાનદારોની રજૂઆત

રાજકોટ,તા.૧૬

ઈ-કેવાયસી વગરના રેશનકાર્ડ ધારકોને મે બાદ જૂનમાં પણ અનાજનો જથ્થો મળે તેમ ન હોય આ કામગીરી માટે લોકોને મદદ કરવાની રજૂઆત દુકાનદારોએ કરી છે.

આજરોજ શહેર ફેર પ્રાઇસ શોપ એસોસિએશન દ્વારા ઈ કેવાયસી બાબતે રાશનકાર્ડ ધારક અને સસ્તા અનાજના દુકાનદારોને પડતી હાલાકી બાબતે એક અખબારી યાદીથી જણાવવામા આવ્યુ હતુ કે રાજ્ય સરકાર દ્વારા દરેક રેશનકાર્ડ ધારકોનું ઈ કેવાયસી ફરજિયાત કરવામાં આવ્યું છે ચાલુ માસ એટલે કે મેં ૨૦૨૫ માં મળતો રેશનનો જથ્થો જે લોકોને ઈ કેવાયસી થયું છે તેઓને જ મળશે જે લોકોનું ઈકેવાયસી નથી થયુ તેઓને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ પ્રધાનમંત્રી ગરીબ જન કલ્યાણ યોજના હેઠળ મળતા મફત રાસનના જથ્થા થી વંચિત રહેવું પડશે,આધાર કાર્ડ, મોબાઈલ નંબરના



પ્રશ્નોથી ગુજરાતમાં લગભગ ૩૦ ટકા જેટલા રેશનકાર્ડ હોલ્ડર્સ નુ ઇ કેવાયસી બાકી છે આમ રાજ્યના લગભગ અઢી લાખ રેશનકાર્ડ હોલ્ડરો ઇ કેવાયસી ના અભાવે જથ્થાથી વંચિત રહેશે આજ સવારે રાજ્યના પુરવઠા મંત્રીનું એક નિવેદન આવ્યું છે જેમાં તેઓ દ્વારા કહેવામાં આવ્યું છે કે જે લોકો ઈ કેવાયસી કરાવશે તેઓને અનાજ મળશે પરંતુ ચાલુ માસ દરમિયાન મેં તથા જુન એમ બે માસનો અનાજનો જથ્થો એકસાથે વિતરણ કરવાનો હોય તારીખ ૧૩ મે ના રોજ જૂન માસની પરમીટ પણ ફાળવી આપવામાં આવી છે જેમાં જે લોકોનું ઈ કહેવાયસી નથી થયું તેવા કાર્ડ હોલ્ડર નું અનાજ દુકાનદારોને ફાળવવામાં આવ્યું નથી આમ આ વિસંગતતા પણ સરકારે દુર કરવી જોઈએ

જે લોકો શિક્ષિત છે જાગૃત છે અને થોડી ઘણી સગવડતાઓ ધરાવે છે તેઓ એ કેવાયસી કરી લીધું છે પરંતુ જે લોકો અતિ જરૂરિયાત મંદ છે અને મુખ્ય ધારા સાથે જોડાયેલા હોતા નથી ફક્ત આવા જ ગરીબો અને મજૂરો ના રેશનકાર્ડનો એ કેવાયસી બાકી રહ્યું છે માટે આ પ્રકારના છેવાડાના લોકોનું તાત્કાલિક ઈકેવાયસી કરવામાં આવે એવી પદ્ધતિ ગોઠવીને સરકારએ તેઓને મળવાપાત્ર અનાજનો જથ્થો સમયસર મળી રહે તેવી તકેદારી સરકાર શ્રીએ લેવી જોઈએ ખાસ કરીને આવી પરિસ્થિતિમાં દુકાનદારો અને કાર્ડ હોલ્ડર વચ્ચે ઘર્ષણ નિવારવાની જરૂર છે.

# નાગરીક બેંક પાસે એક્ટિવા ચાલક મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ, આરોપી સકંજામાં

## દસ દિવસમાં અનેક ચિલઝડપના બનાવો બનતા ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ટીમે આરોપીને દબોચ્યા, વધુ ગુનાનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ

રાજકોટ. તા.૧૬

દસ દિવસ પહેલાં નાગરીક બેંક પાસે એક્ટિવા ચાલક મહિલાના ગળામાંથી સોનાના ચેઇનની ચિલઝડપ બનાવ ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. જો કે, દસ દિવસમાં અનેક ચિલઝડપના બનાવો બનતા ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ટીમે આરોપીને દબોચી લીધાં હતા.

બનાવ અંગે થોરાળા વિસ્તારમાં સત્યમ પાર્ક શેરી નં.૨ માં રહેતાં હીરલબા બળદેવસિંહ પરમાર (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેણી ઘરકામ કરે છે અને પરિવારમાં તેના પતિ અને સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે.

ગઈ તા.૦૪ ના રાત્રીના સાડા નવેક વાગ્યે તેણી એક્ટિવા લઈ સામાજીક કામથી રેષકોર્ષ ખાતે ગયેલ હતી, ત્યા તેમના ભાભી - દીપીબા હેમેન્દ્રસિંહ જાદવ તથા બીજા સંબંધી નીશાબા વિપુલસિંહ ચાવડા ભેગા થતા રેષકોર્ષ ખાતે બેસેલ હતા. બાદમાં રાત્રીના પોણા બાર વાગ્યાની આસપાસ ત્યાથી છુટા પડતા નીશાબા ત્યાથી જ તેઓના ઘરે જતા રહેલ અને તેણી પણ પરત ઘરે આવતાં હતા ત્યારે રસ્તામાં બાર વાગ્યાની આસપાસ ૮૦ ફૂટ રોડ સોરઠીયા વાડી સર્કલથી આગળ નાગરીક બેંક પાસે પહોંચતા તેઓએ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન ૧૨ ગ્રામ રૂ. ૪૧,૫૦૦ જે સોનાના ચેઇનની કોઈ અજાણ્યા ડબલ સવારી બાઈક વાળા શખ્સોએ પાછળથી ગળાના ભાગે હાથ લાંબો કરી પાછળ બેઠેલ ઇસમે ઝોંટ મારી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

ત્યારે અગાઉ ભોમેશ્વર અને મહિલા અંડર બ્રિજ પરથી પણ સોનાના દાગીનાની ચિલઝડપના બનાવો સામે આવતાં ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન-૨ ની ટીમે તપાસનો ધમધમાટ આદરી આરોપીને સકંજામાં લઈ સઘન પૂછતાછ આદરી વધું ચિલઝડપના ગુના ઉકેલવા તજવીજ આદરી છે.

# આશિષ ક્રેડિટ મંડળીના પ્રદીપ ડાવેરાને ચાર વર્ષની કેદ

રાજકોટ, તા.૧૬

આશિષ ક્રેડિટ મંડળીના પ્રદીપ ડાવેરાને ચાર વર્ષની કેદની સજાનો હુકમ થયો છે. રૂ.૮૫ લાખના ચેક રિટર્ન અંગે તિરૂપતી ફોર્જ લી.ના ડાયરેક્ટર હિતેશભાઈ ઠુમ્મરે કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. કેસની વિગત મુજબ, તિરૂપતી ફોર્જ લી. ના ડાયરેક્ટર હિતેશભાઈ ઠુમ્મર દ્વારા આશીષ ક્રેડીટ કો.-ઓપ. સોસાયટીમાં ફિક્સ ડિપોઝીટ પેટે અલગ અલગ ચાર ખાતા ઓપન કરાવી કુલ રકમ રૂપિયા ૮૫,૦૦,૦૦૦ ધંધામાં ભવિષ્યમાં ઉપયોગ આવે તેવા શુભ હેતુથી આરોપી એટલે કે પ્રદીપ ભીખાભાઈ ડાવેરા દ્વારા સંચાલીત આશીષ ક્રેડીટ કો.-ઓપ. સોસાયટી માં જમા કરાવેલ. ત્યારબાદ ફિક્સ ડિપોઝીટની મુદત પૂર્ણ પ્રદીપ ડાવેરાનો સંપર્ક કરતા પ્રદીપએ એવું જણાવેલ કે હાલ લોક ડાઉનની સ્થિતિને ધ્યાને રાખી મુદલની રકમ આપશે. વ્યાજ પેટે બાકી લેણી નીકળતી રકમ રૂ.૭,૨૨,૦૦૦ ત્રણ મહીના બાદ આપશે. જેથી આરોપીએ ૮૫,૦૦,૦૦૦ની રકમના ચાર અલગ અલગ ચેક આપેલ હતા. આ ચારેય ચેક વણસ્વીકાર્યે પરત ફરેલ. ફરિયાદીએ વકીલ મારફતે પ્રદીપ ડાવેરાને નોટિસ મોકલી છતાં રકમ ન



એડવોકેટ અંકુર વ્યાસ, તુષાર ચૌહાણ

આપતાં ફરિયાદીએ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ - ૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરી હતી. પ્રદીપ ડાવેરાના ચારેય કેસ રાજકોટની અધિક જ્યુડીશ્યલ મેજી. ફર્સ્ટ ક્લાસ એન. ડી. જોષીપુરાની કોર્ટ દ્વારા ચલાવવામાં આવેલ. ઉપરોક્ત કેસમાં ફરીયાદી દ્વારા દસ્તાવેજી પુરાવાઓ અને તેની સાથે પુરાવાનું સોગંદનામું કોર્ટમાં રજૂ કરેલ ત્યારબાદ પ્રદીપ ડાવેરા કોર્ટમાં હાજર થયેલ, ત્યારબાદ આરોપી વતી તેઓના એડવોકેટ દ્વારા તિરૂપતી ફોર્જ લી. ના ડાયરેક્ટર હિતેશભાઈ ઠુમ્મરની વિગતવાર ઊલટ-તપાસ કરવામાં આવેલ હતી. આ પછી ફરિયાદીના વકીલ દ્વારા ધારદાર દલીલો કરાઈ હતી. કાયદેસરનું લેણું સાબિત કરવા પુરાવા રજૂ કરાયા હતા અને વિવિધ કોર્ટના ચુકાદા ટાંકવામાં આવેલ. જે ધ્યાને લઈ ચાર કેસમાં એક-એક વર્ષની સજા અને વળતર પેટે ચેકની કુલ રકમ રૂ. ૮૫ લાખ એક મહીનામાં ચૂકવી આપવા હુકમ થયો છે. આ કેસમાં અધિક જ્યુડીશ્યલ મેજી. ફર્સ્ટ ક્લાસ એન. ડી. જોષીપુરા દ્વારા તા.૧૪/૦૫/૨૦૨૫ના રોજ હુકમ ફરમાવવામાં આવેલ હતો. આ કેસમાં ફરીયાદી વતી રાજકોટના ધારાશાસ્ત્રી અંકુરભાઈ સી. વ્યાસ, તુષારભાઈ ચૌહાણ, જયદેવભાઈ પરમાર, વૈશાલીબેન આગેજા અને હરેન્દ્રસિંહ ઝાલા, માનસીબા જાડેજા તેમજ સહાયક તરીકે રાધીકા વ્યાસ, રેનીષા વઘાસીયા, અર્જુનસિંહ ચાવડા તેમજ ભાર્ગવભાઈ ગોધાણી રોકાયેલા હતા.

# જે પણ પાકિસ્તાનને ફંડીંગ પુરૂ પાડે છે તે ટેરર ફંડીંગ તરીકે ગણાશે: આઈએમએફને આકરો સંદેશ

ભુજ: ભુજ એરબેઝ પર સૈનિકોને સંબોધન દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આઈએમએફ દ્વારા પાકિસ્તાનને કરવામાં આવેલા ફંડ સામે ચોંકાવનારા સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ ફંડ પરોક્ષ રીતે આતંકીઓને ફંડ નહી કહેવાય?

પાકિસ્તાન જૈશ એ મુહમ્મદના આકા મસૂદ અઝહરને ૧૪ કરોડ રૂપિયા આપશે. જયારે આ આતંકી અઝહર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર આતંકી છે. આઈએમએફ તરફથી મળનાર એક બિલિયન ડોલરનો મોટો ભાગ નિશ્ચિત રીતે આતંકી માળખામાં ફંડ તરીકે ઉપયોગ થશે. આ પરોક્ષ રીતે આઈએમએફ દ્વારા આતંકીઓને ફંડીંગ છે.

## રાજનાથસિંહ

(પહેલા પાનાનું ચાલું)

દુશ્મનો સાફ: રાજનાથસિંહે ભુજ એરબેઝ પર જવાનોને સંબોધતા જણાવ્યું હતું કે માત્ર ૨૩ મિનિટમાં દુશ્મનોનો ખાત્મો બોલાવાયો હતો.

આટલીવારમાં તો લોકો નાસ્તો-પાણી કરી લે છે. ભારતીય વાયુસેના માટે માત્ર ૨૩ મિનિટ જ પુરતી હતી.

આપણા દેશની મજબૂત ભુજાઓ ભુજમાં: સંરક્ષણ મંત્રીએ પહેલગામમાં માર્યા ગયેલા બધા નિર્દોષ નાગરિકો અને ઓપરેશન સિંદુરમાં વીરગતિ પામેલ સૈનિકોને હું નમન કરું છું. હું ઘાયલ સૈનિકોને પણ નમન કરું છું. આપણા દેશની મજબૂત ભૂમી ભુજમાં આપ સૌની વચ્ચે આવીને હું ગૌરવ અનુભવુ છું.

યુદ્ધોનું સાક્ષી ભુજ: રાજનાથસિંહે જણાવ્યું હતું કે આ ભુજ ૧૯૬૫માં પાકિસ્તાન સામે આપણી જીતનું સાક્ષી રહ્યું છે. આ ભુજ ૧૯૭૧માં પણ પાકિસ્તાન સામે યુદ્ધમાં જીતનું સાક્ષી રહ્યું છે. આજે ફરી એકવાર આ ભુજ પાકિસ્તાન સામે જીતમાં સાક્ષી રહ્યું છે. રાજનાથસિંહે કહ્યું હતું કે ભુજની માટીમાં દેશભક્તિની ખુશ્બુ છે.

ભારતની સીમાએ મજબૂત ભુજાઓથી સુરક્ષિત: રાજનાથસિંહે જણાવ્યું હતું. હજુ ગઈકાલે જ શ્રીનગરમાં આપણી સેનાના વીર જવાનોને મળીને પાછો ફર્યો છે. આજ મને આપની વચ્ચે આવવાનો મોકો મળ્યો છે. ભારતની સેનાએ આપ સૌની મજબૂત ભુજાઓથી સુરક્ષિત છે.

ભારતની યુદ્ધ નીતિ અને ટેકનિક બન્ને બદલાયા: સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદુર' દરમિયાન ઈન્ડિયન એરફોર્સ માત્ર પરાક્રમ જ નહોતુ દેખાડયુ, બલ્કે પુરી દુનિયા સામે પ્રમાણ પણ આપ્યુ કે ભારતની યુદ્ધ નીતિ અને ટેકનીક બન્ને બદલાઈ ગયા છે. ભારત માત્ર વિદેશથી આયાત કરેલ હથિયારો અને પ્લેટફોર્મ પર નિર્ભર નથી. બલ્કે ભારતમાં બનેલા હથિયાર પર પણ અચૂક છે, અભેદ છે તે દુનિયાને દેખાડી દીધુ છે.

હજુ તો આ ટ્રેલર, પુરી ફિલ્મ બાકી: સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાન પર નિશાન સાધતા કહ્યું હતું- આ તો હજુ ટ્રેલર હતુ, જો જરૂર પડી તો પાકિસ્તાનને પુરુ પિકચર પણ દેખાડશું.

આઈએમએફની પાક.ને મદદ પર ઉઠાવ્યા સવાલ: ભુજમાં એરબેઝમાં સંબોધન દરમિયાન રાજનાથસિંહે જણાવ્યું હતું કે જૈશના આકા મસૂદને ૧૪ કરોડ રૂપિયા આપશે. નિશ્ચિત રીતે આઈએમએફ પાસેથી આવનાર એક બિલિયન ડોલરનો મોટો ભાગ આતંકી ઢાંચાને ફંડ કરવામાં ઉપયોગ થશે. શું આ આઈએમએફ દ્વારા કે જે આંતરરાષ્ટ્રીય સંગઠન દ્વારા પરોક્ષ ફંડ નથી? આ આર્થિક સહાયતા આતંક માટેના ફંડથી ઓછું નથી.

## ફુગાવો

(પહેલા પાનાનું ચાલું)

દેશના લોકોને દૂધ તો દર વર્ષે સતત મોંઘુ ખરીદવાની ફરજ પડે છે અને તેની ગુણવતા અંગે ભાગ્યે જ કોઈ ગેરન્ટી છે અને હવે ચેકીંગમાં વળતા દૂધ, દહી, લોટ વિ. પર જીએસટી વસુલવામાં આવી રહ્યા છે અને તેની રોજબરોજની ખાદ્ય ચીજો પર જીએસટી એ બજેટમાં વધારો કરે છે. હવે ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં તો કોઈ નિયંત્રણ નથી. દેશમાં મોંઘા પેટ્રોલ-ડિઝલ-ગેસ વિ. લાંબા સમયથી ભાવમાં કોઈ પારદર્શકતા વચ્ચે વેચાય છે. સરકારે રાંધણગેસ સબસીડી પણ બંધ કરી છે. ઉજવલા યોજના નામે અપાતા સિલિન્ડર પણ મર્યાદીત છે અને તે મર્યાદીત લોકોને મળે છે. વધતુ સંચાલન ખર્ચ ૧૫-૨૦% વધી ગયા છે. ઉપરાંત હવે ટોલ ટેક્ષ એ સૌથી મોટી કમાણી બની છે. સરકાર ટેક્ષના નાણા વિકાસના નામે ઉઘરાવે છે પણ ટોલટેક્ષ મારફત તે વસુલી લે છે. આમ એકજ પ્રકારની સેવા માટે ડબલ- ત્રણ ગણો ટેક્ષ ચુકવ્યો હતો.

સરકારે બેન્કીંગ સેવા છેવાડાના માનવી સુધી પહોંચે તે રીતે અનેક આયોજનો કર્યા. જનધન યોજના, ડીઝીટલ બેન્કીંગ અને ભીમ એપ સહિતની સુવિધાથી લોકોને બેન્કોની સેવા આંગળીના ટેરવે મળી રહે છે. પણ તેમ છતા બેન્કીંગના છુપા ચાર્જ એ બેન્કોના તગડા નફામાં ઉમેરો કરો. આવશ્યક ડુપ્લીકિટ જોઈતી હોય તો પણ રૂા.૧૦૦, મીનીમમ બેલેન્સ ચાર્જ, એટીએમ, ડેબીટ કાર્ડ ચાર્જ તમો જે બેન્કીંગ સેવાનો ઉપયોગ કરો તેનો ચાર્જ વસુલવામાં જેનો ફુગાવાની ગણતરીમાં કદી જીવનમાં લેવાતી નથી.

છેલ્લા ૧ વર્ષમાંજ બેન્કોએ અલગ અલગ ચાર્જના તાપ રૂા.૩.૫ હજાર કરોડ વસુલ્યા. સરકારનો દાવો છે કે પ્રતિ વ્યક્તિ આવક વધી છે અને તે વાસ્તવિકતા પણ છે. ૨૦૧૪માં પ્રતિ વ્યક્તિ આવક રૂા.૮૬૬૪૭ હતી જે વધીને ૧.૮૦ લાખ થઈ છે પણ તેમાં સરકારના નવા સીધા-આડકતરા- વેરા- વધેલા જીવન ખર્ચ- મળેલી આવશ્યકતા અને તેમાં તમામ ફેકટરથી લોકોનો બોજો પણ વધ્યો છે.

## ફૂડ

(છેલ્લા પાનાનું ચાલું)

સોપારી (૫)મઢૂલી કોલ્ડ્રિંક્સ (૬)મહાદેવ રેસ્ટોરન્ટ (૭) રવિ મદ્રાસ કાફે (૮) ઘનશ્યામ પૂરી શાક (૯)ઠાકર દાળપકવાન (૧૦)રામદેવ ડેરી ફાર્મ (૧૧)ખોડિયાર રેસ્ટોરન્ટ (૧૨)ક્રિષ્ના ખમણ (૧૩)ગણેશ સેલ્સ એજન્સી (૧૪)મનપસંદ નાસ્તા હાઉસ (૧૫)દિલખુશ પાણીપૂરી (૧૬)લક્ષ્મી ફૂડ ઝોન (૧૭)શિવ છોલે કુલ્ચેનો સમાવેશ થાય છે.

આ સિવાય (૧૮)પાબુરાજ પાપડ (૧૯)કે. ડી. ફૂલ પોઈન્ટ (૨૦)શ્રીજી સ્વીટ એન્ડ આઇસક્રીમ (૨૧)બાલાજી બેકરી (૨૨)વી. કે. ફૂડ પોઈન્ટ (૨૩)પર્વ રેસ્ટોરન્ટ (૨૪)ચીલ્ડ સ્નેક્સ (૨૫)રઘુવંશી જનતા તાવડો (૨૬)ઠક્કર ખમણ (૨૭)દિનેશ ટ્રેડિંગ કુ. (૨૮)બાલાજી ટ્રેડિંગ (૨૯)માહિ મિલ્ક પાર્લર (૩૦)ઠાકર વડાપાઉં (૩૧)શ્રીનાથજી ટ્રેડિંગ (૩૨)ગાયત્રી સિઝન સ્ટોર (૩૩)ભક્તિ કોકોનેટ (૩૪)ગજાનન ટ્રેડિંગ (૩૫)સોનલમાં ટ્રેડિંગ (૩૬)માટેલ ડેરી ફાર્મ (૩૭)શ્રી હરી સોડા (૩૮)બાલાજી શીખંડ (૩૯)સુરતી મૈસૂર કાફે (૪૦)જય શક્તિ દાળપકવાનમાં પણ ચકાસણી કરાઇ હતી.

## મોદી સરકાર

(પહેલા પાનાનું ચાલું)

માહિતગાર કરવામાં આવી શકે.

એવું પણ બહાર આવ્યું છે કે ભારતના દ્વિપક્ષીય દૃષ્ટિકોણ છતા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા આ મુદ્દાને આંતર રાષ્ટ્રીય સ્તર પર ઉઠાવવાના પ્રયાસોએ પણ આ ભારતને આ પગલુ ઉઠાવવા માટે પ્રેરિત કર્યા છે.

વિદેશ મંત્રાલય અન્ય મંત્રાલયો અને વિભાગો સાથે મળીને સાંસદો માટે વાતચીતના બિંદુ તૈયાર કરી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું છે કે વિભિન્ન દેશોમાં ભારતીય રાજદ્વારી મિશન પણ આ પ્રયાસોને આગળ વધારશે. આ પહેલીવાર બનશે કે મોદી સરકાર કાશ્મીર અને પાકિસ્તાન સીમા પરથી ઉત્પન્ન સીમાપાર આતંકવાદ પર ભારતનો પક્ષ રાખવા માટે જુદા જુદા દળોના સાંસદોને નિયુકત કરશે.

## તાપમાન

(છેલ્લા પાનાનું ચાલું)

માટે અનુકુળ નથી.

સ્વાસ્થ્ય પર અસર: અપુરતી ઉંઘ શરીરના રિકવરી તંત્રમાં વિઘ્ન નાખે છે. આથી થાકની સાથે સાથે દુર્ઘટનાનું જોખમ પણ વધારે છે. ઉંઘની કમીથી વજન વધવું, ડાયાબીટીસ, હૃદયરોગ, અલ્ઝાઈમર જેવી બીમારીઓની સંભાવના વધે છે.

વધતી ગરમીના કારણે તેના પર નિયંત્રણ મુશ્કેલ: સંશોધક ડેલ્ટન માઈનર કહે છે બહેતર ઉંઘ માટે શરીરનું તાપમાન ઓછું રાખવું જરૂરી છે. જો કે શહેરના વાતાવરણમાં વધતી ગરમીના કારણે તેને નિયંત્રીત કરવું મુશ્કેલ છે.

## ટેક્સ

(પહેલા પાનાનું ચાલું)

અમેરિકામાં ૩૨ લાખ પીઆઈઓ કાર્ડધારક સહિત ૪૫ લાખ ભારતીયો વસે છે.

રીઝર્વ બેન્ક દ્વારા માર્ચ માસમાંજ પ્રસિદ્ધ કરાયેલા રેમીટન્સ સર્વે મુજબ ૨૦૨૩/૨૪માં ભારતમાં વિદેશમાં વસતા ભારતીયોએ ૧૧૮.૭ બિલિયન ડોલર મોકલ્યા હતા જેમાં ૨૮% રકમ એટલે કે રૂા.૩૨ બિલિયન ડોલર અમેરિકાથી આવ્યા હતા. હાલમાંજ ટ્રમ્પ શાસને તેનો આ ટેમીટન્સ ટેક્ષ પ્લાન અમેરિકી સંસદ સમક્ષ મુકયો છે અને આ ખરડો સહેલાઈથી પસાર થઈ જશે તેથી તે જૂન-જુલાઈમાં કાનૂન બની જશે.

## ટ્રેન

(પહેલા પાનાનું ચાલું)

શકતી હતી પણ નવી વ્યવસ્થામાં સ્લીપરની ઉપલબ્ધતા થવા પર સીધા સેકન્ડ એસીમાં પણ અપગ્રેડ થઈ શકશે. આ રીતે એસી સેકન્ડની ટિકીટ એસી ફર્સ્ટમાં અપગ્રેડ થઈ શકશે.

ઓટો અપગ્રેડનો વિકલ્પ પસંદ કરવો જરૂરી: આપ આઈઆરસીટીસીની વેબસાઈટ પર ટિકીટ બુક કરાવી રહ્યા છો તો બુકીંગ સમયે ઓટો અપગ્રેડનો વિકલ્પ પસંદ કરવો પડશે, જો આપ આ વિકલ્પને પસંદ નથી કરતા તે અપગ્રેડેશનની સુવિધા નહીં મળે. ટિકીટ અપગ્રેડ થયા બાદ જો રદ કરાવાય તો મૂળ ટિકીટની બુકીંગની રકમને અનુરૂપ રિફંડ મળી શકે છે.

## હત્યા

(છેલ્લા પાનાનું ચાલું)

હતી. જેથી હોસ્પિટલ પોલીસ ચોકીનાં સ્ટાફે નોંધ કરી હતી. જે નોંધ મુજબ, તા.૧૨/૫/૨૦૨૫ને સવારે ૯:૦૦ વાગ્યા આસપાસ ગ્રીનલેન્ડ ચોકડી નજીક, મોરબી રોડ પર પૂનમ હોલ અને બીટુ હોટલની બાજુમાં આ વ્યક્તિ ઈજાગ્રસ્ત મળેલ. જેને ૧૦૮ મારફત અત્રેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને વોર્ડ સર્જરી-૧માં તેની સારવાર ચાલુ હતી. આ અંગે હોસ્પિટલ ચોકીમાંથી બી. ડિવિઝન પોલીસને જાણ કરાઈ હતી.

બી ડિવિઝન પોલીસના સ્ટાફે મૃતકના સગા સંબંધીઓની શોધ કરી હતી જેમાં કાનારામનો પિતરાઈ ભાઈ કાળુરામ હોસ્પિટલે હાજર થતા તેની પૂછપરછ કરવામાં આવી હતી કાળુ રામના જણાવ્યા મુજબ તેઓ મૂળ રાજસ્થાનના ઝાલોદના વતની છે ખાનારામ પહેલા મજૂરી કરતો પણ હાલમાં તેને નવી રીક્ષા લીધી છે અને તે રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવતો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાત્રે કોઈએ બોથડ પદાર્થ મારી કાના રામની ઈજા કરી હતી. હાલ પોલીસે કાળુ નામની ફરિયાદ પરથી ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

### પૂનમ હોલના સંચાલક દ્વારા કાના રામને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો

કાનારામને મોત અંગે ગ્રીનલેન્ડ ચોકડી પાસે મોરબી રોડ તરફ આવેલ પૂનમ મોલના સંચાલક નિર્ભય ખૂટે જણાવ્યું હતું કે, પૂનમ હલ ખાતે તે સંચાલન કરે છે અને ત્યાં મંડપ સર્વિસનું કામ પણ કરે છે. તારીખ ૧૨ ૫ ના રોજ અજાણ્યો વ્યકિત ઇજાગ્રસ્ત હાલતમાં હોલ પાસે પડેલો હોવાનું જોવા મળતા નિર્ભય તુરંત ૧૦૮ ને ફોન કર્યો હતો અને તેને હોસ્પિટલ ખસેડ્યો હતો. બાદમાં આ વ્યક્તિ કાનારામ હોવાનું જાણવા મળેલ.

### ઈજાના કારણે મોત થયાનું ખુલશે તો હત્યાની કલમ લેવાશે : ડીસીપી

ઝોન ૨ ડીસીપી જગદીશ બાંગરવાએ સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મૃતકના શરીર પર બોથડ પદાર્થથી માર માર્યાની ઇજા છે. મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. પીએમ રિપોર્ટમાં મોત ઈજાનાં કારણે થયું છે તેમ જણાશે તો હત્યાનો ગુનો દાખલ કરવામાં આવશે. નહિતર માર માર્યો હોવાનો ગુનો નોંધાશે.

### પાણી-અન્ન નાગરિક પુરવઠામંત્રી કુંવરજીભાઇ બાવળીયા 'સાંજ સમાચાર'ની શુભેચ્છા મુલાકાતે

# રાજકોટ-સૌરાષ્ટ્રમાં કયાંય પાણીની મુશ્કેલી નહીં પડે : કુંવરજી બાવળીયા



# ઇ-કેવાયસી વિના રેશનીંગનો પુરવઠો નહી જ મળે

## ઇ-કેવાયસી રેશનીંગનું 'લીકેજ' અટકાવવા, બાંધછોડ નહીં કરાય : ચાલુ માસની અંતિમ મુદ્દત : કાર્ડધારકોને યોજના હેઠળની અનાજ-કઠોળ-તેલ સહિતની ચીજવસ્તુ મળવાની જ છે








તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ, તા.૧૬

રાજયના પાણી પુરવઠા તથા નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ રાજકોટ કે સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની કોઇ ચિંતા નથી અને કયાંય પણ મુશ્કેલી ઉભી નહીં થવા દેવાય તેવો સ્પષ્ટ દાવો કર્યો હતો. ઉપરાંત પુરવઠા વિભાગમાં રેશનીંગના અનાજ માટે ઇ-કેવાયસી ફરજીયાત જ રહેવાનું અને તેમાં હવે કોઇ બાંધછોડને અવકાશ ન હોવાનું સ્પષ્ટ કર્યુ હતું.

રાજય સરકારના સીનીયર મંત્રી એવા કુંવરજીભાઇ બાવળીયા આજે 'સાંજ સમાચાર'ની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા અને તેમના પાણી પુરવઠા તથા નાગરિક પુરવઠા વિભાગની યોજનાઓ, પ્રોજેકટો તથા પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે ચોમાસા પૂર્વેના ઉનાળાના અંતિમ દિવસો છે અને રાજકોટ સહિતના ભાગોમાંથી પીવાના પાણી માટે દરખાસ્તો આવતી હોય છે પરંતુ રાજય સરકારે વિસ્તૃત આયોજન કર્યુ જ છે અને રાજકોટ તો શું સૌરાષ્ટ્રના કોઇ પણ ભાગોમાં પીવાના પાણીની મુશ્કેલી પડવા નહીં દેવાય. રાજકોટને પણ સૌની યોજના મારફત આજી-ન્યારીમાં પાણી ઠાલવવાનું નકકી જ છે. રાજયભરમાં પીવાના પાણીની કોઇ ચિંતા નથી. નર્મદાની ચાર મુખ્ય કેનાલો મારફત પાણીની સપ્લાય કરવામાં આવી જ રહી છે. ચાર કેનાલ હેઠળ જામનગર, કાલાવડ, રાજકોટ, બોટાદ, પાલીતાણા, જસદણ, અમરેલી સહિતના મોટા ભાગના ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા જ છે અને તેના કારણે પાણીની કોઇ સમસ્યા સર્જાવાનું કોઇ સવાલ ઉભો થતો નથી.

તેમણે કહ્યું કે, સૌની યોજના હેઠળ પાણી આપવાની સાથોસાથ સરકાર દ્વારા વૈકલ્પિક જળસ્ત્રોત માટે પણ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ચોમાસામાં સારા વરસાદના સંજોગોમાં જળાશયો છલકાય અને તેનું પાણી વહી જાય તે રોકવા માટે ખાસ પ્રોજેકટ કાર્યરત કરવામાં આવી રહ્યો છે. જળાશયોમાંથી પાણીને વહી જતું રોકવા મોટા ચેકડેમ (વિયર) પર ફોકસ કરવામાં આવ્યું છે. આ મોટા ચેકડેમોમાં ઉંચાઇ વધારવામાં આવતી હોય છે. એટલે પાણી ઢોળા ઉપરથી પાછુ ચેકડેમમાં ઠલવાય જાય છે. દરવાજાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે જેથી પુરના સંજોગોમાં દરવાજા ખોલી શકાય. ચેકડેમની સાથોસાથ જળસંચયને પણ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે અને તે માટે ધારાસભ્યોને પોતપોતાના વિસ્તારોમાં જળસંચયના કામોને પ્રોત્સાહન આપવા માટે ૫૦-૫૦ લાખની ખાસ ગ્રાન્ટ પણ આપવામાં આવી રહી છે. આ યોજના હેઠળ બોર, કુવા સહિતના જળસ્ત્રોતને રીચાર્જ કરવાની જોગવાઇ છે.

નાગરિક પુરવઠા વિશે વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે, રેશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસી કરાવવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે અને ચાલુ મહિનાની તે માટેની અંતિમ મુદ્દત છે. આ સમગ્ર યોજના કેન્દ્ર સરકારની છે. રેશનકાર્ડ ધારકોને પર્યાપ્ત અને યોજના મુજબની અનાજ, કઠોળ, તેલ સહિતની ચીજવસ્તુઓ મળે અને કોઇપણ પ્રકારની ગેરરીતિને અવકાશ ન રહે તે હેતુસર આ ઇ-કેવાયસી પ્રોજેકટ અમલી બનાવવામાં આવ્યો છે. ઇ-કેવાયસી નહીં કરાવનાર રેશનકાર્ડ ધારકોને અનાજ કે રેશનીંગની અન્ય કોઇ ચીજવસ્તુઓ નહીં જ મળે તેઓએ એવી ચોખવટ કરી હતી કે ઇ-કેવાયસી થઇ જવાની સાથે તેઓને ફરી વખત પુરવઠો મળવા લાગશે અને તેઓને રેશનીંગ યોજનામાંથી હટાવી દેવામાં આવ્યા હોય તેવી કોઇ વાત નથી. ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ તેઓને ફરી વખત પુરવઠો મળવા લાગશે.

વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે એક સાથે ત્રણ મહિનાનો પુરવઠો આપવાની ભલામણ કરી હતી. પરંતુ રેશનીંગ દુકાનદારોની મુશ્કેલીઓ સમજીને રાજય સરકારે આ યોજના બે ભાગમાં વહેચી દીધી છે. હાલ એક સાથે બે મહિનાનો પુરવઠો આપવામાં આવી રહ્યો છે. મે-જુનનો પુરવઠો અપાશે ત્યારબાદ જુલાઇ-ઓગષ્ટનો પુરવઠો પણ એક સાથે આપી દેવામાં આવશે. ચણા, તુવેર દાળની સપ્લાયમાં ઢીલ થવાને પગલે રાજય સરકાર દ્વારા પોતાના દ્વારા જ ખરીદી કરાવીને વિતરણ વ્યવસ્થામાં કોઇ મુશ્કેલી ઉભી ન થાય તેની પણ ખાસ કાળજી રાખવામાં આવી છે.

### પાણીની કોઇ ચિંતા નથી સૌની યોજના મારફત સપ્લાય ચાલુ

### 'વિયર'-મોટા ચેક ડેમ તથા જળસંચય પર ખાસ ફોકસ

### એક સાથે ત્રણ માસનો પુરવઠો આપવાના બદલે સરકારે બે ભાગ પાડયા

## ઘેડ પંથકના પાણી પ્રશ્ન માટે ખાસ પ્રોજેકટઃ સર્વે પૂર્ણ

રાજકોટ, તા.૧૬

રાજયના ૯૫% ભાગોમાં નર્મદાની સૌથી યોજના હેઠળ પર્યાપ્ત પાણી પુરૂ પાડવામાં આવતું હોવાનું જણાવતા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ કહ્યું કે ઘેડ પંથક માટે રાજય સરકાર દ્વારા ખાસ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે અને તેનો સર્વે પણ પૂર્ણ થવાના આરે છે. રૂા. ૧૩૯ કરોડના ખર્ચે નાળા પહોળા કરવાથી માંડીને અનેકવિધ યોનજાઓ તેમાં સામેલ કરવામાં આવી છે.






## દિકરીઓ સાથેના અન્યાયમાં સમૂહલગ્ન સમિતિ સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ : મંત્રી કુંવરજી બાવળીયા

### ભાજપની નજીકના વિક્રમ સારાણી અને ઉદ્યોગપતિ પિન્ટુ પટેલની પક્ષમાં ફરિયાદ કરાશે

આજે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી, જસદણના ધારાસભ્ય, કોળી સમાજના દિગ્ગજ આગેવાન કુંવરજીભાઈ બાવળીયા ''સાંજ સમાચાર'' ની શુભેછા મુલાકાતે આવ્યા હતા અને અનેક વિધ વિષયો પર વાતચીત કરી હતી. ત્યારે રાજકોટ પ્રેસ ઇલેક્ટ્રોનિક મીડિયા પર ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ કુંવરજીભાઈ સાથેની વાતચીતમાં હાલમાં કુવાડવા પાસે યોજાયેલ ૫૫૫ દીકરીઓના સમૂહ લગ્નોત્સવ વિશે પૂછ્યું, જેમાં દીકરીઓને ખોટા દાગીના અપાયાની ફરિયાદ કરવામાં આવી છે. આ સાથે પોલીસમાં પણ આયોજકો વિક્રમ સોરાની અને ઉદ્યોગપતિ પિન્ટુ પટેલ વિરુદ્ધ અરજી કરવામાં આવી છે પરંતુ હજુ સુધી કોઈ પગલા લેવાં આવ્યા નથી. તે પ્રશ્નનો જવાબ આપતા કુંવરજીભાઈએ જણાવ્યું કે સમૂહલગ્નોત્સવમાં આ થયું હોય તો ખૂબ જ દુખદ છે અને સમૂહલગ્નની આયોજકોની સમિતિ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. સમૂહ લગ્નમાં દીકરીઓ સાથે આ પ્રકારની કોઈ ફરિયાદ ન આવે તે રીતે કાર્યવાહી થવી જોઈ. આ ઉપરાંત મીડિયા દ્વારા એવું પૂછવામાં આવ્યું હતું કે આયોજકો વિક્રમ સોરાણી અને ઉદ્યોગપતિ પિન્ટુ પટેલ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરાના નજીકના મનાય છે તેથી શું તેના સામે પગલાં નથી લેવાતા ? ત્યારે કુંવરજીભાઈએ જવાબ આપ્યો કે કોના નજીકના છે તેમાં હું નહીં પડું, પરંતુ જો પક્ષની નજીકના લોકો હોય તો તેની હું ઉપર પ્રદેશ કક્ષાએ જરૂરથી ફરિયાદ કરીશ જેથી પક્ષનું નામ ખરાબ ન થાય.

## રેશનીંગ દુકાનદારોને ન્યુનતમ રૂા.૨૦,૦૦૦નું કમીશન મળે જ છે

ઇ-કેવાયસીના દેકારા તથા વખતોવખત રેશનીંગ દુકાનદારોની સમસ્યાઓના સવાલ વિશે કુંવરજીભાઇ બાવળીયાએ જણાવ્યું હતું કે, રેશનીંગના દુકાનદારોના આર્થિક હિતને ધ્યાનમાં રાખીને રાજય સરકારે ન્યુનતમ રૂા. ૨૦,૦૦૦નું કમીશન કરી જ દીધુ છે. રેશનીંગ માલના વેંચાણમાં દુકાનદારને કદાચ કમીશન ૧૫,૦૦૦ થતું હોય તો વધારાના રૂા. ૫,૦૦૦ રાજય સરકાર ભોગવે છે અને ન્યુનતમ ૨૦,૦૦૦ રૂપિયા પુરા પાડે છે. એટલે હવે રેશનીંગના પુરવઠા સપ્લાય વિતરણ કે અન્ય કોઇ ક્ષેત્રમાં સમસ્યા રહેતી નથી.

## નવા ડેમના નિર્માણમાં જમીનથી માંડીને અનેક સમસ્યા અંગે નવા વિકલ્પો લાગુ

રાજકોટ કે સૌરાષ્ટ્રમાં નવા જળાશયોના નિર્માણ થતા નથી અને વારંવાર સૌની યોજના મારફત જ જળાશયો ભરવાનો વખત આવતો હોવાના સવાલ વિશે તેઓએ જણાવ્યું હતું કે નવા ડેમના નિર્માણમાં જમીનથી માંડીને અનેકવિધ સમસ્યાઓ ઉભી થતી હોય છે. સરકારી જમીન ઓછી હોવાના સંજોગોમાં ખાનગી જમીન સંપાદન કરવી પડે અને તે સંપાદન પ્રક્રિયા સામે કાનુની સહિતના પ્રશ્નો ઉભા થતા હોવાથી નવું નિર્માણ ઘણું મુશ્કેલ છે. રાજકોટના જળાશયો વર્ષમાં ત્રણ વખત ભરવા પડતા હોવાની પણ હકીકત છે. નવા ડેમના વિકલ્પમાં રાજય સરકાર દ્વારા વૈકલ્પિક યોજનાઓ અમલી બનાવી છે જે અંતર્ગત અત્યાર સુધી નાના ચેકડેમનું નિર્માણ થતું હતુ તેના બદલે હવે મોટા ચેકડેમની યોજના લાગુ કરવામાં આવી છે. જેની ઉંચાઇ વધુ રાખવામાં આવે છે અને ઓવરફલોના સંજોગોમાં તેના પાણી ફરી જળસ્ત્રોતમાં ઠલવાય જતા હોય છે લાંબા સમય સુધી તેનો લાભ મળે અને પાણીનો વેડફાટ ન થાય. આ જ રીતે જળસંચય પર પણ ફોકસ વધારવામાં આવ્યું છે અને તમામ ધારાસભ્યોને ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી છે.

# ટ્રમ્પ ઈમિગ્રેશન પોલીસીથી કરેલા છાત્રોનો ગેરલાભ ઉઠાવતા ઠગોઃ રૂપિયા પડાવતા હોવાની ફરિયાદો

## સ્ટુડન્ટ વિઝા રિવોક કરવાનું ટ્રમ્પે શરૂ કરતા અમેરિકન ગઠિયાઓ પોતાને અધિકારી તરીકેની ઓળખ આપીને છાત્રોને ખંખેરે છે



વોશિંગ્ટન,તા.૧૬

ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રેશન પોલિસીથી ઈમિગ્રન્ટ્સમાં ફેલાયેલા ડરનો ભરપૂર ફાયદો સ્કેમર્સ ઉઠાવી રહ્યા છે. પ્રેસિડેન્ટ ટ્રમ્પે થોડા સમય અગાઉ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સના વિઝા રિવોક કરવાનું શરૂ કર્યું હતું જેના કારણે હાલમાં અમેરિકામા અભ્યાસ કરતાં ફોરેન સ્ટુડન્ટ્સ ડરેલા છે, અને સ્કેમર્સ આવા સ્ટુડન્ટ્સને ટાર્ગેટ કરીને તેમની સાથે ઠગાઈ કરી રહ્યા છે. FBIએ પોતાના એક એનાઉન્સમેન્ટમાં જણાવ્યું છે કે સ્કેમર્સે અત્યાર સુધીમાં યુએઈ, સાઉદી અરબ, કતાર અને જોર્ડનના સ્ટુડન્ટ્સને ટાર્ગેટ કર્યા છે.

ટ્રમ્પ સરકારે હમાસનું સમર્થન કરનારા અને કેમ્પસ એક્ટિવિઝમમાં સામેલ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ સામે કાર્યવાહી શરૂ કરી હતી અને ૫૦૦૦ જેટલા ફોરેન સ્ટુડન્ટ્સનું લીગલ સ્ટેટસ કેન્સલ કરી દીધું હતું જેના કારણે તેમની સામે ડિપોર્ટેશનનું જોખમ ઊભું થયું હતું. જોકે, ઘણા સ્ટુડન્ટ્સે ટ્રમ્પની કાર્યવાહીને કોર્ટ્સમાં પડકારી હતી. કોર્ટ્સે પણ ફોરેન સ્ટુડન્ટ્સનો પક્ષ લેતા તેમના વિઝા રિવોકેશન પર ટેમ્પરરી રોક લગાવી દીધી છે, તેમ છતાં હાલમાં અમેરિકામાં અભ્યાસ કરતાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ડરેલા છે, જેનો લાભ ગઠીયાઓ લઈ રહ્યા છે.


સ્કેમર્સ કેવી રીતે ફોરેન સ્ટુડન્ટ્સને ટાર્ગેટ કરી રહ્યા છે તે અંગે FBIએ કહ્યું છે કે, સ્કેમર્સ અમેરિકામાં ભણતા અથવા તો અમેરિકા આવવાની પ્રોસેસમાં રહેલા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સનો કોન્ટેક્ટ કરે છે. આવા સ્ટુડન્ટ્સને તે ઈમિગ્રેશન અથવા તો સરકારી અધિકારી હોવાની ઓળખ આપીને તેમને ડરાવે છે કે F-1 સ્ટુડન્ટ વિઝા જરૂરિયાતોના ઉલ્લંઘન અથવા તો અન્ય ઈમિગ્રેશન સમસ્યાઓના કારણે તે આઉટ ઓફ સ્ટેટસ છે, એટલે કે તેમની પાસે કોઈ લીગલ સ્ટેટસ નથી. બાદમાં તે સ્ટુડન્ટ્સને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે અને ડિપોર્ટ કરવાની ધમકી આપીને તેમની પાસે પૈસાની માંગણી કરે છે. સ્કેમર્સ તેમને ઈમિગ્રેશન પેપરવર્ક પ્રોસેસ માટે, યુનિવર્સિટી રેજિસ્ટ્રેશન ફી ચૂકવવા અથવા તો લીગલ ફી ચૂકવવા જેવી વાતો કરીને કોઈ અજાણી એન્ટિટી અથવા તો બેંક એકાઉન્ટમાં પેમેન્ટ કરવાનું કહે છે.

આ ઉપરાંત FBIએ તે પણ કહ્યું છે કે જે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટને લાગે છે કે તેમને આવા સ્કેમ માટે ટાર્ગેટ કરવામાં આવ્યા હતા તો તેવા લોકો તાત્કાલિક એજન્સીનો સંપર્ક કરે અને શક્ય તેટલી ઈન્ફોર્મેશન પૂરી પાડે,

# નાગરિકતા કેસમાં રાહુલ ગાંધી માટે નવી મુશ્કેલી, અલ્હાબાદ હાઈકોર્ટે સમીક્ષા અરજી દાખલ કરવાની મંજૂરી આપી

અલ્હાબાદ તા.૧૬

અલ્હાબાદ હાઈકોર્ટે બુધવારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીની કથિત બ્રિટિશ નાગરિકતા રદ કરવાની માંગ કરતી નવી જાહેર હિતની અરજી (PIL) ફગાવી દીધી હતી. જોકે, કોર્ટે અરજદારને ૨૦૨૪ ની PIL ફરીથી ખોલવાની માંગ કરતી સમીક્ષા અરજી દાખલ કરવાની મંજૂરી આપી હતી.



અરજદાર, કર્ણાટકના ભાજપના સભ્ય એસ વિગ્નેશ શિશિરે, આ કેસમાં નવા પુરાવા રજૂ કરવાનો દાવો કરતી નવી અરજી દાખલ કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ રાહુલ ગાંધીને તેમની અરજી પર નિર્ણય ન આવે ત્યાં સુધી કોઈપણ વિદેશ યાત્રા પર પ્રતિબંધ મૂકવાની પણ અપીલ કરી હતી.

આ ઘટનાક્રમ ૧૪ મેના રોજ બન્યો હતો અને યુકે અને અન્ય દેશો દ્વારા ગાંધીજીની વિદેશી નાગરિકતા અને પાસપોર્ટ રેકોર્ડ અંગે નવી માહિતી શેર કરવામાં આવ્યા બાદ આ ઘટના બની છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે અવલોકન કર્યું કે આવી જ એક અરજીનો નિકાલ ૫ મેના રોજ થઈ ગયો હોવાથી, અરજદાર આદેશ સામે સમીક્ષા અરજી દાખલ કરી શકે છે. પરિણામે, કોર્ટે નવી અરજીને પાછી ખેંચી લીધી હોવાનું ફગાવી દીધું.

કોર્ટે ૫ મેના રોજ શિશિરની મૂળ અરજીનો નિકાલ કર્યો હતો, અને તેમને અન્ય કાનૂની ઉપાયો શોધવાની મંજૂરી આપી હતી. ''આ મુદ્દા પર અરજદાર દ્વારા કેન્દ્ર સરકારને કરવામાં આવેલી કોઈપણ રજૂઆતની તપાસ સક્ષમ અધિકારી દ્વારા કરી શકાય છે,'' બેન્ચે ઉમેર્યું. આ પહેલા, હાઈકોર્ટે કોંગ્રેસના સાંસદ પર આ મુદ્દાનો ઉકેલ ન આવે ત્યાં સુધી વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી બે અરજીઓ ફગાવી દીધી હતી. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે ગાંધી પણ યુકેના નાગરિક છે, જેના કારણે તેઓ લોકસભાના સભ્ય બનવા માટે અયોગ્ય બની ગયા છે. એપ્રિલમાં, કોર્ટે ગૃહ મંત્રાલય દ્વારા રાહુલ ગાંધી ભારતીય નાગરિક છે કે નહીં તે અંગે રજૂ કરાયેલ સ્ટેટસ રિપોર્ટ સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે ગાંધીની નાગરિકતા અંગેની શંકાઓનું નિરાકરણ કરીને સુધારેલો રિપોર્ટ રજૂ કરવા માટે સરકારને દસ દિવસનો સમય આપ્યો હતો.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર વેકરીયા પારૂલબેન મુળજીભાઇ ધર્મે : હિન્દુ, ઉ.વ.આ. : ૪૧, ધંધો : ગૃહકાર્ય રહે. : રામકૃપા, ગાંધી સ્મૃતિ સોસાયટી ૨ શેરી નં. ૧, પટેલ નગર, ભારતીય સ્કુલ પાસે, રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, મારો જન્મ તા. ૦૧-૦૪-૧૯૮૪ના રોજ મુ. ડેરોઇ, તા. જી. રાજકોટ ખાતે થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે વેકરીયા પારૂલબેન મુળજીભાઇના જન્મ અંગેની કોઇ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા. ૧૫/૦૫/૨૦૨૫ના રોજ જન્મ મરણની નોંધણી અધિનિયમ- ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી-શહેર (૨) અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી રાજકોટ શહેર ૨ જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મળવા **એડવોકેટ દક્ષા એન. મનાતર** મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સંબંધે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખીત આધાર પુરાવા સાથે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી રાજકોટ શહેર ૨ જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ :** રાજકોટ
**તારીખ :** ૧૫-૦૫-૨૦૨૫

## સીવીલ કોર્ટ નોટીસ

**રાજકોટના મહે. સાતમા એડી. સીનીયર સીવીલ જજ શ્રી પી.એસ.સીન્ધી સાહેબની કોર્ટમાં, દિ.પરચુ. અરજી નં. ૧૧૫૧/૨૦૨૫**

અરજદાર **હેતલ સંદીપભાઇ પટ્ટણી** રહે. ખોડીયાર કૃપા, ગાયત્રીનગર શેરી નં.૪, રાજકોટવાળાએ ગુજરનાર **સંદીપ ચંદુલાલ પટ્ટણી**ની સ્થાવર મિલ્કત રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૩૩૬ના પ્લોટ નં. ૧૨, ૧૩ અને ૧૬ના સબ-પ્લોટ નં. ૧ થી ૩ના સબ-પ્લોટ નં. ૧ પૈકીની જમીન ચો.વા.આ. ૫૩-૩ બરાબર ચો.મી. ૪૪-૫૮ તથા ખાનગી ચાલની જમીન ચો.વા.આ. ૨૬-૬ મળી કુલ જમીન ચો.વા. ૮૦ બરાબર ચો.મી. ૬૬-૮૮ ઉપરના રહેણાંક મકાન આવેલ છે તેમજ આ મકાન સંબંધે સીટી સર્વે વોર્ડ નં. ૮, સીટી સર્વે નં. ૧૭૫૮ પૈકી છે. પ્રોપર્ટીકાર્ડમાં નોંધ નં. ૩૯૭૭થી નોંધ પડેલ છે. આ મિલ્કતનું હેરશીપ સર્ટીફીકેટ મળવાની અરજી અત્રેની કોર્ટમાં તેમના વકીલ **શ્રી આનંદ જી. પરમાર** મારફતે દાખલ કરેલ છે. આ સંબંધે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તો લેખિત વાંધાઓ રજુ કરવા ઇચ્છતા હોય તો સદરહું વાંધાઓ અત્રેની કોર્ટ સમક્ષ તા. ૨૬-૬-૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે રજુ કરવા તેમજ ગેરહાજર રહેથી નિયમ મુજબની આગળની કાર્યવાહી માટે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૫-૦૫-૨૦૨૫ના રોજ સહી તથા સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (હિરેન એમ.ઓઝા) આસીસ્ટન્ટ | કોર્ટનો સીકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પાંચમા એડી. સીવીલ જજ શ્રી એ.પી. દવે સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૧૮૫/૨૦૨૫ના અરજદાર જીતેન્દ્રભાઈ જમનાદાસ ત્રાટીયા, રહે. રાજકોટનાએ ગુજ. ગુજ. જમનાદાસ નાનજી ત્રાટીયાની ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરના રે.સ.નં. ૩૨૬ પૈકીની બિનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૪ પૈકીની જમીન ચો.વા.આ. ૪૫૦-૦૦ તથા પ્લોટ નં.૧૪ પૈકીની જમીન ચો.વા.આ. ૩૦૦-૦૦ એમ મળી કુલ જમીન ચો.વા.આ. ૭૫૦-૦૦ ગુજ. જમનાદાસ નાનજી ત્રાટીયા તથા સુરેશચંદ્ર જમનાદાસ ત્રાટીયાએ રજી.વેદ.અનું નં.૨૯૦૯, તા.૧૬/૦૪/૧૯૮૧ના રોજથી હિરાગૌરી મોહનલાલ વિગેરે પાસેથી ખરીદ કરેલ ત્યારબાદ તેઓએ સદરહું જમીન ઉપર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ઔદ્યોગીક હેતુ માટે બાંધકામ કરવા બિલ્ડીંગ પ્લાન પાસ કરાવી બાંધકામ પરવાનગી ક્રમાંક ૧૦૧૧, તા.૨૬/૧૨/૧૯૮૩ના રોજથી પરવાનગી મેળવી કુલ ૧૪ દુકાન/શેડનું બાંધકામ કરેલ ત્યારબાદ સદરહું ૧૪ દુકાન/શેડ અંગે ગુજ. જમનાદાસ નાનજી ત્રાટીયા તથા સુરેશચંદ્ર જમનાદાસ ત્રાટીયાએ સંયુકત સ્વપાર્જીત મિલ્કતનો હિસ્સો નકકી કરતા કરાર તા.૦૬/૦૩/૨૦૦૬ના રોજથી કરેલ જે મુજબ સદરહું મિલ્કત માંહેથી પશ્ચિમ તરફથી જમીન ચો.વા.આ. ૩૭૫-૦૦ ઉપર આવેલ કુલ ૭ દુકાન/શેડ ગુજ. જમનાદાસ નાનજી ત્રાટીયાના હિસ્સે આવેલ આ રીતે સદરહું મિલ્કત ગુજ. જમનાદાસ નાનજી ત્રાટીયાની સંયુકત માલીકી કબ્જા, ભોગવટાની આવેલ. ત્યારબાદ ગુજરનારે તેમની હૈયાતીમાં તેમની ઉપરોકત સ્વપાર્જીત મિલ્કત અંગે રાજકોટના નોટરી દીલીપ એમ. મહેતા સમક્ષ બુક નં.૦૧/૨૦૨૩, પેઈજ નં.૭૩/૨૦૨૩, સીરીયલ નં. ૧૪૫૦/૨૦૨૩, તા.૧૬/૧૨/૨૦૨૩ના રોજ બે સાક્ષી (૧) ભરતભાઈ ભીખાલાલ શાહ તથા (૨) મુકેશ અમૃતલાલ વાઘેલાની રૂબરૂમાં વીલ કરેલ. આમ ગુજરનારે કરેલ વીલને આધારે ઉપરોકત મિલ્કતનું લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ કોપી ઓફ ધી વીલ મેળવવા ઉપરોક્ત અરજદારે તેમના વકિલ શ્રી પાર્થ ડી. પીઠડીયા, વિરેન આઈ. વ્યાસ, ધરતી એન. જમરીયા મારફત અત્રેની કોર્ટ સમક્ષ ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે તે સબંધે જે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તો તેમને મુદત તારીખ:- ૨૦/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ વાંધા રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની આથી સ્પષ્ટ નોંધ લેશો. આજ તારીખ:- ૧૬/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (એમ.પી. જોષી) આસીસ્ટન્ટ/કલાર્ક સીવીલ કોર્ટ રાજકોટ. | કોર્ટનો સીકકો | એન.આર. વ્યાસ રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, રાજકોટ.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૮માં એડી. સીવીલ જજ શ્રી એમ.ડી.જાદવ સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ, દિ.પ.અ.નં. ૧૧૪૪/૨૦૨૫થી અરજદારો **(૧) નિલેશભાઇ મહેન્દ્રભાઇ જોશી (૨) જીજ્ઞેશભાઇ મહેન્દ્રભાઇ જોષીએ ગુજ. મહેન્દ્રભાઇ રેવાશંકર જોષી**ની સ્થાવર મિલ્કતો કે જે મિલ્કત નં. ૧ રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૪૩૮ પૈકી ટીપી. સ્કીમ નં.૨, ઓ.પી.નં. ૪૫, એફ.પી.નં. ૨૮૭/૧ પૈકીની જમીનમાં આવેલ 'મૈત્રીનગર કર્મચારી કો.ઓપ.હા.સોસાયટી લી.' જેના (રજી. નં. ઘ-૧૧૫૪૭ તા. ૨૦-૬-૧૯૯૦)ના પ્લોટ નં.૧૫ની જમીન ચો.મી.આ. ૭૪-૭૧ અંગે જેના ચો.વા.આ. ૮૯-૩૫ વાળો પ્લોટ ગુજરનારે તેમના જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૭૦૩૭, તા. ૩૧/૦૩/૨૦૦૮થી મૈત્રીનગર કર્મચારી કો.ઓ.હા.સો.લી.ના માનદ મંત્રીશ્રી કેતનકુમાર એચ.મહેતા પાસેથી ખરીદ કરેલ અને ત્યારબાદ તેના ઉપર રહેણાંક મકાનનું બાંધકામ કરેલ છે તથા મિલ્કત નં.૨ : રાજકોટ મ્યુ. કોર્પોરેશનની હદમાં આવેલ, રાજકોટના રેવન્યુ સર્વે નં. ૬૫૪ પૈકીની બીનખેતી પ્લોટસ પૈકીના પ્લોટ નં.૪, પૈકી જેના ટી.પી. સ્કીમ નં.૨, એફ.પી.નં. ૧૩૫/૪ પૈકીની ખુલ્લી જમીન રજી.વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૫૮૦૫ તા. ૨૧/૧૨/૯૯થી જયાબેન ટપુભાઇ પરસાણા પાસેથી ખરીદ કરેલ છે, જે દસ્તાવેજમાં ક્ષેત્રફળ ભુલ થતા ગુજરનારના નામ જોગ ચુક સુધારા દસ્તાવેજ અનુ. નં. ૧૬૫૫ તા. ૧૯/૪/૨૦૦૩ના રોજ જયાબેન ટપુભાઇ પરસાણાના કુ.મુ. મગનભાઇ ટપુભાઇ પરસાણાએ કરી આપેલ છે, જે મુજબની જમીન ચો.મી.આ. ૧૫૧-૮-૪ ઉપર ગુજરનારનું રહેણાંક લાયક મકાન આવેલ છે, સદરહું મિલ્કતોનું ગુજ. મહેન્દ્રભાઇ રેવાશંકર જોષીએ તા. ૨૦/૦૭/૨૦૦૭ના રોજ અરજદારોની તરફેણમાં વીલ અને વસીયતનામુ કરી આપેલ છે સદરહું વીલ અને વસીયતનામાની રૂએ અરજદાર અરજદારોએ તેમના નામનું પ્રોબેટ મેળવવા તેમના વકીલ **પી.બી.પટેલ તથા પી.એન.કુકાવા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે, જે સંબંધે કોઇ વ્યકિતને કોઇ વાંધો તકરાર હોય તો તેમણે મુદત તા. ૧૬/૬/૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૧૫/૦૫/૨૦૨૫ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (પી.એ.રાઠોડ) આસીસ્ટન્ટ | કોર્ટનો સીકકો | (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, રાજકોટ

▸▸ કર્નલ સોફીયા કુરેશીને પાકિસ્તાનીઓની બહેન કહેનારા મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ સામે દેશદ્રોહનો ગુનો દાખલ કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન ▸▸

# ભાજપના મંત્રી અને કોર્પોરેટરના પુતળાનું દહન કરતી કોંગ્રેસઃ સુત્રોચ્ચાર

રાજકોટ તા.૧૬

ભારતીય સૈન્યના ઓપરેશન સિંદૂર બાદ બફાટ કરી ભારતીય સૈન્ય અને દેશના નાગરિકોનું અપમાન કરનાર મધ્યપ્રદેશના ભાજપના મંત્રી વિજય શાહ તેમજ રાજકોટ ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજાના પુતળાનું દહન કરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગ દ્વારા આજે શહેરના હાર્દસમા યાજ્ઞિક રોડ પર વિરોધ પ્રદર્શન કરી સુત્રોચ્ચાર કરવામાં આવેલ હતા.

પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી મહેશભાઈ રાજપુતની આગેવાનીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો હોદેદારો તથા નગરજનો ઉમટી પડયા હતા.

આ અંગે પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ મહેશભાઈ રાજપુતે જણાવ્યું હતું કે સમગ્ર ભારત દેશની જનતા જયારે ભારત દેશના વરિષ્ઠ સૈન્ય અધિકારી કર્નલ સોફિયા કુરેશીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી રહી છે ત્યારે ભાજપના મધ્યપ્રદેશ રાજયના મંત્રી વિજય શાહએ ભારત દેશની જાંબાજ દિકરી ઉપર અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા છે. ત્યારે મધ્યપ્રદેશ હાઈકોર્ટે પણ ફકત ૪ કલાકમાં એફઆઈઆર નોંધવા અને ગુન્હો દાખલ કરવા હુકમ કરેલ છતા ભાજપ સરકાર અને વડાપ્રધાન મોદી શા માટે મૌન છે?

સામાન્ય વ્યકિત કે ભાજપ સિવાયના અન્ય રાજકીય પક્ષના આગેવાને જો વિજય શાહ જેવા શબ્દો ઉચ્ચારી અને ભારતની દીકરીનું અપમાન કર્યુ હતો તો તાત્કાલિક સેકન્ડમાં ગુન્હો દાખલ થઈ ગયો





તસ્વીર: પંકજ શિશાંગીયા

## ભાજપનુ કેવુ પીઠબળ? કોર્પોરેટર ચેતન સુરેજાએ માફી પણ ન માંગી

# ગુજરાતની દિકરી કર્નલ સોફીયા કુરેશીના ગૌરવને 'ઉતારી' પાડવા પાછળ ભાજપના મંત્રીના ઉદ્દેશ શું? પાર્ટીનું જ ષડયંત્ર?

રાજકોટ તા.૧૬

પાકિસ્તાન સાથેના મીની યુદ્ધ વચ્ચે 'જશ' લેવા ભાજપે હોડ શરૂ કરી છે અને તેમાં વિવાદીત વિધાનો થવા છતાં ભાજપ નેતાગીરીની ચૂપકીદી તથા પાર્ટી નેતાઓ સામે કાર્યવાહી નહી કરાતા કોંગ્રેસ સમક્ષ મહેશ રાજપૂતે સવાલ ઉઠાવ્યા હતા.

કોંગ્રેસ આગેવાન અને ઓબીસી મોરચાના પ્રદેશ નેતા મહેશ રાજપૂતે 'સાંજ સમાચાર'ની રૂબરૂ મુલાકાતમાં કહ્યું કે ગુજરાતની દિકરી- મહિલા સૈન્ય અધિકારી કર્નલ શોફીયા કુરેશીના ગૌરવની નોંધ આખા દેશ-દુનિયાએ લીધી છે છતાં ભાજપના પ્રધાને તેમના વિશે અપમાનજનક વિધાન કર્યુ હતું. ગુજરાતની દિકરીના ગૌરવને ઉતારી પાડવાનો ઉદેશ જ હોવાની શંકા ઉઠે છે. ઈરાદાપૂર્વક બીજા રાજયમાંથી તે શરૂ કરાવાયાનુ માની શકાય છે. હવે ખેલ ઉંધો પડયો છે છતાં સરકાર કોઈ પગલા લેવાના બદલે મૌન થઈ ગઈ છે. સમાજવાદી પાર્ટીના





તસ્વીર: પંકજ શિશાંગીયા

## મહેશ રાજપૂતે સવાલ ઉઠાવ્યાઃ મોદી-યોગી ચૂપ કેમ? ભાજપ નેતાઓ કાંઈ કરે તો ચાલે, વિપક્ષ બોલે તો સીધો ગુનો

સાંસદના અન્ય સૈન્ય અધિકારી વિંગ કમાંડર વ્યોમિકાસિંહ વિશે બોલ્યા તો ભાજપ નેતાઓ-યોગી આદિત્યનાથે હોબાળો સર્જી દીધો છે. પરંતુ ભાજપ પ્રધાનના વિધાન વિશે એક હરફ પણ ઉચ્ચાર્યો નથી. ભાજપના નેતાઓ બોલે તો કાંઈ વાંધો નહીં. પરંતુ વિપક્ષથી બદઈરાદા વિના પણ કાંઈ બોલાય જાય તો સીધા ગુના દાખલ થાય છે.

રાજકોટના કોર્પોરેટર ચેતન સુરેજાની વિવાદીત પોસ્ટ વિશે પણ નેતાગીરીએ તેમને છાવર્યા છે અને માફી માંગવાની પણ દરકાર કરી નથી. કોંગ્રેસે કોર્પોરેટર દેશની માફી માંગે તેવી માંગ ઉચ્ચારી હોવા છતાં અભિમાનમાં રહેલી ભાજપ નેતાગીરીએ કોઈ દરકાર કરી નથી. વાસ્તવમાં સાયબર વાયદા હેઠળ વિવાદીત મેસેજ ફોરવર્ડ કરવો તે પણ ગુનો બને છે.

પાકિસ્તાન સામેનો તનાવ રાષ્ટ્રની વાત હતી. તમામ વિપક્ષોએ સરકારને સમર્થન આપ્યુ હતુ તે ભાજપે ભુલવુ ન જોઈએ.


## રાજકોટના કોર્પોરેટર ચેતન સુરેજા દેશની પરવાહ કર્યા વગર મતોની રાજનીતિ સાથે ૪૦૦ સીટ માંગી ભાજપનો અસલી ચહેરો બહાર લાવેલ છેઃ મંત્રી સામે ગુનો દાખલ કરવા હાઈકોર્ટનો હુકમ છતા વડાપ્રધાન મોદીનું મૌન શા માટે-મહેશ રાજપુત

હોત. અને ધરપકડ પણ મોટી મોટી કલમો લગાડી કરી લીધી હોત. ભાજપની બેવડી નીતિઓ કયાં સુધી ભારતની પ્રજાએ સહન કરવાની છે? વિજય શાહ સામે સુપ્રીમ કોર્ટે પણ આકરી ટીકા કરી છે પણ ૫૬ની છાતી વાળા વડાપ્રધાન ચુપકીદી સાધી છે.

મધ્યપ્રદેશ ભાજપ સરકારના કેબીનેટ મંત્રી વિજય શાહએ દેશની દીકરી ઉપર અપમાનજનક શબ્દો કહ્યા છે જેનાથી આખો દેશ આક્રોષિત છે આ મંત્રીએ ભૂતકાળમાં મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના પત્ની વિષે આપત્તિજનક ટીપ્પણી કરી ચૂકયા છે તેમજ મધ્યપ્રદેશમાં એક ફિલ્મની શુટીંગ દરમ્યાન અભિનેત્રી વિદ્યા બાલનની પણ ફિલ્મની શુટીંગ અટકાવી ચૂકયા છે આ ભાજપના મંત્રી હલકી વિચારધારા અને નબળુ ચારિત્ર્ય સાબિત કર્યુ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજાએ સોશિયલ મીડિયામાં એક મેસેજ મૂકયો હતો કે ૨૪૦ સીટમાં આટલું જ યુધ્ધ જોવા મળે આ યુધ્ધ જોવા ૪૦૦ સીટ આપવી પડે! ભાજપ કોર્પોરેટર ચેતન સુરેજાએ ચેષ્ટા કરી છે અને ભારત દેશના નાગરિકોનું અને સૈન્યનું અપમાન કર્યુ ધિકકાર છે.

આવા ભાજપના નેતાઓને દરેક સમયે મતની રાજનીતિ સુજે છે કારણ કે ભાજપને દરેક કાર્યમાં માત્ર વોટ બેંક વધારવી તેના સિવાય કોઈ વિચાર હોતો નથી જયારે દેશના તમામ પક્ષો તમામ નાગરિકો પોતાની જાતિ ભૂલી માત્ર દેશના રક્ષા માટે એકજુટ થઈને લડતા હોય ત્યારે આ બંને ભાજપના સંસ્કાર ઉજાગર કર્યા છે જે ભાજપનો ચહેરો ખુલ્લો પડી ગયો છે માત્ર મત મેળવવાની નીતિ અને બેફામ વાણી વિલાસ ભાજપના નેતાઓએ કર્યા છે જે ભાજપની નિમ્ન વિચારધારા સ્પષ્ટ દેખાડી છે.



# અબ તક ૬ ઠાર! હવે વધુ આઠ ત્રાસવાદીઓની કાશ્મીરમાં તલાશ

## પોલીસ-સેનાની સંયુક્ત પત્રકાર પરિષદઃ હથિયારો-વિસ્ફોટકોનો મોટો જથ્થો મળ્યો

નવી દિલ્હીઃ પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં તિવ્ર બનાવાયેલા ત્રાસવાદ સામેની કાર્યવાહીમાં છેલ્લા ત્રણ દિવસમાં ૬ ખુંખાર ત્રાસવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે પણ હજું આઠની તલાશ ચાલુ છે. આજે શ્રીનગરમાં એક પત્રકાર પરિષદ- કાશ્મીર ઝોનના આઈપીજી વી.કે.બીરડીએ એક સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ત્રાસવાદીઓના અડ્ડામાંથી મોટા પાયે હથિયાર-વિસ્ફોટકોનો મોટો જથ્થો ઝડપી લેવાયા છે. ઓપરેશન કેલર હેઠળ ૪૮ કલાકમાં મહત્વપૂર્વ સફળતા મેળવી છે. શોપીયાના ત્રાલમાં પણ ઓપરેશન કરાયુ હતુ. આ પત્રકાર પરિષદને સંબોધતા જનરલ કમાન્ડીંગ ઈન ચીફ વિકટર ફોર્સના મેજર જનરલ ધનંજય જોષીએ કહ્યુ કે ગુપ્તચર બાતમીના આધારે આ ઓપરેશન હાથ ધરાયુ હતુ. અમોએ ત્રાસવાદીઓનો પીછો કરી તેને પટકાર્યા હતા. ત્રાસવાદીઓએ નાગરિક ક્ષેત્રમાં ઘુસીને ગ્રામીણ લોકોને ઢાલ બનાવવા પ્રયાસ કર્યો હતો પણ તેઓને ફાવવા દીધા ન હતા. ત્રાલમાં સરહદી ક્ષેત્રમાં ત્રાસવાદીઓને પડકારાયા હતા અને તેઓને ઠાર મરાયા હતા.

# લોધિકા ગ્રામ પંચાયતના સરપંચને હોદા પરથી દુર કરવા ડીડીઓનો હુકમઃ ગેરરીતિ બદલ પગલુ

## લોધિકાના રાજકારણમાં આંતરિક ગરમાવો સર્જાવાના એંધાણ

રાજકોટ તા.૧૬

રાજકોટ જીલ્લાના લોધિકા તાલુકાના રાજકારણમાં ફરી ગરમાવો આવવાના એંધાણ હોય તેમ લોધિકા ગ્રામપંચાયતના મહિલા સરપંચ સુધાબેન કિશોરભાઈ વસોયાને પદ પરથી દુર કરી દેવામાં આવતા ખળભળાટ સર્જાયો છે.

રાજકોટ જીલ્લા વિકાસ અધિકારી આનંદુ સુરેશ ગોવિંદે જારી કરેલા હુકમમાં જણાવ્યું છે કે લોધીકા ગ્રામ પંચાયતના સરપંચ સુધાબેન કીશોરભાઈ વસોયાએ અધિકાર ન હોવા છતાં જુના અને નવા ગામતળની હરરાજી કરી હતી અને કુલ ૧૩ પ્લોટના દસ્તાવેજ કરી દીધા હતા. આ સિવાય તાલુકા વિકાસ અધિકારીને જાણ કર્યા વિના અને કોઈપણ જાતની પરવાનગી વગર થોરડી રોડ પર આવેલા નવા ગામતળના પ્લોટનું સબપ્લોટીંગ કરી દસ્તાવેજ બનાવીને હરરાજી કર્યા વિના મળતીયાને ફાળવી દેવાયો હતો. આ કિસ્સામાં વહીવટી ગેરરીતિ, અધિકારોનો દુરુપયોગ, સરકારી તિજોરીને નુકશાન, સતા બહારના કૃત્યો માલુમ પડયા છે. આ સંજોગોમમાં ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ પોતાની ફરજ બજાવવામાં અસમર્થ તથા સતાના દુરુપયોગ બદલ સતા પરથી દુર કરવામાં આવે છે.

આ સમગ્ર કેસમાં લોધિકાના અગ્રણી મુકેશ કમાણીએ ગત ૯ સપ્ટેમ્બર ૨૦૨૪માં અરજી દાખલ કરી હતી અને સમગ્ર કૃત્ય ખુલ્લુ કર્યુ હતુ. સરપંચ દ્વારા સતાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. જેને પગલે તેમને હોદા પરથી દુર કરાયા હતા. આ હુકમ સામે સરપંચ દ્વારા અધિક વિકાસ કમીશનરને અપીલ કરવામાં આવી હતી જેને પગલે કેસ રિમાન્ડ પર લેવા (ફરીથી ચલાવવા) આદેશ થયો હતો. જેને પગલે સરપંચને ફરી પદ સોપાયુ હતુ. સમગ્ર કેસમાં નવી સુનાવણી, ખુલાસા-બચાવ બાદ ફરી તેઓને હોદા પરથી દુર કરતો હુકમ કરાયો છે. હુકમમાં ગેરરીતિ વિશે મુદાસર વિગતો ટાંકવામાં આવી છે.

# કોડવર્ડમાં ટ્રમ્પને મારી નાખવાની ધમકી! ૮૬-૪૭ લખાયું

## એફબીઆઈના પુર્વ અધિકારીની ધરપકડઃ છુટકારો




અમેરિકાની ગુપ્તચર એજન્સી FBI (Federal Bureau of Investigation)ના પૂર્વ ડિરેક્ટર જેમ્સ કોમે ડોનાલ્ડ ટ્રમ્પને હત્યાની ધમકી આપી હોવાની અમેરિકામાં ચર્ચા થઈ રહી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટે આ અટકળોને તેજ કરી દીધી છે, જેમાં બે અંક લખેલા હતા-૮૬ અને ૪૭. બંને મળીને જે ડિકોડ કરવામાં આવ્યું તેમાં કહેવામાં આવ્યું કે, જેમ્સ કોમે ટ્રમ્પને ઈશારામાં હત્યાની ધમકી આપી છે. આ મુદ્દે વિવાદ વધ્યો તો જેમ્સ કોમે ઈન્સ્ટાગ્રામ શેર કરેલી પોસ્ટને ડિલીટ કરી દીધી અને સ્પષ્ટતા આપતા કહ્યું કે, આ અંકનો હિંસા સાથે કોઈ સંબંધ નથી. હવે પ્રશ્ન એ થઈ રહ્યો છે કે, આખરે '૮૬ ૪૭' લખવું વિવાદનો વિષય કેમ બન્યો?

આ વિવાદનું કારણ છે કે, અમેરિકામાં ૮૬નો ઉપયોગ એક સ્લેંગ અથવા ગાળના રૂપે કરવામાં આવે છે, તેનો અર્થ ઉપાડીને બહાર ફંકવું, છૂટકારો મેળવવો અને ખતમ કરી દેવા સાથે જોડવામાં આવે છે. આ સિવાય ૪૭ને ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક કોડ માનવામાં આવે છે. કારણ કે, તે અમેરિકાના ૪૭માં રાષ્ટ્ર પ્રમુખ છે. આ પ્રકારે '૮૬ ૪૭'ને ડોનાલ્ડ ટ્રમ્પ માટે હત્યાની ધમકી જણાવવામાં આવી રહ્યું છે. જેમ્સ કોમને ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના કાર્યકાળમાં FBIના ડિરેક્ટર પદેથી મુક્ત કરી દેવામાં આવ્યા હતાં. આ પોસ્ટ પર વિવાદ ત્યારે વધ્યો જ્યારે સાંસદ એન્ડી ઓગલ્સે કહ્યું કે, આ પોસ્ટનો અર્થ ૪૭ને સમાપ્ત કરો એટલે રાષ્ટ્ર પ્રમુખને ખતમ કરો. તેમણે તો એજન્સીઓને જેમ્સ કોમ સામે તપાસ કરવાની પણ માંગ કરી દીધી. આપણે તપાસ કરવી જોઈએ કે, શું કોમે પાસે કોઈ સંવેદનશીલ દસ્તાવેજ અથવા સિક્યોરિટી ક્લિયરેન્સનો કોઈ એક્સેસ હજુ સુધી તો નથી ને? જો આવું કંઈ હોય તો આ ગંભીર ચિંતાનો વિષય છે.

# જીન્સ બનાવતી કંપનીના ટાંકામાં ડૂબી જવાથી ત્રણ શ્રમિકોના મોત

## પુરી રાત પાણીના ટાંકામાં મૃત પડયા રહ્યા



અમદાવાદની દાણીલીમડા વિસ્તારમાં જીન્સ બનાવતી કંપનીમાં કાપડ ધોવાની ટાંકીમાં ઉતરેલા ત્રણ યુવકના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી છે. મૃતકોના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

શહેરના દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગર પાસે જીન્સ બનાવતી કંપનીમાં ત્રણ યુવકોના ટાંકીમાં ડૂબવાથી મોત નિપજ્યા છે. આ યુવકોની ઓળખ સુનિલ રાઠવા, વિશાલ ઠાકોર અને પ્રકાશ પરમાર તરીકે થઈ છે. મૃતકોના પરિવારજનોનો આરોપ છે કે, કંપનીની બેદરકારીના કારણે મૃતકોના મૃતદેહ આખી રાત ટાંકીમાં રહ્યા હોવાના કારણે તેમના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી અને મૃતકોના મૃતદેહોને મણિનગરની એલ.જી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા છે. ત્રણેય યુવકોની ઉંમર ૨૫-૩૦ વયની વચ્ચે હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### પરિવારજનોનો કંપની પર બેદરકારીનો આરોપ

પ્રાથમિક માહિતી અનુસાર, ત્રણેય મૃતક નાઈટ શિફ્ટ દરમિયાન કામ કરી રહ્યા હતાં, સફાઈ માટે તેઓ વોશિંગ ટાંકીમાં પડ્યા હતાં, પરંતુ બહાર આવવામાં નિષ્ફળ ગયા હતા અને રાતભર ટાંકીમાં જ રહ્યા હતાં. દુર્ઘટનાની જાણ થતાં જ પરિવારજનો એલ.જી હોસ્પિટલ પહોંચ્યા હતા અને કંપની પર ફેક્ટરી મેનેજમેન્ટ તરફથી બેદરકારીનો આરોપ લગાવ્યો છે. પરિવારજનોનો દાવો છે કે, કંપનીએ કામદારોને જોખમી રીતે ટાંકીમાં જ છોડી દેવાયા હતા.

# નવા ૧૫૦ ફુટ રીંગરોડ પરથી ચોરાઉ એક્સેસ સાથે ત્રણ શખ્સો ઝડપાયા

## બાર દિવસ પહેલાં સુખસાગર સોસાયટીમાંથી ચોરી કર્યાની કબુલાત, તાલુકા પોલીસની કાર્યવાહી

રાજકોટ. તા.૧૬

નવા ૧૫૦ ફૂટ રીંગરોડ પરથી ચોરાઉ એક્સેસ સાથે ત્રણ શખ્સોને તાલુકા પોલીસની ટીમે પકડી પાડ્યા હતાં.બાર દિવસ પહેલાં સુખસાગર સોસાયટીમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.એમ.હરિપરાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ બલભદ્રસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, શિવભદ્રસિંહ ગોહિલ અને નિકુંજ મારવીયાને ટેકનિકલ સોર્સિસ આધારે ચોક્કસ બાતમી મળેલ કે, ત્રણ શકમંદ આરોપીઓ ચોરી કરેલ બાઈક સાથે ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ એવા કોરલ બીલ્ડીંગ બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં ઉભા છે જેથી સ્ટાફે દોડી જઈ એક્સેસ સાથે ઉભેલ શખ્સને અટકમાં લઈ પોકેટ કોપ એપમાં સર્ચ કરતાં બાઈક અન્યના નામે હોય જેથી તેની પૂછપરછ કરતા બારેક દિવસ પહેલા ગોવર્ધન ચોક ૧૫૦ ફુટ રીંગ રોડ સુખસાગર સોસાયટી શેરી ન.૨ સનરાઇઝ સ્કુલની બાજુમાંથી બાઈક ચોરી કરેલ હોવાનું જણાવેલ હતું.



જેથી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીનો ગુનો ડિટેકટ કરી ગૌતમ ઉર્ફે કાનો કેસુ મકવાણા (ઉ.વ.૨૦, રહે.એ.જી.ચોક આવાસના કવાર્ટર એ-૨૧૭), પ્રકાશ ઉર્ફે પકો શૈલેષ ચૌહાણ (ઉ.વ.૨૫, રહે.વીરસાવરકર આવાસ યોજના એન ૧૦૨ ડેકોરા પાસે અવધના ઢાળ પાસે કાલાવડ રોડ) અને તરૂણ હિતેષ જેઠવા (ઉ.વ.૧૯, રહે.કણકોટ પાટીયા પાસે બંસી કિરાણા સ્ટોરની પાસે પાણીના પ્લાન્ટની બાજુમાં) ની ધરપકડ કરી એક્સેસ કબ્જે કર્યું હતું.

# સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં અડધાથી બે ઈંચ વરસાદ

## મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ જિલ્લામાં હળવા-ભારે ઝાપટા વરસ્યાઃ અસહ્ય-બફારા ઉકળાટ બાદ વરસાદ વરસ્યો

રાજકોટ તા.૧૬

સૌરાષ્ટ્ર કચ્છમાં ભરઉનાળે વાતાવરણમાં બદલાવ સાથે કમૌસમી વરસાદ વરસી રહ્યો છે. જેમાં ગઈકાલથી રાજકોટ સહિતના અનેક જિલ્લાઓમાં આજે સવાર સુધીમાં ૨૪ કલાક દરમિયાન અડધાથી બે ઈંચ વરસાદ નોંધાયો છે. મોરબી, ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ જિલ્લામાં હળવો ભારે વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ ભારે પવન સાથે વરસતા અનેક ગામોમાં પાણી વહી ગયા હતા.



સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે ઉકલાટ અને બફારા સાથે વરસાદી વાદળો વરસી પડયા હતા. મુળી, સોમાસર, ભાડુકા, દાણાવાડા, સહિતના ગ્રામ્ય વિસ્તારો અને સાયલા-સિદસરના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.

ભાવનગર જિલ્લામાં ભારે પવનના સુસવાટા સાથે જિલ્લાના અનેક ભાગોમાં હળવા ઝાપટા વરસ્યા હતા ગરમી બફારા સાથે જનજીવન અકળાયુ હતું.


હવામાન વિભાગે હજુ પણ આગામી તા.૨૦મી સુધી હળવા મધ્યમ વરસાદની આગાહી કરી છે.

# મધ્યપ્રદેશના ડેપ્યુટી સીએમ જગદીશ દેવડાનું વિવાદાસ્પદ નિવેદન, 'દેશની સેના પીએમ મોદીના ચરણોમાં નતમસ્તક નમન કરે છે'

ભોપાલ : રાજ્યમાં ભાજપના મંત્રી વિજય શાહનું વિવાદાસ્પદ નિવેદન હજુ બંધ થયું ન હતું ત્યાં વધુ એક નિવેદન ચર્ચામાં આવ્યું છે. મધ્યપ્રદેશના નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવડા ફરી એકવાર પોતાના નિવેદનને કારણે વિવાદમાં આવી ગયા છે. જબલપુરમાં આયોજિત નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોના તાલીમ કાર્યક્રમ દરમિયાન, નાયબ મુખ્યમંત્રીએ એક એવું નિવેદન આપ્યું જેના રાજકીય વર્તુળોમાં તીવ્ર પ્રતિક્રિયાઓ આવી છે.કાર્યક્રમને સંબોધતા દેવડાએ કહ્યું, ''આજે આખો દેશ, દેશની સેના અને આપણા સૈનિકો પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ચરણોમાં નરમસ્તક નમન કરે છે .'' આ નિવેદનની સાથે તેમણે કહ્યું કે પીએમ મોદીએ તાજેતરમાં પહેલગામ હુમલાનો બદલો જે રીતે લીધો તે પ્રશંસનીય છે. દેવડાના આ નિવેદન પર, સ્થળ પર હાજર લોકોએ પીએમ મોદી માટે તાળીઓ પણ પાડી.નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે પીએમ મોદીની નીતિઓ અને નિર્ણયોને કારણે દેશની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બની છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે દેશની સરહદો પહેલા કરતાં વધુ સુરક્ષિત છે, અને આનો બધો શ્રેય વડા પ્રધાન મોદીને જાય છે.

### ઓપરેશન સિંદુરની ડિપ્લોમેટીક અસર પણ દેખાવા લાગી

# પાક. ઠંડુગાર: ભારત સાથે વાટાઘાટની શરીફની તૈયારી



ઈસ્લામાબાદ: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની 'નકલ' કરીને પાક સૈન્યના સરહદી સહિતના મથકોની મુલાકાત લઈ રહેલા પાક વડાપ્રધાન શ્રી નવાઝ શરીફે ભારત સાથે કાશ્મીર સહિતના મુદે મંત્રણા કરવા તૈયારી દર્શાવી છે. પાકના પંજાબમાં એરબેઝ પર મુલાકાત સમયે શરીફે દાવો કર્યો કે અમોએ યુદ્ધ વિરામ કરાવ્યુ છે.

કમારા એરબેઝ પર તેઓએ પાક સૈન્યના જવાનોને સંબોધતા કહ્યું કે અમો ભારત સાથે શાંતિ વાતચીત કરવા તૈયાર છે પણ તેઓએ તેમાં જમ્મુ-કાશ્મીર-લદાખ મુદો હોવો જરૂરી હોવાનું ઉમેરીને હવે ફરી કાશ્મીર દાગ છેડયો છે.

જો કે ભારતે અગાઉ જ સ્પષ્ટ કરી દીધુ છે કે પાક સાથે હવે જો કોઈ વાટાઘાટ થશે તો તે ત્રાસવાદ અને પાક. કબ્જાનું કાશ્મીર કયારે ખાલી થાય તેના પર જ હશે. ભારત અનેક વખત એ સ્પષ્ટ કરી ચૂકયુ છે કે જમ્મુ-કાશ્મીર એ ભારતનો અવિભાજય ભાગ છે અને તેના મુદે કોઈ વાતચીત થઈ શકે નહી પણ પાકના તેવર હવે ઠંડા પડયા છે તે નિશ્ચિત છે. ભારતે પાક વડાપ્રધાનના આ વિધાન પર કોઈ સતાવાર પ્રત્યાઘાત હજુ આપ્યા નથી પણ હાલમાં જ વિદેશમંત્રી શ્રી એસ.જયશંકરે દિલ્હીમાં હોન્ડારૂસના દૂતાવાસના પ્રારંભ સમયે બહુજ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કાશ્મીર પર ચર્ચા માટે ફકત એક જ મુદો બાકી છે અને તે પાક કયારે તેના કબ્જાનું કાશ્મીર ખાલી કરે છે તેના પર અમો વાટાઘાટ માટે તૈયાર છીએ. શરીફે ભારતના વાટાઘાટના ટેબલ પર લાવવા આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી હતી.

**જો કે કાશ્મીર રાગ યથાવત: હવે લદાખનો પણ ઉલ્લેખ: વિદેશમંત્રી એસ.જયશંકરનો સંદેશ: વાતચીત ફકત P.O.K. કયારે ખાલી કરો છો તેના પર જ થશે: નકલખોર પાક પીએમ વધુ એક એરબેઝ પહોંચ્યા**

## તા.૧૮ સુધી જ યુદ્ધવિરામ!

### પાકના વિદેશમંત્રીનો દાવો

ઈસ્લામાબાદ: ભારત-પાક વચ્ચેના એક મીની યુદ્ધ બાદ જે રીતે યુદ્ધ વિરામ થયું તે તા.૧૮ સુધીનું જ હોવાનું જણાવીને પાકના વિદેશમંત્રીએ ઈશાક દારે જણાવ્યુ કે બાદમાં બન્ને દેશોના ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન આગળ નિર્ણય લેશે. તા.૧૦ મે ના રોજ ભારત-પાક વચ્ચે યુદ્ધ વિરામની સંમત બની હતી અને તે દિવસે રાત્રીના બે-ત્રણ કલાક સુધી પાક.ના ડ્રોન વિ. હુમલાને મારી હટાવાયા હતા પછી પાક સૈન્ય શાંત થઈ ગયુ છે અને બન્ને દેશોના ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન સતત સંપર્કમાં છે.

---

### પાકના અખબારો જ તેના નેતાઓની 'પોલ' ખોલે છે

## પાક નાયબ વડાપ્રધાને 'ટેલિગ્રાફ' અખબારના નામે જુઠાણુ ચલાવ્યુ: 'ડોન' એ પર્દાફાશ કર્યો

### પાક આકાશનું બાદશાહ છે તેવા લખાણ સાથે બ્રિટીશ અખબારનું ફેક-વેઘર તૈયાર કરી સંસદમાં દર્શાવ્યુ

ઈસ્લામાબાદ: ઓપરેશન સિંદુરમાં ભારતના હાથે ધોબીપછાડ જેવો માર ખાધા બાદ પણ પાક તેની કહેવાતી બહાદુરીના ફાંકા ફોજદારી દુનિયાભરમાં કરી રહ્યુ છે અને ખુદને ખોટા દાવા કરી રહ્યું છે તેમાં હવે પાકિસ્તાનના જ અખબારો હવે દેશના નેતાઓની પોલ ખોલી રહ્યા છે. પાકના નાયબ વડાપ્રધાન ઈશાક દારે દેશની સંસદમાં એટલે દાવો કર્યો કે બ્રિટનના ટેલીગ્રાફ અખબારે પણ પાકની વાયુસેનાની તાકાત સ્વીકારી છે અને આ અખબારે લખ્યું છે કે પાકિસ્તાન એરફોર્સએ આકાશનો બેતાજ બાદશાહ છે પણ પાકના અખબાર 'ડોન' એ જ તેના દેશના નાયબ વડાપ્રધાનના દાવાને ખુલ્લો પાડી




દીધો છે પણ ટેલીગ્રાફનું કટીંગ જે મંત્રીએ દર્શાવ્યુ તે ખરેખર આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરીને તૈયાર કરાયુ હતું. ટેલીગ્રાફનું નકલી પેજ તૈયાર કરાયુ હતુ. પાકના અખબાર 'ડોન' દ્વારા આપ તેના જ દેશના નાયબ વડાપ્રધાનના દાવાનો પર્દાફાશ કર્યો હતો. સોશ્યલ મીડીયામાં પણ બાદમાં પાકના નાયબ વડાપ્રધાનની આકરી ટીકા થઈ હતી.

---

## હવે ચિદમ્બરમ પણ થરૂરના રસ્તે!: મોદીના વખાણ કર્યા: 'ઈન્ડિયા' ગઠબંધન સામે સવાલો ઉઠાવ્યા



### સીઝફાયર મામલે ચિદમ્બરમે મોદી સરકારનું સમર્થન કર્યુ

નવી દિલ્હી તા.૧૬

હવે કોંગ્રેસના વધુ એક વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમ થરૂરના માર્ગે ચાલ્યા છે! સીઝફાયર પર મોદીનું સમર્થન કરીને વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા' પર સવાલ ઉઠાવ્યા છે.

ગુરુવારે તેમણે મોદી સરકારની પ્રશંસા કર્યા બાદ વિપક્ષી ગઠબંધન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે 'ઈન્ડિયા'ને લઈને ચિંતા વ્યક્ત કરી હતી કે મને વિશ્વાસ નથી આવતો કે વિપક્ષ ગઠબંધન હજુ સુધી યથાવત છે. એક કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે આ સવાલનો જવાબ માત્ર સલમાન ખુરશીદ જ આપી શકે છે, કારણ કે તે 'ઈન્ડિયા' માટે સંવાદ કરનારી ટીમનો ભાગ હતા. જો વિપક્ષી ગઠબંધન પુરી રીતે યથાવત હોય તો મને ખુશી વિશે હજુ એવું લાગે છે કે મોટી તાકાત સામે ગઠબંધન નબળું પડી ગયું છે. પુર્વ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે 'ઈન્ડિયા'એ બધા મોરચા સામે લડવું પડશે.

---

### ભારતીય હુમલાની સટીકતાથી વિશ્વના સંરક્ષણ નિષ્ણાંતો દંગ

## પાક. પર ૧૫ બ્રહ્મોસ મિસાઈલ દાગવામાં આવી હતી

**પશ્ચિમી અને દક્ષિણ કમાન્ડની બ્રહ્મોસ સ્કલ્પ મિસાઈલોએ પાકના ૧૧ એરબેઝને તબાહ કર્યા: પાક હવાઈ અને પાઈલોટની ખુવારી પણ સહન કરવી પડી હોવાની શકયતા**




નવી દિલ્હી: ભારતે ઓપરેશન સિંદુરમાં તા.૯-૧૦ના જે રીતે પાકના હવાઈ મથકો પર હુમલા કર્યા તેમાં પાકના ૧૧ એરબેઝ પર કુલ ૧૫ બ્રહ્મોસ મિસાઈલ દાગવામાં આવ્યા હતા. જેના કારણે પાકના એરબેઝ તથા તેની હવાઈ તાકાતને મોટું નુકશાન થયુ અને ભારતને તે જવાબ આપી શકયુ નહી. પાકે ચીન પાસેથી એચ-કયુ-૩ મિસાઈલ સિસ્ટમ મેળવી છે. તેનો પણ પંગુ બનાવી દેવામાં આવી હતી. પાકે કદાચ કાલના પણ નહી કરી હોય કે તેની તમામ એરડિફેન્સ સીસ્ટમને એક સાથે જ નિશાન બનાવાશે. તેનું ધ્યાન પાક કબ્જાના કાશમીર પર હતુ પણ છેક રાવલપીંડીના નુરખાન એરબેઝ સુધી ભારતના હવાઈ હુમલો પહોંચી ગયો હતો તો ચકલાવ એરબેઝ જે પણ મહત્વપૂર્ણ છે તેને પણ ટાર્ગેટ કરાયુ હતુ અને તેમાં ભારતે તેના બ્રહ્મોસ મિસાઈલ સીસ્ટમનો ઉપયોગ કરવાનો અને રાષ્ટ્રીય વિમાનને પ્રથમ વખત આ રીતે યુદ્ધમાં જોડયા હતા. ભારતીય હવાઈદળના પશ્ચીમી તથા દક્ષિણી એરકમાન્ડથી બ્રહ્મોસ અને સ્લેપ મિસાઈલને દાગવામાં આવ્યા હતા અને પાકના સિંધ સહિતના એરબેઝને લગભગ તબાહીની હાલતમાં મુકી દીધા હતા. પાકે ભારતના પશ્ચીમ અને ઉતરીય એરબેઝને નિશાન બનાવવા પ્રયાસ કર્યા પરંતુ ભારતની એર ડિફેન્સ સીસ્ટમની જાળવણી પાકના ડ્રોન કે મિસાઈલ પહોંચી શકયા ન હતા. એર ડિફેન્સ સીસ્ટમ એ એલર્ટ રહીને પાક તરફથી પાકના ડ્રોન મિસાઈલ ને અગાઉથી પારખીને તેનો હવામાંજ નાશ કર્યો હતો. એટલું જ નહી પાકના લાહોર જયાંથી થતા હતા તે ક્ષેત્રની એર ડિફેન્સ સીસ્ટમને તાડી પાડી ભારતના હુમલા સામેના વિધાનો દુર કર્યા હતા.

---

### પાકિસ્તાને પોતાની સાથે ચીનની આબરૂ પણ કાઢી: દોસ્તી ભારે પડી

# ભારત સામે હથિયારો તકલાદી પુરવાર થતા ચીનની ડિફેન્સ કંપનીઓના શેરમાં કડાકા

**ઓપરેશન સિંદુરમાં ભારતીય દળોએ ચીનના હથિયારોનો કચ્ચરઘાણ વાળ્યો હતો: જેએફ-૧૭ અને જે-૧૦ સી ફાઈટર જેટ ભારતીય સિમામાં ઘુસી જ ન શકયા**

મુંબઈ તા.૧૬

ભારત અને પાકિસ્તાન વચ્ચેના મીની યુદ્ધ બાદ પાકિસ્તાન સતત વિજયના દાવા કરી રહ્યું છે અને પાકિસ્તાનના મીડીયા પણ અનેક ભારતીય વિમાનો તોડી પાડયા હોવાના દાવા કરે છે પરંતુ પાકિસ્તાનનો આ દાવો ખુદ ચીનના શેરબજાર જ તોડી રહ્યું છે. એક તરફ ભારતે જે રીતે તેની તાકાત બતાવી અને ઘરઆંગણે નિર્મિત કરેલા આકાશ એન્ટી ડિફેન્સ સીસ્ટમ અને બ્રહ્મોસ મિસાઈલ એ પાકિસ્તાનના એરબેઝના ભુકકા બોલાવી દીધા તો બીજી તરફ ચીનના હથિયારથી પાકિસ્તાન લડવા આવ્યુ હતું પરંતુ ચીનના હથિયારને ભારતે ખરેખર ચાઈનીઝ પુરવાર કરી દીધા જેના કારણે ચીનના શેનઝેન શેરબજારમાં હથિયાર બનાવતી કંપનીઓના શેરમાં કડાકા થવા લાગ્યા છે. તા.૧૩ના રોજ હેંગસેંગ ચાઈના એરોસ્પેસ એન્ડ ડિફેન્સના શેરમાં ૩ ટકા કડાકો થયો હતો જયારે ચીનના અત્યંત આધુનિક ફાઈટર વિમાન જે.એફ.૧૭નું નિર્માણ કરે છે તે કંપની એવીઆઈસી ચેંગદુનો શેર પણ નવ




**ચાઈનીઝ કંપનીઓના મિસાઈલ પણ ફસકી ગયા: ચીનના નંબર-ટુ ગણાતા સેનઝેન સ્ટોકમાર્કેટમાં ચાઈનીઝ કંપનીઓના રોકાણમાં હવે પ્રશ્ન ઉભા થવા લાગ્યા**

ટકા તૂટી ગયો હતો અને જે-૧૦ સી ફાઈટર જેટ પણ આ કંપની બનાવે છે અને બીજી એક કંપની ઝુઝોઉ તે પીએલ-૧૫ મિસાઈલ બનાવે છે તેના શેરમાં પણ કડાકા થયા છે અને ૬ ટકા ઘટી ગયો હતો. ચીનના શેરબજારમાં આ કડાકાનું કારણ ચાઈનીઝ હથિયારો જે રીતે તકલાદી નિવડયા તેને દોષ આપવામાં આવે છે. પાકિસ્તાને જ કબુલ કર્યુ હતું કે ભારત સામેના યુદ્ધમાં તેણે જેએફ-૧૭ અને જે-૧૦સી ફાઈટર પ્લેનનો ઉપયોગ કર્યો હતો પરંતુ ભારતની એરડિફેન્સ સીસ્ટમ સામે તે બધાય નકામા પુરવાર થયા. પાકિસ્તાને ચાઈનીઝ બનાવટની પીએલ-૧૫ મિસાઈલનો ઉપયોગ કર્યો. તેને પણ તોડી પાડવામાં આવ્યા. આ બાદ ચીનની મિસાઈલ ટેકનોલોજી સામે પણ પ્રશ્ન ઉઠી રહ્યા છે. ચીનની ઝુઝોઉ હોંગડા કંપનીમાં રોકાણકારોનો વિશ્વાસ ઘટવા લાગ્યો છે. પાકિસ્તાનને સૌથી વધુ હથિયાર ચીન પુરા પાડે છે અને તે રીતે ચાઈનીઝ બાંધી મુઠી ખુલી ગઈ છે.

---

### પાક.ને મદદ કરતી તુર્કી દેશની કંપની....

## સેલેબી ભારતના ૯ એરપોર્ટ પર ૨૦૦૮ થી વિવિધ કામગીરી કરે છે: મેટ્રો પ્રોજેકટમાં પણ કામ કરે છે !!

નવી દિલ્હી,તા.૧૬

તુર્કી સ્થિત સેલેબી એવિએશન ભારતનાં નવ એરપોર્ટની જવાબદારી સંભાળતી હતી. કંપની આ એરપોર્ટ્સ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ, કાર્ગો મેનેજમેન્ટ અને એરસાઇડ ઓપરેશન્સની જવાબદારી સંભાળતી હતી.

ભારત-પાક સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને તુર્કી દ્વારા ડ્રોન સપ્લાય કરવા સામે ભારતમાં જોરદાર વિરોધ થઈ રહ્યો છે. લોકો તુર્કિયેથી આવતા ઉત્પાદનોનો બહિષ્કાર કરી રહ્યાં છે. તુર્કી સાથે જોડાયેલી કંપનીઓનો પણ વિરોધ થઈ રહ્યો છે. આવા સમયે એરપોર્ટને લગતી કામગીરી સંભાળતી સેલેબી એવિએશનને લઇને પણ સવાલો ઉઠી રહ્યાં છે. સેલેબી એવિએશન પેસેન્જર સેવાઓ, લોડ કન્ટ્રોલ, ફ્લાઇટ ઓપરેશન્સ, જનરલ એવિએશન, પોસ્ટલ અને ફ્રેઇટ સર્વિસીસ, વેરહાઉસિંગ અને બ્રિજ ઓપરેશન્સનું સંચાલન કરવાનો અનુભવ ધરાવે છે. જોકે તેઓ ભારતમાં પસંદગીની કેટેગરીમાં તેમની સેવાઓ આપતા હતાં, પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ તેમને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે

આ કંપની ઇન્ડિગો અને એર ઇન્ડિયા સહિત ભારતની અન્ય ઘણી




એરલાઇન્સને સેવાઓ પૂરી પાડતી હતી. જો કે ૭૫ ટકા બિઝનેસ વિદેશી એરલાઇન્સ સાથે કરવામાં આવ્યો હતો. તે કાર્ગો મેનેજમેન્ટ, ફ્લાઇટ ઓપરેશન્સ અને વિદેશથી આવતી એરલાઇન્સના લોડ કંટ્રોલનું સંચાલન કરતી હતી.

**૧૦ વર્ષમાં શહેરોની સંખ્યામાં વધારો થયો :-**

કંપનીએ ભારતમાં પ્રવેશ્યાના ૧૦ વર્ષમાં ઉડ્ડયન ક્ષેત્રે તેની હાજરી વધારી. અત્યારે તે ભારતના નવ શહેરોના એરપોર્ટ પર સુરક્ષા સંબંધિત કામમાં લાગી ગઈ હતી. જેમાં મુંબઈ, દિલ્હી, કોચી, કન્નુર, બેંગલુરુ, હૈદરાબાદ, ગોવા, અમદાવાદ અને ચેન્નઈનો સમાવેશ થાય છે. કંપની ભારત ઉપરાંત જર્મની, હંગેરી, ઇન્ડોનેશિયા અને તાન્ઝાનિયાના એરપોર્ટ પર પણ કામ કરે છે.

**૨૦૦૮માં ભારતમાં પ્રવેશી :-**

તુર્કીની કંપની સેલેબીએ ૧૯૫૮માં પ્રથમ ગ્રાઉન્ડ હેન્ડલિંગ સાથે ઉડ્ડયન ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો. ૨૦૦૮માં કંપનીને ભારતમાં પહેલી નોકરી મુંબઈ એરપોર્ટ સાથે સંયુક્ત સાહસ તરીકે મળી હતી. એક વર્ષની અંદર, કંપનીએ સત્તાવાર રીતે બે કંપનીઓ હેઠળ ભારતમાં તેની કામગીરીની નોંધણી કરાવી. એક કંપનીનું નામ ગ્રાઉન્ડ હેન્ડલિંગ માટે 'સેલેબી એરપોર્ટ સર્વિસીસ ઇન્ડિયા' અને બીજી કંપનીને કાર્ગો સર્વિસ માટે 'સેલેબી દિલ્હી કાર્ગો ટર્મિનલ મેનેજમેન્ટ ઇન્ડિયા' નામ આપવામાં આવ્યું હતું.

**કંપનીઓ પણ મેટ્રો પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલી :-**

સરકાર દેશના વિવિધ ભાગોમાં કાર્યરત તુર્કીની કંપનીઓ પર પણ નજર રાખી રહી છે. ભારતમાં ટ્રુશિયાની કંપનીઓ પણ એવિએશનની સાથે સાથે મેટ્રો પ્રોજેક્ટ્સમાં પણ કામ કરી રહી છે. તુર્કીની કંપનીઓ લખનઉ, પુણે અને મુંબઇમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ્સમાં સામેલ છે.

**ઉચ્ચ-સુરક્ષાનું કાર્ય સંભાળતી કંપની :-**

ભારતમાં, કંપની ઉચ્ચ-સુરક્ષા કાર્યો સંભાળી રહી છે. જોકે યોગ્ય તપાસ બાદ જ કંપનીનાં કર્મચારીઓને એરપોર્ટ પર કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ તુર્કિયેએ પાકિસ્તાનને ડ્રોન આપ્યા બાદ લોકો કંપનીની પૂછપરછ કરી રહ્યાં હતાં.

---

## મનપા શિક્ષણ સમિતિની શાળાઓના ૧૨૦૦ શિક્ષકોના પગાર ન થતા દેકારો

### મે માસનું પખવાડિયુ નીકળી ગયું : કારણથી પણ શિક્ષકો અજાણ!

રાજકોટ, તા. ૧૬

મનપાની વર્ષે ૧૦૦ કરોડથી વધુનું બજેટ ધરાવતી નગર પ્રાથિમક શિક્ષણ સમિતિના શિક્ષકોનો પગાર ચાલુ મહિને હજુ સુધી ન થતા કકળાટ ફેલાયો છે. ૮૯ સ્કુલમાં ૧૨૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવે છે અને તેઓ પખવાડીયાથી પગાર જમા થવાની રાહ જુએ છે.

સમિતિમાં દર મહિને પ્રથમ પાંચ દિવસમાં પગાર થાય છે પરંતુ આ મહિને હજુ પગાર જમા થયા નથી. જે રકમ ૧૮ કરોડ જેટલી થાય છે. આથી લોન, બીલ, હપ્તા સહિતના કામમાં શિક્ષકોને દોડાદોડી થઇ છે. શિક્ષકો એવું કહે છે કે પગાર ક્યા કારણસર અટકયો તેની જાણ નથી શિક્ષણ સમિતિમાં ૧ થી ૫ તારીખમાં પગાર થઈ જાય તે માટે ૨૯મી એપ્રિલના રોજ તિજોરીકચેરીમાં બિલ મોકલી દેવાયું હતું. જે પાસ થઈ કરીને બેંકને મોકલી અપાયું છે અને ત્યાંથી શિક્ષકોને પગાર ચૂકવાયો નથી. દર મહિને શિક્ષણ સમિતિમાં સમયસર પગાર થઈ જાય છે પણ આ વખતે ટેકનીકલ કારણસર પગાર અટકી પડયાનું સૂત્રોનું કહેવું છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા આ શિક્ષકોનો પગાર અટકી ગયો છે. જેના માટે જવાબદાર કોણ તે કોઇને માલુમ નથી. પરંતુ સમયસર પગાર આપવા માટે જે અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી હોય તેમના દ્વારા બીલ મોકલાવી દીધાનું જણાવાયું છે. હવે બેંક, ટ્રેઝરી ઓફિસ સહિતના સરકારી વિભાગોમાંથી પગાર જમાના મેસેજ ક્યારે આવશે તેની શિક્ષકો રાહ જોઇ રહ્યા છે.

---

## બાપ કે રાક્ષસ : પિતાએ ૧૪ દિવસની પુત્રીની ચાકુ મારીને હત્યા કરી અને લાશ કચરામાં ફેંકી દીધી; ધરપકડ

### મૂળ નેપાળનો રહેવાસી, જગત ચોકીદાર તરીકે કામ કરતો હતો અને તેની પત્ની અને બે પુત્રીઓ સાથે રહેતો હતો. એવી શંકા છે કે આરોપીએ તેની પુત્રીની હત્યા એટલા માટે કરી કારણ કે તે બીજી પુત્રી ઈચ્છતો ન હતો : હૈદરાબાદનો બનાવ

હૈદરાબાદ :

તેલંગણાના હૈદરાબાદમાં ગુરુવારે એક વ્યક્તિએ તેની ૧૪ દિવસની બાળકીની હત્યા કરી દીધી. આરોપી, જેની ઓળખ જગત તરીકે થઈ છે, તેણે શહેરના ગુલશન કોલોનીમાં તેના ઘર પાસે તેની પુત્રીને છરીના ઘા મારીને હત્યા કરી દીધી. બાદમાં આરોપીની પત્ની દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે તેને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યો.

મૂળ નેપાળનો રહેવાસી, જગત ચોકીદાર તરીકે કામ કરતો હતો અને તેની પત્ની અને બે પુત્રીઓ સાથે ગુલશન કોલોનીમાં રહેતો હતો. પોલીસને શંકા છે કે આરોપીએ તેની પુત્રીની હત્યા એટલા માટે કરી હતી કારણ કે તે બીજી પુત્રી ઇચ્છતો ન હતો, ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના અહેવાલ મુજબ.

રિપોર્ટ મુજબ, આ ઘટના ગુરુવારે રાત્રે ૨:૦૦ વાગ્યે બની હતી, જ્યારે તેની પત્ની અને બે પુત્રીઓ સૂઈ રહ્યા હતા. તે તેની ત્રીજી પુત્રીને ઉપાડીને તેના ઘરની નજીક એકાંત જગ્યાએ લઈ ગયો જ્યાં તેણે તીક્ષ્ણ હથિયારથી બાળકીનું ગળું કાપી નાખ્યું.

ત્યારબાદ આરોપીએ હૈદરાબાદના ગોલકોંડા પોલીસ સ્ટેશનની હદ હેઠળ સાત કબરો પાસે કચરાના ઢગલામાં તેના શરીરને ફેંકી દીધું અને ઘરે પાછો ફર્યો. તેની પત્ની સવારે લગભગ ૫:૦૦ વાગ્યે જાગી અને બાળક ગુમ થયું તે પછી જ મામલો બહાર આવ્યો. તેણીએ તેના પતિનો સામનો કર્યો, જેણે પછી બાળકીની હત્યા કરી હોવાની કબૂલાત કરી. પોલીસે આરોપીની ધરપકડ કરી.

---

## અમેરિકાએ ભારતના દુશ્મન તુર્કીને આધુનિક મિસાઈલ વેચવા ૨૨૫ મિલિયન ડોલરનો સોદો કર્યો

### તુર્કી પાસેથી આ મિસાઈલ પાકિસ્તાનના હાથમાં જવાની પણ શકયતા




વોશિંગ્ટન તા.૧૬

ભારત અને પાકિસ્તાન વચ્ચેના મીની યુદ્ધમાં તુર્કીએ પાકિસ્તાનને સાથ આપ્યો હતો અને જેઓ આ યુદ્ધવિરામ કરાવ્યાનો દાવો કરે છે તે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે તુર્કીને વધુ આધુનિક મિસાઈલ વેચવા માટે ૨૨૫ મિલિયન ડોલરનો સોદો કર્યો છે. ટ્રમ્પ તેની ગલ્ફની ટુરમાં ધંધો જ કરી રહ્યા છે તે સમયે હવે હવામાં પ્રહાર કરી શકતા અને મિડીયમ રેન્જના એઆઈએમ-૧૨૦ સી-૮ એડવાન્સ (એએમઆરએએએમ) મિસાઈલ વેચવા માટે સોદો કર્યો છે અને આ રીતે અમેરિકાએ ભારતની ચિંતા વધારી છે. ૨૦૧૯માં પણ અમેરિકાએ જુના વર્ઝનના મિસાઈલ તુર્કીને વેચ્યા હતા જે બાદમાં પાકિસ્તાનના હાથમાં પહોંચી ગયા હતા પણ અમેરિકાએ દાવો કર્યો છે કે તુર્કીએ નાટોનું સભ્ય રાષ્ટ્ર છે અને તેથી તેને આધુનિક શસ્ત્રો આપવામાં કોઈ વિરોધ હોઈ શકે નહી.

---

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૩૦-૨૩૮૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૮૦-૨૩૩૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૯૫-૨૨૪૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૨૪-૨૧૯૫ |
| પામોલીયન તેલ | ૧૯૯૦-૨૦૦૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૨૦-૨૦૪૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૯૦-૨૧૨૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૭૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૯૬૫૦૦(+૧૫૦૦) | ૯૭૭૦૦(+૧૦૦૦) |

# યુવાનોમાં બેરોજગારી ચિંતાજનકઃ પ્રથમ વખત માસિક રિપોર્ટ જાહેર

નવી દિલ્હી તા.૧૬

દેશમાં પ્રથમ વખત માસિક ધોરણે ગણતરી કરાયેલ બેરોજગારી દર એપ્રિલ ૨૦૨૫ માં ૫.૧ ટકા નોંધાયો હતો, જે શ્રમ બજારની વર્તમાન સ્થિતિનું એક મહત્વપૂર્ણ સૂચક છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે માસિક સામયિક શ્રમ બળ સર્વે શરૂ કરતી વખતે આ આંકડા




જાહેર કર્યા છે. અગાઉ આ આંકડા ફક્ત ત્રિમાસિક અથવા વાર્ષિક ધોરણે જાહેર કરવામાં આવતા હતા, જેના કારણે રોજગારની નવીનતમ પરિસ્થિતિને સમયસર સમજવી મુશ્કેલ બની હતી.

કરંટ વીકલી સ્ટેટસ મુજબ, પુરુષો માટે બેરોજગારી દર ૫.૨ ટકા અને સ્ત્રીઓ માટે ૫.૦ ટકા હતો. યુવાનો માટે પરિસ્થિતિ વધુ ચિંતાજનક હતી, ખાસ કરીને ૧૫-૨૯ વર્ષની વય જૂથમાં, જ્યાં એકંદર બેરોજગારી દર ૧૩.૮ ટકા હતો. શહેરી વિસ્તારોમાં આ દર ૧૭.૨ ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૨.૩ ટકા હતો. સ્ત્રીઓમાં આ અસમાનતા વધુ સ્પષ્ટ હતી - શહેરોમાં તે ૨૩.૭ ટકા અને ગામડાઓમાં ૧૦.૭ ટકા હતી.

ઉપરાંત, શ્રમ બળ ભાગીદારી દર એકંદરે ૫૫.૬ ટકા રહ્યો. આ દર ગ્રામીણ વિસ્તારોમાં ૫૮.૦ ટકા અને શહેરી વિસ્તારોમાં ૫૦.૭ ટકા હતો. ગ્રામીણ વિસ્તારોમાં પુરુષોમાં ૭૯.૦ ટકા અને શહેરી વિસ્તારોમાં ૭૫.૩ ટકા હતો, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓમાં ભાગીદારી ૩૮.૨ ટકા હતી. એ સ્પષ્ટ છે કે હજુ પણ મહિલા શ્રમ ભાગીદારીમાં સુધારો કરવાની જરૂર છે.

# રેસકોર્સ સહિતના રોડ પરથી ૧૭૬૮ બોર્ડ-બેનર જપ્ત

## આડેધડ પ્રચાર સાહિત્ય ખડકી દેવાનું ચાલુ : અલગ-અલગ રસ્તેથી ૪૨ રેંકડી, વેપારીઓના સામાન કબ્જે

રાજકોટ, તા. ૧૬

મનપાની દબાણ હટાવ શાખા દ્વારા છેલ્લા પખવાડીયામાં જુદા જુદા વિસ્તારોમાંથી રેંકડી-કેબીનો જપ્ત કરવા સાથે રાજમાર્ગો પર આડેધડ લગાવી દેવામાં આવતા ૧૭૬૮ બોર્ડ-બેનર જપ્ત કરવામાં આવ્યા હતા. તો અલગ અલગ રસ્તેથી દુકાનો બહાર રાખવામાં આવેલા સામાનો પણ કબ્જે કરાયા હતા.

તા. ૧-૫થી ૧૫-૫ દરમ્યાન જ્યુબેલી, મવડી બ્રિજનીચે રેલ્વે લાઇન, આનંદ બંગલા ચોક, રામનાથ પરા, કરણ પાર્ક, રૈયા રોડ, નંદનવન પાર્ક, રવિવારી આજીડેમ, કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઇટ ચોક પાસેથી રસ્તા પર નડતર રૂપ ૪૨ રેકડી-કેબીન જપ્ત કરવામાં આવી હતી. જયારે જ્યુબેલી, જામનગર રોડ,






હેમુગઢવી હોલ, જંકશન રોડ, ગાયત્રીનગર મેઇન રોડ, ઢેબર રોડ, જંકશન રોડ, કૃષ્ણનગર મેઇન રોડ, રૈયા રોડ, ૧૫૦ ફુટ રોડ, કાલાવાડ રોડ, નાણાવટી ચોક, ભીમનગર રોડ, યુનિ.રોડ, કોઠારીયા રોડ, ધરાર માર્કેટ, મોરબી રોડ સેટેલાઇટ ચોક પરથી જુદીજુદી અન્ય ૩૬૨ પરચુરણ ચીજ વસ્તુઓ, જામનગર રોડ, લક્ષ્મિનગર, યુનિ.રોડ, કોટેચા ચોકથી આકાશવાણી ચોક સુધી, ધરાર માર્કેટ, કેસરી પુલ, પારેવડી ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઇટ ચોક પાસેથી ૨૧૭૧ કિલો શાકભાજી-ફળ જપ્ત કરાયા હતા.

અલગ અલગ રસ્તા પરથી ૩.૬૩ લાખનો મંડપ ચાર્જ, ૧.૧૭ લાખનો વહીવટી ચાર્જ વસુલ કરાયો હતો. જયારે જામનગર રોડ, જલારામ ચોક, જંકશન પ્લોટ, રેસકોર્ષ રોડ, યુનિ. રોડ, ૧૫૦ ફુટ રોડ, નાણાવટી ચોક, સાધુ વાસવાણી રોડ, પટેલ કન્યા છાત્રાલય, કોઠારીયા રોડ, સેટેલાઇટ ચોક પરથી ૧૭૬૮ બોર્ડ-બેનર ઉતારીને જપ્ત કરવામાં આવ્યા હતા.

# રાજકોટનાં ઉમરાળી ગામનાં લાભાર્થીઓને પ્લોટ-આવાસ ફાળવવા કલેકટરને આવેદન

## છેલ્લા ૨૫ વર્ષથી એક પણ પરિવારને પ્લોટ કે આવાસનો લાભ મળ્યો નથીઃગ્રામજનોની રજૂઆત

રાજકોટ તા.૧૬

રાજકોટ તાલુકાના ઉમરાળી ગામના લાભાર્થીઓને ૧૦૦ ચો.વારના પ્લોટ તથા પ્રધાનમંત્રી આવાસ યોજના ફાળવવા કલેકટરને આવેદનપત્ર આપ્યુ છે.

જેમાં હિતેશભાઈ સોમાભાઈ પરમાર (ઉ.૩૫) રહે. મુ. ઉમરાળી તા.જી. રાજકોટનો વતની છું અને હાલ છુટક મજુરી કરી મારૂ ગુજરાન ચલાવું છું અને મારી સાથે સામેલ તમામ અરજદારો ઉમરાળી ગામના રહીશ છે તેઓ બીપીએલ યાદીના લાભાર્થી છે અને મજુરીકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આજ દિન સુધી મારા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ અનુ.જાતિના કોઈપણ સભ્યને મળેલ નથી. તેમજ છેલ્લા પચીસ વર્ષથી ૧૦૦ ચો.વા. પ્લોટ (મફત) કે પંચાયત હરરાજી દ્વારા ફાળવેલ નથી.

હાલના સમયમાં અમારે રહેવા માટે ઘરથાળ પ્લોટ કે કોઈપણ જગ્યા નથી. અમારી પરિસ્થિતિ અત્યંત દયનીય હોવાથી પ્લોટ કે મકાનની જગ્યા પણ



ખરીદી શકવાની સ્થિતિ નથી. અમો ભાડાના મકાનમાં અથવા તો ખરાબાની જગ્યામાં અમારે વસવાટ કરવો પડે છે. જેથી કરીને અમારા બાળકો તેમજ પરિવારને પણ અત્યંત માંદગીની પરિસ્થિતિ ઉભી થાય છે અને વિચાર થયા હોય છે. આ સાથે સામેલ તમામ અરજદારો કે જે ઘર વિહોણા છે તેમજ બીપીએલ કુટુંબમાંથી આવે છે. અને કોઈપણને રહેવા માટે મકાન/પ્લોટ કે કોઈ કાચા ઘરની પણ સુવિધા નથી. જેથી કરીને ૧૦૦ ચો.વાર પ્લોટ તેમજ મકાન સહાય આપવામાં આવે તેવી માંગણી છે.

# પોકસો ગુનામાં ચાર માસથી ફરાર આરોપી પકડાયો

રાજકોટના અપહરણ દુષ્કર્મ અને પોકસોનાં ગુનામાં નાસતા ફરતા બાલ કિશોર આરોપીની અટકાયત કરી છે. રાજકોટ માલવીયાનગર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન પી.આઈ.જે.આર.દેસાઈની સુચના મુજબ પી.એસ.આઈ.એમ.જે.ધાધલ પો.કોન્સ મનીષભાઈ સોઢીયા, અત્રકેતુસિંહ ઝાલાએ અપહરણ, પોકસોના ગુનામાં ચાર માસથી નાસતા ફરતા બાળ કિશોર આરોપી જે ગુનામાં ચાર માસથી નાસતો ફરતો હોય તેને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદપર નવાગામ ખાતે શનિવારે ચુંવાળીયા કોળી સમાજના ૧૦માં સમુહલગ્નનું આયોજન

## નવદંપતિઓને કરિયાવરમાં ઘરવપરાશની તમામ ચીજવસ્તુઓ અપાશે

જય વેલનાથ માંધાતા ટ્રસ્ટ નવાગામ રાજકોટ પ્રેરિત રાજકોટ તાલુકા ચુંવાળીયા કોળી ઠાકોર સમુહલગ્ન સમિતિ આણંદપર નવાગામ દ્વારા તારીખ ૧૭/૫/૨૦૨૫ શનિવાર ના રોજ સાંજે ૪.૦૦ કલાકે થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી આણંદપર નવાગામ મેઇન રોડ લાડવાવાડી ખાતે ૧૦ મો શાહી સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

સમાજના તમામ કાર્યકરોની મહેનતથી તેમજ દાતાઓના સાથ સહકારથી આ સમુહલગ્નમાં નવદંપતિઓને કરિયાવરમાં ઘરવપરાશની તમામ ચીજવસ્તુઓ આપવામાં આવશે. આ સમુહલગ્નમાં પાંચ(૫)હજાર જ્ઞાતિજનોમાટે ભોજન સમારંભની વ્યવસ્થા રાખેલ છે.આ સમુહલગ્નમાં સંતો-મહંતો, સામાજીક આગેવાનો, રાજકીય મહાનુભાવો, ડોકટર, વકિલ, પોલિસમિત્રો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, સરપંચશ્રીઓ તેમજ સમાજની વિવિધ સંસ્થાના તમામ ક્ષેત્રના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહેશે. આ સમુહલગ્નને સફળ બનાવવા ટીમના પ્રમુખ વિપુલભાઈ છનીયારા, બાબુભાઈ ઝંઝવાડીયા, મગનભાઈ પીપળીયા, મનસુખભાઈ બોહકીયા, ધરમશીભાઈ અબાસણીયા, કિશોરભાઈ સીપરીયા, દલસુખભાઈ ગોધાણી, વિજયભાઇ ફતેપરા, રવિભાઈ બાબરીયા, સંદિપભાઈ છનીયારા,દેવાંગભાઈ કુકાવા જહમત ઉઠાવી રહ્યા છે.

# રવિવારે સુપ્રસિધ્ધ ''સ્ટુડિયો શિવ'' ના માલિક ભાવિન ખખરનો જન્મદિવસ

## છેલ્લા ૩ વર્ષથી માતા-પિતા વિહોણી સર્વે જ્ઞાતિની દિકરીઓના વિનામૂલ્યે સમૂહલગ્ન સહિતની ઉમદા સેવાકીય પ્રવૃત્તિ

રાજકોટ, તા.૧૬



રાજકોટ ના સુપ્રસિધ્ધ ''સ્ટુડિયો શિવ'' ના માલીક અને શક્તિ માં ના ઉપાસક ભાવિનભાઈ ખખરનો રવિવારે તા.૧૮ ના રોજ જન્મદિવસ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ''બેટી બચાવો, બેટી પઢાવો'' અભિયાન માં સહભાગી થઈ ભાવિનભાઈ એ ''જય શ્રી ગોપાલ ટ્રસ્ટ રાજકોટ'' ના હોદેદાર તરીકે છેલ્લા ત્રણ વર્ષ થી માતા-પિતા વિહોણી ગરીબ નિરાધાર અઢારેય વરણની અગણિત દીકરીઓના વિનામૂલ્યે સમૂહ લગ્ન યોજી ઉમદા સેવાકાર્ય કરેલ છે.

ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી એ પણ ભાવિનભાઈ ને આવી સેવાકીય પ્રવૃતિ માટે અભિનંદન પાઠવી બિરદાવેલ છે. સ્વ પિતા રસીકભાઈ ખખર ના પગલે ચાલતા ભાવિનભાઈ ''શ્રી કપિલા હનુમાનજી ચૈતન્ય ધામ'', ''માં ગૌરી ગૌશાળા રાજકોટ'' જેવી અનેક ધાર્મિક સામાજિક અને સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા છે. તાજેતરમાં ભાવિનભાઈ 'સાંજ સમાચાર'ની શુભેચ્છા મુલાકાત લીધેલ. ત્યારે 'સાંજ સમાચાર'ના યુવા એક્ઝિક્યુટિવ કરણભાઈ શાહ એ ભાવિનભાઈને અભિનંદન પાઠવ્યા હતા. ભાવિનભાઈને જન્મદિવસ નિમિતે તેમના મો.નં.૯૮૨૫૨ ૯૯૮૯૯ પર શુભેચ્છા મળી રહી છે.

# નવ દિવસ બાદ આજથી એર ઈન્ડિયાની રાજકોટ ફલાઈટ શરૂ

## સાંજે ૬ કલાકે મુંબઇ અને રાત્રે ૮.૩૦ કલાકે દિલ્હી જવા વિમાનો ઉડશે : હવાઇ મુસાફરોમાં ખુશી

રાજકોટ, તા. ૧૬

ભારત-પાક. વચ્ચે યુધ્ધની પરિસ્થિતિ વેળાએ રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટની હવાઇ સેવા તા. ૭ થી ૧૨મી મે સુધી વિવિધ ફલાઇટ માટે બંધ રહેતા એર ઇન્ડિયા એર લાઇન્સ કંપનીએ તેમની રાજકોટની ડેઇલી બે ફલાઇટ કેન્સલ કરી હતી. સિવિલ ફલાઇટ માટે રાજકોટનું એરપોર્ટ ખુલ્લી ગયા બાદ પણ આજે તા. ૧૬મીથી પુનઃ સેવા શરૂ થઇ રહી છે. નવ દિવસ બાદ આજે એર ઇન્ડિયાની રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટની સેવા પૂર્વવત કરી છે.




ગત તા. ૭ થી ૧૨ મે સુધી રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ હવાઇ સેવામાં વિવિધ ફલાઇટ માટે બંધ રહેતા એર ઇન્ડિયા અને ઇન્ડિગોએ પોતાની મુંબઇ, દિલ્હી, ગોવા, બેંગ્લોર, હૈદરાબાદ, પુનાની ફલાઇટ રદ કરી હતી. તા. ૧૩ અને ૧૪મીએ ઇન્ડિગોએ દિલ્હી, મુંબઇ ફલાઇટ રદ કરી હતી અને ગઇકાલે તા. ૧૫મીથી તમામ ફલાઇટો શરૂ હતી જયારે એર ઇન્ડિયા એર લાઇન્સે તા. ૧૨મીથી એરપોર્ટ ખુલી ગયુ હોવા છતાં તા. ૧૫મી સુધી તમામ ફલાઇટ કેન્સલ કરી હતી અને આજે તા. ૧૬મીથી એર ઇન્ડિયાએ રાજકોટથી મુંબઇ અને દિલ્હી હવાઇ સેવા પૂર્વવત કરી છે. આજે સાંજે ૬ કલાકે એર ઇન્ડિયાની રાજકોટ-મુંબઇ અને રાત્રે ૮.૩૦ કલાકે રાજકોટ-દિલ્હી ફલાઇટ ટેક ઓફ થનાર છે. આથી નવ દિવસ બાદ એર ઇન્ડિયાની હવાઇ સેવા પૂર્વવત થતા હવાઇ મુસાફરોમાં આનંદ છવાયો છે.

# ક્રુડ ઓઈલની માંગ મામલે ભારત ચીનને પછાડશેઃ ઓપેકના રિપોર્ટમાં ખુલાસો

## ક્રુડ ઓઈલની વધુ માંગ દુનિયામાં તેજીથી ભારતની વધતી જતી અર્થ વ્યવસ્થાનું પરિણામ

નવીદિલ્હી,તા.૧૬

ભારતમાં ક્રૂડ ઓઇલની માંગ સતત વધી રહી છે. પેટ્રોલિયમ નિકાસકર્તા દેશોના સંગઠન ઓપેકના એક નવા રિપોર્ટના અનુસાર ૨૦૨૫ અને ૨૦૨૬માં દુનિયામાં ભારતમાં સૌથી વધુ ક્રૂડ ઓઇલની માંગ વધશે. આ ચીનની માંગથી બે ગણાથી પણ વધુ છે. ભારતમાં દુનિયામાં તેજીથી વધી રહેલી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે. અહીં દિન પ્રતિદિન ઉર્જા માંગની પણ વધી રહી છે. જેના પરિણામે ભારતમાં ક્રૂડની માંગ ૨૦૨૪માં દૈનિક બેરલદીઠ (બીપીડી) ૫.૫૫ મિલીયન હતી તે ૨૦૨૫માં ૫.૭૪ મિલીયન એટલે કે ૩.૩૯ ટકાનો વધારો થશે.અહેવાલ મુજબ, આ વૃદ્ધિ ૨૦૨૬માં ચાલુ રહેવાની ધારણા



છે, જે ૫.૯૯ મિલિયન બેરલ પ્રતિ દિવસ સુધી પહોંચશે, જે એક વર્ષમાં ૪.૨૮ ટકાનો વધારો દર્શાવે છે. તેનાથી વિપરીત, ચીનમાંથી ઓઇલની માંગ ૨૦૨૫માં માત્ર ૧.૫ ટકા અને ૨૦૨૬માં ૧.૨૫ ટકા વધવાનો અંદાજ છે. આ દર્શાવે છે કે ભારત વિશ્વમાં સૌથી વધુ તેલનો વપરાશ કરી રહ્યું છે.

આમ છતાં, સૌથી વધુ ઓઇલની આયાત કરતા દેશોમાં અમેરિકા ટોચ પર છે. ૨૦૨૫માં તેની અંદાજિત માંગ ૨૦.૫ મિલિયન બેરલ પ્રતિદિન રહેશે, ત્યારબાદ ચીન ૧૬.૯૦ મિલિયન બેરલ પ્રતિદિન અને ૨૦૨૫માં ૧૭.૧૨ મિલિયન બેરલ પ્રતિદિન રહેશે. ઓઇલના ઝડપથી વધતા વપરાશને ધ્યાનમાં લેતા, ભારત આ યાદીમાં ત્રીજા સ્થાને છે. ૨૦૨૫ અને ૨૦૨૬માં અમેરિકામાંથી તેલની માંગમાં અનુક્રમે ૦.૦૯ અને ૦.૬ ટકાનો નજીવો વધારો થવાની ધારણા છે.

# એવરેસ્ટમાં ભારતીયો સહિત બે પર્વતારોહક દુર્ઘટનામાં માર્યા ગયા

માઉન્ટ એવરેસ્ટ સર કરવા ગયેલા ભારતના સુબ્રતો ઘોષ અને ફિલીપીન્સના પર્વતારોહક ૨૯,૦૩૨ ફુટની ઉંચાઇએ પહોંચ્યા પછી અચાનક હીમ તોફાન આવતા બંને પર્વતારોહક સપડાઇ ગયા હતા અને બંનેના મૃત્યુ થયા છે.

# સોમવારે ધો.૧૨ સામાન્ય પ્રવાહનાં છાત્રાને માર્કશીટ મળશે

## આજથી રાજયના તમામ જિલ્લાઓમાં બોર્ડની કચેરીથી માર્કશીટ રવાનાઃ છાત્રોને માર્કશીટ પ્રમાણપત્ર વિતરણ કરાશે

ગાંધીનગર,તા.૧૬

શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ પ્રમાણપત્ર વિતરણ કાર્યવાહી શરૂ કરી છે. જેમાં શુક્રવારે બોર્ડની કચેરીએથી માર્કશીટ રવાના કરી જે તે જિલ્લાઓમાં મોકલાશે જિલ્લાઓમાંથી ૧૭ મેના શાળાઓને માર્કશીટનું વિતરણ કરાશે અને ત્યારબાદ શાળાઓએ ૧૯ મેના રોજ વિદ્યાર્થીઓને માર્કશીટ પહોંચાડવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૫ મેના રોજ ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ઓનલાઈન જાહેર કરાયું હતું. જેમાં ...યના ૩.૬૦ લાખ ...ર્થીઓ પાસ થયા હતા. પરંતુ પરિણામ વખતે બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને માર્કશીટ અપાઈ ન હતી. પરંતુ હવે આ ...ર્થીઓને શિક્ષણ બોર્ડ ...માર્કશીટ અપાશે. ધો.૧૨ સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના તેમજ ૠજ્યજ ઉમેદવારોની માર્કશીટ, પ્રમાણપત્ર તથા સ્કૂલ રેકોર્ડ તેમજ GSOS ઉમેદવારોના પરિણામ તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા નિયત કરેલા વિતરણ સ્થળ ખાતે શુક્રવારે બોર્ડની કચેરીએથી રવાના કરાશે.જે-તે જિલ્લાના શિક્ષણાધિકારીએ ધો.૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ, પ્રમાણપત્ર તથા સ્કૂલ રેકોર્ડ તેમજ ૠજ્યજ ઉમેદવારોના પરિણામ વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી ૧૭ મેના રોજ જિલ્લાની સામાન્ય પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સામાન્ય પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોએ પોતાની શાળાનું પરિણામ મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નિયત થયેલા સમયે અને સ્થળેથી મેળવી લેવાના રહેશે.

# બી.એસ.એન.એલના નિવૃત કર્મચારી હર્ષદભાઈ મહેતાનો જન્મદિવસ

## કબુતરોને ૬૯ કિલો ચણ, ૬૯ કિલો મકાઈ ખિસકોલીઓને અર્પણ કરી જન્મદિવસ ઉજવશે

રાજકોટ,તા.૧૬



બાલ્યકાળથી રાષ્ટ્રીય સંઘના રંગે રંગાયેલા, બી. એસ. એન. એલ ના નિવૃત્ત કર્મચારી સેવાભાવી એડવોકેટ હર્ષદભાઈ મહેતાનો ૭૦ મો જન્મદિવસ છે. તેમના દ્વારા કબૂતરોને ૬૯ કિલો ચણ તથા ૬૯ કિલો મકાઈના ડોડા ખિકોલીઓને અર્પણ કરી જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવનાર છે. બ્રહ્મ સમાજમાં તેઓ એક યા બીજી રીતે સેવા પણ આપી રહ્યા છે. સમયાંતરે તેમના દ્વારા વૃદ્ધાશ્રમમાં વૃદ્ધ માતા પિતાઓને નાસ્તો તથા જમણવારીનું આયોજન કરવામાં આવે છે તેમજ ગૌશાળાઓમાં મુલાકાત લઈ ગૌ માતાઓને ઘાસચારો અર્પણ કરી પુણ્યનું ભાથું બાંધવાનું કાર્ય પણ કરતા રહે છે. જન્મદિવસે અગ્રણીઓ તથા પરિવારજનો દ્વારા હર્ષદભાઈ મહેતા ના મોબાઈલ નંબર ૯૪૨૬૧૬૯૮૪૫ ઉપર શુભેચ્છા વરસા થઈ રહી છે.

# રૂડાના ૪૮ ગામોની પીવાના પાણીની સમિક્ષા કરતા મંત્રી કુંવરજી ભાઈ બાવળીયા

## પાણીની મુશ્કેલી નિવારવા લાંબાગાળાનું આયોજન કરવા અધિકારીઓને તાકીદ

રાજકોટ,તા.૧૬

રાજકોટ તા. ૧૬ મે -★ જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુવરજીભાઈ બાવળીયાએ રૂડા હેઠળ આવતા ૪૮ ગામોમાં ઓજી વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા અંગે સમીક્ષા બેઠક યોજી લોકોને પીવાના પાણીની મુશ્કેલી ન રહે તે માટે લાંબા ગાળાનું સુનિયોજિત આયોજન કરવા સૂચના આપી હતી.



મંત્રીશ્રી કુંવરજીભાઈએ પાણી પુરવઠા યોજના હેઠળ વિવિધ તાલુકાના ગામોમાં પાણી વ્યવસ્થાપન અંગે વિગતે માહિતી મેળવી જરૂર પડ્યે રાજ્ય સરકાર દ્વારા તમામ સાધન સુવિધા મળી રહેશે તેની ખાત્રી ઉચ્ચારી અધિકારીશ્રીઓને લાંબા ગાળાનું આયોજન કરવા જણાવ્યું હતું.

રાજકોટ શહેરી સત્તા મંડળ ( રૂડા) ના ચેરમેનશ્રી તુષાર સુમેરાએ હાલની પરિસ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ તાલુકાના ૩૦ ગામ, લોધીકા તાલુકાના ૧૦ ગામ, પડધરી તાલુકાના ૬ ગામ અને કોટડા સાંગાણી તાલુકાના ૨ ગામોનો રૂડામાં સમાવેશ થાય છે. જેમાં જી.ડબ્લ્યુ.એસ.એસ.બી. દ્વારા જૂથ યોજના હેઠળ પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

હાલની સ્થિતિએ બલ્ક વોટર સપ્લાય સ્કીમ અંતર્ગત પ્રથમ ફેઝમાં રાજકોટ તાલુકાના ૧૫, પડધરી તાલુકાના ૫ તેમજ લોધીકા તાલુકાના ૨ ગામો મળી કુલ ૨૦ ગામોમાં અમલીકરણ થઈ ચૂક્યું છે. બીજા ફેઝમાં લોધીકા તાલુકાના અન્ય ૧૫ ગામોમાં લોધીકા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કામગીરી ચાલી રહી છે. ત્રીજા ફેઝમાં ૮ ગામમાં ડી.પી.આર. કામગીરી પ્રગતિ હેઠળ છે. જયારે બાકી રહેતા રૂડા હેઠળના પાંચ ગામોમાં પાણી પુરવઠા યોજનામાં સામેલ કરવા માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જયારે ઓજી વિસ્તારોમાં વિકસતા રહેણાંક ઝોનમાં પાણી પુરવઠા માટે માત્ર બોર જ સ્ત્રોત હોય છે, આવા વિસ્તારોમાં ટેન્કર મારફત પાણી સપ્લાય કરવામાં આવે છે. તેમ ચેરમેનશ્રી એ પૂરક માહિતી આપતાં જણાવ્યું હતું.

આ બેઠકમાં રૂડાના સી.ઈ.ઓ શ્રી જી.વી.મિયાણી, પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેરશ્રી અમિત ગોહિલ, સિંચાઈ, વાસ્મો સહીત સંબંધિત વિભાગના અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

# શાસનાધિકારી પરમાર પાસેથી તાબડતોબ DEOનો વધારાનો ચાર્જ છીનવી લેવાયો

## શિક્ષણાધિકારીનો હવાલો ફરી પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષીત પટેલને સોંપાયો

રાજકોટ, તા. ૧૬

રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી કિરીટસિંહ હરીભાઇ પરમારને સોંપાયેલ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીનો વધારાનો ચાર્જ છીનવી લઇ આ ચાર્જ ફરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિત પટેલને સોંપી દેવામાં આવેલ છે.

આ અંગે રાજય સરકારના શિક્ષણ વિભાગના ઉપસચિવ તુષાર પટેલ દ્વારા ઓર્ડર ઇસ્યુ કરી દેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા તાજેતરમાં ઇન્ચાર્જ જિલ્લા મા. શિક્ષણાધિકારી પરમારની નિષ્ક્રિયતા અને મનસ્વી નીતિ રીતિ અંગે સાંસદ પરસોતમ રૂપાલા તેમજ રાજય સરકારમાં રજુઆત કરવામાં આવી હતી જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા તાબડતોબ પરમાર પાસેથી રાજકોટ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીનો હવાલો છીનવી લેવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે ઇન્ચાર્જ ડીઇઓ તરીકે ફરજ બજાવતા પરમાર સામે છેલ્લા લાંબા સમયથી ફરિયાદો ઉઠવા પામી હતી. ચાલુ ફરજ દરમ્યાન તેઓ અરજદારોનો ફોન પણ ઉપાડતા ન હોવાની બુમરાડ ઉઠી હતી. ઇન્ચાર્જ અધિકારી પરમારની લાપરવાહીના કારણે ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણોના ૪૫૦થી વધુ કેસ પડતર રહ્યા છે. તેમજ ગ્રાન્ટેડ શાળાઓની ગ્રાન્ટ ગણતરી પ્યુન, જુ.કલાર્ક કર્મચારીઓના ફિકસેકસન, એલટીસી રજાના રોકડ બીલો સહિતના અનેક પ્રશ્નો લાંબા સમયથી અધ્ધરતાલ લટકી રહ્યા છે. ત્યારે હવે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ફરી રાજકોટ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીનો હવાલો પરમાર પાસેથી લઇ હવે પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષીત પટેલને સોંપવા હુકમ કર્યો છે.

# કાલે ગુજરાતી સાહિત્યના કવિ રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે શબ્દાંજલી સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન

રાજકોટ, તા.૧૭



અમરેલીના વતની અને નિવૃત્તિ બાદ રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવનાર ગુજરાતી સાહિત્યના આધુનિક યુગના મોટા ગજાના સર્જક, સાહિત્ય પ્રેમીઓના લાડલા કવિ, છ અક્ષરનું નામથી ઓળખાતા સાહિત્ય પ્રેમીઓના કવિ રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ - રાજકોટ દ્વારા આવતીકાલ તા.૧૭ ને શનિવારના રોજ સાંજના ૫:૪૫ વાગ્યે શહેરના કાલાવડ રોડ પર આવેલ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં ગુજરાતી સાહિત્ય જગતના ગૌરવસમા કવિ રમેશ પારેખની સ્મૃતિમાં શબ્દાંજલી સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તકે કવિઓ, લેખકો, સાહિત્યકારી, રમેશ પારેખ પ્રેમીઓ, સાહિત્ય પ્રેમીઓ, ભાવિકોને કાર્યક્રમમાં હાજર રહેશે. કાર્યક્રમને સફળતા બનાવવા માટે સાહિત્ય સેતુના પ્રમુખ વસંતભાઈ ગાદેશા અને સંથીજક મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ અનુપમ દોશી, જનાદન આચાર્ય, સુધીર દત્તા, સુનિલ વોરા, નલિન તન્ના, હસુભાઈ રાચ્છ, પંકજ રૂપારેલીયા, નૈષધભાઈ વોરા, જયેન્દ્રભાઈ મહેતા, હસુભાઈ શાહ, પરિમલભાઈ જોશી, વિપુલભાઈ ભટ્ટ, મહેશ વ્યાસ, રમેશ શીશાંગીયા, જીતુ ગાંધી, મહેશ જીવરાજાની વગેરે કાર્યરત છે.

# શેર બજારમાં તેજીને બ્રેકઃ સેન્સેકસ ૨૨૫ પોઈન્ટ તૂટયો

## રોકડાના શેરોમાં સતત તેજીઃ અદાણી ગ્રુપમાં કરંટ

રાજકોટ તા.૧૬

શેરબજારમાં ઉતારચઢાવનો તબકકો હોય તેમ આજે ફરી મંદીનો આંચકો અનુભવાયો હતો અને સેન્સેકસમાં ૨૨૪ પોઈન્ટનો ઘટાડો હતો.

શેરબજારમાં આજે શરૂઆત સ્થિર ટોને થયા બાદ વેચવાલીનો મારો આવતા રેડઝોનમાં સરકી ગયુ હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઝીરો ડયુટીના દાવાને ભારતે ફગાવતા ખચકાટ હતો. અમેરિકી-ચીનના ટ્રેડડીલ મુદે પણ શંકા ઉઠતા કચવાટ હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે વિદેશી સંસ્થાઓની લેવાલી, ચોમાસાનુ આગમન જેવા પોઝીટીવ કારણો હોવાથી ટ્રેન્ડ તેજીનો જ છે. સપ્તાહના છેલ્લા દિવસે નફારૂપી વેચવાલીથી ઘટાડો હતો.

શેરબજારમાં આજે ટાઈટન, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, મારૂતી, સ્ટેટ બેંક, શ્રીરામ ફાઈનાન્સ જેવા શેરોમાં ઘટાડો હતો. અદાણી પોર્ટ, એશિયન પેઈન્ટસ, હિન્દ લીવર, આઈસીઆઈસીઆઈ બેંક, રીલાયન્સ, ટાટા મોટર્સ, ભારત ઈલે., બજાજ ઓટો, અદાણી એન્ટરપ્રાઈઝ વગેરેમાં સુધારો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૨૨૪ પોઈન્ટ ઘટીને ૮૨૩૦૬ હતો. તે ઉંચામાં ૮૨૫૧૪ તથા નીચામાં ૮૨૧૪૬ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૪૯ પોઈન્ટ ઘટીને ૨૫૦૧૨ હતો તે ઉંચામાં ૨૫૦૭૦ તથા નીચામાં ૨૪૯૫૩ હતો.

### આપત્તિના સમયમાં રાષ્ટ્ર સાથે ઉભું રહેવું આપણું કર્તવ્ય છે

# "બોયકોટ તુર્કી": રાજકોટના ટ્રાવેલ એજન્ટોએ તુર્કી- અઝરબૈજાનના ૧૦૦ બુકિંગ રદ કર્યા

## મોટાભાગના લોકોને રિફંડ કરાયા : અન્ય લોકોએ રિફંડને બદલે બીજા ટુરનું બૂકિંગ કરાવ્યું

રાજકોટ, તા.૧૬

ભારત પાકિસ્તાન વચ્ચે થયેલ યુદ્ધ મા પાકિસ્તાને ટેકો આપનાર તુર્કી હવે મુસીબત મા મુકાયું છે.પાકિસ્તાને ભારત સામે કેટલા ડ્રોન અને મિસાઈલ છોડી હતી જે તુર્કી સરકારે આપી હતી. તેમજ તુર્કી એ ખુલ્લેઆમ પાકિસ્તાન નું સમર્થન આપ્યું હતું. જેને પગલે ભારતમાં વિરોધનો વંટોળ ઉઠયો છે. હવે ભારતના લોકો બોયકોટ તુર્કીનું અભિયાન શરૂ કર્યું છે.જેમાં કેટલા વેપારીઓએ તુર્કી સાથેનો બિઝનેસ રદ કર્યો છે.

આજથી બે વર્ષ પહેલા તુર્કીમાં આવેલા ભૂકંપમાં ભારતે દોસ્તી ઓપરેશન થકી સૌથી પહેલા મેડીકલ અને આર્મીની ટીમ મોકલી મદદ કરી હતી તે મદદ ભૂલી ભારતના દુશ્મન દેશની મદદે જતા દેશભરમાં તુર્કી તેમજ આઝરબૈજાનનો વિરોધ શરુ થયો. મહારાષ્ટ્ર કે જે તુર્કીથી સૌથી વધુ સફરજન ઈમ્પોર્ટ કરતું હતું તે બંધ કરી દીધું છે, તો દેશના તમામ ટુર ઓપરેટરો તેમના તુર્કી અને અઝરબૈજાનના બુકિંગ કેન્સલ કરવાનું શરુ કરી દીધું છે.ઓલ ઈન્ડિયા ટ્રાવેલ એજન્ટ એસોસિયેશન દ્વારા થોડા દિવસો પહેલા જ તુર્કી બોયકોટના અભિયાન સાથે તુર્કી અને અઝરબૈજાનના બુકિંગ લેવાનું રદ કર્યુ હતું.

ત્યારે હવે રાષ્ટ્રીય હિત અને દેશના સિપાઈઓના સન્માન અને બલિદાનને માન આપતાં ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ સૌરાષ્ટ્ર (TAAS) એ એકમતિથી નિર્ણય લીધો છે કે આજથી આઝરબૈજાન અને તુર્કીના પ્રવાસ પેકેજોનું વેચાણ અને પ્રચાર બંદ કરાશે.

આ અંગે ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ સૌરાષ્ટ્રના પ્રમુખ જયેશભાઈ કેશરીયાએ જણાવ્યું કે જવાબદાર પ્રવાસ વ્યવસાયિકો અને ગર્વિત નાગરિકો તરીકે, આપણે માનીએ છીએ કે આપત્તિના સમયમાં આપણું રાષ્ટ્ર સાથે ઉભું રહેવું આપણું કર્તવ્ય છે. તેથી, ઝઅઅજ ના દરેક સભ્ય એજન્સી આ દેશો સાથે સંબંધિત કોઈપણ પેકેજનું પ્રચાર કે વેચાણ નહીં કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.અમે ઝઅઅજના તમામ સભ્યોને, ભલે તે ટ્રાવેલ એજન્સી હોય કે સપ્લાયર, આ નિર્ણયને સમર્થન આપવા અને આઝરબૈજાન અથવા તુર્કી સંબંધિત કોઈપણ બુકિંગ અથવા પ્રચાર પ્રવૃત્તિઓથી દૂર રહીશું.

ત્યારે આ અંગે ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ સૌરાષ્ટ્રના પ્રમુખ જયેશભાઈ કેશરીયાએ જણાવ્યું કે અમે હવે થી બૂકિંગ રદ કરીએ છીએ. ૧૦૦ જેટલા બૂકિંગ હતા જેને અમે સામેથી ફોન કરીને બૂકિંગ રદ કર્યા છે. આ નિર્ણય થી ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી ને મોટું નુકસાન થશે પરંતુ દેશ માટે અમે કરવા તૈયાર છીએ. દર વર્ષે રાજકોટ થી ૫૦૦ થી ૬૦૦ લોકો તુર્કી અને અઝરબૈજાનના પ્રવાસે જઈ છે. ત્યારે અનિશ્ચિત સમય સુધી આ ટુર રદ કરવામાં આવ્યા છે. રાજકોટ મા હાલ ૧૫૦ જેટલા એજન્ટો છે જે તુર્કી અને અઝરબૈજાનના પ્રવાસો કરાવતા હતા.

વર્ષ ૨૦૨૪ માં ૨.૭૫ લાખ ભારતીયોએ પર્યટન માટે તુર્કીનો પ્રવાસ કર્યો હતો. તુર્કીમાં ભારતીયોનું સરેરાશ રોકાણ ૭-૧૦ દિવસનું હતું. ભારતીયો તુર્કીના અર્થતંત્રમાં વાષક રૂ. ૧,૦૦૦ કરોડનું યોગદાન આપે છે. એથી ટ્રાવેલર કંપનીઓએ તુર્કિને આર્થિક ફટકો આપવા કમર કસી લીધી છે.

કેન્સલ કરેલ બૂકિંગ નું રિફંડ આપવામાં આવી રહ્યું છે. તેમજ જે લોકો રિફંડ નથી લેવા માંગતા તેઓનું અન્ય પ્રવાસોનું બૂકિંગ કરવામાં આવ્યું છે.

### એજન્ટોને એક બૂકિંગ પર રૂા. ૩૦થી૪૦ હજારનું નુકશાન

૨૦૨૪-૨૫માં અંદાજે ૪ લાખ ભારતીય પ્રવાસીઓએ તુર્કીની મુલાકાત લીધી હતી. ભારતના મુખ્ય શહેરો અને ઇસ્તંબુલ વચ્ચે ટર્કિશ એરલાઇન્સ અને ભારતીય કેરિયર્સ દ્વારા સંચાલિત ડેઝનબંધ સાપ્તાહિક સીધી ફ્લાઇટ્સ ચાલે છે. રાજકોટમાથી પણ દર વર્ષે ૫૦૦ થી ૬૦૦ લોકો તુર્કી અઝરબૈજાનનો પ્રવાસો કરે છે. ત્યારે આગામી દિવસો માટે રાજકોટથી ૧૦૦ જેટલા બૂકિંગ હતા. જે એજન્ટો દ્વારા રદ કરવામાં આવ્યા પરંતુ ટ્રાવેલ એજન્ટને એક વ્યક્તિએ રૂા. ૩૦૦૦૦ થી ૪૦૦૦૦ નું નુકશાન ભોગવવું પડયું છે. કારણ કે તેઓ સામે થી ટુર કેન્સલ કરતા હોવાથી એરલાઇન્સ રિફંડ આપતું નથી.

### દર વર્ષે વેકેશનમાં રાજકોટથી ૫૦૦ થી ૬૦૦ લોકોનો તુર્કીનો પ્રવાસ

# તુર્કી અને અઝરબૈજાન દેશોના પ્રવાસનો બહિષ્કાર કરતા વકીલો

## યુદ્ધ જેવી સ્થિતિમાં તુર્કી અને અઝરબૈજાને ભારત વિરુદ્ધ પાકિસ્તાનને મદદ કરતા વકીલોમાં રોષ : બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલે બહિષ્કારની જાહેરાત કરી



રાજકોટ, તા.૧૬

ગુજરાતનાં વકીલો તુર્કી અને અઝરબૈજાન દેશોના પ્રવાસનો બહિષ્કાર કરશે. યુદ્ધ જેવી સ્થિતિમાં તુર્કી અને અઝરબૈજાને ભારત વિરુદ્ધ પાકિસ્તાનને મદદ કરતા વકીલોમાં રોષ છે. ત્યારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલે બહિષ્કારની જાહેરાત કરી.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલે સમગ્ર ગુજરાતના વકીલ આલમને વિનંતી કરતા જણાવ્યું છે કે, તુર્કી અને અઝરબૈજાન દેશોએ યુધ્ધની સ્થિતિમાં પાકિસ્તાનને સપોર્ટ કર્યો હતો. આ બન્ને દેશોમાં ગુજરાતના વકીલોએ પ્રવાસ નહીં કરીને આર્થિક રીતે પાયમાલ કરીને આ બન્ને દેશોનો બહિષ્કાર કરવો જોઈએ. દુનિયામાં એવા અનેક દેશો છે જેમાં તુર્કી અને અઝરબૈજાન કરતા વધુ સુંદર અને આકર્ષક પ્રવાસના સ્થળો છે. જે.જે.પટેલે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર ગુજરાતના વકીલ આલમે તુર્કી અને અઝરબૈજાનમાં પ્રવાસ ટાળીને આ બન્ને દેશોનો સખત બહિષ્કાર કરવો જોઈએ.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલે સમગ્ર રાજ્યમાં સામાજિક સ્તરે કામ કરતા સંગઠનો અને અન્ય તમામ સામાજિક અને વ્યવસાયિક સંગઠનોને વિનંતી કરી છે કે જે રીતે સમગ્ર ગુજરાતના વકીલો તુર્કી અને અઝરબૈજાન બન્ને દેશોના પ્રવાસનો બહિષ્કાર કરશે તે જ રીતે આપે આપના સંગઠન દ્વારા તુર્કી અને અઝરબૈજાનનો પ્રવાસ નહીં કરી સમગ્ર ગુજરાતમાં મોટા પાયે અભિયાન ચલાવવું જોઈએ. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેનને તેમજ દેશની તમામ સ્ટેટ બાર કાઉન્સિલના ચેરમેનઓને પત્ર પાઠવીને વિનંતી કરી છે કે સમગ્ર દેશના વકીલોએ તુર્કી અને અઝરબૈજાન નો પ્રવાસ નહીં કરવા સમગ્ર દેશમાં મોટા પાયે અભિયાન ચલાવવું જોઈએ.

### આધુનિક મોબાઈલ સેવાથી દેશનાં અર્થતંત્રનો નોંધપાત્ર વિકાસ

# કાલે ૧૭મી મે, ૧૬૦માં વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન -ઈન્ફોર્મેશન ડે

## આ વર્ષે ડિજિટલ પરિવર્તનમાં મહિલાઓની સમાન ભાગીદારી થીમ આધારિત ઉજવણી: ડિજિટલ સમાનતાનો સંદેશ પ્રગતિશીલ સમાજ નિર્માણમાં માર્ગદર્શક બની રહેશે






**પ્રાસંગિક**
**બાબુભાઇ મેનપરા**
**નિવૃત્ત BSNL અધિકારી**

રાજકોટ,તા.૧૬

૧૭ મે, ૧૬૦ માં વર્ડ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન દિવસ ૨૦૨૫ ની થીમ ''ડિજિટલ પરિવર્તનમાં મહિલાઓની સમાન ભાગીદારી'' છે. આ થીમ ડિજિટલ યુગમાં જાતિનું અંતર દૂર કરવાને મહત્વ આપે છે, જેથી મહિલાઓને ડિજિટલ વિશ્વમાં વધુ તકો મળી શકે.

આ થીમ દ્વારા સમાજને સ્પષ્ટ સંદેશ આપવામાં આવે છે કે ડિજિટલ પરિવર્તનમાં મહિલાઓ અને છોકરીઓને સમાન તક અને ભાગીદારી આપવી અત્યંત જરૂરી છે.

તે માટે ડિજિટલ વિભાજન દૂર કરીને મહિલાઓ અને છોકરીઓને માહિતી અને કમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) સુધી પહોંચવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

આજના યુગમાં ઈન્ટરનેટ, સ્માર્ટફોન અને ડિજિટલ સેવાઓ, શિક્ષણ, આરોગ્ય, રોજગાર, વેપાર, સરકારી સેવાઓ જીવનના દરેક ક્ષેત્રમાં પ્રવેશી ગઈ છે,ત્યારે વિશ્વના ઘણા ભાગોમાં મહિલાઓને પુરતી ડિજિટલ એક્સેસ નથી, જેના કારણે તેઓ વિકાસના મુખ્ય પ્રવાહથી દૂર રહી જાય છે. આ દિવસ ની ઊજવણી અસમાનતાને દૂર કરવા, મહિલા સશક્તિકરણ અને સર્વાંગી વિકાસ માટે ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવાની જરૂરિયાતને ઉજાગર કરે છે.

ડિજિટલ સમાનતા મેળવવાથી સમાજમાં નવીનતા, આર્થિક વિકાસ અને સામાજિક સમૃદ્ધિ વધશે. ભવિષ્યમાં ડિજિટલ સમાનતાનો આ સંદેશ વિશ્વભરમાં પહોંચે અને ભવિષ્યમાં એક વધુ સમાન, જોડાયેલ અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવામાં માર્ગદર્શક બની રહેશે.

વિશ્વમાં ટેલિફોનની શોધ વર્ષ ૧૮૮૫માં ૧૬ માર્ચે ૧૯૯૫ ના રોજ પેજર સેવા ભારતમાં ૩૧ જુલાઈ ૧૯૯૫માં પ્રથમ મોબાઈલ સેવા મોદી ટેલ્સ્ટ્રા કંપનીએ શરૂ કરી દેશની પ્રથમ કંપની બની હતી. પ્રથમ કોલ કોલકાતાથી દિલ્હી કરવામાં આવ્યો હતો, આ સેવાને લોકો સુધી પહોંચાડવા માટે નોકિયાના હેન્ડસેટ ૨૧૧૦ ની મદદ લેવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૩માં મોબાઈલ ઈનકમિંગ કોલ ફ્રી કરવામાં આવ્યો હતો, સાથે જ લેન્ડલાઈન પર ઈનકમિંગ કોલનો ચાર્જ ઘટાડીને પ્રતિ મિનિટ ૧.૨૦ રૂપિયા કરવામાં આવ્યો હતો. તેને લીધે ગ્રાહકોની સંખ્યામાં વધારો થયો હતો.

વર્ષ ૨૦૦૮માં 3G અને ૨૦૧૨માં 4Gએ એન્ટ્રી કરી વર્ષ ૨૦૦૯માં 3G ટેક્નોલોજીએ નેટવર્કની દુનિયામાં ધૂમ મચાવી હતી.

વર્ષ ૨૦૧૨માં 4Gની શરૂઆત થઈ હતી, હવે ભારતમાં 5G પણ શરૂ થઇ ગયું છે,ત્યારે ભારત સરકારના ઉપક્રમ બીએસએનએલ ૧૩ વર્ષ પછી પણ 4G સેવા પૂર્ણ રીતે ચાલુ કરી શક્યું નથી,તેથી લોકો વધુ ટેરિફનો ભોગ બન્યા છે.

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા(TRAI) ની સ્થાપના ૧૯૯૭માં ગ્રાહકોના હકની રક્ષા અને કંપનીઓમાં હેલ્થી કોમ્પિટિશનની દેખરેખ કરવાના હેતુથી સરકાર દ્વારા કરવામાં આવી છે.

AIના સ્માર્ટ નેટવર્ક મેનેજમેન્ટ માટે એકીકરણ, ઝડપી ઇન્ટરનેટ સ્પીડ માટે 5G ટેકનોલોજીનો ઉપયોગ, વધુ સારી કનેક્ટિવિટી સોલ્યુશન્સ માટે IoTનો વ્યાપ વધારવા જેવા ફેરફારો લાવી રહી છે.

વિશ્વમાં મોબાઈલ વપરાશકારોની સંખ્યા વધીને ૮૦૦ કરોડ થઈ છે.

(૧) દેશમાં કુલ ટેલિફોન ગ્રાહકોની સંખ્યા ૧૨૦ કરોડ થઈ છે જેમાં રૂરલ વિસ્તારનો હિસ્સો ૫૩.૫ કરોડ રહ્યો છે.

ગુજરાત માં મોબાઈલ ગ્રાહકોની સંખ્યા ૬.૫૪ કરોડ છે અને ટેલીડેન્સિટી ૯૯.૫૫% થઈ છે.

(૪) દેશમાં લેન્ડલાઇન ઘટીને ૩.૭ કરોડ રહી ગઇ છે જે , ૨.૬૨% છે.

(૫) દેશમાં અત્યારે બે કંપનીઓએ પત્રદ્દ સેવા ચાલુ કરી છે, જેના કુલ ગ્રાહકો ૬૭ લાખ છે જેમાં ગુજરાતના ૪.૨૫ લાખ છે.

મોબાઈલ ફોનમાં ઘણા બદલાવ આવ્યા છે, એક સમયે તેનો ઉપયોગ માત્ર વાત કરવા માટે થતો હતો હવે તેનો ઉપયોગ અભ્યાસ, શોપિંગ, બેંકિંગ, પેમેન્ટ, પર્યાવરણ, હવામાન અને એડ્રેસ શોધવા સહિતની અસંખ્ય બાબતો માટે થવા લાગ્યો છે. લોકોનું જીવન મોબાઈલ વગર અધૂરું બની ગયું છે.

ભારત, વિશ્વમાં સૌથી વધુ મોબાઈલ ડેટા વપરાશકાર દેશ બન્યો છે, પ્રતિ વ્યક્તિ સરેરાશ ૨૫-૩૦ GB માસિક મોબાઈલ ડેટા વાપરે છે.

ઓપ્ટિકલ ફાઈબર અને VoIP જેવી ટેકનોલોજીથી ઝડપી અને વધુ વિશ્વસનીય કનેક્ટિવિટી મળે છે, જે ગ્રાહકો માટે ઉત્તમ સેવા પ્રદાન કરે છે.

**ગ્રાહકો માટે સલામતી અને ડેટા સુરક્ષા મહત્ત્વની હોય તેને વધારવી જરૂરી છે.**

**ફ્રોડ અને હેકિંગના વધતા કેસો ગ્રાહકોમાં ભય અને અવિશ્વાસ સર્જે છે.**

ગુજરાતમાં મોબાઈલ સેવાઓ શરૂ થવા સાથે રાજ્યના વિકાસ અને જનજીવનમાં અનેક મહત્વપૂર્ણ ઘટનાઓ અને પરિવર્તનો થયા છે. જેમાં વેપાર, વ્યવસાય અને રોજિંદા જીવનમાં ઝડપી સંચારથી કાર્યક્ષમતા વધી,આર્થિક અને ઔદ્યોગિક વિકાસ, વેપાર-વાણિજ્યમાં ઝડપ અને પારદર્શકતા આવી, જેનાથી રાજ્યના આર્થિક વિકાસને વેગ મળ્યો.

- ◆**ટેલિકોમ ક્ષેત્રે નવી ટેકનોલોજીથી ઝડપી વિકાસ સાથે નવા પડકારો**
- ◆**કુત્રિમ બુદ્ધિનો નવો અવતાર અ૧ ટેલિકોમ ક્ષેત્રે ક્રાંતિકારક નિવડશે**
- ◆**વિશ્વમાં ૮૦૦ કરોડ મોબાઈલ ગ્રાહકોમાં ભારતના ૧૧૬.૩૭ કરોડ**
- ◆**ગુજરાતમાં મોબાઈલ ગ્રાહકની સંખ્યા ૬.૫૪ કરોડ ટેલીડેન્સિટી ૯૯.૫૬ ટકા**
- ◆**ડિજિટલ સેવાના વ્યાપથી દેશનું અર્થતંત્ર વધુ મજબુત બન્યું**
- ◆**ફ્રોડ-હેકિંગના વધતા કેસોએ ગ્રાહકોમાં ભય-અવિશ્વાસ પેદા કર્યો**
- ◆**દુનિયામાં સૌથી સસ્તી સેવા આપતો એક માત્ર ભારત દેશ**

## શહેરમાં સ્પા અને વેલનેસ સેન્ટરના નામે ચાલતા આધુનિક કુટણખાના, વૈશ્યાલયો બંધ કરાવવા માંગ

### વરિષ્ઠ નાગરિકની મુખ્યમંત્રી, રાજકોટ મ્યુ.કમિશનરને સહિતનાઓને રજૂઆત

રાજકોટ, તા.૧૬

રાજકોટ શહેરમાં સ્પા અને વેલનેસ સેન્ટરના નામે આધુનિક કુટણખાના, વૈશ્યાલયો તેમજ રાજકોટ શહેરની શેરી-મહોલામાં બે રોકટોક ધમધમે છે અને જયાં ડ્રગ્સ અને દારૂ પણ પીરસાય છે. આ અંગે શહેરના વરિષ્ઠ નાગરિક દ્વારા પોલીસ કમિશનર, મુખ્યમંત્રી, રાજકોટ મ્યુ. કમિશનરને રજૂઆત કરવામાં આવી છે.

વરિષ્ઠ નાગરિક મો.લા.પુરોહિતની રજુઆત અનુસાર, રાજકોટ શહેરની શેરી-મહોલ્લામાં સરકારી તંત્ર અને પોલીસની રહેમથી આટલી ભયંકર મંદીમાં પણ આટલી મોટી સંખ્યામાં સ્પા અને વેલનેસ સેન્ટર ખુલવાનું કારણ શું? આ દરેક સ્પામાં આધુનીક કુટણખાના, વૈશ્યા પ્રવૃતિ ચાલે છે. જ્યાં છુટથી દારૂ, ડ્રગ્સ, ગાંજા જેવા નશીલા પદાર્થો મળે છે. સરકારી તંત્ર અને પોલીસનો આ પ્રવૃતિને ખુલ્લો સહકાર છે.

આ ગેરકાયદે પ્રવૃતિ રાજકોટની દરેક શેરીમાં જોવા મળે છે. આ સ્પામાં ગુજરાત બહારથી યુવતીઓ આવે છે. જ્યાં તેનું શોષણ થાય છે. નથી કોઈ મંજુરી કે નથી ફાયર વિભાગની મંજુરી. નાની નાની ઓરડીઓમાં આ પ્રવૃતિ બેફામ ચાલે છે. જેને અટકાવવામાં આવે અન્યથા આવતી પેઢીનું ભવિષ્ય બરબાદ થઇ જશે.

## જય ઈન્ટરનેશનલ સ્કૂલનું ધો.૧૦-૧૨નું ૧૦૦% પરિણામ




રાજકોટ,તા.૧૬

રાજકોટની જાણીતી જય ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ ૧૨ (એચ.એસ.સી.) બોર્ડની પરીક્ષાઓમાં ૧૦૦% પરિણામ હાંસલ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ પરિણામોમાં સતત નવમાં વર્ષે શાળાને ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયું છે, જે શાળાની શૈક્ષણિક શ્રેષ્ઠતા તેમજ શાળાના ગુણવત્તાપૂર્ણ શિક્ષણ, નિયમિત માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની મહેનતનું પરિણામ છે.

ધોરણ ૧૦માં શાળામાં પ્રથમ ક્રમાંકે કર્મ ડોબરીયા, દ્વિતીય ક્રમાંકે મંદર માલેવર અને તૃતિય ક્રમાંકે રોહન મહેશ્વરી રહ્યા છે. જ્યારે ધોરણ ૧૨ વાણિજ્ય પ્રવાહમાં ૯૫% સાથે આયુષી બુસા પ્રથમ રહી છે. તેણીએ ધોરણ ૧૨ માં ઉત્તમ પરિણામ મેળવવા ઉપરાંત અનેક શૈક્ષણિક અને સાહિત્યિક સિધ્ધીઓ પ્રાપ્ત કરી છે. તેણીને યુ.એસ.ની ટેકસાસ યુનિવર્સીટીમાં બી.બી.એ માં ૧૦૦% (કુલ ૯૭૨૦૦ યુ.એસ.ડી) સ્કોલરશીપ પ્રાપ્ત થઈ છે. યંગ ઈન્ટેલેક્ટ મીટમાં 'સ્પોર્ટ્સ ઈન્જરીઝ' પર મૌખિક પ્રસ્તુતિમાં પાંચમું સ્થાન, એકેડેમિક એક્સેલન્સ એવોર્ડ, સહોદય સૌરાષ્ટ્ર ઇન્ટર-સ્કૂલ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ, ૨૦૨૩-૨૪માં પ્રથમ સ્થાન, 'પરીક્ષા પે ચર્ચા' પર CBSE નિબંધ લેખન સ્પર્ધા, ૨૦૨૨-૨૩ માં જય ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્ટુડન્ટ ઓફ ધ યરનું બિરુદ, ઈન્ટર-સ્કૂલ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન, અંગ્રેજી કવિતા પઠનમાં બીજું સ્થાન, હિન્દી કવિતા પઠનમાં બીજું સ્થાન, ગુજરાતી કવિતા પઠનમાં પ્રથમ સ્થાન, ખેલ મહા-કુંભ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપમાં ૨૦૧૯ અને ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને ૨૦૧૭ માં ભારતીય જીવન વીમા નિગમ (એલ.આઈ.સી.) સ્ટુડન્ટ ઓફ ધ યરનું બિરુદ હાંસલ કર્યું છે. જય ઈન્ટરનેશનલ સ્કૂલની ધોરણ ૧૨ની વિદ્યાર્થીઓ વૃંદા લબ્કામનાને ૮૬.૪% સાથે બીજો ક્રમ અને હેત પટેલને ૮૫.૮૦% સાથે શાળામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત થયેલ છે.વિદ્યાર્થીઓએ મેળવેલ ઝળહળતી સફળતા બદલ જીનિયસ ગ્રુપના ચેરમેન ડી.વી.મહેતા, સી.ઈઓ ડિમ્પલબેન મહેતા, જય ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ જોઈતા રે ચૌધરી, સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ હેડ મહિપાલસિંહ જાડેજા, એડમિનિસ્ટ્રેટીવ હેડ ઈશાન જાની તથા શિક્ષકમંડળ દ્વારા અભિનંદન અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામના પાઠવવામાં આવી હતી.



### બાલાસરા પરિવારનું ગૌરવ

રાજકોટ,તા.૧૬

તાજેતરમાં જાહેર થયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહનાં પરિણામ માં આયુશી હિતેશભાઈ બાલાસરા એ ૯૯.૩૯ પીઆર અને મંથન હિમાંશુભાઈ બાલાસરાએ ૯૧.૯૧ પીઆર મેળવીને બાલાસરા પરિવાર (કેવડાવાડી) નું ગૌરવ વધાર્યું છે.

### એકતા મિત્ર મંડળ દ્વારા

## માઁ ભગવતી રાંદલ માતાજીના ૧૦૮ લોટાનું તથા રામામંડળનું આયોજન:૨ હજારથી વધુ લોકો પ્રસાદનો લાભ લેશે




રાજકોટ, તા.૧૬

એકતા મિત્ર મંડળ દ્વારા આયોજીત માં ભગવતી રાંદલમાતાજીના ૧૦૮ લોટાનું તથા રામ મંડળનું આયોજન અને મિત્ર મંડળનું ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. ત્યારે આગામી તા.૩૧ મે ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે સામૈયા, સાંજે ૮ કલાકથી ૧૨ વાગ્યા સુધી નામાંકિત વચલી ઘોડીવાળાનું રામામંડળ યોજાશે.

તદ્પરાંત તા.૧ જૂનને રવિવારના રોજ સવારે ૭ કલાકે મહાઆરતી, સવારે ૮:૩૦ કલાકે પૂજા સ્થાપન, સવારે ૯ થી સાંજે ૯ સુધી દર્શન સમય, સવારે ૧૦ કલાકે મહેમાન આગમન, સવારે ૧૧ થી ૧૨ ગોરણી પ્રસાદ, સાંજે ૬:૩૦ કલાકે ઘોડો ખુદવાનો અને ત્યારબાદ રાત્રે ૯ થી ૧૨ કલાકે દાંડિયા રાસની રમઝટનું આયોજન રામ રણુંજા, શેરી નં-૩ કોઠારીયા રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. આ તકે ગોરણી પ્રસાદનો ૨ હજારથી વધુ લોકો લાભ લેશે. આ તકે સંતો-મહંતો, સામાજિક આગેવાનો, રાજકીય નેતાઓની ઉપસ્થિત રહેશે. એકતા મિત્ર મંડળ દ્વારા થતી સેવાકીય પ્રવૃતિ કરવાના આવે છે.



આ આયોજનમાં એકતા મિત્ર મંડળના પ્રમુખ હરિભાઇ રાઠોડ, ટ્રસ્ટી ઇંદુભા રાઓલ, ગોપાલભાઈ અનળકટ, ભરતસિંહ જાડેજા, લાલાભાઈ આલગોતર, દીપકભાઈ લહેરૂ, પ્રિન્સભાઈ ગજેરા, ઉમંગભાઈ બાવાજી, ગજુભા ઝાલા, અશ્વિનભા ગઢવી, દેવશીભાઈ સાથલિયા તથા સર્વે ધર્મ-પ્રેમી ભાઈઓ તથા બહેનોના સહિયારા સહયોગ મળેલ છે. માં ભગવતી રાંદલમાંના લોટા લખવા માટે પ્રમુખ હરિભાઇ રાઠોડ (મો.નં.૯૯૨૪૬ ૦૧૮૭૦)નો સંપર્ક કરવાનો રહેશે.

### ૩૧ મે ના નામાંકિત વચલી ઘોડીવાળાનું રામામંડળ યોજાશે: ૧ જૂન ના ગોરણી પ્રસાદ, ઘોડો ખુદવાનો, દાંડિયા રાસ સહિતના ધાર્મિક કાર્યક્રમોની વણઝાર





### પ્રાકૃતિક ખેતી, ઋષિ પરંપરા, વિશ્વને ભારતની દેન

## બ્રહ્માકુમારીઝ દ્વારા હેપ્પી વિલેજ ખાતે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાયો: ૧૦૦થી વધુ ખેડૂતોએ ભાગ લીધો

### બ્રહ્માકુમારીઝ દ્વારા ભારતભરમાં પ્રાકૃતિક ખેતી અભિયાનનો પ્રારંભ કરાયો

રાજકોટ,તા.૧૬

બ્રહ્માકુમારીઝ દ્વારા ભારતભરમાં પ્રાકૃતિક ખેતી અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત રાજકોટ બ્રહ્માકુમારીઝ દ્વારા હેપ્પી વિલેજ ખાતે બુધવારે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ કરાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ગ્રામ વિકાસના એકટીવ મેમ્બર બ્ર. કુ. ચેતનાબેન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ગુજરાત ઝોન ડાયરેકટર બ્રહ્માકુમારી ભારતીદીદીજીના માર્ગદર્શન તળે યોજાયેલ હતો.

બ્રહ્માકુમારી અંજુબેને કાર્યક્રમની રૂપરેખા આપી સહુનું સ્વાગત કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રજ્વલિત કરી પરમાત્માની યાદ માં કાર્યક્રમનો શુભારંભ કર્યો

પ્રવિણાબેન રંગાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું હતું કે પ્રાકૃતિક ખેતી એ વિશ્વને ભારતની દેન છે. પ્રાકૃતિક ખેતી કોઈ નવીન નથી પરંતુ એ ઋષિ પરંપરા છે. ધરતી માતાનું મહત્વ સમજાવતા કહ્યું કે જન્મ થી મૃત્યુ સુધી આપણો ભાર ઉપાડે છે, સાથોસાથ પોષણ અને સરક્ષણ આપે છે અત્યારે આપણે આપણી પરંપરા, ધરોહાર ભૂલી ગયા છીએ, ફરી પ્રાકૃતિક ખેતી અપનાવી ભારતને ભવ્ય અને દિવ્ય બનાવીએ બ્રહ્માકુમારી પુષ્પાબેને ખેડૂતોને કેમિકલના ઉપયોગ વિના યોગિક ખેતી કરવા કહ્યું હતું.

બ્રહ્માકુમારી ચેતનાબેને લક્ષ અને ઉદ્દેશ્ય સંભળાવતા જણાવ્યું કે વર્તમાન પ્રાકૃતિક વાતાવરણના કારણે ખેડૂતોમાં હતાશા દૂર થાય મનોબળ મજબૂત બને ભારત ફરીથી વિશ્વ ગુરુ બને તેવા નિસ્વાર્થ ભાવથી આ કાર્યક્રમ આયોજન કરેલ છે

આ સ્થળે ઓર્ગેનિક વસ્તુના વિભિન્ન સ્ટોલ હતા. માર્ગદર્શન- વિચાર વિમર્શ અનુભવની લેન દેન માટે પણ કાઉન્ટર હતા. ખીલોરી,સુમરી, જસદણ વગેરે ગામથી આવેલ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ પોતાની અનુભવયુક્ત વાતોથી સૌને ઓર્ગેનિક ખેતી તરફ પ્રેરિત કર્યા હતા.

સાથે સાથે ગાય આધારિત ખેતી માટે પણ સૌને માર્ગદર્શન આપ્યું હતું. ૧૦૦થી વધારે ખેડૂત ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

# રાજદીપસિંહ જાડેજા અને શક્તિસિંહ જાડેજાના હથિયારના પરવાના રદ કરોઃ મુખ્યમંત્રી સમક્ષ ધા

## રીબડાના મૃતક અમીત ખુંટના પરિવારે લેખિતમાં રજુઆત કરીઃ અનિરુદ્ધસિંહ જાડેજાનો પુત્ર શક્તિસિંહ તેના મળતીયા દ્વારા ઘર પાસેથી નીકળી ભય ફેલાવે છે

રાજકોટ તા.૧૬

રીબડામાં અમીત ખુંટ નામના પાટીદાર યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેમની પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી જેમાં રીબડાના બાહુબલી અનિરુદ્ધસિંહ જાડેજા અને રાજદીપસિંહ જાડેજાના ત્રાસથી પગલુ ભરી લીધાનો ઉલ્લેખ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. જે મામલે બંને પિતા-પુત્ર વિરુદ્ધ ગોંડલ તાલુકા મથકમાં ગુન્હો પણ દાખલ થયો હતો જે બાદ બંને આરોપીઓ આજદીન સુધી પોલીસ પકડથી દુર હોય અને મીડીયા સમક્ષ ખોટા પાયાવિહોણા નિવેદન આપી રહ્યા છે.તેમજ અનિરુદ્ધસિંહ જાડેજાનો પુત્ર શક્તિસિંહ તેના મળતીયા દ્વારા અમીત ખુંટના ઘર પાસેથી નીકળી ભયનો માહોલ ઉભો કરી રહ્યા છે. જેથી રાજદીપસિંહ જાડેજા અને શક્તિસિંહ જાડેજાના તાત્કાલીક ધોરણે હથિયારના પરવાના રદ કરવામાં આવે તેમજ કુખ્યાત ગેંગસ્ટર અનિરુદ્ધસિંહ જાડેજા અને રાજદીપસિંહ જાડેજાની તુરંત ધરપકડ કરવામાં આવે તેવી માંગણી સાથે મૃતક



અમીત ખુંટના પત્ની બીનાબેને મુખ્યમંત્રીને પત્ર લખી ધા નાંખી હતી.

# ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ-ઉપપ્રમુખના ચારિત્ર્ય પર સણસણતા આક્ષેપો, ભાવેશ ઉર્ફે બન્ની ગજેરા સામે ત્રણ ગુના નોંધાયા

**પ્રમુખ અશ્વિન ઠૂંમર અને ઉપપ્રમુખ વિશાલ ખૂંટ અલ્પેશ ઢોલરીયાના મિત્ર છે, કામના બ્હાને મહિલાઓને ફસાવી ઉપયોગ કરે છે તેવો આક્ષેપ કરતો ફેસબુકમાં વિડીયો અપલોડ કર્યો**

**૧૧ લાખ આપો તો અલ્પેશ ઢોલરીયાના વિડીયો બંધ થશે, મારો તો આજ ધંધો છે કહીં જેતપુરના ઉદ્યોગપતિને પણ બન્નીએ ધમકી આપી**

રાજકોટ. તા.૧૬

ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ-ઉપપ્રમુખના ચારિત્ર્ય પર સણસણતા આક્ષેપો કરતાં વિડીયો ફેસબુકમાં અપલોડ કરતાં ભાવેશ ઉર્ફે બન્ની ગજેરા સામે ત્રણ ગુના નોંધાયા છે. પ્રમુખ અશ્વિન ઠૂંમર અને ઉપ પ્રમુખ વિશાલ ખૂંટ અલ્પેશ ઢોલરીયાના મિત્ર છે, કામના બહાને મહિલાઓને ફસાવી ઉપયોગ કરે છે તેવો આક્ષેપ થતાં સુલતાનપુર અને ગોંડલ તાલુકા અને જેતપુર તાલુકા પોલીસ મથકમાં ગુના નોંધાયા છે.

બનાવ અંગે ગોંડલના ધૂળસીયા ગામે રહેતાં અશ્વિનભાઇ છગનભાઇ ઠુંમર (ઉ.વ.૪૪) એ સુલતાનપુર પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભાવેશ ઉર્ફે બન્ની ગોરધન ગજેરા (રહે. મોટા ગુંદાળા, જેતપુર) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓ પટેલ સમાજમાંથી આવે છે અને પટેલ સમાજમાં કોઇ સામાજિક, ધાર્મિક અને રાજકિય પ્રસંગો હોય તો તેમાં હાજર રહી સેવાકીય પ્રવ્રુતિમાં ભાગ લે છે અને ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે તેમજ ધુડસીયા ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે સેવા આપે છે.

ગઈ તા.૧૮/૦૪ ના સાંજના પાંચેક વાગ્યે તેઓ ઘરે હતાં ત્યારે મોબાઇલમાં ભાવિન ઉર્ફે બન્ની ગજેરાએ સોશિયલ મિડીયા પર તેના ફેસબુક એકાઉન્ટમાં વિડીયો અપલોડ કરેલ તે જોતા જેમાં ગોંડલ તાલુકાનાં ભાજપ પ્રમુખ તરીકે તેઓ હોય જેથી તેઓ અને ગોંડલ તાલુકાના ભાજપ ઉપપ્રમુખ વિશાલભાઇ ખુંટ તે અલ્પેશભાઈ ઢોલરીયાના ખાસ માણસ છે, તે વિશાલ ખુંટ અને અશ્વિન ઠુંમર બન્ને મિત્ર છે. વિશાલ ખુંટનો એક મિત્ર અમેરિકા છે તેના લગ્ન બાદ તે અમેરિકા રહે છે અને તેની પત્ની અહિંયા રહે છે, જેથી અમેરિકાવાળા મિત્રની પત્નીને કાંઇ કામ પડે કે વિઝા પાસપોર્ટ કે ટિકીટ બૂકીંગ કાંઈ કરવું હોય તો તે વિશાલ ખુંટને કહે છે, વિશાલ ખુંટે ત્રણેક કાર્યક્રમો કરી તેના મિત્રની ઘરવાળીને પરસ્ત્રી નિગમ થય ગયુ, ત્યારબાદ વિશાલ ખુંટનું મન ઉતરી ગયું



અને એક શાક ન ભાવે ચાર-પાંચ શાક ભાવતા હોય એટલે વિશાલે તેના મિત્રની ઘરવાળીને પાસઆઉટની વાત કરેલ હતી, અને ફરિયાદીએ તેનો ઉપયોગ કર્યો તેવુ પણ આ બોલે છે.

તેમજ ગામની બાયુને આ લોકો મુકતા નથી જેવા અનેક આળ મુકતો વિડીયો સોશિયલ મિડીયામા આવતા અમારા ધ્યાન પર આવેલ છે, આ વિડીયોમાં સમાજની અને તેઓના મિત્રના મિત્રની ઘરવાળીના ચારિત્ર ઉપર આળ મુકી પ્રથમ

### સુલતાનપુર અને ગોંડલ તાલુકા, જેતપુર તાલુકા પોલીસ મથકમાં ગુના નોંધાયા

તેના મિત્રને બાદ તેઓની સાથે અનૈતીક સંબંધો હોવા અંગે વિડીયો વાયરલ કરી સમાજમાં બદનામી થયેલ હોય જેથી ફરીયાદ નોંધાવી હતી.

જ્યારે બીજી ફરીયાદમાં ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ગોંડલના દેવચડી ગામના વિશાલભાઇ ભીખાભાઈ ખુંટ (ઉ.વ ૩૮) એ આરોપી તરીકે ભાવેશ ઉર્ફે બન્ની ગોરધન ગજેરાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ તાલુકા ભાજપ પક્ષમા તાલુકા ઉપપ્રમુખ તરીકે સેવા આપે છે. ગઇ તા.૧૮/૦૪/૨૦૨૫ ના તેઓ ઘરે હતાં ત્યારે તેમના ભાઈએ કહેલ કે, સોશિયલ મીડીયામાં ભાવિન ઉર્ફે બન્ની ગજેરાએ એક વીડીયો ફેસબુક ઉપર અપલોડ કરેલ છે જેમા તમારૂ અલ્પેશ ઢોલરીયા તથા અશ્વિનભાઈ ઠૂંમર બાબતે ખરાબ ભાષા બોલે છે તેમ વાત કરતા ફેસબુકમાં જોતા ભાવિન ઉર્ફે બન્નીએ વિડીયો અપલોડ કરેલ હોય જેમા ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિન ઠુંમર તેમજ તેઓ અલ્પેશના ખાસ માણસ છે. વિશાલ ખુંટ અને અશ્વિન ઠુંમર બન્ને મિત્ર છે.

વિશાલ ખુંટનો એક મિત્ર અમેરીકા છે, તેના લગ્ન થયા બાદ તે અમેરીકા અને તેની પત્ની અહીંયા એટલે તેની ઘરવાળીને કોઈ વિઝાનુ કામ હોય કે પાસપોર્ટ કે ટીકીટ બુકીંગનુ કામ હોય તો તે વિશાલ ખુંટને કહે અને વિશાલ ખુંટે ત્રણ એવા કાર્યક્રમો કરી તેને ફસાવી એટલે વિશાલ ખુંટ અને તેના મિત્રની ઘરવાળીને પરસ્ત્રી નિગમ થઇ ગયુ. ત્યારબાદ વિશાલ ખુંટનુ મન ઉતરી ગયુ એટલે તેને તેના મિત્રની ઘરવાળીને અશ્વિન ઠુંમરને પાસ આઉટ કરેલ અશ્વિનભાઇ ઠુંમરે તેનો ઉપયોગ કરી હતી, ગામની બાયુંને આ લોકો મુકતા નથી તેવી આળ મુકતો વિડીયો સામે આવતાં ફરીયાદ નોંધાવી હતી.

**મારો તો આ જ ધંધો છે, રૂપીયા લઈ આવો તો જ સમાધાન**

બનાવ અંગે ગોંડલના ચરખડી ગામે રહેતાં અતુલકુમાર વિનોદરાય માવાણી (ઉ.વ.૩૯) જેતપુર તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓને સાડીનું કારખાનું છે તેમજ સમાજના કાર્યકર્તા તરીકે કામ કરે છે.

ગઇ તા.૨૩/૦૩/૨૦૨૫ ના ગોંડલ ખાતે પાટીદાર સમાજ તથા ક્ષત્રિય સમાજ એક સંયુક્ત પ્રેસ કોફોરન્સ યોજેલ હતી જેમાં ગોંડલ શહેરમાં એક પાટીદાર યુવાન તથા ક્ષત્રિય સમાજના યુવાન વચ્ચે માર-મારેલનો બનાવ બનેલ જે બનાવનો વિડીયો વાયરલ થયેલ હતો જે અંગે સમાજના અમુક માણસો ખોટી અફવાઓ ફેલાવી બંન્ને સમાજને ગેરમાર્ગે દોરતા હોય જેથી પાટીદાર સમાજ તથા ક્ષત્રિય સમાજ વચ્ચે કોઇ ગેરસમજ ના થાય તે માટે પ્રેસ કોન્ફોરન્સ યોજેલ હતી, જે પ્રેસ કોન્ફોરન્સ બાદ સોશીયલ મિડીયા ફેસબુકમાં સમાજના આગેવાનો વિરૂધ્ધ ભાવિન ઉર્ફે બન્ની ગજેરાએ તે પ્રેસ કોન્ફોરન્સ અંગે વિડીયો બનાવી સમાજના આગેવાનોને સમાજમાં બદનામ કરવાના ઇરાદે અભદ્ર ટીપ્પણીઓ કરી વીડીયો બનાવી સોશીયલ મિડીયામાં છેલ્લા ઘણા દિવસથી વાયરલ કરતો હતો.

જેથી સમાજમાં કોઈ ગેરસમજ ઉભી ન થાય અને આગેવાનોની બદનામી ના થાય, જેથી ગઈ તા.૨૪/૦૩/૨૦૨૫ ના તેઓ મિત્ર રાકેશભાઇ કટારીયા, વિવેકભાઇ ચનીયારા તેઓની સ્કોર્પીયો ગાડીમાં ગોંડલથી બપોરના ધોરાજી પી.વી.સી. પાઈપ લેવા માટે નીકળેલ હતા. તે વખતે મોટા ગુંદાળા ગામે બ્રીજ પાસે પહોંચતા ત્યાં ભાવીન બન્ની ગજેરા ઉભો હોય, જેથી તેની પાસે અમારી ગાડી ઉભી રાખી, ત્રણેય નીચે ઉતરી ભાવીન ઉર્ફે બન્ની પાસે જઇ તેને કહેલ કે, તું આ અલ્પેશભાઇ ઢોલરીયા વિશે સોશિયલ મીડીયામાં જે વીડીયા વાયરલ કરે છે તે સારૂ નથી લાગતું. અલ્પેશ ઢોલરીયા આપણા સમાજના પ્રતિષ્જિત આગેવાન છે. તે જીલ્લા ભાજપ પ્રમુખ, ગોંડલ માર્કેટીંગ યાર્ડના ચેરમેન છે, જેથી તું સોશીયલ મીડીયામાં તેના વીડીયો ન મુક તેમ સમજાવેલ તો આ ભાવીન ઉર્ફે બન્ની ગજેરા ત્રણેયને કહેવા લાગેલ કે, આ બધુ બંધ કરવું હોય, તો રૂપીયા ૧૧ લાખ આપો તો હું આ સોશીયલ મીડીયામાં વીડીયો વાયરલ કરવાનું બંધ કરી દઉં નહિતર તો હું આવા વીડીયો બનાવી વાયરલ કરવાનું ચાલુ રાખીશ મારે સમાજ સાથે કાઇ લેવા દેવા નથી મારે રૂપિયા જોઈએ જો હોય તો બોલો નહિતર મારે કોઈ વાત કરવી નથી. જેથી તેને સમજાવેલ કે, સમાજની બદનામી કરો છો અને રૂપિયાની પણ માંગણી કરો છો તે સારૂ ન કહેવાય જેથી તે બોલવા લાગેલ કે, મારે આ બાબતે પૈસા સિવાય વધુ કોઈ વાત કરવી નથી અને મારો તો આ જ ધંધો છે અને હવે તો આનાથી ખરાબ ભાષાના વીડીયો બનાવવાનું ચાલુ રહેશે તેમ કહી કહેલ કે, હવે તમે અહિયા થી જતા રહો અને બીજી વખત આ બાબતે મારી પાસે આવશો તો મજા નહી રહે અને જો મને ક્યાંય નડશો તો તમને ખોઈ નાખવા પડશે તેમ ધમકી આપી ગાળો બોલવા લાગેલ તેમજ અલ્પેશભાઈ ઢોલરીયા વિશે પણ અપશબ્દો બોલવા લાગેલ હતો. તેમજ કહેલ કે, હવે તો તારા પણ ફોટા તથા વીડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ થશે અને તને પણ બદનામ કરી નાખીશ તેમ ધમકી આપેલ હતી.

# અમિત ખુંટ આપઘાત કેસમાં બંને વકીલોના જામીન મંજુર

## સંજય પંડીતે જેલમાંથી વીડિયો કોન્ફરન્સ થકી કોર્ટમાં દલીલ કરેલીઃ પોલીસે રાજકીય ઈશારે ખોટી રીતે ફસાવી દીધા,પોલીસે કાયદા વિરૂદ્ધ જઈ સાંજે પોણા સાત વાગ્યે મહિલા આરોપીની ધરપકડ કરીઃ ગેરરીતિ સામે અમે કોર્ટમાં જઈશુઃ સંજય પંડીત

**(જીતેન્દ્ર આચાર્ય દ્વારા)**
**ગોંડલ તા.૧૬**

ચકચારી બનેલા રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણ માં જેલ હવાલે રહેલા બન્ને એડવોકેટ નાં અત્રેની કોર્ટ દ્વારા જામીન મંજુર થતા જેલ મુક્ત થયા હતા.રીબડાનાં અમીત ખુંટ આપઘાત ની ઘટનામાં એડવોકેટ ગોંડલ નાં દિનેશ પાતર તથા સંજય પંડીત ના જામીન અંગે અત્રેની એડી.સેસન્સ જજ ની કોર્ટ માં સુનવણી હાથ ધરાતા કોર્ટ દ્વારા બન્નેનાં જામીન મંજુર કર્યા હતા.સંજય પંડીત એડવોકેટ હોય જેલમાંથી વિડીયો કોન્ફરન્સ દ્વારા તેઓએ દલીલ કરી હતી.

એડવોકેટ સંજય પંડીતે આ પ્રકરણ માં પોલીસે રાજકિય ઈશારે ફસાવ્યાનો આક્ષેપ કર્યો હતો.વધુમા રાજકીય વ્યકિત તથા તેનાં મળતીયાઓ સામે કેસ લડ્યા હોય તેનો પણ ખાર રખાયો હોવાનુ જણાવ્યુ હતું.

તેમણે કહ્યુ કે પોલીસે કોઇ પણ જાતની તપાસ કે પુરાવા વગર કાચુ કાપી અમારી ધરપકડ કરીછે.ખરેખર આ કિસ્સામાં અમે એક વકીલ તરીકે ફરજ બજાવી હતી.આ સિવાય અમારી કોઈ ભુમીકા નથી.તપાસ માં જુનાગઢ નાં રહીમ મકરાણીને અમે જાણતા નથી કે ક્યારેય સંપર્ક પણ થયો નથી.વધુમાં તપાસ કરનાર એજન્સીએ પુજા રાજગોર ની અટકનો સમય સાંજે પોણા સાત નો દર્શાવ્યો છે.વાસ્તવમાં કોઈ મહીલાની સાંજનાં છ પછી અટક કરવી હોય તો મેજીસ્ટ્રેટ ની મંજુરી લેવી પડે પણ તપાસ એજન્સીએ આવી કોઈ પ્રક્રિયા કરી નથી.સંજય પંડીતે જણાવ્યું કે તપાસ એજન્સીએ ગેરરીતી આચરી છે.અમને સાક્ષી બનાવવાનાં બદલે આરોપી બનાવી દેવાયા છે.આ અંગે આગામી સમયમાં અમે અદાલત માં દ્વાર ખખડાવીશુ.

# ડોક્ટરની ફી નક્કી કરવાની સત્તા વિમા કંપનીને નથીઃ મેડીકલેઈમની રકમ ચુકવવા હુકમ

## સોની વેપારીના પત્નીએ 'ની-રિપ્લેસમેન્ટ' કરાવેલ, જેમાં વિમા કંપનીએ મોટી રકમ કપાત કરી હતી

રાજકોટ તા.૧૬

કેસની વિગત મુજબ, શહેરની સોની બજારમાં રહેતા સોની વેપારી પંકજભાઈ શાહે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યુરન્સ કંપની પાસે પોતાનો અને પોતાની પત્નીનો મેડીકલેઈમ રૂા.૧૫ લાખનો ઉતરાવેલ હતો. દરમ્યાનમાં ફરીયાદી ભાવનાબેન શાહને ૨૦૨૪ના વર્ષમાં ડાબા પગમાં તકલીફ થતા મુંબઈની હોસ્પીટલમાં દાખલ થઈને ડાબા પગનું 'ની-રીપ્લેસમેન્ટ' કરાવેલ હતું. કુલ રૂા.૪,૫૧,૫૧૪નો ખર્ચ થયેલ. પરંતુ વિમા કંપનીએ માત્ર રૂા.૨,૮૪,૩૩૧ મંજુર કરી અને કુલ રૂા.૧,૫૫,૧૮૩ની કપાત કરેલ હતી. ડોકટરના ચાર્જીસ રીઝનેબલ નથી, તથા ડાયટેશીયનના ચાર્જીસ પાણ વધારે છે, તેવી રજૂઆત કરી વિમા કંપનીએ રકમની કપાત કરેલ. ગ્રાહક સુરક્ષા કોર્ટમાં કેસ ચાલતા ફરીયાદી વતી સીની.એડવોકેટ પી.આર. દેસાઈએ રજુઆત કરેલ કે, ડોકટરની ફી નકકી કરવાની સત્તા વિમા કંપનીને નથી. ઓપરેશન પછી કસરત અને ખોરાક, ડોકટરની સલાહ મુજબ જરૂરી છે. નેશનલ કમીશનના ચુકાદાઓ ટાંકેલા જે ધ્યાને લઈ ગ્રાહક સુરક્ષા ફોરમ, રાજકોટે રૂા.૧,૩૬,૭૧૧ તે ૩૦ દિવસમાં ચુકવવા અન્યથા રકમ ઉપર ૯ ટકા વ્યાજ ચુકવવાનો હુકમ કરેલ છે. ફરીયાદીને ખર્ચના રૂા.૩ હજાર અલગ ચુકવવાનો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી વતી સીની.એડવોકેટ પી.આર. દેસાઈ અને તેમની મદદમાં કિરિટભાઈ વોરા, સંજય નાયક, સુનીલ વાઢેર રોકાયેલ હતા.

# સિંહની વસ્તી ગણતરીમાં નિરીક્ષક તરીકે સાંસદ કેસરીદેવસિંહ ઝાલા જોડાયા

## રાજયના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકા વિસ્તારમાં ડાયરેકટ બીટ વેરીફીકિશન પદ્ધતિથી સિંહોની ગણતરી





(લિતેશ ચંદારાણા) વાંકાનેર,તા.૧૬

પ્રતિ પાંચ વર્ષે રાજય સરકારના વન વિભાગ દ્વારા સિંહની વસ્તીનો અંદાજ લેવામાં આવે છે.૧૬મી સિંહ વસ્તી ગણતરી-૨૦૨૫ અંતર્ગત હાલ રાજયના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકા વિસ્તારમાં ડાયરેકટ બીટ વેરિફિકેશન પદ્ધતિથી અને સ્થાનિક લોકો અને અગ્રણીઓની ભાગીદારીથી એશિયાઈ સિંહોની ગણતરી કરવામાં આવી રહી છે....હાલ સાસરગીર ખાતે રાજય સરકાર દ્વારા સિહોની વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી હોય, જેમાં નિરીક્ષક તરીકે વાંકાનેરના રાજવી અને રાજયસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલા જોડાયા હતા.આ તકે તેમણે જણાવ્યું હતું કે સાસણ ગીર ખાતે સિંહની વસ્તી ગણતરીના નિરીક્ષક તરીકે જોડાઈને આ પ્રવાસમાં મેં વ્યકિતગત રીતે ૮૧ સિંહોની ગણતરી કરી, મારા માટે આ ક્ષણ ચિરસ્મરણીય રહેશે. ગીરની આગવી ઓળખ એવા આપણા એશિયાઈ સાવજની ગણતરીમાં સામેલ થવાથી અત્યંત હર્ષ અને ગૌરવની અનુભૂતિ કરું છું.

# જુનાગઢમાં એનઆરઆઈ પરિવાર સાથે ટુર્સ-ટ્રાવેલ્સ ઓપરેટરની ૯ લાખની છેતરપીંડીઃ ઠગાઈની ફરિયાદ

## હજ-મક્કા મદીનાની યાત્રા માટે નાણાં લઈ હજમાં નહી મોકલી વિશ્વાસઘાત કર્યોઃ બે સામે ગુનો દાખલ

જુનાગઢ તા.૧૬

મુળ ગુજરાતના રહીશ હાલ વર્ષોથી અમેરિકાના નાગરિક તરીકે રહેતા ફરીયાદીના કુટુંબીને હજ મક્કા મદીનાની યાત્રા માટે લઈ જવાના રૂા.૯ લાખ રૂપિયા લઈ ન હજ મોકલી નાણા પરત આપતા સી ડીવીઝન પોલીસમાં બે સામે ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદી સલમાનભાઈ હારૂનભાઈ લોખંડ વાળા ઘાંચી (ઉ.૨૯) ધંધો નોકરી મોડાસા વાળાના કુટુંબી ફુવા સહીદભાઈ અનારવાલા, તેમના પત્નિ સાહીનબેન મુળ લુરાવાડા (ગુજરાત) જેઓ વર્ષોથી અમેરિકાના નાગરિક હોય અને શીકાગોમાં રહેતા હોય તેઓને હજ માટે મક્કા-મદીના મોકલવાના હોય જેના પેકેજના રૂા.૯ લાખ આરોપીઓ અલ્તાફ મુનશી રે. જુનાગઢ અજમેરી પાર્ક અને તેનો ભાણેજ પાર્ટનર સુફીખાન બન્ને જુનાગઢ ખાતે અલબેર ટુર્સ અને ટ્રાવેલ્સ ઉતરાહ કરવાની ટુર ચલાવતા હોય તેઓને ૯ લાખ આપી દીધેલ બાદ તા.૩-૫-૨૦૨૪થી આજ દિન સુધીમાં ન હજ યાત્રા મક્કા મદીનાની કરાવી અરબ દેશમાં ન મોકલી ન નાણા પરત આપ્યા હોય જેની ફરીયાદ સી ડીવીઝનમાં સલમાનભાઈ હારૂનભાઈ લોખંડવાલાએ બન્ને સામે નોંધાવતા પીએસઆઈ એચ.બી. ચૌહાણે તપાસ હાથ ધરી છે.


# બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના ૩૫માં સ્થાપના પર્વએ સમુહ રાંદલમાંના ૨૫૨ લોટા ઉત્સવનું ભવ્ય આયોજન

## ૩૫૦૦ કરતા વધુ ગોરણીઓ, ૧૦૦૦ જેટલા ભાવિકો મહાપ્રસાદનો લાભ લેશે

રાજકોટ, તા.૧૫

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના ૩૫માં સ્થાપના પર્વએ માં ભગવતી ને રાજી કરવા દ્વારા સમુહ રાંદલમાંના ૨૫૨ લોટા ઉત્સવનું ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન તા. ૨૯/૦૫/૨૫, ગુરૂવાર મોઢવણીક જ્ઞાતી ની વાડી, રજપુત પરા, માલવીયા પેંટ્રોલ પંપની સામેની શેરી રાજકોટ ખાતે સવારે ૯ થી રાત્રે ૮:૦૦ સુધી કરવામાં આવેલ છે.ભોજન પ્રસાદ :- બપોરે ૧૧ થી ૧:૩૦ સુધી રહેશે.

બોલબાલા સંસ્થા પુર્ણ શ્રધ્ધા સભર યજમાનના સહયોગથી આ કાર્યક્રમમાં સવારે ૮:૦૦ કલાકે શ્રી રાંદલ માતાજીનુ સ્થાપન કરવામાં આવશે.આ સાથે બોલબાલા ટ્રસ્ટના મેમ્બર તેમજ આવેલ તમામ લોકો માટે વિશાળ આરોગ્યલક્ષી મેડિકલ કેમ્પ, હેમોગ્લોબાન કેમ્પ, પાર્સપોર્ટ કેમ્પ તથા જિંદગી એક ઉત્સાહ જેવા અનેક કાર્યક્રમોનું એક સાથે આયોજન કરાયું છે. ગુરૂવારે વાહેલી સવારથી મોડી રાત્રી સુધી માતાજીના દર્શન, પૂજન, અર્ચન, મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન-કિર્તન તેમજ



રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. આ અવસરે ૩૫૦૦ કરતા વધુ ગોરણીઓના પગ ધોવાનો, ૧૦૦૦ જેટલા ભાવિકો, યજમાન પરીવાર તેમજ ૨૦૦ કાર્યકર્તા વગેરે માટે પૂજન, ભોજન-પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફ્ટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.બોલબાલા સ્થાપના પર્વ ના ૩૫ માં સ્થાપના પર્વએ બોલબાલા ટ્રસ્ટ ના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયને શુભેચ્છા મળી રહી છે.

# પ્ર.નગર પોલીસે મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલ્યો

રાજકોટ તા.૧૬

પ્ર.નગર પોલીસે ટેકનીકલ સોર્સ અને પોર્ટલની મદદથી મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

પ્ર.નગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફના હે.કોન્સ. મયુરરાજસિંહ જાડેજા અને પો.કોન્સ. મહેન્દ્રસિંહ વાળા, વનરાજભાઈ બોરીચાએ મોબાઈલ ચોરીના ગુનાની તપાસમાં ટેકનીકલ સોર્સ અને પોર્ટલની મદદથી ફરદીન ઉર્ફે સીંગી ફીરોઝભાઈ સીપાઈ રે.ગોકુલધામ આવાસ કવાર્ટરને ઝડપી લઈ વીવો કંપનીનો મોબાઈલ કબજે લઈ ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

# ઘર, શાળા, કારખાના, ઈમારતોમાં જળસંગ્રહ-બોર રીચાર્જ શરૂ કરો

## કિંમતી પાણી રોકવાના પ્રયાસોમાં સહકાર આપવા વોટર વર્કસ ચેરમેનની અપીલ

રાજકોટ, તા. ૧૬

રાજકોટમાં હવે ચોમાસુ બેસવાનું છે ત્યારે અમૂલ્ય પાણીના સંગ્રહ માટે વરસાદી પાણી બચાવવા અને બોર રીચાર્જ કરવાની અપીલ મનપા વોટર વર્કસ સમિતિના ચેરમેન અશ્વિન પાંભરે કરી છે. પાણી બચાવો જળસંચય એટલે જળનો સંગ્રહ કરવાની પ્રવૃતિ. વિશ્વભરમાં પાણીની સમસ્યા દિન-પ્રતિદિન વિકટ બનતી જાય છે ત્યારે જળસંચય માટે (૧) ઉપલબ્ધ જળ અને જળસ્ત્રોતોની સંભાળ રાખવી, (૨) વહી જતા પાણીને રોકવું(હાર્વેસ્ટિંગ) (૩) જળસ્ત્રોતોનું પુનઃનવીનીકરણ કરવું(રિચાર્જિંગ) ખુબ જરૂરી છે. રાજકોટ કોર્પો. જળાશયો ઉપરાંત સૌની યોજના મારફત પાણી મેળવીને વિતરણ કરે છે.



શહેર અને આસપાસમાં મર્યાદિત જળસ્ત્રોતના કારણે દિવસે દિવસે પાણીની સમસ્યા વિકટ બનતી જાય છે ત્યારે જળસ્ત્રોતોની જાળવણી, વરસાદી પાણીનો સંગ્રહ અને ભૂગર્ભ જળના પૂરવઠાનુ સાતત્ય જાળવી રાખવા વરસાદી પાણીનું રીચાર્જ કરવું ખુબ જ મહત્વનું છે. આ અમૂલ્ય ભેટ પાણીને બચાવવા ભૂગર્ભ જળ સ્તરમાં પાણીનો પૂરવઠો જાળવી રાખવા અને પૂરવઠામાં વધારો કરવા શહેરમાં આવેલ તમામ લોરાઈઝ-હાઈરાઈઝ રહેણાંક, કોમર્શિયલ, ઔદ્યોગિક મિલકતોમાં તેમજ શૈક્ષણિક સંકુલોમાં વરસાદી પાણીનો સંગ્રહ, બોર રીચાર્જ કરવા શહેરીજનોને પદાધિકારીએ અપીલ કરી છે.

# પડોશી દેશો ચીન અને અફઘાનિસ્તાનની ધરા ધ્રુજીઃ ૮.૫ની તીવ્રતાના ભૂકંપના આંચકા

## ભૂકંપથી જાનહાની-નુકશાનીના ખબર નહીં

નવીદિલ્હી,તા.૧૬

ભારતના બે પાડોશી દેશ ચીન અને અફઘાનિસ્તાનમાં ભૂકંપના કારણે ધરા ધ્રુજવાના સમાચાર સામે આવ્યા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NSC)એ જણાવ્યુંકે, ચીનમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ માપવામાં આવી છે. હાલ, ભૂકંપના કારણે કોઈ નુકસાનની જાણકારી સામે આવી નથી.

અફઘાનિસ્તાનમાં પણ શુક્રવારે રાત્રે ૧ વાગ્યાની આસપાસ ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ઓફ સેસમોલોજી (NSC) દ્વારા આ વિશે જાણકારી આપવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે માનહાનિના સમાચાર સામે નથી આવ્યા. NSCના જણાવ્યા અનુસાર, ભૂકંપ અડધી રાત્રે ૧૨:૪૭ (ભારતીય સમયાનુસાર) આવ્યો હતો. જેનું કેન્દ્ર ૧૨૦ કિલોમીટર ઊંડુ હતું.

# ગૌ વિશ્વ વિદ્યાપીઠના સૌ પ્રથમ કુલગુરૂ તરીકે જામનગરના ડો.હિતેષ જાનીની કરાઈ વરણી

## રાજકોટના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહનો સમિતિમાં સમાવેશ

જામનગર તા.૧૬: આગામી તા ૧૭.૫.૨૦૨૫ ને શનિવાર ના રોજ ગુજરાત રાજ્ય ના પાટનગર ગાંધીનગર ખાતે રાજ્ય ના આરોગ્ય મંત્રી ઋષિકેશ ભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને ગૌ વિશ્વ વિદ્યાપીઠ ની સ્થાપના થઈ રહી છે. તેના પ્રથમ કુલ ગુરુ તરીકે જામનગરના ડો. હિતેશ જાનીની નિયુક્તિ કરવામાં આવી છે.

પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો વલ્લભ ભાઈ કથીરિયા સહિત ના બનેલા એડવાઈઝરી બોર્ડમાં જામનગર ના ધારા સભ્ય શ્રી રીવાબા જાડેજા ની પણ પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ ના ધારાસભ્ય શ્રી ડો દર્શિતા બેન શાહ, વેજલપુર વિધાનસભા ના ધારાસભ્ય અમિતભાઈ ઠાકર, ઈનોવેટિવ ફોરમના એસ એન ડાંગાયાચ, કડી સર્વ વિદ્યાપીઠ ના ચેરમેન વલ્લભ ભાઈ પટેલ, મનોજ ભાઈ સોલંકી, પરબત ગોરસીયા (કચ્છ) સહિત ની એડવાઈઝરી સમિતિ ની રચના કરવામાં આવી છે.



ગૌસેવા ગતિવિધિ ના અખિલભારતીય પ્રશિક્ષણ પ્રમુખ કે એન રાઘવનજી ચેન્નાઈ નાગપુર ગૌવિજ્ઞાન સંસ્થાનના સુનીલ માનસિંહકા અને આર એસ એસ ના પ્રાંત કાર્યવાહ શૈલેષભાઈ પટેલ આ ગૌ વિશ્વ વિદ્યાપીઠના ઉદઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ગૌ વિશ્વ વિદ્યાપીઠના પહેલા કુલપતિ તરીકે ભારતના પ્રખ્યાત આયુર્વેદાચાર્ય ડો હિતેશ જાની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ પ્રિન્સિપાલ છે, હાલમાં તેઓ ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડ ના ડાયરેક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

# રાજકોટ એસ.ટી. બસપોર્ટમાં રાત્રે ૯થી સવારનાં પાંચ સુધી જીપીએસ સિસ્ટમ બંધઃ મુસાફરો પરેશાન

## છ માસથી ધાંધીયાઃ ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિની માંગ


રાજકોટ તા.૧૬

રાજકોટના એસ.ટી. બસ પોર્ટમાં છેલ્લા છ માસથી રાત્રે ૯થી સવારના પાંચ કલાક સુધી જીપીએસ સીસ્ટમ બંધ કરવામાં આવતા મુસાફરોને પોતાની બસનું લોકેશન મળતું નથી. આ બાબતે ગુજરાત એસટી મુસાફર હિત રક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, દિલીપભાઈ આસવાણી, નાગજીભાઈ પટેલ સહિતનાએ વિભાગીય નિયામક અને વાહન વ્યવહાર મંત્રીને લેખીત રજૂઆત કરી મુસાફરની સુવિધા માટે જીપીએસ સીસ્ટમ શરૂ કરવા માંગણી ઉઠાવી છે. રજુઆતમાં જણાવ્યા મુજબ રાજકોટના બસ પોર્ટમાં છેલ્લા છ માસથી રાત્રે ૯થી સવારના ૫ કલાક સુધી જીપીએસ સીસ્ટમ બંધ કરી દેવામાં આવે છે. બસપોર્ટના તમામ લોકેશન ટીવી સ્ક્રીન પણ બંધ હાલતમાં રહે છે. આ બાબતે એસટીની ફરીયાદ પોથીમાં ફરીયાદ કરી હોવા છતા ઉકેલ આવ્યો નથી. જવાબદાર અધિકારી-કોન્ટ્રાકટર સામે દંડનીય કાર્યવાહી કરવા માંગણી ઉઠાવી છે.

### ભરતભાઈ મનસુખભાઈ પંડ્યાનું અવસાન થતાં પરિવાર દ્વારા ચક્ષુદાન કરાયું

રાજકોટ, તા.૧૬

ભરતભાઈ મનસુખભાઈ પંડ્યા (ઉ.વ.૬૭) તા.૧૫ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. ત્યારે પંડ્યા પરિવાર દ્વારા સ્વ. ભરતભાઈ પંડ્યાનું ચક્ષુદાન અર્હમ નેત્ર ચેરીટેબલ ટ્રસ્ટના ડો.ધર્મેશભાઈ શાહની ટીમ દ્વારા કરવામાં આવેલ છે. આ ચક્ષુદાનની સેવાની શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનને આપવામાં આવેલ.



# ઈન્ડસઈન્ડ બેંકમાં વધુ એક રૂા.૬૭૪ કરોડની ગોલમાલ બહાર આવીઃ શેર તૂટયો

## વ્હીસલ બ્લોઅરે આરબીઆઈને કરેલી જાણ બાદ ઈન્ટરનલ ઓડિટમાં નવો ધડાકો

મુંબઈ તા.૧૬

દેશની ખાનગી ક્ષેત્રની પાંચમા નંબરની સૌથી મોટી ગણાતી ઈંડસઈંડ બેંકમાં અોપશન ટ્રેડીંગમાં રૂા.૨૦૦૦ કરોડથી વધુના ગોટાળા બહાર આવ્યા બાદ હાલ આ બેંક તપાસ હેઠળ છે ત્યાં જ હવે બેંકમાં માઈક્રો ફાઈનાન્સમાં પણ રૂા.૬૭૪ કરોડનું નવુ કૌભાંડ બહાર આવ્યુ છે. હિન્દુજા ગ્રુપની માલિકીની આ બેંકમાં રૂા.૫૯૫ કરોડની રકમ જાન્યુઆરી ૨૦૨૫માં માંડવાળ કરવામાં આવી હતી. જયારે રૂા.૬૭૪ કરોડની રકમ છેલ્લા ત્રણ કવાટરમાં ખોટી રીતે માઈક્રોફાઈનાન્સના વ્યાજ આવક તરીકે દર્શાવાઈ છે. બેંક દ્વારા અધર એસેટસ તથા અધર લાયાબીલીટી જે તેના હિસાબોમાં



દર્શાવાઈ હતી તેની સામે વ્હીસલ બ્લોઅરે રિઝર્વ બેંકને જાણ કરી હતી તે સમયે બેંકનુ આ રૂા.૬૭૪ કરોડનો નવો વિવાદ બહાર આવ્યો છે અને તેથી બેંક માટે હવે તેના ખુલાસા કરવાનું ભારે થઈ પડયું છે. જેનો હવે આંતરિક ઓડીટ શરુ કરવામાં આવ્યું છે. બેંકે આ તમામ પ્રકારની એન્ટ્રીઓમાં જબરી ગોલમાલ કરી હોવાનું અને તેના આધારે બેંક દ્વારા ખોટી રીતે વ્યાજ વસુલાત બતાવાઈ હોવાનું દર્શાવ્યું છે. જેના કારણે હાલ હવે બેંકના શેરમાં પાંચ ટકા જેવો કડાકો થયો છે.

# દુષ્કર્મની પીડિતાને આરોપીએ લગ્નનું પ્રપોઝ કર્યુને સુપ્રીમ કોર્ટે સજા સ્થગિત કરી !

## પીડિતાએ યુવક સામે લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધ્યાનો આરોપ લગાવેલો, અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું



નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે બળાત્કારના દોષીની સજાને સ્થગિત કરી દીધી હતી. આનું કારણ એ છે હતું. ગુનેગાર અને પીડિતાએ એકબીજા સાથે લગ્ન કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. જસ્ટિસ બી.વી.નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે દંપતીને કોર્ટરૂમની અંદર એકબીજાને ફૂલો આપવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે પુરૂષને સ્ત્રીને પ્રપોઝ કરવા માટે આગ્રહ કરતા પહેલા કહ્યું કે, અમે બંને લંચ સત્ર દરમિયાન મળ્યા હતા. બંનેએ એકબીજા સાથે લગ્ન કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

વ્યકિતની સજા સ્થગિત કરતી વખતે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેઓ (બળાત્કારના દોષી અને પીડિતા) એકબીજા સાથે લગ્ન કરવા તૈયાર છે. લગ્નની વિગતો માતાપિતા દ્વારા નક્કી કરવામાં આવશે. અમને આશા છે કે લગ્ન શકય તેટલી વહેલી તકે થશે. આવા સંજોગોમાં, અમે સજા સ્થગિત કરીએ છીએ અને અરજદારને મુકત કરીએ છીએ. ૬ મેના નિર્દેશ મુજબ, અરજદાર આજે આ કોર્ટ સમક્ષ હાજર થયા. શકય તેટલી વહેલી તકે તેને જેલમાં પાછો મોકલવામાં આવશે અને સંબંધિત સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે દોષિતે ૫ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેમાં CrPC ની કલમ ૩૮૯ (૧) હેઠળ સજા સ્થગિત કરવાની તેની અરજી ફગાવી દેવામાં આવી હતી. ૨૦૨૧ માં તેની વિરૂધ્ધ FIR નોંધવામાં આવી હતી. આમાં, તેના પર ૨૦૧૬ થી ૨૦૨૧ દરમિયાન પીડિતા સાથે લગ્નનું ખોટું વચન આપીને વારંવાર બળાત્કાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એફઆઈઆર મુજબ, તે પુરૂષ ફેસબુક દ્વારા મહિલાને મળ્યો હતો. તે તેની બહેનની મિત્ર હતી. તેમની વચ્ચે એક સંબંધ વિકસ્યો. એવો આરોપ છે કે દર વખતે તે તેણીને ખાતરી આપતો હતો કે તે તેની સાથે લગ્ન કરશે.

### સરકારને પ્રાથમિકતાના ધોરણે પોકસો કોર્ટ સ્થાપવા સુપ્રીમનો આદેશ

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને એક મોટી સૂચના આપી છે. કોર્ટે કહ્યું છે કે સરકારે બાળકો સામેના જાતીય ગુનાઓના કેસોનો ખાસ સામનો કરવા માટે પ્રાથમિકતાના ધોરણે સમર્પિત POCSO કોર્ટની સ્થાપના કરવી જોઈએ. ન્યાયાધીશ બેલા એમ ત્રિવેદી અને ન્યાયાધીશ પીબી વરાલેની બેન્ચે જણાવ્યું હતું કે બાળકોના જાતીય ગુનાઓથી રક્ષણ (પોક્સો) કાયદાના કેસો માટે ખાસ અદાલતોની સંખ્યા ઓછી હોવાને કારણે, સુનાવણી પૂર્ણ કરવા માટે નિર્ધારિત સમય મર્યાદાનું પાલન થઈ રહ્યું નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો POCSO કેસોની તપાસમાં સામેલ અધિકારીઓને સંવેદનશીલ બનાવવા માટે યોગ્ય પગલાં લેશે. આ ઉપરાંત, POCSO કેસોની સુનાવણી માટે કોર્ટની પણ રચના કરવામાં આવશે. નિર્ધારિત ફરજિયાત સમયગાળામાં ચાર્જશીટ દાખલ કરવા ઉપરાંત, કોર્ટે કેસની સુનાવણી નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

# કેનેડામાં નવી સરકારની નાગરિકોને ભેટ : આવકવેરા દરમાં ઘટાડો



ટોરેન્ટો, તા. ૧૬

કેનેડાની નવી સરકારે દેશના મધ્યમ વર્ગ માટે રાહતની જાહેરાત કરી હતી. કેનેડાના નવા વડા પ્રધાન માર્ક કાર્નેએ નવા મંત્રીમંડળની રચના બાદ આવકવેરામાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. જુલાઈ ૨૦૨૫ થી મધ્યમ વર્ગ માટે કર દર ૧૫% થી ઘટાડીને ૧૪% કરવામાં આવશે.

આ નિર્ણયથી આશરે ૨૨ મિલિયન કેનેડિયનોને ફાયદો થવાની અપેક્ષા છે. સરકારી અંદાજ મુજબ, બે આવક ધરાવતા પરિવારો ૨૦૨૬ સુધીમાં વાર્ષિક ૭૮૪૦ સુધીની બચત કરી શકે છે.

કેનેડાના નાણાં વિભાગે જણાવ્યું હતું કે, 'નાણા અને રાષ્ટ્રીય મહેસૂલ મંત્રી, ફ્રાન્કોઇસ-ફિલિપ શેમ્પેને, સંસદના નવા સત્ર માટે સરકારના કાયદાકીય કાર્યસૂચિ પર કામના પ્રથમ આદેશોમાંથી એકની જાહેરાત કરી હતી.

નાણા અને રાષ્ટ્રીય મહેસૂલ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ૧ જુલાઈ, ૨૦૨૫ થી અમલમાં આવતા, સૌથી ઓછો વ્યકિતગત આવકવેરો દર ૧૫ ટકાથી ઘટાડીને ૧૪ ટકા કરવામાં આવશે.

આ કર ઘટાડાથી મહેનતુ કેનેડિયનોને તેમના પગારનો વધુ ભાગ રાખવામાં મદદ મળશે જેથી તેઓ તેમની જરૂરિયાત પર ખર્ચ કરી શકે. આ નિર્ણયથી ૨૦૨૫-૨૬ થી શરૂ થતા ૫ વર્ષમાં કેનેડિયનો માટે ૨૭ બિલિયનથી વધુની કર બચત થવાની અપેક્ષા છે.

# ભાજપના ધારાસભ્યએ ત્રિરંગાથી પરસેવો લૂંછયો : વીડિયો વાયરલ થતા વિવાદ

## કોંગ્રેસે ભાજપ નેતાને ઝાટકયા : માફીની માંગ

જયપુર, તા.૧૬

રાજસ્થાનની રાજધાની જયપુરમાં ભાજપના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેના પછી કોંગ્રેસે તેમના પર ત્રિરંગાનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે. હકીકતમાં, પાકિસ્તાન વિરૂધ્ધ ઓપરેશન સિંદૂરની સફળતા પછી કાઢવામાં આવેલી તિરંગા યાત્રામાં, તે ત્રિરંગાથી પોતાના ચહેરા પરથી પરસેવો લૂછતા જોવા મળે છે.



ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યએ ત્રિરંગાથી પોતાનો પરસેવો લુછતા વિપક્ષે ભાજપના ધારાસભ્યના આ કૃત્યને ત્રિરંગાનું અપમાન ગણાવ્યું છે અને તેમની પાસેથી માફી માંગવાની માંગ કરી રહ્યું છે.

પ્રદેશ કોંગ્રેસના X હેન્ડલ પર ભાજપના ધારાસભ્યનો વીડિયો શેર કરતી વખતે લખવામાં આવ્યું હતું કે, ભારત કયાં સુધી ત્રિરંગાનું અપમાન સહન કરશે?' ભાજપના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યએ માફી માંગવી જોઈએ. એટલું જ નહીં, કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેરાએ વીડિયોને રીટવીટ કર્યો અને કટાક્ષમાં લખ્યું કે શું આ એ જ વ્યક્તિ નથી જે ઘણીવાર કોઈને કોઈ બિરયાનીની દુકાનમાં જોવા મળે છે? એટલું જ નહીં, ઈમરાન પ્રતાપગઢીએ લખ્યું કે આ ધારાસભ્યો, જેઓ દરરોજ જયપુરના લોકોને દેશભક્તિના પ્રમાણપત્રો આપી રહ્યા છે, તેઓ ત્રિરંગાથી નાક લૂછી રહ્યા છે? રાષ્ટ્રધ્વજનું અપમાન કરવું એ ગંભીર ગુનો છે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ઉપરાંત, નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી, ભાજપના પ્રદેશ પ્રમુખ મદન રાઠોડ અને અન્ય ઘણા નેતાઓ અને કાર્યકરોએ તેમાં ભાગ લીધો હતો. આ દરમિયાન, ધારાસભ્ય બાલમુકુંદ આચાર્ય, જેઓ ભીષણ ગરમીમાં ખૂબ પરસેવાથી લથપથ હતા, તેમણે હાથમાં ત્રિરંગાના સ્કાર્ફથી પોતાનો પરસેવો લૂછ્યો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

## ૨૦૧૯થી બ્રિટીશ જેલમાં રહેલા ભાગેડુને રાહત નહી

# નિરવ મોદીની ૧૦મી જામીન અરજી પણ ફગાવાઈ

## લંડનની હાઈકોર્ટ ઓફ જસ્ટિસે ભારત સરકારની દલીલો પર મહત્વ આપ્યુંઃ 'મામા' મેહુલ ચોકસી પણ બેલ્જીયમમાં જામીન માટે તરફડે છે



લંડનઃ પંજાબ નેશનલ બેન્ક સાથેના રૂા.૧૪૦૦૦ કરોડથી વધુના ફ્રોડમાં ફસાયેલા અને હાલ વિદેશમાં જેલમાં રહેલા મામા-ભાણેજમાં મામા મેહુલ ચોકસી બેલ્જીયમમાં કસ્ટડીમાં છે તો તેનો ભાણેજ અને એક સમયનો ડાયમંડ કિંગ નિરવ મોદીને લંડનની કોર્ટે જામીન આપવાનો ઈન્કાર કરી તેનો જેલવાસ લંબાવ્યો છે. નિરવ મોદી પ્રત્યાર્પણ મારફત ભારતને સુપ્રત કરવાની કાનુની સહિતની પ્રક્રિયા ચાલુ છે તે સમયે લંડનમાં ન્યાયીક સ્ટડીમાં રહેલા નિરવ મોદીની ૧૦મી જામીન અરજી પણ ફગાવાઈ છે. લંડનની હાઈકોર્ટ ઓફ જસ્ટીસ, કિંગ બ્રાન્ચ ડિવિઝન અદાલતે ભારત સરકાર વતી મજબૂત દલીલો બાદ નિરવ મોદીને જામીન આપવા ઈન્કાર કર્યો હતો. નિરવ મોદી ૧૯ માર્ચ ૨૦૧૯થી બ્રિટીશ જેલમાં છે તેના પ્રત્યાર્પણની ભારતની અરજી બ્રિટનની હાઈકોર્ટે મંજુર કરી છે પણ નિરવ મોદી નવા નવા કાનૂની માર્ગ પ્રત્યાર્પણ ટાળવા કોશીશ કરી છે. હવે બ્રિટન સરકારનું વિદેશ વિભાગ આ અંગે નિર્ણય લેશે. નિરવ મોદી અને મેહુલ ચોકસી એ પંજાબ નેશનલ બેન્ક સાથે રૂા.૧૪૦૦૦ કરોડથી વધુનું બેન્ક ગેરેન્ટી કૌભાંડ કરીને પછી વિદેશ નાસી ગયા હતા.

# દેશમાં લોકશાહી છે, મહારાજાની જેમ વ્યવહાર ન કરોઃ સુપ્રીમ કોર્ટની ફટકાર

## વૈવાહિક વિવાદના કેસમાં મહિલાએ એવો દાવો કર્યો હતો કે તેના પૂર્વજ શિવાજી મહારાજના એડમિરલ હતા



નવીદિલ્હી તા.૧૬

સુપ્રીમ કોર્ટે વૈવાહિક વિવાદમાં ફસાયેલા એક દંપતીને ફટકાર લગાવતા કહ્યું હતું- આપ મહારાજાઓની જેમ વ્યવહાર ન કરો, દેશમાં ૭૫ વર્ષથી વધુ સમયથી લોકશાહી છે, સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી દંપતીમાં સામેલ એક પક્ષ પર લક્ષિત હતી, જે કથીત રીતે શાહી વંશ સાથે સંબંધ રાખે છે.

ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ એન. કોટિશ્વરસિંહની બેન્ચે દંપતીના વડીલોને પોતાના અસીલોની વાત કરવા અને અદાલતને તેમના ઉદ્દેશથી માહિતગાર કરવાને નિર્દેશ કર્યો છે. બેન્ચે કહ્યું હતું- એવી રીતે નિવેદનો આપવામાં આવી રહ્યા છે કે જેથી મધ્યસ્થતાની કોશિષ નિષ્ફળ થઈ ગઈ છે? રાજા-મહારાજાની જેમ વ્યવહાર ન કરો. લોકશાહીની દેશમાં સ્થાપનાને ૭૫ વર્ષ વીતી ચૂકયા છે. બેન્ચે ચેતવણી આપી હતી કે જો મધ્યસ્થતાના માધ્યમથી કોઈ સમાધાન ન નીકળ્યું તો તે ત્રણ દિવસમાં કઠોર આદેશ પસાર કવામાં ખચકાશે નહીં. આ કેસમાં ગ્વાલીયરમાં રહેતી મહિલાએ દાવો કર્યો હતો કે તે પ્રતિષ્ઠિત પરિવાર સાથે સંબંધ ધરાવે છે, જેના પૂર્વજો છત્રપતિ શિવાજી મહારાજની નૌ સેનામાં એડમિરલ હતા અને તેમને કોંકણ ક્ષેત્રના શાસક જાહેર કરવામાં આવ્યા હતા.

# ઈંગ્લેન્ડ ટૂરની સિલેક્શન મીટિંગ પહેલાં સિદ્ધિવિનાયક મંદિરનાં દર્શને પહોંચ્યો ભારતીય ટીમનો હેડ કોચ ગૌતમ ગંભીર



મુંબઇ : ગઈ કાલે ભારતીય ક્રિકેટ ટીમનો હેડ કોચે ગૌતમ ગંભીર પત્ની નતાશા સાથે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન કરવા પહોંચ્યો હતો. ૨૦ જૂનથી શરૂ થનારી ઇંગ્લેન્ડની ટૂર પર ભારતની સ્કવોડ અને નવા કેપ્ટનની પસંદગીની આગામી સિલેક્શન કમિટી સાથેની મીટિંગ પહેલાં તેની આ મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ પહેલાં પણ નવી સિરીઝ અને નવું પદ સંભાળતાં પહેલાં આ ભૂતપૂર્વ ભારતીય ઓપનર આવા આધ્યાત્મિક સ્થળની મુલાકાત લેતો જોવા મળ્યો છે.

# કેનેડામાં વધુ એક ભારતીયની હત્યાઃ શિખ વેપારી પર ફાયરીંગ કરી હત્યારા પલાયન

## પૈસા પડાવવા વેપારીને ફોન આવતા હતાઃ જાણ કરવા છતાં પોલીસે કોઈ પગલાં નહોતા લીધા

ઓન્ટોરિયો (કેનેડા),તા.૧૬

કેનેડાના મિસેસોગાનાં ઓન્ટોરિયો શહેરમાં એક શિખ વેપારીની બેરહમીથી હત્યા કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઉત્તરાખંડના બાજપુરના મૂળવતની મિસેસોગા રાજયનાં ઓન્ટોરિયોમાં એક સફળ વ્યાપારી હતા. કેટલાક સમયથી બળજબરીથી પૈસા પડાવવા માટે તેઓ ઉપર ફોન આવતા હતા. તેઓએ આ અંગે પોલીસને માહિતી પણ આપી હતી, પરંતુ પોલીસે કોઈ પગલાં લીધાં ન હતાં.





બુધવારે હરજિતસિંહ પોતાની ઓફીસની બહાર બસની રાહ જોતા ઉભા હતા. તેઓ ઘરે જવા નીકળ્યા હતા. તેવામાં અજાણ્યા હુમલાખોરોએ તેમની ઉપર ચાર ચાર ગોળીઓ છોડી હતી તેઓ ત્યાં જ ઢળી પડય હતા. હુમલાખોરો બાઈક ઉપર એક ક્ષણમાં રવાના પણ થઇ ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે હજી સુધી તે હત્યારાઓનો કોઈ પત્તો લાગ્યો નથી, કોઇની ધરપકડ પણ થઈ નથી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે હમણાં હમણાં પૈસા વસુલીના પણ અપરાધો વધી રહ્યા છે. તેમજ નૃશંસ હત્યાઓની પણ ઘટનાઓ વધી રહી છે. ગયા મહીને હેમિલ્ટન શહેરમાં એક વિદ્યાર્થીની બસ સ્ટોપ પાસે હત્યા કરવામાં આવી હતી. ટૂંકમાં કેનેડામાં સામાન્ય માનવી વિશેષતઃ ભારતીય વંશની વ્યક્તિઓ ઉપર સતત જોખમ તોળાઈ રહ્યું છે.


# ઑસ્ટ્રેલિયાની નેશનલ ઍરલાઈન કંપની ક્વોન્ટાસ ઍરવેઝની જાહેરાત

## સિડની અને લંડન વચ્ચે ૨૦ કલાકથી વધુ વિશ્વની સૌથી લાંબી નોન-સ્ટોપ પેસેન્જર ફ્લાઈટ ૨૦૨૭માં ઉડાન ભરશે

### નોન-સ્ટોપ ઉડ્ડયન કરીને ૧૭,૦૧૫ કિલોમીટરનું અંતર કાપશે

ઓસ્ટ્રેલિયા, તા.૧૬

ઑસ્ટ્રેલિયાની નેશનલ ઍરલાઈન કંપની ક્વોન્ટાસ ઍરવેઝે જાહેરાત કરી છે કે સિડની અને લંડન વચ્ચે વિશ્વની સૌથી લાંબી નોન-સ્ટોપ પેસેન્જર ફ્લાઈટ ૨૦૨૭માં ઉડાન ભરશે. આ ફ્લાઈટ ૨૦ કલાકથી વધુ સમય સુધી નોન-સ્ટોપ ઉડ્ડયન કરીને ૧૭,૦૧૫ કિલોમીટરનું અંતર કાપશે.





હાલમાં લોન્ગેસ્ટ નોન-સ્ટોપ પેસેન્જર ફ્લાઇટનો રેકોર્ડ સિંગાપોર ઍરલાઇન્સની સિંગાપોરથી ન્યુ યોર્કની ફ્લાઇટના નામે છે જે આશરે ૧૮.૫ કલાકમાં લગભગ ૧૫,૩૦૦ કિલોમીટરનું અંતર કાપે છે. ક્વોન્ટાસે લોન્ગેસ્ટ નોન-સ્ટોપ ફ્લાઇટને પ્રોજેક્ટ સનરાઇઝ નામ આપ્યું છે, કારણ કે આ ફ્લાઈટના પ્રવાસીઓ આ સફરમાં બે અદ્‌ભુત સૂર્યોદય જોશે. લગભગ દિવસભરની મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે ક્વોન્ટાસ ૧૨ નવાં ઍરબસ અ૩૫૦-૧૦૦૦ ઍરક્રાફ્ટ રજૂ કરશે. વધુ લેગરૂમ માટે ૩૦૦ની સામાન્ય બેઠક-ક્ષમતા ઘટાડીને ૨૩૮ કરવામાં આવશે. ઇકોનોમી અને પ્રીમિયમ કેબિન વચ્ચે એક સમર્પિત વેલનેસ ઝોન સ્થાપિત કરવામાં આવશે જે બધા મુસાફરો માટે સુલભ હશે. આ વિસ્તારમાં ઑન-સ્ક્રીન કસરત કાર્યક્રમો, સ્ટ્રેચ હેન્ડલ્સ અને હાઈડ્રેશન સ્ટેશન હશે.

# શેખ હસીનાના પુત્રને અમેરિકી નાગરિકત્વ : બાંગ્લાદેશનો પાસપોર્ટ રદ્દ

ઢાકા, તા. ૧૬

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પુત્રને અમેરિકાની નાગરિકતા મળી છે. શેખ હસીનાના પુત્ર



સાજીબ વાજેદ ઝાયએ હવે અમેરિકન પાસપોર્ટ માટે અરજી કરી છે. બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારે સાજીબનો પાસપોર્ટ રદ કર્યો હતો, ત્યારબાદ તેણે યુએસ નાગરિકતા માટે અરજી કરી હતી. તેમણે વોશિંગ્ટન ડીસીમાં નાગરિકતાના શપથ લીધા અને પ્રમાણપત્ર મેળવ્યું. પ્રમાણપત્ર મળ્યા પછી તેણે પાસપોર્ટ માટે પણ અરજી કરી. શપથ ગ્રહણ સમારોહમાં વિવિધ દેશોના કુલ ૨૨ વ્યક્તિઓએ હાજરી આપી હતી. તેમાં જય સહિત બાંગ્લાદેશી મૂળના ૩ લોકો હતા. તે પોતાની સાથે એક વકીલ પણ લાવ્યો હતો.

# નિવૃતિ પછી પણ વિરાટ અને રોહિતનો એ+ ગ્રેડ ચાલુ જ રહેશે

## રોહિત અને વિરાટ બંને બીસીસીઆઈના એ પ્લસ સેન્ટ્રલ કરારનો ભાગ છે. ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધાં બાદ પણ બીસીસીઆઈએ તેને આ ગ્રેડમાં જ રાખવાનો નિર્ણય લીધો

નવી દિલ્હી,તા.૧૬

વિરાટ કોહલી અને રોહિત શર્માએ હાલમાં જ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે. જેના કારણે ભારતીય ક્રિકેટમાં મોટું પરિવર્તન આવ્યું છે. બંને ખેલાડીઓ બીસીસીઆઈના એ+ ગ્રેડના કરાર હેઠળ છે. હવે તેઓ માત્ર વન ડે ક્રિકેટ રમતાં જોવા મળશે. રોહિત અને કોહલીએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લેતાની સાથે જ સૌથી મોટો સવાલ એ હતો કે, હવે તેમને બીસીસીઆઇના એ પ્લસ કોન્ટ્રાક્ટમાં રાખવામાં આવશે કે નહીં



### તેમાં કોઈ ફેરફાર થશે નહીં :–

વિરાટ કોહલી અને રોહિત શર્મા બંને ભારતીય ક્રિકેટના મોટા સ્ટાર્સ છે. તેની નિવૃત્તિએ ટીમમાં એક ખાલીપો આવ્યો છે. જોકે બીસીસીઆઇએ સ્પષ્ટ કરી દીધું છે કે, તેમના ગ્રેડ એ+ કોન્ટ્રાક્ટમાં કોઈ ફેરફાર કરવામાં નહિ આવે. . ''વિરાટ કોહલી અને રોહિત શર્માનો ગ્રેડ એ (+) કરાર ટી -૨૦ અને ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધાં પછી પણ ચાલું રહેશે. તેઓ હજુ પણ ભારતીય ક્રિકેટ ટીમનો હિસ્સો છે, અને તેમને ગ્રેડ એ (+)ની તમામ સુવિધાઓ મળશે.

### આ એક મહાન કારકિર્દી રહી છે :–

બીસીસીઆઈએ એપ્રિલમાં ૨૦૨૪/૨૫ માટે ખેલાડીઓની યાદી જાહેર કરી હતી. જેમાં કોહલી, રોહિત, જસપ્રિત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાને ગ્રેડ એ પ્લસમાં સામેલ કરવામાં આવ્યા હતા. કોહલીની ટેસ્ટ કારકિર્દી શાનદાર રહી હતી. તેણે ૧૨૩ ટેસ્ટમાં ૪૬.૮૫ની એવરેજથી ૯,૨૩૦ રન ફટકાર્યા હતા. તેમાં ૩૦ સદીનો સમાવેશ થાય છે. તેનો શ્રેષ્ઠ સ્કોર ૨૫૪ રન હતો. ભારત તરફથી ટેસ્ટમાં સૌથી વધુ રન ફટકારવામાં તે ચોથા ક્રમે છે. સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને સુનીલ ગાવસ્કર તેમનાથી આગળ છે.

### રોહિતે એ પણ જાહેરાત કરી :–

રોહિત શર્માએ પણ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. તેણે ૬૭ મેચમાં ૪૦.૫૭ની એવરેજથી ૪,૩૦૧ રન બનાવ્યા હતા. તેમાં ૧૨ સદીનો સમાવેશ થાય છે. તેનો શ્રેષ્ઠ સ્કોર ૨૧૨ રનનો હતો, જે તેણે ૨૦૧૯માં સાઉથ આફ્રિકા સામે નોંધાવ્યો હતો. તે ભારત તરફથી ટેસ્ટમાં સૌથી વધુ રન ફટકારવામાં ૧૬માં ક્રમે છે. ૨૦૨૪ માં ભારતે ટી -૨૦ વર્લ્ડ કપ જીત્યાં બાદ બંને ખેલાડીઓએ ટી -૨૦ થી પોતાને દૂર પણ રાખ્યાં હતાં. આ ઉપરાંત ટી-૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ રન ફટકારવામાં પણ કોહલી સામેલ છે. તેણે ૧,૨૯૨ રન બનાવ્યાં છે. જ્યારે ટી-૨૦માં તે ૪,૧૮૮ રન સાથે બીજા ક્રમે છે. રોહિત શર્માએ ટી-૨૦માં સૌથી વધુ ૪,૨૩૧ રન ફટકાર્યા છે.

## ઉ.પ.માં પતિ-પત્નીના ખૂનના વધતા બનાવો !

# મેરઠમાં રીટાયર્ડ આર્મીમેનની પત્નિએ પ્રેમી સાથે મળીને હત્યા કરી શરીરના છ ટુકડા કરી ફેકી દીધા !

## બે સાથીઓ સાથે મદદ લઈ કાવત્રુ યોજયુઃ પણ છેલ્લે પકડાઈ ગયા !

બલિયા,તા.૧૬


મેરઠમાં સૌરભ રાજપૂત હત્યા કેસના મહિનાઓ બાદ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાંથી હત્યાનો વધુ એક ભયાનક કિસ્સો સામે આવ્યો છે. પોલીસે તાજેતરમાં જણાવ્યું હતું કે, એક ૪૪ વર્ષીય મહિલાએ તેના પ્રેમી અને અન્ય બે લોકોની મદદથી તેના ભૂતપૂર્વ સર્વિસમેન પતિની કથિત રીતે હત્યા કરી હતી અને ત્યારબાદ તેના શરીરના છ ટુકડા કરી નાખ્યા હતા. પોલીસે મંગળવારે આ માહિતી આપી હતી.

અહેવાલો અનુસાર, શનિવારે આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે સિકંદરપુર પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળના ખૈરીદ ગામ નજીક એક ખેતરમાં પોલિથીનમાં લપેટાયેલા કપાયેલા હાથ અને પગ મળી આવ્યા હતા. આરોપીએ પીડિતાની ઓળખ છુપાવવા અને તપાસકર્તાઓને ગેરમાર્ગે દોરવાના પ્રયાસમાં શરીરના ભાગોનો વિવિધ સ્થળોએ નિકાલ કર્યો હતો.

**ચાર લોકોની ધરપકડ કરવામાં આવી :-**

બાદમાં મૃતકની ઓળખ દેવેન્દ્ર કુમાર તરીકે થઈ હતી, જે ૬૨ વર્ષીય નિવૃત્ત આર્મી મેન હતો, એમ પોલીસે જણાવ્યું હતું. શરૂઆતમાં તેમની પત્ની માયા દેવીએ ૧૦ મેના રોજ બલિયા સિટી કોતવાલી પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ દાખલ કરીને તપાસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના પતિની ભાળ મળી શકી નથી. જો કે આ કેસમાં નાટકીય વળાંક ત્યારે આવ્યો જ્યારે તેની જ પુત્રી આંબલી ગૌતમે તેની સામે જુબાની આપી અને સીધો આરોપ માયા દેવી પર તેના પિતાની હત્યાનો આરોપ લગાવ્યો. પુત્રીના આ નિવેદન બાદ પોલીસે માયા દેવી સામે હત્યાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

બલિયાના પોલીસ અધિક્ષક ઓમવીરસિંહે મંગળવારે જણાવ્યું હતું કે માયા દેવીએ તેના પ્રેમી, ટ્રક ડ્રાઈવર અનિલ યાદવ અને બે સાથીઓ - મિથિલેશ પટેલ અને સતિષ યાદવની મદદથી તેના પતિની હત્યા કરવાની કબૂલાત કરી છે.



**દેવેન્દ્રકુમારનું મૃત્યુ કેવી રીતે થયું? :-**

પોલીસનાં જણાવ્યાં અનુસાર માયાએ પોતાના સાથીઓ સાથે મળીને દેવેન્દ્ર કુમારની બહાદુરપુર વિસ્તારમાં તેમના ઘરની અંદર જ હત્યા કરી દીધી હતી. તેની હત્યા કર્યા પછી, તેઓએ શરીરના છ ભાગમાં કાપી નાખ્યા - બંને હાથ, પગ અને માથાને કાપી નાખ્યા - ઓળખ છુપાવવા માટે ટુકડાઓનો અલગ અલગ સ્થળોએ નિકાલ કર્યો હતો.

માયા દેવીની કબૂલાત પર કાર્યવાહી કરતાં પોલીસે ખૈરીદ દારૌલી ગામના એક કૂવામાંથી ધડ મળી આવ્યું હતું. મંગળવારે પરિખારામાં ટાઉન પોલિટેકનિક નજીક વાહન ચેકિંગ દરમિયાન અનિલ યાદવ અને સતિષ યાદવને પોલીસે અટકાવ્યા હતા. બંનેએ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો હતો, ત્યારબાદ જવાબી કાર્યવાહીમાં અનિલ યાદવને પગમાં ગોળી વાગી હતી. હાલ તેમની સારવાર જિલ્લા હોસ્પિટલમાં ચાલી રહી છે. પોલીસને ઘટના સ્થળેથી અનિલ યાદવના કબજામાંથી એક દેશી બનાવટની પિસ્તોલ, એક ખાલી કારતૂસ અને એક જીવતો કારતૂસ મળી આવ્યો હતો. સતીષ યાદવ હત્યામાં વપરાયેલા હથિયાર સાથે કથિત રીતે મળી આવ્યો હતો. સિંહે કહ્યું કે માયા દેવીએ અનિલ યાદવ સાથેના તેના ગેરકાયદેસર સંબંધોને કારણે તેની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું.

**પતિ-પત્નીના ખૂનના બનાવો વધ્યાં :-**

બલિયા હત્યાકાંડે ઉત્તર પ્રદેશમાં ફરી સનસનાટી મચાવી દીધી છે. ઉલ્લેખનીય છે કે, હાલના મહિનાઓમાં યુપીમાં પતિ-પત્નીની હત્યાના બનાવો વધ્યાં છે. માર્ચ મહિનામાં મેરઠમાં પૂર્વ મર્ચન્ટ નેવી ઓફિસરની હત્યાનો મામલો સામે આવ્યો હતો. તેની હત્યા તેની પત્ની અને તેના પ્રેમીએ કરી હતી. આ ગુનાને છુપાવવા માટે બંનેએ ડ્રમમાં લાશને ભરી હતી અને તેમાં સિમેન્ટ ભરી દીધું હતું

એપ્રિલમાં દેવરિયાથી આવી જ એક ભયાનક ઘટના સામે આવી હતી, જ્યાં દુબઈથી પરત ફર્યાના દસ દિવસ બાદ જ એક મહિલા અને તેના પ્રેમીએ પતિની હત્યા કરી નાખી હતી. તેઓએ તેના શરીરના બે ટુકડા કર્યા અને ટુકડાઓ સૂટકેસમાં ભર્યા અને તેને એક ખેતરમાં ફેંકી દીધા. સામાન પર ચોંટાડવામાં આવેલા એરલાઇન ટેગ દ્વારા મૃતદેહની ઓળખ કરવામાં આવી હતી.

ગયા મહિને ઓરૈયામાં વિશ્વાસઘાતનો બીજો એક કેસ નોંધાયો હતો. લગ્નના ૧૫ દિવસ બાદ જ એક નવદંપતીની હત્યા તેની પત્ની અને તેના પ્રેમીએ કરી હતી. તેઓએ હત્યાને અંજામ આપવા માટે એક કોન્ટ્રાક્ટ કિલરને રાખ્યો હતો.

# બેંક ખાતામાં નોમિનેશન, ઈમેલ-ફોન જરૂરી ?

## આર.બી.આઈ.દ્વારા અનકલેઈમ્ડ ડિપોઝીટ ઘટાડવા સૂચનો માંગ્યા

નવી દિલ્હી,તા.૧૬

થાપણદારોના હિતોનું વધુ સારી રીતે રક્ષણ કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ બેન્કો પાસેથી હાલના બેંક નોમિનેશન ફોર્મમાં નોમિનીના ઇમેઇલ અને ફોન નંબર ઉમેરવા સૂચનો માંગ્યા છે. ૨૦૨૪ ના બેંકિંગ કાયદા (સુધારા) બિલ પસાર થયા પછી, બેંક ખાતાધારકો પાસે હવે ચાર નોમિની હોઈ શકે છે. આ બાબતથી પરિચિત બે અધિકારીઓએ જણાવ્યું હતું કે ગયા મહિને સરકાર પાસેથી આ સૂચનો માંગવામાં આવ્યા હતા. ૧૯૮૫ના બેંકિંગ કંપનીઓ (નામાંકન) નિયમો હેઠળ નિર્ધારિત નામાંકન ફોર્મ ફોર્મેટને અપડેટ કરવાનું રહેશે.




**શું થશે ફાયદો? :-**

એક અધિકારીએ જણાવ્યું હતું કે આનાથી નાણાકીય ક્ષેત્ર, ખાસ કરીને બેંકોમાં બિનવારસી થાપણોમાં ઘટાડો થશે. જો ખાતાધારકનું સરનામું અથવા સંપર્ક બદલાયો છે, તો તે દાવેદારો અથવા તેમના નોમિનીઓને શોધી કાઢવામાં મદદ કરી શકે છે. તેમણે કહ્યું કે ડિપોઝિટ, સેફ ડિપોઝિટ લોકર અને સેફ કસ્ટડી આઇટમ્સ માટેના હાલના નોમિનેશન ફોર્મમાં નોમિનીના મોબાઇલ નંબર અને ઇમેઇલ આઇડી માટે કોઇ જગ્યા નથી.

**કાયદો શું છે? :-**

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે સરકારે તાજેતરમાં બેન્કિંગ બિલમાં પણ સુધારો કર્યો છે. ઉમેદવારી ફોર્મમાં નોમિનીની સંપર્ક વિગતો અપડેટ કરીને, તે સુનિશ્ચિત કરવામાં આવશે કે આવી તમામ વ્યક્તિઓને જાણ કરવામાં આવે અને તેઓ તેમની બાકી નીકળતી રકમ એકત્રિત કરી શકે. માર્ચમાં, સંસદે બેંકિંગ કાયદા (સુધારા) બિલ ૨૦૨૪ પસાર કર્યું હતું. તેણે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટની કલમ ૪૫ણઅ, ૪૫ણઈ અને ૪૫ણઊમાં સુધારો કર્યો છે, જેથી નોમિનીને ચાર સુધીની મંજૂરી મળી શકે.

**શું છે સુવિધા? :-**

તે થાપણદારો અને તેમના કાનૂની વારસો માટે વધુ સુગમતા અને સુવિધા પ્રદાન કરે છે. ખાસ કરીને ડિપોઝિટ, સેફ કસ્ટડીમાં રહેલી વસ્તુઓ અને સેફ્ટી લોકરના સંદર્ભમાં. બેન્કિંગ કંપનીઓ (નામાંકન) નિયમો, ૧૯૮૫ માં બેંકોને ઉત્તરાધિકાર પ્રમાણપત્ર માંગ્યા વિના અથવા કાનૂની વારસદારોના દાવાની ચકાસણી કર્યા વિના થાપણદારના મૃત્યુની સ્થિતિમાં નોમિનીને બાકી નીકળતી રકમ ચૂકવવાની મંજૂરી આપે છે.

**સમસ્યા શું છે? :-**

અધિકારીએ જણાવ્યું હતું કે, નોમિનીની વિગતો એકત્રિત કરવામાં સંમતિની સમસ્યા હોઈ શકે છે. તેમણે સવાલ કર્યો કે જો નોમિની આમાં સંમત ન હોય તો શું અને શું બેંક સંમતિ વિના તેમનો સંપર્ક કરી શકે છે ? તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ માટે નો યોર કસ્ટમર (કેવાયસી) ફોર્મેટમાં ફેરફાર સહિત વધુ વિચાર-વિમર્શની જરૂર પડી શકે છે. જો કે, ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી બેંક ખાતામાં પડેલી થાપણો આરબીઆઈના ડીઇએ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

**ધ્યેય શું છે :-**

આનાથી બેંકોમાં દાવા વગરની થાપણો ઘટાડવામાં મદદ મળશે. જો ખાતાધારકનું સરનામું કે સંપર્ક બદલાયો હોય તો નોમિનીને શોધવામાં સરળતા રહેશે.

**શું ખૂટે છે:-**

હાલનાં નોમિનેશન ફોર્મમાં નોમિનીના મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી માટે જગ્યા નથી.

**શું છે અધિકારો :-**

૧૯૮૫ના નિયમો અનુસાર બેંકો ડિપોઝિટરના મૃત્યુ પર ઉત્તરાધિકાર પ્રમાણપત્ર માંગ્યા વિના બાકી રકમ નોમિનીને ચૂકવી શકે છે.

# સલમાન ખાન કાળિયાર શિકાર કેસ

# રાજસ્થાન હાઈકોર્ટ ૨૬ જુલાઈએ અભિનેતા - બિશ્નોઈ સમાજની અપીલ પર સુનાવણી કરશે

ન્યુ દિલ્હી : જોધપુરમાં કાંકાણી કાળિયાર શિકાર કેસ ફરી ચર્ચામાં આવ્યો છે કારણ કે ગુરુવારે રાજસ્થાન હાઈકોર્ટે આ કેસ સંબંધિત શ્રેણીબદ્ધ અપીલોની સુનાવણી કરી, જેમાં સરકાર, બિશ્નોઈ સમુદાય અને અભિનેતા સલમાન ખાન દ્વારા દાખલ કરાયેલી અપીલોનો સમાવેશ થાય છે.






બિશ્નોઈ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ મહિપાલ બિશ્નોઈએ પુષ્ટિ આપી કે કોર્ટે તમામ સંબંધિત અપીલોને ક્લબ કરવાનો નિર્ણય લીધો છે અને ૨૬ જુલાઈના રોજ વિગતવાર દલીલો માટે તેમને સુનિશ્ચિત કર્યા છે.

આ કેસમાં, અભિનેતા સલમાન ખાનને અગાઉ નીચલી અદાલતે પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. જોકે, સૈફ અલી ખાન, નીલમ, તબ્બુ, સોનાલી બેન્દ્રે અને દુષ્યંત સિંહ જેવા અન્ય આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે આપેલા સમયમર્યાદામાં તેમની નિર્દોષ છુટકારો સામે અપીલ દાખલ કરી ન હતી.

ત્યારબાદ, સરકારે પાંચ સહ-આરોપીઓને નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને પડકારવા માટે 'અપીલની રજા' અરજી દાખલ કરી. ન્યાયાધીશ ગર્ગે નિર્દેશ આપ્યો કે સરકારની અરજીની સુનાવણી સલમાન ખાનની સજા સંબંધિત અન્ય પેન્ડિંગ કેસોની સાથે કરવામાં આવે. કોર્ટે આગામી સુનાવણી ૨૮ જુલાઈના રોજ નક્કી કરી છે.

સલમાન ખાનના વકીલ, એડવોકેટ હસ્તીમલ સારસ્વતે અગાઉ તમામ સંબંધિત કેસોને નીચલી કોર્ટથી હાઇકોર્ટમાં સંયુક્ત સુનાવણી માટે ખસેડવાની માંગ કરી હતી. કાળિયાર શિકાર કેસમાં દોષિત ઠેરવવામાં આવેલ સલમાન ખાન હાલમાં જામીન પર છે.

'લીવ ટુ અપીલ' એ એક કાનૂની પ્રક્રિયા છે જેમાં કોઈ વ્યક્તિ સામાન્ય સમય પૂરો થયા પછી અથવા વિલંબ માટે અન્ય કાનૂની કારણો હોય તો નિર્ણય સામે અપીલ કરવાની પરવાનગી માંગી શકે છે. લાંબા સમયથી ચાલતા આ કેસમાં બધી અપીલોને એકસાથે લાવવાનો હાઇકોર્ટનો નિર્ણય એક મહત્વપૂર્ણ પગલું છે.

### અભિનેતા પર વધુ એક મુશીબત આવી....

# સૈફ અલીખાનના પરિવારની કરોડોની મિલ્કત હાથથી ગઈઃ દુશ્મન સંપતિ જાહેર

## નવાબ હમિદુલ્લાહ ખાનની પુત્રીઓ આબિદા અને આફતાબ પાક.નાગરિક હોવાથી આ પરિસ્થિતિ સર્જાઈ

મુંબઈ,તા.૧૬

ભારત પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા ટેન્શન વચ્ચે સૈફ અલી ખાન પટૌડી અને તેમના પરિવાર માટે પણ એક ટેન્શનની વાત બહાર આવી છે.




પટૌડી પરિવારની કરોડોની કિંમતની ત્રણ મિલકતો હવે દુશ્મન સંપત્તિ જાહેર કરવામાં આવી છે. જેમાં ભોપાલ, સિહોર અને રાયસેનની મિલકતોનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલયના અહેવાલ મુજબ, પાકિસ્તાનીઓ પાસે ભારતમાં કુલ ૧૨,૯૮૩ મિલકતો છે. આ બધા દુશ્મન સંપત્તિ હેઠળ આવે છે.

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનની ત્રણ મિલકતો અંગે એક નવો ખુલાસો થયો છે. આ ત્રણેય મિલકતો દુશ્મન મિલકત હેઠળ આવે છે. આમાં ભોપાલ, સિહોર અને રાયસેનમાં કરોડોની કિંમતની મિલકતોનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલયના કસ્ટોડિયન ઓફ એનિમી પ્રોપર્ટી (CEPI) એ ૮ મે, ૨૦૨૫ ના રોજ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે નવાબ હમીદુલ્લાહ ખાનની પુત્રીઓ આબિદા અને આફતાબ બેગમ પાકિસ્તાનના નાગરિક છે. તેથી, તેમની મિલકતોને દુશ્મન મિલકતો જાહેર કરવામાં આવી છે.

આ માહિતી સામાજિક કાર્યકર અમિતાભ અગ્નિહોત્રીની ફરિયાદ પર આપવામાં આવી હતી. CEPI ટીમ હવે એક સર્વે કરી રહી છે. હાઈકોર્ટમાં રજૂ કરાયેલા માલા શ્રીવાસ્તવના અહેવાલ મુજબ, ભોપાલ અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ ૫૫૦ એકર જમીન નવાબ પરિવારના નામે નોંધાયેલી હતી, જે વ્યક્તિગત મિલકત નહોતી. દુશ્મન મિલકત એ લોકોની મિલકત છે જેઓ ભારતથી પાકિસ્તાન અથવા અન્ય દેશમાં સ્થળાંતર કરીને ચાલ્યા ગયા અને જેમની મિલકત ભારતમાં રહી ગઈ હતી. ભારત સરકારે આ મિલકતોને દુશ્મન મિલકતો તરીકે જાહેર કરી હતી અને તેમને CEPI ની દેખરેખ હેઠળ મૂકવામાં આવ્યા છે. શત્રુ સંપત્તિ અધિનિયમ, ૧૯૬૮ હેઠળ, મૂળ માલિક અથવા તેના વારસદારો દ્વારા શત્રુ સંપત્તિને ટ્રાન્સફર અથવા પાછી દાવો કરી શકાતો નથી.



# કતરમા માથું ધુણાવીને અલ-અયાલા પરંપરાગત ડાન્સથી ટ્રમ્પનું સ્વાગત

ગઈ કાલે અમેરિકન પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પ કતરની મુલાકાતે ગયા ત્યારે તેમનું સ્વાગત અનોખી રીતે કરવામાં આવેલું. આ ઘટનાનો સોશ્યલ મીડિયા પર શેર થયેલો વિડિયો જોઈને કદાચ કોઈને એવું લાગે કે સફેદ ગાઉન પહેરેલી મહિલાઓને કદાચ માતાજી આવ્યાં હોવાથી તેઓ છુટ્ટા વાળ રાખી ધૂણી રહી છે.

જોકે આ અમીરાતી સ્ટાઇલનો પરંપરાગત ડાન્સ છે જે અલ-અયાલા તરીકે ઓળખાય છે. આ ડાન્સમાં પુરુષો બામ્બુ સ્ટિકથી અને ખાસ અવાજો કાઢીને ગાય છે અને મહિલાઓ સફેદ રંગના ગાઉન પહેરીને છૂટા વાળને આમથી તેમ એકસાથે માથું નીચું કરીને લહેરાવે છે. ડોનલ્ડ ટ્રમ્પની એન્ટ્રી વખતે લોકોની આંખો ટ્રમ્પને બદલે આ વાળ લહેરાવતી સુંદરીઓ તરફ વધુ ખેંચાઈ હતી.



# સુંદર કેશ ધરાવતા સિંહનું હજારો ફૂટ ઊંચાઈએ હેલિકોપ્ટરમાંથી સ્કાયડાઈવિંગ

છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ મીડિયા પર સ્કાયડાઈવિંગનો એક વિડિયો જબરદસ્ત વાઇરલ થઈ રહ્યો છે. લગભગ પાંચ કરોડથી વધુ વ્યુઝ મેળવી ચૂકેલો આ વિડિયો ઓરિજિનલી travelling. Shilong નામના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પરથી શેર કરવામાં આવ્યો છે. એમાં સુંદર કેશવાળી ધરાવતો સિંહ હજારો ફુટ ઊંચાઈએ હેલિકોપ્ટરમાંથી છલાંગ મારી રહ્યો છે. એની સાથે સ્કાયડાઈવિંગ ટ્રેઈનર પર પણ પાછળ જ છે. જોકે સિંહભાઈ આકાશમાંથી છલાંગ મારે એ વાત જ હજમ થાય એવી નથી લાગતી. આકાશમાં ઊંચાઈએથી નીચે પડતી વખતે પણ સિંહ શાંત જોવા મળી રહ્યો હતો. લોકો આ જોઈ કુતૂહલ અનુભવી રહ્યા છે.

સિંહ પાસેથી હકીકતમાં આવું કરાવવું લગભગ અશક્ય છે એટલે આ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ દ્વારા ક્રીએટ થયેલો વિડિયો હોવાનું માનવામાં આવી રહ્યુ છે, જ્યારે કેટલાક લોકો આને સચ્ચાઈ માને છે. ઊંચાઈ પરથી નીચે પડતી વખતે પણ સિંહ જે ધીરગંભીર મુદ્રામાં છે એનાથી એ નકલી હોવાની સંભાવના વધુ છે. જોકે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સથી આ વિડિયો બન્યો હોય તો પણ આવી કલ્પના કરવી પણ યુનિક છે.

### કતારમાં ટ્રમ્પ સાથે હાથ મિલાવનાર કોણ છે અહમદ અલ-શરા ?

# અમેરિકાએ એક વખત અલ કાયદાનો આતંકી ગણાવ્યોઃ હવે ટ્રમ્પે તેને સીરિયામાં સાથી બનાવ્યો





નવી દિલ્હી ,તા.૧૬

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પશ્ચિમ એશિયાનાં પ્રવાસે છે. આ પ્રવાસમાં તેમનો પહેલો પડાવ સાઉદી અરેબિયા હતો, જ્યાં તેમની મુલાકાત ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે થઈ હતી. ટ્રમ્પે પોતાની મુલાકાત દરમિયાન સાઉદી અરેબિયા સાથે ૧૪૨ અબજ ડોલરના સોદા કર્યા હોવાનો દાવો કર્યો હતો અને તેને સફળ ગણાવ્યો હતો. તેનો આખો પ્રવાસ ધંધા પર કેન્દ્રિત હોય તેવું લાગતું હતું. જો કે તેમના પ્રવાસના એક ખાસ દ્રશ્યે આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. ટ્રમ્પની સીરિયાના કાર્યકારી રાષ્ટ્રપતિ અહમદ અલ-શરા સાથે મુલાકાતનું આ દ્રશ્ય હતું. આ નજારો એટલા માટે ચોંકાવનારો હતો કારણ કે આ એ જ અહમદ અલ શરા છે, જે એક સમયે અબુ મોહમ્મદ અલ ગોલાનીના નામથી જાણીતો હતો. આ નામ એટલા માટે યાદ રાખવું જરૂરી છે કારણ કે અમેરિકાએ આતંકવાદી સંગઠન અલ કાયદા સાથેના તેના જોડાણને કારણે તેને આતંકવાદી જાહેર કર્યો હતો અને તેના પર એક કરોડ ડોલરનું ઈનામ પણ મૂક્યું હતું. આવી સ્થિતિમાં, એ જાણવું મહત્વપૂર્ણ છે કે કોણ છે અહેમદ અલ-શરા, જેને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયામાં મળ્યાં ? તેનો ઇતિહાસ શું રહ્યો છે ? અલ-કાયદાના આતંકવાદીમાંથી સીરિયાના કાર્યકારી પ્રમુખ બનવાના તેમની કહાની શું છે? આવો જાણીએ...

### કોણ છે અહેમદ અલ-શરા ઉર્ફે અબુ મોહમ્મદ અલ-ગોલાની?

અહેમદ અલ શરા અને ડોનાલ્ડ ટ્રમ્પની બેઠક માટે પસંદ કરાયેલો દેશ પણ ઘણો મહત્વનો છે, કારણ કે તેમનો જન્મ ૧૯૮૨માં સાઉદી અરેબિયામાં થયો હતો. અન્ય સ્ત્રોતોએ તેમના જન્મનું વર્ષ સ્પષ્ટ કર્યું નથી. જોકે, બાદમાં શરાનો પરિવાર સીરિયાની રાજધાની દમાસ્કસમાં રહેવા ચાલ્યો ગયો હતો, જ્યાં શરાએ પોતાનું બાળપણ મઝેહ વિસ્તારમાં વિતાવ્યું હતું. અહેમદ અલ-શરા'આનો ઉદભવ સીરિયાના ગોલન હાઇટ્સ પરથી થયો હોવાનું કહેવાય છે. આ કારણે તેનું જૂનું નામ અબુ મોહમ્મદ અલ ગોલાની હતું. એવો દાવો કરવામાં આવે છે કે તેના દાદાને વર્ષ ૧૯૬૭ માં ગોલન હાઇટ્સમાંથી ભાગવું પડ્યું હતું. તેનું કારણ ઇઝરાયલનું આરબ દેશો સાથેનું યુદ્ધ હતું, જે પછી ઇઝરાયેલે સીરિયાની ગોલન હાઇટ્સ પર કબજો કરી લીધો હતો અને અહીં રહેતા હજારો મુસ્લિમોને ભાગવાની ફરજ પડી હતી.

આતંકવાદી સંગઠનોથી અહેમદ અલ-શરાના અંતરની અસર સીરિયામાં દેખાવા લાગી. ઇદલિબના વિસ્તારમાં સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ અસદ અને આઇએસઆઇએસના પ્રભાવને નકારીને અલ-શરાના નેતૃત્વમાં અલગ સરકારની રચના કરવામાં આવી હતી. આ સરકાર બાકીના સીરિયા કરતાં અલગ રીતે તેના શાસન માટે જાણીતી હતી, જ્યાં શિક્ષણ, આરોગ્ય અને બાંધકામનું કામ ચાલુ રહ્યું હતું. સાથે જ આ સમગ્ર વિસ્તારમાં શરિયા કાયદો પણ લાગું કરવામાં આવ્યો હતો. અહેમદ અલ-શરા ૨૦૨૪માં સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદને ઉથલાવતા પહેલા ઇદલિબનું નેતૃત્વ કરી રહ્યાં હતાં.

### સીરિયામાં શાસન સ્થાપવાથી લઈને ટ્રમ્પને મળવા સુધી, રસ્તો કેવો રહ્યો ?

ડિસેમ્બર ૨૦૨૪ માં સીરિયાના તત્કાલીન રાષ્ટ્રપતિ બશર અલ-અસદને ઉથલાવી દીધા પછી, દેશમાં અલ-શરાના નેતૃત્વમાં સરકારની રચના કરવામાં આવી હતી. એવું કહેવામાં આવે છે કે અહમદ અલ-શરાએ યુક્રેન સાથેના યુદ્ધમાં રશિયાની સંડોવણી અને ઇઝરાઇલ સાથેના ઇરાનના સંઘર્ષનો લાભ લીધો હતો, જેણે અલ-અસદને ૨૦ વર્ષ સુધી સત્તામાં રાખ્યો હતો, અને સીરિયામાં એક પછી એક શહેરો પર એક સાથે કબજો જમાવ્યો હતો. આખરે, તેના જૂથે સીરિયાની રાજધાની દમાસ્કસ પર કબજો કરી લીધો અને બશર અલ-અસદને દેશ છોડીને ભાગવાની ફરજ પડી હતી. અહમદ અલ-શરાએ પોતાની સત્તાની સ્થાપના કરતાની સાથે જ સીરિયામાં અલ-અસદના કહેવાતા ક્રૂર શાસનનો અંત લાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે દેશની આર્થિક સ્થિતિ અને લોકોના જીવનને સરળ બનાવવાની વાત પણ કરી હતી. આ માટે તેમને તુર્કી, સાઉદી અરબ અને કતારનો પણ સાથ મળ્યો હતો. થોડા જ સમયમાં લડવૈયાઓના ગણવેશમાં ફરતો અલ-શરા સૂટ અને ટાઇમાં જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન વિશ્વભરના ઘણા નેતાઓ તેમને મળવા આવ્યા હતા.

જો કે સીરિયામાં બશર અલ અસદને સત્તા પરથી હટાવ્યા બાદ તેમના સમુદાયમાંથી આવતા અલવી મુસ્લિમોની મુશ્કેલીઓ વધી ગઇ હતી. અહેમદ અલ-શરાએ વચન આપ્યું હતું કે તેમના નેતૃત્વ હેઠળ સીરિયામાં તમામ સમુદાયોનું સન્માન કરવામાં આવશે. પરંતુ એવા આરોપો છે કે હયાત તહરીર-અલ-શામ લડવૈયાઓએ સેંકડો લઘુમતી અલવી મુસ્લિમોને મારી નાખ્યા છે. ઇસ્લામમાં અલાવી મુસ્લિમોનો વર્ગ શિયા સમુદાયથી અલગ છે. આ ઘટનાઓને ઘણા દેશોએ વખોડી કાઢી હતી, પરંતુ અમેરિકા તરફથી શાંત પ્રતિસાદ મળ્યો હતો.

## અલ-શરા સાથે ટ્રમ્પની મુલાકાત કેમ ખાસ છે?

સીરિયા પર પ્રતિબંધો તત્કાલીન રાષ્ટ્રપતિ બશર અલ અસદના શાસનકાળમાં તેમની સરકારની અર્થવ્યવસ્થા પર દબાણ લાવવા માટે લગાવવામાં આવ્યા હતા. ડિસેમ્બરમાં અસદને સત્તા પરથી હટાવી દેવામાં આવ્યા હતા. અસદના ખસી ગયા બાદ બિડેન અને ટ્રમ્પ બંને સરકારોએ પ્રતિબંધો લાદવાનું ચાલુ રાખ્યું હતું કારણ કે તેઓ અલ-શરાના ઇરાદાઓને ચકાસવા માંગતા હતા. આખરે ૧૪મી મેના રોજ ટ્રમ્પે અલ શરા સાથે મુલાકાત કરી હતી અને આ પ્રતિબંધો હટાવવાની જાહેરાત કરી હતી.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સાઉદી અરબમાં અલ-શરા સાથેની મુલાકાતને કૂટનીતિક અને રાજકીય રીતે એક મોટો ઘટનાક્રમ માનવામાં આવે છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિએ કોઈ વ્યક્તિ સાથે વાત કરી છે અને તેની સાથે મુલાકાત કરી છે જે ક્યારેય આતંકવાદી સંગઠનોનો ભાગ હતો. જોકે હવે જોવાનું એ રહેશે કે સીરિયાની આ નવી સરકાર સાથે અમેરિકાના સંબંધો કઈ દિશામાં આગળ વધે છે.

ટ્રમ્પના આ પગલાને પશ્ચિમ એશિયામાં પ્રવેશ વધારવાના અમેરિકાના પગલાના સંદર્ભમાં પણ જોઈ શકાય છે. વાસ્તવમાં ટ્રમ્પે અત્યાર સુધી ક્ષેત્રીય શક્તિઓ કહેવાતા દેશોની મુલાકાત લીધી છે, જે ઇસ્લામિક દુનિયામાં ઈરાનનો પ્રભાવ ઘટાડીને પોતાનો પ્રભાવ વધારવા માંગે છે. પછી તે સાઉદી અરેબિયા હોય કે પછી કતાર હોય કે તુર્કી. આવી સ્થિતિમાં, ટ્રમ્પની આ દેશોની મુલાકાતને પશ્ચિમ એશિયાના ક્ષેત્રમાં ઇરાનને બાયપાસ કરવાના પગલા તરીકે જોવામાં આવી રહી છે.

સીરિયા આ શ્રેણીનો એક મહત્વપૂર્ણ દેશ છે, જ્યાં રશિયા અને ઇરાનના સમર્થનથી બશર અલ અસદની સરકાર લાંબા સમય સુધી અકબંધ રહી હતી. જો કે અલ અસદને સત્તા પરથી હટાવ્યા બાદ હવે ટ્રમ્પ પ્રશાસન સીરિયાને અમેરિકાના પ્રભાવમાં લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુ.એસ.ની તાજેતરની ક્રિયાઓ આ તરફ ઇશારો કરે છે.

### માર્ચ અને એપ્રિલમાં ખરાબ પ્રદર્શન બાદ....

# મે મહિનામાં રીલીઝ થયેલી ફિલ્મ રેઈડ-૨ સારા પ્રદર્શનને કારણે સમર સિઝનની સારી શરૂઆત થઈ



### સારી શરૂઆત થઈ છે પણ હવે જોવાનું રહ્યું કે આગળ શું થશે ?





### હાઉસફૂલ-૫ અને સિતારે જમીન પરનું ભાવિ કેવું રહેશે ? તે માટેની ચિંતા

મુંબઈ,તા.૧૬

માર્ચ અને એપ્રિલમાં બોલિવૂડની ફિલ્મોનાં ખરાબ પ્રદર્શનને કારણે સિનેમા ઇન્ડસ્ટ્રીના લોકોની અપેક્ષાઓ ઉનાળાની ઋતુ એટલે કે મે-જૂન મહિનાથી હતી. મે મહિનાના પહેલા અઠવાડિયામાં રિલીઝ થયેલી અજય દેવગણની ફિલ્મ રેઈડ ૨ના સારા પ્રદર્શનના કારણે ઉનાળાની સિઝનની સારી શરૂઆત સારી રહી હતી. પરંતુ રાજકુમાર રાવ અને વામિકાની આવતા સપ્તાહે રજૂ થનારી ફિલ્મ ભૂલ ચૂક માફને તેના નિર્માતાઓએ સીધા જ આવતા સપ્તાહે ઓટીટી પર રજૂ કરવાની જાહેરાત કરી હતી. મે મહિનાના બીજા સપ્તાહમાં ઓપરેશન સિંદૂરના કારણે થિયેટરોમાં કોઇ નવી ફિલ્મ રજૂ થઇ નહોતી. સાથે જ ત્રીજા સપ્તાહમાં રિલીઝ થયેલી ફિલ્મોને પણ મોટા ભાગની ફિલ્મોના નિર્માતાઓએ મોકૂફ રાખી હતી. સદ્દભાગે ટોમ ક્રૂઝની બહુચર્ચિત ફ્રેન્ચાઇઝી મિશન ઇમ્પોસિબલની છેલ્લી ફિલ્મ અમેરિકામાં રજૂ થયાના છ દિવસ અગાઉ ભારતમાં રજૂ થઇ રહી છે. આ સપ્તાહે હોલિવૂડની અન્ય એક જાણીતી ફ્રેન્ચાઇઝી ફાઇનલ ડેસ્ટિનેશનની છેલ્લી ફિલ્મ પણ રિલિઝ થઇ ચૂકી છે. આ કારણે આ અઠવાડિયે થિયેટરોમાં ફિલ્મ જોવા જતા દર્શકોની સામે હોલિવૂડની ફિલ્મોનો વિકલ્પ છે. નહીં તો આ અઠવાડિયું ખાલી રહેવાનું હતું. ચાલુ સપ્તાહથી મુલતવી રાખવામાં આવેલી બોલીવૂડની ફિલ્મો આવતા અઠવાડિયે રિલીઝ થશે, પરંતુ તેમાંથી એક પણ ફિલ્મ બ્લોકબસ્ટર બનવાની તાકાત ધરાવતી નથી. મે મહિનાના છેલ્લા સપ્તાહમાં પણ કોઇ મોટી ફિલ્મ રજૂ નહીં થાય આવી સ્થિતિમાં હવે બધાની નજર જૂન મહિના પર છે.

અક્ષય કુમારની બહુચર્ચિત હાઉસફુલ ફ્રેન્ચાઇઝીની પાંચમો ભાગ જૂનના પહેલાં અઠવાડિયામાં રિલીઝ થશે. આ સાથે જ તમિલ સુપરસ્ટાર કમલ હાસનની ફિલ્મ ઠગલાઇફ રિલીઝ થઇ રહી છે. આ સાથે જ જૂનના ત્રીજા સપ્તાહમાં બોલિવૂડ અને તમિલ સિનેમાના બે મોટા સ્ટાર્સ આમને-સામને હશે. આ દરમિયાન આમિર ખાનની બહુચર્ચીત ફિલ્મ સિતારે જમીન પર રિલીઝ થશે. આ સાથે જ તમિલ સુપરસ્ટાર ધનુષની ફિલ્મ કુવેરા રિલીઝ થશે. આ ફિલ્મમાં ધનુષની સાથે રશ્મિકા મંડન્ના પણ જોવા મળશે. આ ચાર મોટી ફિલ્મો રિલીઝ થવાને કારણે મે મહિનાનું કામ પણ જૂન મહિનામાં પૂરું થઈ શકે તેમ મનાય છે.

ફિલ્મ જગતનાં જાણકારોનું માનીએ તો વર્ષના પહેલા ક્વાર્ટરમાં જ્યાં વિકી કૌશલની છાવા બ્લોકબસ્ટર રહી હતી, પરંતુ બીજા ક્વાર્ટરમાં, જ્યાં ફિલ્મ સર્જકો પહેલા કરતાં પણ વધુ કમાણીની અપેક્ષા રાખતા હતા. પરંતુ ઓપરેશન સિંદૂર અને આઇપીએલ શિડયુલને કારણે અને ત્યાર બાદ ફિલ્મો વારંવાર મુલતવી રાખવાને કારણે બીજા ક્વાર્ટરની કમાણી પ્રથમ ક્વાર્ટર કરતાં ઘણી ઓછી જોવા મળી રહી છે. જો કે બધાની નજર આમિર અને અક્ષયની આવતા મહિને રિલીઝ થનારી ફિલ્મો પર ટકેલી છે. જો આ બેમાંથી કોઈ એક ફિલ્મ બ્લોકબસ્ટર બની જાય તો પહેલું ક્વાર્ટર સારૂ બની શકે છે. બીજી તરફ જો બંને ફિલ્મો સારું પ્રદર્શન કરશે તો ફિલ્મવાળાનું ભાગ્ય ચમકી જશે.



# આમિર ખાનનો મુંબઈ ઍરપોર્ટ પર અતરંગી અંદાજ

આમિર ખાનની આગામી ફિલ્મ 'સિતારે ઝમીન પર' ૨૦ જૂને રિલીઝ થવાની છે. હાલમાં ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ટ્રેલર-લોન્ચિંગ પછી આમિર પહેલી વખત મુંબઈ ઍરપોર્ટ પર જોવા મળ્યો હતો. એ સમયે તેણે પોતાની અતરંગી ફેશનને કારણે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. આમિરે વાદળી કુરતો, સફેદ ધોતી-પેન્ટ, કાળાં જૂતાં અને કેપ પહેરી હતી અને એમાં તે સાવ અલગ દેખાતો હતો. આ અતરંગી અંદાજ જોઈ ફેન્સ ચોંકી ઉઠયા હતા. હાલ આમિર ખાનની ફિલ્મનુ ટ્રેલર ચર્ચામા છે

### રાજકીય પક્ષો આમેય એક એવી બ્રીગેડ રાખે છે કે જે હેટ સ્પીચમાં માહીર હોય છે અને પછી જયારે તેના વિધાનોનો વિવાદ સર્જાય તો તેને પક્ષ સાથે કંઇ લાગતુ વળતુ નથી તેવો ખુલાસો કરીને પક્ષને જે ટાર્ગેટ કરવાના હોય તેને કરી લે છે




# નેતાઓની જબાન પર લગામ કયારે !

**એક તરફ સમગ્ર દેશ ઓપરેશન સિંદુર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય સૈન્યને સેલ્યુટ કરતું હોય અને એ દ્રશ્યો પણ સર્જાયા છે કે રેલ્વે સ્ટેશન પર કોઇ એક સિપાહી સૈન્યના યુનિફોર્મમાં હોય તો નાનુ બાળક પણ તેને સલામી મારી દે છે તે સમયે મધ્યપ્રદેશના ભાજપના એક કેબીનેટ મંત્રીએ કર્નલ સોફીયા કુરેશી અંગે કરેલા વિધાનો પછી પણ તેનો અંત નથી, સમાજવાદી પક્ષના સીનીયર નેતા રામગોપાલ યાદવે વીંગ કમાન્ડર વ્યોમીકા સિંહથી લઇ એરમાર્શલ ભારતીની જાતિ અને જ્ઞાતિની સમીક્ષા કરી લીધી અને છતાં પણ બધા સલામત છે તે દર્શાવે છે કે આપણા રાજકીય પક્ષો અને નેતાઓ દેશ અને સૈન્ય પ્રત્યે કેટલું સન્માન ધરાવે છે**



આપણા દેશની કમનસીબી એ છે કે અનેક નેતાઓ પોતે દરેક વિષયનું જ્ઞાન ધરાવતા હોય તેવો વ્યવહાર કરે છે કેટલાક નેતાઓ એવા છે કે 'ભક્તિ'ની મર્યાદા વટાવીને પણ પોતાના વિધાનો કરી વિવાદ સર્જી દેતા હોય છે અને વારંવાર તેનાથી અદાલતી કેસ પણ બને છે સર્વપ્રથમ આપણી અદાલતમાં એટલા બધા પેન્ડીંગ કેસ છે કે તેને આ પ્રકારના કેસમાં ૨૪ કલાક સુનાવણી કરવાની ઉતાવળ પણ શું છે તે પ્રશ્ન છે. દેશની હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટે જે આ પ્રકારના વિવાદમાં સપડાવવાનું હોય તો સામાન્ય માણસે પોતાના વાસ્તવિક કેસમાં ન્યાય માટે લાંબી રાહ જોવી પડે તો તેને પોતાના નસીબ સિવાય કોઇને દોષ દેવાની જરૂર નથી આ મુદો એટલા માટે ચર્ચામાં આવ્યો છે કે ઉતરપ્રદેશના એક મંત્રી વિજય શાહ એ ઓપરેશન સિંદુરમાં સૈન્ય બ્રિસીંગ કરતા કર્નલ સોફીયા અંગે જે વિવાદાસ્પદ વિધાનો કર્યા તે તેની ભકિતની મર્યાદા વટાવીને કર્યા હતા. આપણે માની લઇએ કે ભાજપ મોવડી મંડળ આ ઇચ્છતુ ન હોય વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે પાકિસ્તાનને એક આકરો સંદેશ આપવા માટે દેશને સાથે રાખીને આગળ વધતા હોય અને સૈન્યને પણ જુસ્સો આપતા હોય તે સમયે ભાજપના મંત્રીનું કર્નલ સોફીયા અંગેનું વિધાન શા માટે ભાજપને હજુ સુધી ખુંચ્યુ નથી તે જ પ્રશ્ન છે. આપણા નેતાઓ છેલ્લા કેટલાક સમયથી એટલા બધા સંવેદનશીલ થઇ ગયા છે કે સામાન્ય ટીપ્પણીમાં પણ બદનક્ષીના કેસો ટ્રાયલ કોર્ટથી લઇ સુપ્રીમ કોર્ટ સુધી જાય છે કોઇ સતામાં બેઠેલા નેતા અંગે કરાયેલી ટીપ્પણીમાં દેશમાંથી કેસ નોંધવામાં આવે છે. પરંતુ હજુ વિજય શાહના કેસમાં ભાજપના એક પણ માઇના લાલે પોતાની દેશભકિત બતાવવાની ચિંતા કરી નથી.

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

એક તરફ તિરંગા યાત્રા અને તેમાં પણ કર્નલ સોફીયાના પોસ્ટર લગાવાયા અને તે રીતે એક મહિલા લશ્કરી અધિકારી કે જેણે કદી પોતાના વ્યકિતગત સન્માન નહીં પરંતુ રાષ્ટ્રીય સન્માન માટે કામ કર્યુ છે. તેને ચોકકસપણે બિરદાવાય તો ખોટુ નથી પણ કમ સે કમ તેની જાહેરમાં ધર્મ કે જાતિ બતાવીને અને તેને સીધુ પાકિસ્તાન સાથે જોડીને મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહની ટીપ્પણી ખરેખર આશ્ચર્ય કરતા આઘાતજનક છે. મહત્વ પૂર્ણ એ છે કે ફકત એક પક્ષ કે એક નેતા પુરતો આ રોગ નથી પરંતુ ગઇકાલે જ ઉતરપ્રદેશમાં સમાજવાદી પક્ષના રાજય સભાના સાંસદ અને જે મહામંત્રી પણ છે તેને વિંગ કમાન્ડર વ્યોમીકા સિંહના બારામાં પણ વિવાદાસ્પદ ટીપ્પણી કરી એ અખિલેશ યાદવના કાકા છે. તેણે વ્યોમીકા સિંહ કયા પ્રદેશના છે, કયા સમુદાયના છે, તેવું બધુ કરીને સોફીયા કુરેશીનો મુદો આગળ ધર્યો આમ આપણા નેતાઓ કે જે ઓપરેશન સિંદુર કે કોઇ સમયે સૈન્યને સલામ ભરતા હોય તેઓની માનસિકતા કેટલી નીચે છે તે દર્શાવી દે છે તેમને એરમાર્શલ અવધેશકુમાર ભારતીની પણ જાતિ શોધી કાઢી અને મુસલમાનમાં પણ યાદવ હોય છે તેવું કહીને વિવાદ સર્જયો આમ નેતાઓની જબાન એટલી ગંદી થઇ ગઇ છે કે તેમને રાજયસભા કે સંસદમાં બેસાડવા માટે પણ કદાચ આપણને શરમ આવતી હોય છે.

જયાં સુધી ભાજપના મંત્રી કે જે કેબીનેટમાં ફરી એક વખત એન્ટ્રી કરી છે તેની સામે સર્વોચ્ચ અદાલત અને બાદમાં હાઇકોર્ટ એ કરેલી ટીપ્પણી અને કાર્યવાહી પછી પણ જો સુપ્રીમ કોર્ટ આ નેતાને ફકત ઠપકો આપીને છોડી દેશે તો તે સૌથી મોટી કમનસીબી હશે. સર્વોચ્ચ અદાલતે ગઇકાલે વિજય શાહને કર્નલ સોફીયાની માફી માગવા કહ્યું તે માંગી પણ લેશે પણ તેનાથી તેની માનસિકતા સુધરશે તેની કોઇ ગેરેંટી નથી કારણ કે જો આપણે આ એક વિજય શાહનો ઇતિહાસ તપાસીએ તો તે રાજકીય વિધાનોમાં રીઢા ગુનેગાર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેમને આ પ્રકારની ટીપ્પણી કરીને ભાજપ મોવડી મંડળને ખુશ રાખ્યું હોય તો આશ્ચર્ય થશે નહીં ભાજપે સહિત તમામ રાજકીય પક્ષો આમેય એક બ્રીગેડ એવી રાખે છે કે જે હેટ સ્પીચમાં માહીર હોય છે અને પછી જયારે તેના વિધાનોનો વિવાદ સર્જાય તો તેને પક્ષ સાથે કંઇ લાગતુ વળતુ નથી તેવો ખુલાસો કરીને પક્ષને જે ટાર્ગેટ કરવાના હોય તેને કરી લે છે અને તેમને હોદા પણ મળે છે અને સન્માન પણ મળે છે. વિજય શાહનો કિસ્સો લઇએ તો ૨૦૧૩માં તત્કાલીન મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણના પત્ની અંગે વિવાદાસ્પદ ટીપ્પણી કરી હતી અને મંત્રીપદ ગુમાવવું પડયું હતું ત્યારે અન્ય એક કાર્યક્રમમાં બાલિકાઓની ટીશર્ટનું વિતરણ કરતા સમયે એવી અભદ્ર ટીપ્પણી કરી કે કદાચ અત્યાર સુધી ભાગ્યે જ આપણે સાંભળી શકયા હશુ તેમને એવું કહ્યું કે બાલિકાઓને બે બે ટીશર્ટ આપો તેઓ નીચે શું પહેરતા હશે તે મને ખ્યાલ નથી. અભિનેત્રી વિદ્યા બાલન પણ તેની હેટ સ્પીચનો શિકાર બની ગઇ છે. અભિનેત્રીને ડિનર માટે આમંત્રણ આપ્યું હતું અને વિદ્યા બાલને તેનો ઇન્કાર કરતા બીજા જ દિવસથી શુટીંગ માટે વન ક્ષેત્રમાં જવાની પરવાનગી રદ કરી હતી અને શુટીંગ કરનારાઓને પરેશાન કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમનો એક વિડીયો વાયરલ થયો છે તે ટાઇગર રીઝર્વમાં પણ પાર્ટી કરી રહ્યા હતા અને આ રીતે તેમની વિવાદાસ્પદ ટીપ્પણીઓ અંગે એક પુસ્તક લખાય તેવી સ્થિતિ છે.

હાલમાં જ ભાજપના મોવડી મંડળના ફેવરીટ નિશીકાંત દુબેએ દેશના ચીફ જસ્ટીસની જે ટીપ્પણી કરી તેને ભાજપે વ્યકિતગત અભિપ્રાય ગણાવીને તેનાથી બચવાનો પ્રયત્ન કર્યો હતો. નિશીકાંત દુબે એ ટીમમાં આવે છે કે જે આ પ્રકારની હેટ બ્રિગેડના સભ્ય હોય તો આશ્ચર્ય થશે નહીં હજુ ગઇકાલે જ કંગના રનોટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અંગે ટીપ્પણી કરી અને જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ મોવડી મંડળને ખુશ કરવા પ્રયત્ન કર્યો તે ટવીટ કલાકોમાં જ તેમને ડીલીટ કરવાની ફરજ પાડવામાં આવી છે. કંગના આ પ્રકારની ટીપ્પણી માટે જાણીતી છે તેમ છતાં તે ભાજપ મોવડી મંડળની ડાર્લિંગ બની રહી છે.


ભાજપે હજુ સુધી વિજય શાહના કેસમાં આ લખાય છે ત્યાં સુધી કોઇ નિર્ણય લીધો નથી. ભાજપ આવી માનસિકતાને સ્વીકાર્ય ગણતું હશે. જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને જવાબ આપવા માટે મીડિયા લોન્જમાં બે મહિલા લશ્કરી અધિકારીઓને ફરજ સોંપી ઓપરેશન સિંદુર એટલે કે દેશની એક એક મહિલાના સન્માન તરીકે દર્શાવાયુ અને પાકિસ્તાનને કદાચ હવે જીંદગીભર જે ઘાવ રહે તે માટે તૈયારી કરી છે. તે સમયે આવા વિધાનો કદાચ શા માટે ભાજપ સ્વીકાર્ય ગણે છે તે પ્રશ્ન છે. રાજકીય રીતે ભાજપ માટે ભાગ્યે જ કોઇ નેતા અનિવાર્ય છે. અને વિજય શાહ સામે પગલા લેવાય તો ભાજપમાં ભાગ્યે જ કોઇ તેનો વિરોધ કરશે જોકે મધ્યપ્રદેશના એક મહિલા મંત્રી પ્રતિમા બાગેરી ટેકામાં આવી ગયા છે. અગાઉ પણ આવા વિધાનો કરીને મંત્રી પદ ગુમાવ્યા પછી પણ વિજય શાહ જે રીતે ફરી મંત્રી બની શકે છે તેથી કદાચ તેઓ પણ પોતાના વિધાનો પર મુસ્તાક હશે.

**જોકે આ પ્રકારની બદનક્ષીમાં ભાજપને બહુ ચિંતા નથી હાલમાં જ પક્ષના સિનીયર નેતા નીશીકાંત દુબેએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અંગે કરેલા વિધાનોમાં પક્ષે એક લીટીની યાદીમાં અમારે કંઇ લાગે વળગે નહીં તેવું કહીને દેશની સર્વોચ્ચ અદાલતનું અપમાન થવા દીધુ, વિજય શાહ પર હજુ સુધી કોઇ પગલા લેવાયા નથી અને ગઇકાલે જ કંગના રનોટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર કરેલા ટવીટમાં ભકિત સિવાય ભાગ્યે જ કોઇ બૌધ્ધિકતા હતી તેને તુર્ત જ ડીલીટ કરવાની ફરજ પડી પણ કંગના આ પ્રકારના વિધાનો અને ટવીટ કરવા માટે જાણીતી છે અને તે સ્વીકાર્ય પણ બને છે કારણ કે ટાર્ગેટ કરવું હોય તે થઇ જાય છે**

**વિજય શાહ તો આ પ્રકારના વિધાનો કરવામાં રીઢા રાજકીય અપરાધી છે અને ભુતકાળમાં તેમણે બાલિકાઓના ટીશર્ટ વિતરણમાં પણ જે વિધાનો કર્યા હતા તે છતાં પણ તેઓ મંત્રી પદે ચાલુ રહી શકયા હતા, એક તરફ તિરંગા યાત્રા અને તેમાં પણ કર્નલ સોફીયા અને વીંગ કમાન્ડર વ્યોમીકા સિંહની તસ્વીરોના પોસ્ટર સાથેનું સન્માન અને બીજી તરફ આ પ્રકારની અત્યંત બેહુદી ટીપ્પણીઓ એ બધુ સાથે ચાલે છે આપણા નેતાઓ કે તેમના આકાઓ પર થયેલા વિધાનોમાં તુર્ત જ બદનક્ષીની ફરિયાદો નોંધાઇ જાય છે અને બીજી તરફ આ પ્રકારના વિધાનોમાં કોઇ માઇનો લાલ ફરીયાદ કરવા જતો નથી, મધ્યપ્રદેશ હાઇકોર્ટનો આભાર માનો કે તેને કમ સે કમ આ ક્ષમતા બતાવી છે**

## વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં વિજેતા ટીમને બમ્પર રકમ (રૂા.૩૦.૮૦ કરોડ) મળશે

### ત્રીજા ક્રમે રહેલા ભારતને રૂા.૧૨.૩૨ કરોડ મળશે



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ૨૦૨૫ની જૂનમાં આયોજિત ફાઇનલ મેચ પહેલાં ICCએ રેકોર્ડ પ્રાઇઝ મનીની જાહેરાત કરી દીધી છે. WTC 2023-25ની સીઝન માટે કુલ ૫.૭૬ મિલ્યન (૪૯.૨૭ કરોડ રૂપિયા)ની ઈનામી રકમ જાહેર કરવામાં આવી છે જે આ પહેલાંની બે સીઝનની ૩.૮ મિલ્યન (ઑલમોસ્ટ ૩૧.૪૧ કરોડ)ની પ્રાઇસ મનીની સરખામણીમાં રેકોર્ડ વધારો થયો છે.

ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની બે ફાઈનલિસ્ટ ટીમમાં જે ટીમ વિજેતા બનશે એને ૩.૬ મિલ્યન (૩૦.૮૦ કરોડ રૂપિયા) અને હારનારી ટીમને ૨.૧૬ મિલ્યન (૧૮.૪૭ કરોડ રૂપિયા)ની રકમ મળશે. પહેલી બન્ને સીઝનમાં વિજેતાને ઑલમોસ્ટ ૧૩.૩૨ કરોડ અને રનર-અપને લગભર ૬.૫ કરોડ રૂપિયા મળ્યા હતા. આ સીઝનમાં ત્રીજા ક્રમે રહેલી ભારતીય ટીમ (૧૨.૩૨ કરોડ રૂપિયા) સહિત અન્ય ટીમોને પણ કરોડો રૂપિયા મળશે. અન્ય ટીમોને મળતી રકમમાં પણ વધારો જોવા મળ્યો છે.

**કઇ ટીમને મળશે કેટલી રકમ ?**

| પોઝિશન (ટીમ) | પ્રાઇઝ મની (કરોડ રૂપિયા) |
|---|---|
| વિજેતા | ૩૦.૮૦ |
| રનર-અપ | ૧૮.૪૭ |
| ત્રીજુ (ભારત) | ૧૨.૩૨ |
| ચોથુ (ન્યુઝીલેન્ડ) | ૧૦.૨૬ |
| પાંચમુ (ઈંગ્લેન્ડ) | ૮.૨૧ |
| છઠ્ઠુ (શ્રીલંકા) | ૭.૧૮ |
| સાતમુ (બાંગ્લાદેશ) | ૬.૧૫ |
| આઠમુ (વેસ્ટ ઇન્ડીઝ) | ૫.૧૨ |
| નવમું (પાકિસ્તાન) | ૪.૧૦ |

## ટેસ્ટ-ટીમમાં નંબર ફોર માટે કરૂણને આદર્શ દાવેદાર માને છે અનિલ



મુંબઇ : સ્ટાર બેટર વિરાટ કોહલીના ટેસ્ટ-રિટાયરમેન્ટ બાદ ભૂતપૂર્વ ભારતીય સ્પિનર અનિલ કુંબલેએ ટેસ્ટ-ટીમમાં ચોથા ક્રમાંક માટે પોતાની આદર્શ પસંદગી જાહેર કરી છે. એક ઇન્ટરવ્યુમાં કુંબલે કહે છે, કરૂણે જે પ્રકારનું ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્રદર્શન દર્શાવ્યું છે એને ધ્યાનમાં લેતાં તે ભારતીય ટીમમાં વાપસી કરવા માટેનો હકદાર છે. ૫૪ વર્ષના કુંબલેએ આગળ કહ્યું, 'કદાચ તે ભારત માટે નંબર ફોર પર હોઈ શકે છે, કારણ કે મને લાગે છે કે તમારે થોડો અનુભવ જોઈએ કોઈ એવી વ્યક્તિની જરૂર છે જે કરી ચૂકી હોય. તે કાઉન્ટી ક્રિકેટ ત્યાંની પરિસ્થિતિઓ જાણે છે. કર ઉંમરનો હોય, પણ તે હજી પણ તક મળે તો આ યુવા પ્લેયર્સ માં રમવાની ઘણી આશા રહેશે.

## ચેતેશ્વર સિનિયર ખેલાડી, ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમમાં પસંદગી થવી જોઈએ

### રાજકોટના ક્રિકેટરને ટેસ્ટ ટીમમાં વધુ એક તક મળવાની જરૂર હોવાનો પિતાનો દાવો



રાજકોટ : સૌરાષ્ટ્રનો ક્રિકેટર ચેતેશ્વર પુજારા જૂન ૨૦૨૩થી ભારતીય ટીમ માટે ઇન્ટરનેશનલ ક્રિકેટ રમી શક્યો નથી. રોહિત શર્મા અને વિરાટ કોહલીના રિટાયરમેન્ટથી ભારતીય ટીમમાં સિનિયર પ્લેયર્સની અછત ઊભી થઈ છે. આ મુદ્દે વાત કરતાં ચેતેશ્વરના પપ્પા અને તેના બાળપણના પહેલાં કોચ અરવિંદ પુજારાએ મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

૭૪ વર્ષના આ ભૂતપૂર્વ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટરે કહ્યું, 'એક સિનિયર પ્લેયર હોવાથી તેમણે (સિલેક્શન કમિટી) તેના પર (ચેતેશ્વર પુજારા) પણ ધ્યાન આપવું જોઈએ. મને લાગે છે કે તેને ઇંગ્લેન્ડટૂર પર તક મળવી જોઈએ. તે ફિટ છે, સારા ફોર્મમાં છે અને નિશ્ચિતરૂપે તે ઇંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં ટીમને મદદ કરશે. ભારતીય ટીમને તેના જેવા બેટરની જરૂર છે જે લાંબા સમય સુધી પિચ પર ટકી રહે. તેણે ક્રિકેટ રમવાનું બંધ નથી કર્યું,

તેણે ગયા વર્ષે છ-સાત કાઉન્ટી મેચ રમી છે. તેણે આ સીઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને રણજી ટ્રોફીમાં ડબલ સેન્ચુરી પણ ફટકારી છે. તે બદલાવ લાવી શકે છે. ઘણા ઓછા ભારતીય છે જેમણે ૧૦૦થી વધારે ટેસ્ટ-મેચ રમી છે. ૧૦૦ ટેસ્ટ-મેચ રમવી.ખૂબ જ મુશ્કેલ છે એટલે મારું માનવું છે કે એક સિનિયર પ્લેયર તરીકે તે એક વધુ તકનો હકદાર છે.'

**ચેતેશ્વર પુજારાનો ટેસ્ટ-રેકોર્ડ**

| | |
|---|---|
| મેચ | ૧૦૩ |
| ઈનિંગ્સ૧૭૬ | |
| રન | ૭૧૯૫ |
| સેન્ચુરી૧૯ | |
| ફિફ્ટી | ૩૫ |
| એવરેજ | ૪૩.૬૦ |
| સ્ટ્રાઇક-રેટ | ૪૪.૩૬ |

## વિરાટ કોહલી ફરી મેદાનમાં ઉતર્યો



નવી દિલ્હી, તા.૧૬ થોડા દિવસ પહેલા ટેસ્ટ ક્રિકેટમાંથી બ્રેક લેનાર વિરાટ કોહલી ગુરૂવારે મેદાનમાં પાછો ફર્યો. વિરાટ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)માં જોડાયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે મેચ એક અઠવાડિયા સુધી સ્થગિત રહ્યા બાદ આવતીકાલ તા.૧૭ મે થી IPL ફરી શરૂ થઈ રહી છે. લગભગ બધી ટીમોએ ફરીથી તાલીમ શરૂ કરી દીધી છે.

સ્વદેશ પરત ફરેલા વિદેશી ખેલાડીઓએ પણ ફરી એકવાર પોતપોતાની ફ્રેન્ચાઇઝીમાં જોડાવાનું શરૂ કરી દીધું છે. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ પણ લીગમાં ભાગ લેવા માટે ભારત પરત ફર્યા છે અને ટૂંક સમયમાં RCB કેમ્પમાં જોડાશે. ખભાની ઈજા અને આગામી WTC ફાઇનલ મેચને કારણે તેના ભારત પાછા ફરવા અંગે શંકા હતી, પરંતુ અહેવાલો અનુસાર, આ સિઝનમાં RCB માટે ૧૮ વિકેટ લેનાર આ ફાસ્ટ બોલર ટૂંક સમયમાં તેની ફ્રેન્ચાઇઝીમાં જોડાશે. દરમિયાન, લિયામ લિવિંગસ્ટોન ટુર્નામેન્ટની બાકીની મેચ રમવા માટે RCB ટીમમાં ઓસ્ટ્રેલિયાના ટીમ ડેવિડ સાથે જોડાયો છે.

## દક્ષિણ આફ્રિકા-ઈંગ્લેન્ડના ક્રિકેટરોને રીલીઝ કરવા બોર્ડની સૂચના

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ IPL ફ્રેન્ચાઇઝીઓને ૨૬ મે સુધીમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) માં રમવા જઈ રહેલા દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓને રીલીઝ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કારણે, આ ક્રિકેટરો પ્લેઓફ માટે ઉપલબ્ધ રહેશે નહીં. ટીમોને મોકલવામાં આવેલા પરામર્શમાં, બોર્ડેએ પણ જણાવ્યું હતું કે, વેસ્ટ ઇન્ડીઝના ખેલાડીઓ IPLની બાકીની મેચો માટે ઉપલબ્ધ રહેશે. ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે BCCI, CSA (ક્રિકેટ સાઉથ આફ્રિકા) સહિત વિદેશી બોર્ડ સાથે વાતચીત કરી રહ્યું છે. પરંતુ CSA સંગઠને ૧૧ જૂનથી લાઓઇસમાં ઓસ્ટ્રેલિયા સામે શરૂ થનારી ઠળઈ ફાઇનલને ધ્યાનમાં રાખીને ઉદારતા દાખવી ન હતી.

## ગુજરાત ટાઇટન્સને બટલરની ખોટ વર્તાશે

ગુજરાત ટાઇટન્સને ફોર્મમાં ચાલી રહેલા જોસ બટલરની પણ ખોટ સાલશે, જે ઇંગ્લેન્ડ તરફથી રમવાને કારણે પ્લેઓફમાં રમવાનું ચૂકી જશે. ગુજરાતની છેલ્લી ત્રણ લીગ મેચ રમ્યા બાદ ઇંગ્લેન્ડનો બટલર રાષ્ટ્રીય ટીમમાં જોડાવા માટે રવાના થશે. વેસ્ટ ઇન્ડીઝ સામે ૨૯ મેથી શરૂ થનારી સફેદ બોલ શ્રેણી દરમિયાન ઈડક પ્લેઓફ યોજાશે. ઇંગ્લેન્ડના અન્ય મુખ્ય ખેલાડીઓમાં કોલકાતા નાઈટ રાઇડર્સ (KKR) મોઈન અલી, જોપ્રત આચર (RR), સેમ કુરન અને જેમી ઓવરટન (બંને (SK))નો સમાવેશ થાય છે. KKR એ કહ્યું, 'રોવમેન પાવિલ અને મોઈન અલી સિવાય KKT ના બધા ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ બેંગલુરૂ પહોંચી ગયા છે. પાવિલ અને અલી બંને તબીબી કારણોસર પાછા ફરી શક્યા નથી. રોવમેનની સર્જરી ચાલી રહી છે, જ્યારે મોઈન અને તેના પરિવારને વાયરલ ચેપ હોવાનું નિદાન થયું છે.

### મુસ્તફિઝુર નહીં આવી શકે? બાંગ્લાદેશનું એનઓસી નથી મળ્યું

દિલ્હી કેપિટલ્સે જેક ફ્રેઝર-મેકગર્કના સ્થાને બાંગ્લાદેશના ડાબોડી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને કરારબદ્ધ કર્યા બાદ તેની IPLમાં ભાગીદારી શંકાસ્પદ બની ગઈ છે. મુસ્તફિઝુરને હજુ સુધી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) તરફથી NOC મળ્યું નથી અને તે હાલમાં ૧૭ થી ૩૦ મે દરમિયાન UAE અને પાકિસ્તાન સામે પાંચ T20 રમવા માટે UAEમાં છે.

### કુસલ મેન્ડિસ પીએસએલને બદલે આઇપીએલ રમશે

શ્રીલંકાના વિકેટકીપર-બેટ્સમેન કુસલ મેન્ડિસ IPL પ્લેઓફ માટે ગુજરાત ટાઇટન્સમાં જોસ બટલરની જગ્યાએ રમશે. ગયા અઠવાડિયા સુધી, કુસલ પાકિસ્તાન સુપર લીગ (PSL) માં ક્વેટા ગ્લેડીયેટર્સ માટે વિકેટકીપર-બેટ્સમેનની ભૂમિકા ભજવી રહ્યો હતો. તેણે ટીમ માટે છેલ્લી મેચ ૭ મેના રોજ રમી હતી. અહેવાલો અનુસાર, સુરક્ષા કારણોસર તે પીએસએલના બાકીના મેચો માટે પાકિસ્તાન જશે નહીં. તે આઈપીએલ તરફ વળ્યો છે. મેન્ડિસ પહેલી વાર IPLમાં રમશે. પીબીકિએસે ઇજાગ્રસ્ત લોકી ફર્ગ્યુસનના સ્થાને ન્યુઝીલેન્ડના ઝડપી બોલર કાયલ જેમિસનને કરારબદ્ધ કર્યો છે. LSG એ ઇજાગ્રસ્ત ઝડપી બોલર મયંક યાદવના સ્થાને ન્યુઝીલેન્ડના અનુભવી વેજ બોલર વિલ ઓ'રોર્કને પોતાની ટીમમાં સામેલ કર્યો છે.

## ડોમેસ્ટિક ક્રિકેટમાં ખૂબ જ પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે કરૂણ નાયરે



૩૩ વર્ષના કરૂણ નાયરે રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫માં ૧૬ ઈનિંગ્સમાં ચાર સેન્ચુરી અને બે ફિફ્ટીની મદદથી ૮૬૩ રન બનાવ્યા હતા. વિજય હઝારે ટ્રોફી ૨૦૨૪-૨૫માં તેણે આઠ ઈનિંગ્સમાં ૭૭૯ રન અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪-૨૫માં છ ઈનિંગ્સમાં ૨૫૫ રન ફટકારીને સિલેક્ટર્સનું ધ્યાન ખેંચ્યું છે.

ભારત માટે ટેસ્ટ-ક્રિકેટમાં છ મેચની સાત ઇનિંગ્સમાં એક ત્રિપલ સેન્ચુરી સહિત ૩૭૪ રન ફટકારનાર નાયર છેલ્લે માર્ચ ૨૦૧૭માં ભારત માટે ઇન્ટરનેશનલ ક્રિકેટ રમ્યો હતો.

### ગ્લોબલ વોર્મિંગ માણસની ઉંઘ ઝુંટવી રહ્યું છે

# વધતા તાપમાનથી બેચેની વધી, ઉંઘ હરામ થઈ



**વધતી ગરમીના કારણે માણસ દર વર્ષે સરેરાશ ૪૪ કલાક ઓછી ઉંઘ લે છેઃ ડેન્માર્કની કોપનહેગન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનો દાવો**

કોપનહેગન તા.૧૬

ધરતીનું તાપમાન વધવાથી માણસની ઉંઘ હરામ થઈ રહી છે. છેલ્લા બે દાયકામાં વધતા તાપમાનથી માણસોએ દર વર્ષે સરેરાશ ૪૪ કલાકની ઉંઘ ગુમાવી છે. ડેન્માર્કની કોપન હેગન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ એક સંશોધનમાં આ દાવો કર્યો છે.

જર્મલ સ્લીપ મેડીસીનમાં છપાયેલા રિપોર્ટ મુજબ જલવાયુ પરિવર્તન અને શહેરીકરણના કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. તેથી માણસની ઉંઘમાં ખલેલ પડી રહ્યા છે. જે સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. રિપોર્ટમાં વૈજ્ઞાનિકોએ ૬૮ દેશોમાં ૪૭ હજારથી વધુ લોકોના આંકડા એકત્ર કરાયા હતા.

ઉચ્ચ આવકવાળા દેશોમાં વધી મુશ્કેલીઃ રિપોર્ટમાં વૈજ્ઞાનિકોએ અમેરિકા, એશિયા અને યુરોપ જેવા ખંડોમાં તાપમાનનો અભ્યાસ કરેલો. જેમાં જાણવા મળ્યું કે દર વર્ષે તાપમાનમાં એક ડિગ્રીના વધારાને કારણે ૧૦ હજારથી વધુ વ્યક્તિઓએ પુરતી ઉંઘમાં ઘટાડો અનુભવ્યો. આ સમસ્યા ઉચ્ચ આવકવાળા દેશોમાં વધી છે.

ગરમીથી તણાવનું તંત્ર સક્રિય થઈ જાય છેઃ સંશોધનમાં જોડાયેલા વૈજ્ઞાનિકો મુજબ માણસનું મગજ ગરમી પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોય છે. જયારે તાપમાન વધે છે તો મગજ શરીરનું તાપમાન નિયંત્રીત રાખવાની સિસ્ટમને તેજ કરવાની સાથે સાથે તનાવના તંત્રને પણ સક્રીય કરી દે છે. આ સ્થિતિ સારી ઉંઘ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# હવે ફાયરબ્રિગેડની મોટરબાઈકઃ સાંકડી ગલી-રસ્તા પર પહોંચી શકશે



શહેરના ગીચ વિસ્તારોમાં જ્યાં ફાયર-બ્રિગેડની ગાડીને પહોંચવામાં સમય લાગે છે ત્યાં મણિપુર ફાયર-સર્વિસે ઝડપથી આગ બુઝાવવા માટે પહોંચી જઈ શકાય એવી હાઇટેક મોટરબાઇક તૈયાર કરી છે. આ બાઇકમાં ૪૦ લીટરની વોટર-ટેન્ક, એક સ્પ્રે-ગન અને બે કિલોનું ફાયર-એક્સ્ટિંગ્વિશર હોય છે.

મણિપુરના ઇમ્ફાલમાં જયાં હેવી ટ્રાફિકવાળી જગ્યાઓ હોય છે ત્યાં આગ ઓલવવા માટે ફાયર-બ્રિગેડને પહોંચવામાં વાર લાગતી હોય છે. જોકે અત્યાધુનિક સાધનોથી સજ્જ આ મોટરબાઇકથી સાંકડી ગલીઓમાં થઈને આગના સ્થળે ઝડપથી પહોંચી શકાશે.

# મવડીની ડેરીમાંથી ૨૦૫ કિલો વાસી મીઠાઇ, માવો, ચોકલેટ દાણા મળ્યા : ફૂડ શાખા ત્રાટકી

### નંદનવન રેસીડેન્સીની દામોદાર ડેરીને નોટીસ : હુડકો–કોઠારીયા મેઇન રોડના ખાણીપીણીના ૧૭ ધંધાર્થીને પણ લાયસન્સ માટે નોટીસ ફટકારાઇ : ૪૦ દુકાનમાં તપાસ





રાજકોટ, તા. ૧૬

મ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા ચાલતા સર્વેલન્સ ચેકીંગમાં ન્યુ રાજકોટમાં આવેલી નંદનવન રેસીડેન્સી અંદરની ડેરીમાંથી વાસી મીઠાઇ, માવો, ચોકલેટ ચીપ્સ, ચટણી સહિત ૨૦૫ કિલો અખાદ્ય માલ મળી આવતા તેનો તાબડતોબ નાશ કરવામાં આવ્યો હતો. સાથે જ આ પેઢીને યોગ્ય આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવા નોટીસ પણ ફટકારવામાં આવી છે.

ફૂડ વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ મવડી વિસ્તારમાં નંદનવન રેસીડેન્સી આવેલી છે. જયવિજય છાત્રાલય પાછળની આ સોસાયટીની દુકાન નં.૮-૯માં આવેલ દામોદર ડેરી ફાર્મમાં ફૂડ વિભાગે દરોડો પાડયો હતો. ત્યાં ચેકીંગમાં પડતર વાસી થયેલ અલગ અલગ પ્રકારની મિકસ દૂધની અખાદ્ય મીઠાઇ, માવો, એકસપાયર થયેલા કુંચ દાણા, ચોકલેટ દાણા તથા ચટણી વગેરે મળીને કુલ ૨૦૫ કિલો જથ્થો મળી આવ્યો હતો જેનો સોલીડ વેસ્ટ શાખાના વાહનમાં ફેંકીને નાશ કરી દેવાયો હતો. આ ડેરીને હાઇજેનિક કંડીશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ રાખવા માટે નોટીસ અપાઇ હતી.

ફૂડ વિભાગની ડ્રાઇવ શહેરના હૂડકો કોઠારીયા મેઇન રોડ તથા સાંઈબાબા સર્કલ થી રોલેક્ષ રોડ- કોઠારીયા વિસ્તારમાં પહોંચી હતી. અહીં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૪૦ ધંધાર્થીને ત્યાં ૩૮ નમુનાની સ્થળ તપાસ કરાઇ હતી. જેમાં ૧૭ વેપારીને લાયસન્સ માટે નોટીસ અપાઇ છે. તેમાં (૧)ગોપી ડાઈનિંગ હોલ (૨)જય ભવાની પ્રોવિઝન સ્ટોર (૩)સબરસ રેસ્ટોરન્ટ (૪)શ્રીજી

(અનુસંધાન છઠ્ઠા પાને)

## વાડીલાલ અને હેવમોર આઇસ્ક્રીમના ચાર નમુના લેબોરેટરીમાં મોકલાયા

રાજકોટ, તા. ૧૬

મનપાની ફૂડ શાખાએ ખાસ ડ્રાઇવ અંતર્ગત મવડી વિસ્તાર અને માયાણી ચોકની બે દુકાનોમાંથી અલગ અલગ આઇસ્ક્રીમના કુલ ચાર નમુના લઇ લેબોરેટરીમાં મોકલ્યા છે.

માયાણી ચોકમાં બેકબોન શોપીંગ સેન્ટર સામે આવેલ ઓમ સાંઇ ટ્રેડીંગમાંથી વાડીલાલ ક્રન્ચી બટર સ્કોચ અને વાડીલાલ વેનીલા આઇસ્ક્રીમનું સેમ્પલ લેવાયું હતું. જયારે મવડી મેઇન રોડના નવલનગર-૪માં આવેલ શ્રુતિ એન્ટરપ્રાઇઝમાંથી હેવમોર બ્લોકબસ્ટર, મેંગો મેજીક અને હેવમોર રાજભોગ આઇસ્ક્રીમના નમુના લેવાયા હતા. ઉનાળામાં ખુબ વેચાતા કંપનીના આઇસ્ક્રીમનું પણ સેમ્પલીંગ શરૂ કરાયું છે.

# રાજકોટમાં વધુ એક હત્યા? ગ્રીનલેન્ડ ચોકડીએ ઈજાગ્રસ્ત મળેલ યુવાનનું મોત

### તા.૧૨ મે ના રોજ રીક્ષા ચાલક કાનારામ ગ્રીનલેન્ડ ચોકડી નજીક મોરબી રોડ પરના પૂનમ હોલ પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યો હતો, તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ગત રાત્રે સારવારમાં મોત થયું



**ફોરેન્સિક પીએમનો રિપોર્ટ આવ્યા બાદ ગુનો દાખલ થશે : DCP જગદીશ બાંગરવા**

### પોલીસે પૂનમ હોલ અને આસપાસના સીસીટીવી કેમેરા ચેક કર્યા, આરોપીને પકડવા શોધખોળ શરૂ, ખુદ ડીસીપીએ પીએમ રૂમ ખાતે મુલાકાત લઈ પીઆઇ સહિતનાને સૂચનાઓ આપેલી

રાજકોટ, તા.૧૬

રાજકોટમાં વધુ એક શંકાસ્પદ હત્યાનો બનાવ સામે આવ્યો છે. ગ્રીનલેન્ડ ચોકડીએ ઈજાગ્રસ્ત મળેલ યુવાનનું મોત થયું છે. તા.૧૨ મે ના રોજ રીક્ષા ચાલક કાનારામ ગ્રીનલેન્ડ ચોકડી નજીક મોરબી રોડ પરના પૂનમ હોલ પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યો હતો. તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ગત રાત્રે સારવારમાં મોત થયું હતું. બનાવ અંગે ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું કે, ફોરેન્સિક પીએમનો રિપોર્ટ આવ્યા બાદ ગુનો દાખલ થશે.

આ અંગે મળતી વિગત અનુસાર, તા. ૧૨/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦. ૦૫ વાગ્યે કાનારામ મંગલરામ (ઉં. વ.૩૫)ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઈજાનાં નિશાન હોવાથી ડોકટરે એમએલસી જાહેર કરી

(અનુસંધાન છઠ્ઠા પાને)

# બાઉન્સર બેકઃ સોનામાં રૂા. ૧૫૦૦ અને ચાંદીમાં ૧૦૦૦નો ઉછાળો

રાજકોટ, તા.૧૬

અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ ટેન્શન હળવું થવાની શક્યતા થોડા દિવસ રહ્યા બાદ હવે સોના ચાંદીના ભાવ ધીમે ધીમે ઘટવા લાગતાં ગુરૂવારે બપોર બાદ વર્લ્ડ માર્કેટમાં સોનું-ચાંદી વધ્યા હતા. વર્લ્ડ માર્કેટમાં સોનું ૩૧૨૦.૬૦ ડોલરથી વધીને ૩૧૧૮.૬૦ ડોલર થયું હતું. ચાંદી પણ ૩૧.૬૧ ડોલરથી વધીને ૩૨.૫૪ ડોલર સુધી વધી હતી.

સ્થાનિક માર્કેટમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામ રાજકોટમાં રૂા.૧૫૦૦ વધ્યા છે. જયારે ચાંદી પ્રતિ કિલો રાજકોટમાં રૂા.૧૦૦૦ નો વધારો થયો છે. જેને પગલે સોનાનો ભાવ ફરી રૂ. ૯૬૫૦૦ અને ચાંદીનો ભાવ રૂ. ૯૭૭૦૦ એ પહોંચ્યો છે. ગઈકાલે મોટો કડાકો નોંધાયો હતો. ત્યારે આજે ફરી ભાવ વધતા ભાવ પહેલાના સ્તરે પહોંચી ગયા છે.

ડોલર ઇન્ડેક્સ ગુરૂવારે સતત ત્રીજે દિવસે ઘટયો હતો જો કે હજુ પણ ડોલર ઇન્ડેક્સ ૧૦૦ પોઇન્ટ ઉપર છે વળી એનાલીસ્ટો દ્વારા અમેરિકા-ચીન ટેન્શન હળવું થવાની આશા પર ઠંડુ પાણી ફેરવતાં ગુરૂવારે સાંજ પછી સોનું-ચાંદી વધ્યા હતા. અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ ટેન્શન હળવું ન થાય ત્યાં સુધી સોના-ચાંદીમાં મોટા ઘટાડાની કોઈ શક્યતા નથી અને ટ્રેડ ટેન્શન જેટલું વધુ લંબાશે તેટલી સોના-ચાંદીમાં તેજી લંબાતી રહેશે.

# ગૃહમંત્રી હર્ષ સંઘવીની ચેતવણીઃહથિયાર સાથે રીલ બનાવનાર સામે થશે કાર્યવાહીઃ લાઈસન્સ રદ કરાશે



**પોલીસ સોશિયલ મીડિયા પર નજર રાખી રહી છે**

રાજકોટ, તા૧૬

છેલ્લા કેટલાક સમયથી યુવાનો રીલ બનાવવાની ઘેલછામા હથિયારોનો ઉપયોગ કરી રીલ બનાવે છે. જેને કારણે તેઓને જેલ જવાનો પણ વારો આવે છે. પોલીસની કાર્યવાહી કરવા છતાં બેખોફ યુવાનો રાતોરાત ફેમસ સાથેની હોડમાં હથિયારો સાથે રીલ બનાવે છે. ત્યારે આ વધતી ઘટનાને ધ્યાને રાખી ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નિવેદન આપ્યું છે કે,જે વ્યકિતઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હથિયાર (જેમ કે તલવાર, પિસ્તોલ, બંદૂક વગેરે) સાથે રીલ (વીડિયો) બનાવીને પોસ્ટ કરે છે, તેમના વિરુદ્ધ કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેમાં તેઓના લાઈસન્સ રદ કરવામાં સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

તેઓએ વધુના જણાવ્યું કે હથિયારનો પ્રસાર/પ્રદર્શન કરવો કાયદેસર નથી.આવા કિસ્સાઓમાં IPC (ભારતીય દંડ સંહિતા) અને અળિત અભર્હિઠળ કેસ દાખલ કરવામાં આવશે.પોલીસ અને તંત્ર સોશિયલ મીડિયા પર નજર રાખી રહી છે.સમાજમાં ભયના માહોલને અવરોધવા અને કાયદો વ્યવસ્થાને જાળવવા માટે આ પગલાં લેવામાં આવી રહ્યા છે.

અનેક વખત જોઈ શકાય છે કે યુવાનો સોશિયલ મીડિયા પર શોખપૂર્વક હથિયાર સાથે રીલ બનાવે છે, જેને પોલીસ ગંભીરતાથી લઈ રહી છે. ત્યારે હર્ષ સંઘવીનો ચેતવણીભર્યો સંદેશ આપ્યો છે કે હથિયાર સાથે રીલ બનાવવું ગેરકાયદેસર છે અને આવા કિસ્સાઓમાં કડક પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું છે કે પોલીસ સોશિયલ મીડિયા પર નજર રાખી રહી છે અને હથિયાર પ્રદર્શિત કરનારાઓ વિરુદ્ધ IPC અને અળિત અભર્હિઠળ કાર્યવાહી કરશે.

જે કોઈ ગુન્હામાં હોય કોઈ પ્રકારના રીલ વીડિયો માટે ગન લઈને ફરતા હોય તેઓના લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા ગુજરાભરના ચાલી રહી છે.

# અપહરણ,ચિલઝડપ,રાયોટીંગ સહિતના ગુનામાં સંડોવાયેલ અજય પરસોંડાના મકાન પર બુલડોઝર ફરી વળશે

### ૧૦થી વધુ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા અસામાજિક તત્વનું પોપટપરા સ્થિત રહેણાંક મકાન પાંચ વાગ્યે તોડી પડાશે

### મહાનગરપાલિકાની ટીમોને સાથે રાખી શહેર ક્રાઈમ બ્રાન્ચ ટીમ કાર્યવાહી કરશે

રાજકોટ. તા.૧૬

અસામાજિક તત્વો વિરુદ્ધ ૧૦૦ કલાકના એજન્ડા સાથે શરૂ કરવામાં આવેલ રાજ્ય વ્યાપી ઝુંબેશના પગલે વધુ એક નામચીન શખ્સના ગેરકાયદે મકાન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. અપહરણ, મારામારી, ચીલઝડપ સહિતના ૧૦ થી વધુ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલ અજય પરસોંડા નામના અસામાજિક તત્વોનું પોપટપરા સ્થિત મકાન પર મહાનગરપાલિકાની ટીમોને સાથે રાખી ક્રાઈમ બ્રાન્ચની ટીમ બુલડોઝર ફેરવી ડિમોલિશન કરવાં તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર અસામાજિક તત્વોની કમર તોડી નાખવા ગુજરાત પોલીસ દ્વારા વિશેષ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં અપહરણ, ચીલઝડપ, મારામારી, મોટરસાયકલ ચોરી સહિતના ૧૦ થી વધુ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલ અજય માનસિંગભાઈ પરસોંડાનું પોપટપરા શેરી નંબર-૧૪, કાજલ પાન પાછળ, રેલનગર મેઈન રોડ પર આવેલ મકાન અંગે ક્રાઇમ બ્રાન્ચ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા સાથે સંકલન કરી ખરાઈ કરતા આરોપીનુ મકાન ગેરકાયદે હોવાનું સામે આવતા પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવની ટીમો દ્વારા મહાનગરપાલિકા, પીજીવીસીએલની ટીમોને સાથે રાખી આજે સાંજે પાંચ વાગ્યે ડિમોલીશન હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ એલસીબી ઝોન-૨ અને નાસ્તા ફરતા સ્કવોડ ઝોન-૨ ની ટીમ દ્વારા સંયુક્ત રીતે ખાનગી બાતમીના આધારે રેલનગર મેઈન રોડ પરથી અજય પરસોંડા, સંજય સોલંકી અને જયપાલ જોગડીયાને પ્ર. નગર તેમજ તાલુકા પોલીસ સ્ટેશનના મોટરસાયકલ ચોરીના ગુનામાં, જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ચીલ ઝડપના ગુનામાં તેમજ પ્રનગર અને કુવાડવા પોલીસ સ્ટેશનના અપહરણ, મારામારી, રાયોટીંગના ગુનામાં પકડી પાડવામાં આવ્યા હતા.


**પ્લોટ વેચવાના છે**
• ૫૦૨ વાર તથા ૫૨૮ વાર •
રાજકોટ-અમદાવાદ હાઈવે, ઉર્જા કોમર્શિયલ પાર્ક, નવાગામ સાત હનુમાન મંદિર સામે, રાજકોટ.
Mo. 98240 42382

**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

**જોઈએ છે**
▪ ડ્રાઈવર (ફેમિલી કાર માટે) 10 વર્ષના અનુભવી (ઓટોમેટીક કાર માટે)
▪ હેલ્પર્સ પેકીંગ કામ કરી શકે તેવા
▪ સિક્યોરીટી દિવસ માટે
**શ્રી રામ એન્જીનીયર્સ**
'શ્રી રામ એસ્ટેટ', ડી-માર્ટની સામે, ગોંડલ રોડ, રાજકોટ. મો.99740 41892
ફક્ત રૂબરૂ મળો : સાંજે ૪:૦૦ થી ૭:૦૦

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૧ કરોડ જનસંખ્યાને

મે-૨૦૨૫ માસમાં મે અને જૂન-૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત મે-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જૂન-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

મે-૨૦૨૫ રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચના
– મે માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો મે અને જૂન માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરીત કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઇલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.